પત્ર નહીં મિત્ર
કચ્છમિત્ર
79th YEARS CELEBRATIONS







ભુજ, રવિવાર, તા. ૨૦-૦૭-૨૦૨૫

# પરિવર્તનનો પડકાર ઝીલવાની સાથે કચ્છીયતનાં જતનનો કોલ

૨૦મી જુલાઇ ૨૦૨૫ના રોજ કચ્છમિત્ર ૭૯મી વર્ષગાંઠ ઊજવે એ ન માત્ર કચ્છ બલ્કે સૌરાષ્ટ્ર ટ્રસ્ટ અને અખબારી જગત માટે ગૌરવપૂર્ણ ઘટના છે. જનની જન્મભૂમિશ્ચ સ્વર્ગાદપિ ગરિયસી... જનની અને જન્મભૂમિ સ્વર્ગથીયે મહાન છે એ મુદ્રાલેખ સાથે જન્મભૂમિ જૂથનાં અખબારો લોકકલ્યાણની નીતિને વરેલાં છે. કચ્છમિત્ર એ મૂળભૂત મંત્રની સાથે કચ્છ અને કચ્છીઓનું રાહબર બનીને શતાબ્દી ભણી કૂચ કરી રહ્યું છે.

'પત્ર નહીં મિત્ર' એ સૂત્રને ચરિતાર્થ કરતાં કચ્છમિત્રએ અત્યારના બદલાવના નાજૂક દોરમાં કચ્છના ૩૬૦ ડિગ્રી-સર્વાંગી વિકાસનું મિશન ઉપાડ્યું છે. વિકાસ ચોમેરથી આવી રહ્યો છે... મહાકાય ઉદ્યોગો-ગ્રીન એનર્જી આ સીમાવર્તી જિલ્લાનું ચિત્ર બદલાવી રહ્યા છે. કચ્છ આજે ઔદ્યોગિક પ્રવૃત્તિથી ધમધમતો જિલ્લો બન્યો છે. ઇન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટનાં મોટાપાયે કામો થઇ રહ્યાં છે. આ સિનારિયો ઉત્સાહપ્રેરક છે એની ના નહીં, પણ આ એવો નાજૂક સમય છે જેમાં સંભાળ રાખવી જરૂરી છે. વિકાસના વાયરાથી અત્યાર સુધી વંચિત રહી ગયેલા વિસ્તારો સુધી એ ડેવલપમેન્ટ પહોંચવું જોઇએ. સાથે આ પ્રક્રિયામાં કચ્છનું નૈસર્ગિકપણું, સંસ્કૃતિ, વારસો જળવાઇ રહે એ પણ અતિ અગત્યનું છે. છેલ્લા અઢી વર્ષથી કચ્છમિત્ર લગાતાર કાર્યક્રમો અને જુદા-જુદા પ્રોજેક્ટ સાથે અતિ સક્રિય રહ્યું છે, એની પાછળનો મૂળભૂત ઉદ્દેશ અને ચિંતા એ જ છે.

**તંત્રી સ્થાનેથી..**

(signature)

સર્વે કચ્છવાસીઓને અને દેશ-દેશાવરમાં વસતા કચ્છીઓને આ તકે ખાતરી આપીએ છીએ કે, કચ્છહિતના પત્રકારત્વ અને સાચી મિત્રતા નિભાવવાના સંકલ્પમાં કચ્છમિત્ર કદી ચલિત નહીં થાય...

### પ્રો-એક્ટિવ પત્રકારત્વ

જન્મભૂમિ અખબાર ગ્રુપ મૂલ્યનિષ્ઠ પત્રકારત્વ અને લોકકલ્યાણની ભાવનાને વરેલું છે. ૭૮ વર્ષની સફર દરમ્યાન આ બાબતનો ખ્યાલ રાખીને વાચકોનો જબ્બર વિશ્વાસ હાંસલ કર્યો છે. કચ્છ સમૃદ્ધ બને, સાથે કચ્છીયત અને પર્યાવરણનું સદૈવ જતન થાય એ કચ્છમિત્રની પ્રથમ ચિંતા છે. જિલ્લા કક્ષાનું પ્રાદેશિક અખબાર હોવા છતાં કચ્છમિત્રનું વજન અને વલણ રાષ્ટ્રીય ગજાના અખબાર જેવું છે એ કહેવાની ભાગ્યે જ જરૂર. કચ્છમિત્રનાં સમાચાર કે તસવીર છપાય કે તુરત જ એ પ્રશ્નનો નીવેડો આવી જાય અથવા તો કલેક્ટર કચેરીથી લઇને ગાંધીનગર સુધી તત્કાળ ગતિશીલતા આવી હોય એવા અસંખ્ય દૃષ્ટાંત છે. વાચકોની ચબરાક નજરમાં કશું અછાનું નથી. કચ્છમાં અખબારો તો ઘણાં પ્રસિદ્ધ થાય છે, પરંતુ કચ્છીઓ અને કચ્છના વતનીઓ આજે પણ કહે છે... કચ્છમિત્ર મેં ડિસજે તડેં સચો... આ પ્રતિષ્ઠા અને શ્રદ્ધાને દિલ્હી અને ગાંધીનગરની અનુમોદના મળતી રહી છે. આ વાતનું પ્રમાણ આપતાં તાજેતરનાં દૃષ્ટાંતો જોઇએ...

❑ ગ્લોબલ કચ્છ-કચ્છમિત્ર અને ડીપીટી દ્વારા ભૂખી નદીને પુનર્જીવિત કરવાના પ્રકલ્પ સંબંધિત કાર્યક્રમમાં કેન્દ્રીય શિપિંગ રાજ્યમંત્રી શાંતનુ ઠાકુરે કહ્યું હતું, 'હું દેશભરમાં ફર્યો છું... એક છાપું પ્રકૃતિને, સમાજને કંઇક આપવાનું કામ આટલા મોટાપાયે કરતું હોય એવું ક્યાંય જોયું નથી. દેશના મીડિયાજગત માટે કચ્છમિત્રનું કાર્ય બોધપાઠ છે.'



(તસવીર : અરવિંદ નાથાણી)

- કચ્છ અને કચ્છીઓ સાથે ૭૮ વર્ષથી મૈત્રીની ગાંઠે બંધાયેલું કચ્છમિત્ર હવે ડિજિટલ પ્લેટફોર્મ પર સક્રિય
- ઘર ઘર જ્ઞાન, જળસંચય ઝુંબેશ સહિતના શ્રેણીબદ્ધ કાર્યક્રમો સાથે કચ્છમિત્ર બદલાવનું માધ્યમ બન્યું
- માનદ ખબરપત્રીઓ, એજન્ટો કચ્છમિત્રનાં અભિન્ન અંગ

❑ ગત જુલાઇમાં કચ્છમિત્ર ભવનની મુલાકાત વખતે અને હાલમાં કુરન ખાતે કચ્છમિત્ર જુનિયરના અંકોનું બાળકોને વિતરણ કરતી વખતે લોકપ્રિય મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઇ પટેલે કચ્છમિત્રની નીતિ-રીતિને વખાણી હતી.

❑ ગુજરાતના ગવર્નર દેવવ્રત આચાર્યજી, કેન્દ્રીય જળશક્તિ મંત્રી સી. આર. પાટિલ અને ગુજરાતના વરિષ્ઠ મંત્રીઓ સમયાંતરે કચ્છમિત્રની પીઠ થાબડતા રહ્યા છે.

❑ રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીએ શુભેચ્છા સંદેશમાં કહ્યું છે કે, કચ્છમિત્ર ન માત્ર જનભાવનાઓને વ્યક્ત કરે છે, પરંતુ સામાજિક, સાંસ્કૃતિક અને આર્થિક ક્ષેત્રમાં પણ રચનાત્મક ભૂમિકા નિભાવી છે.

આ સફળતાનું શ્રેય કચ્છમિત્રના વાચકોને, સૌરાષ્ટ્ર ટ્રસ્ટના સંચાલકોને જાય છે. મુ. પ્રવીણચંદ્ર ગાંધી અને દામજીભાઇ એન્કરવાલા જેવા દિગ્ગજોએ કચ્છમિત્રના વિકાસનો રાજમાર્ગ કંડાર્યો... ને નવા જમાના મુજબ ગળાકાપ સ્પર્ધા, સોશિયલ મીડિયાના પડકાર વચ્ચે યુવા મેનેજિંગ ટ્રસ્ટી હાર્દિક મામણિયા અને ટ્રસ્ટી મંડળે વાચકો તથા સમાજ સાથે મિત્રતાનો, સહયાત્રાનો મજબૂત સેતુ સ્થાપિત કર્યો છે અને ટીમ કચ્છમિત્ર જોમ-જુસ્સા સાથે આગળ વધી રહી છે.

આ તકે સર્વે વાચકમિત્રોને કહેવું છે કે, મહાનુભાવો કચ્છમિત્રના પત્રકારત્વને બિરદાવે એ નોંધનીય કહેવાય, પણ ટીમ કચ્છમિત્રને ત્યારે જ સાચો પોરસ ચડે છે, જ્યારે નાના અહેવાલથી કોઇ પેન્શનરનો પ્રશ્ન ઉકેલાય, વિકલાંગને જરૂરી મદદ મળી જાય, મહિલાને ન્યાય મળે, કોઇ પરિવારોનો વિખવાદ દૂર થાય કે સફાઇ કામદારોને તેમના અટકી ગયેલાં ચૂકવણાં થઇ જાય... કારણ કે, કચ્છમિત્ર લોકોનું પોતીકું અખબાર છે.

### બદલાતું કચ્છ

૨૦૪૭માં વિકસિત ભારતનું લક્ષ્ય પૂર્ણ કરવાના નિર્ધાર સાથે દેશમાં પરિવર્તનની યાત્રા શરૂ થઇ છે. ગુજરાતે પ્રગતિના પંથે છે. દાયકાઓ સુધી પછાતપણાની મુશ્કેલી વેઠનાર કચ્છ ગુજરાતના ગ્રોથ એન્જિનની ભૂમિકામાં આવે એ વાત મહત્ત્વની છે.

**વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ છેલ્લી મુલાકાત વખતે ભુજની ધરતી પરથી કહ્યું હતું કે... 'સત્તા સાથે લેવાદેવા નહોતી ત્યારથી કચ્છ આવું છું... જૂની પેઢીએ સહન કરેલી તકલીફોની**

(જુઓ પાનું ૬)

**વર્ષગાંઠના વધામણાં**

## નવી પેઢી, નવા જમાનાને અનુરૂપ બદલાવ

સૌરાષ્ટ્ર ટ્રસ્ટ-જન્મભૂમિ જૂથની મૂલ્યનિષ્ઠ પત્રકારત્વની નીતિને વરેલાં કચ્છની અસ્મિતાના અંગભૂત અખબાર કચ્છમિત્રએ હંમેશાં જનઝંખનાનો પડઘો પાડ્યો છે. વીતેલાં વર્ષ પર નજર કરીએ તો બન્નીના માલધારીઓ સાથેની ગોઠડી હોય કે મુંદરા-માંડવીના નગરજનો સાથેનો સંવાદ હોય, હોટેલિયર્સ અને પ્રવાસન ક્ષેત્રે કાર્યરત વ્યાવસાયીઓ સાથેનું મંથન હોય, ભૂખી નદીને પુનર્જિવિત કરવાનો વ્યાયામ હોય, ગાંધીધામ સંકુલના વિકાસના ધોરીમાર્ગનો નકશો કંડારવાનો હોય કે જનપ્રતિનિધિઓ સાથે કચ્છની સમસ્યાઓ ચર્ચવાનો પ્રયાસ હોય, અબડાસાની ધરતી પરથી જળસંચય અને જળસંગ્રહ અભિયાનનો શુભારંભ હોય કે આધ્યાત્મિક કોન્ક્લેવ હોય, જાણીતા કવિ અંકિત ત્રિવેદી સાથેનો નવતર સાંસ્કૃતિક કાર્યક્રમ હોય... કચ્છમિત્રએ લોકોની સાથે રહી લોકો માટે ફળદાયી દાયિત્વ નિભાવવાનો પ્રામાણિક પ્રયાસ કર્યો છે.



**હાર્દિક મામણિયા**
મેનેજિંગ ટ્રસ્ટી, સૌરાષ્ટ્ર ટ્રસ્ટ

કચ્છીયતના પ્રહરી તરીકે નામના મેળવનાર કચ્છમિત્ર ૭૯મા વર્ષમાં પ્રવેશ કરે છે તે અવસરે હૃદયપૂર્વકની શુભકામનાઓ સાથે ઝાઝેરાં અભિનંદન પાઠવું છું. કચ્છમિત્ર નિત્ય નવીન આયામો સર કરતું રહે છે. હવે તે ડિજિટલ માધ્યમમાં પણ સક્રિય થયું છે. નવી પેઢીના બદલાતા ટેસ્ટને અનુરૂપ કચ્છમિત્રપણ ડિજિટલ પ્લેટફોર્મ પર પાવરફૂલ હાજરી નોંધાવવા પ્રતિબદ્ધ છે. ગ્લોબલ વોર્મિંગની સમસ્યા વિકરાળ બની છે, ત્યારે કચ્છમિત્રએ જન્મદિવસના અવસરથી સોલાર રૂફટોપ યોજના અમલી કરીને ગ્રીન એનર્જી મારફત દેશના મિશનમાં યોગદાન આપવાનો પ્રયાસ કર્યો છે. કચ્છમિત્રનો આ રીતનો મેકઓવર નૂતન જનમાનસને અનુરૂપ પણ છે. મહત્ત્વની અને ધ્યાન ખેંચનારી ઘટનાઓ ડિજિટલ પ્લેટફોર્મ પર તરત જ મુકાતી રહે છે. પોડકાસ્ટ દ્વારા હરેક કચ્છી માડુ સુધી પહોંચવાનો અને તે દ્વારા સારપનો વિસ્તાર કરવાનો ઉદ્યમ આરંભ્યો છે. ટીમ કચ્છમિત્ર ઊર્જાવાન અને સક્ષમ છે, નવા શિખરો સર કરવાની તમન્ના પણ ધરાવે છે. ન્યૂઝ સાથે વ્યૂઝના આલેખન કરવા પર ધ્યાન કેન્દ્રિત કરી રહ્યું છે. આગામી વર્ષોમાં પણ કચ્છમિત્ર 'પત્ર નહીં મિત્ર'ની ભૂમિકા ભજવતું રહેશે એવો કોલ આપીએ છીએ.

## કચ્છના સાચા મિત્ર તરીકેની ફરજ અદા કરતું રહેશે

કચ્છી પ્રજાની સમસ્યા, તેના અરમાનો અને તેની સુખાકારીને હરહંમેશ વાચા આપતા કચ્છમિત્રને ૭૯મા વર્ષમાં પ્રવેશ પ્રસંગે મીઠા આવકાર સહ અશેષ અભિનંદન પાઠવું છું. કચ્છમિત્ર સાથે કચ્છી માડુની સવાર પડે છે અને એક સાચા મિત્રની ફરજ અદા કરે છે. રોજેરોજની વૈવિધ્યસભર પૂર્તિઓ હોય કે બાળદોસ્તો માટેનું વિશેષ સાપ્તાહિક 'કચ્છમિત્ર જુનિયર' હોય, કચ્છમિત્ર નિત્ય નવીન વાંચન પૂરું પાડવામાં સફળ રહ્યું છે, તેણે સમય-સમય પર જરૂરિયાત મુજબ નવોન્મેષને આવકાર્યા છે. કચ્છી લોકોના દરેક સારા-માઠા બનાવોમાં ઢાલ સરીખા મિત્ર તરીકે સાથે ઊભું રહ્યું છે. ૧૯૪૭થી આરંભાયેલી અખબારી યાત્રાએ ૭૮ વર્ષ દરમિયાન અનેક પડકારો ઝીલ્યા છે અને સુવાંગ રીતે અવ્વલ સ્થાનને જાળવી શક્યું છે, તેનો આનંદ છે. ૨૦ જુલાઈનો દિવસ એ કચ્છમિત્રનો જ નહીં, સમસ્ત કચ્છી પ્રજાનો ઓચ્છવ બની રહ્યો છે. આ માટે આપ સૌ સર્વે વાચકોનું ઋણ માથે ચડાવીએ છીએ. વાચકો, અખબારી પ્રતિનિધિઓ, વિજ્ઞાપન દાતાઓ અને સમગ્ર કચ્છની પ્રજાએ પોતીકું અખબાર ગણ્યું છે અને હંમેશા વધામણાં કર્યાં છે. કચ્છીઓની ભાવનાઓને ઉજાગર કરતા કચ્છમિત્રએ લોકોના ઉમંગ, આકાંક્ષા અને અવસાદને યોગ્ય માવજતથી સ્થાન આપ્યું છે અને આગળ પણ આપતું જ રહેશે.



**સંજય દામજીભાઈ એન્કરવાલા**
ટ્રસ્ટી, સૌરાષ્ટ્ર ટ્રસ્ટ

મારા પિતા દામજીભાઈએ સૌરાષ્ટ્ર ટ્રસ્ટના ટ્રસ્ટી અને પછી ચેરમેન તરીકે વર્ષો સુધી કાર્યભાર સંભાળ્યો અને કચ્છને પાણી અપાવી વોટરમેન ઓફ કચ્છ તરીકે સ્થાન મેળવ્યું હતું. તે પરંપરાને આગળ વધારી કચ્છની પાણી ક્ષેત્રની આત્મનિર્ભરતા માટે કચ્છમિત્રના પ્રયાસો અવિરત રહેશે. કચ્છમિત્ર સત્યનિષ્ઠા સાથે પોતાનો અખબારી ધર્મ બખૂબી નિભાવશે એવી ખાતરી છે.

ફરી સ્નેહાભિનંદન...

## કચ્છમિત્ર એટલે જન્મભૂમિ ગ્રુપનું ગૌરવ



**કુન્દન વ્યાસ**
ચીફ એડિટર અને સીઇઓ

'કચ્છમિત્ર' પ્રિય વાચકો સાથેની સહયાત્રાનાં ૭૮ વર્ષ પૂર્ણ કરીને શતાબ્દી ભણી કૂચ કરે છે તેનું ગૌરવ કચ્છ સાથે જન્મભૂમિ ગ્રુપ-સૌરાષ્ટ્ર ટ્રસ્ટ પરિવારને સવિશેષ છે. કચ્છમિત્ર કચ્છના નવનિર્માણનું સાક્ષી અને વિકાસયાત્રામાં સહભાગી, સહયોગી રહ્યું છે અને હંમેશાં રહેશે. કચ્છના વિકાસની સમસ્યાઓ અને સિદ્ધિઓનું મુખપત્ર છે અને રહેશે.

સૌરાષ્ટ્ર ટ્રસ્ટના મેનેજિંગ ટ્રસ્ટી શ્રી હાર્દિકભાઇ મામણિયા તથા સમસ્ત ટ્રસ્ટી મંડળનાં માર્ગદર્શન હેઠળ તંત્રી દીપકભાઇ માંકડ અને મેનેજર મુકેશભાઇની સમસ્ત ટીમને જન્મભૂમિ પરિવાર વતી અભિનંદન અને શુભેચ્છા.

નીડર, તટસ્થ પત્રકારત્વના શ્રેય સમા
કચ્છમિત્ર ને 79 મા જન્મદિવસે શુભેચ્છા...



શ્રી જલધિ (જગત) સી. વ્યાસ
ભુજ નગરપાલિકા
નગરસેવક, વોર્ડ નં.૬

79th YEARS CELEBRATIONS
કચ્છના લોકોનાં હૃદયમાં વસતા
શિરમોર દૈનિક કચ્છમિત્રને
જન્મદિવસની હાર્દિક શુભેચ્છા
ધી ભુજ ઇંગ્લિશ સ્કૂલ ટ્રસ્ટ
જૈનાચાર્ય શ્રી અજરામરજી વિદ્યાધામ
હોસ્પિટલ રોડ, ભુજ. ૦૨૮૩૨-૨૨૨૨૨૦
ગુજરાતી માધ્યમ
• બાલમંદિર
• પ્રાથમિક વિભાગ ધો. ૧થી ૮
• માધ્યમિક વિભાગ ધો. ૯ અને ૧૦
• ઉચ્ચ માધ્યમિક વિભાગ
• ધો. ૧૧ - ૧૨ (સામાન્ય પ્રવાહ)
• ધો. ૧૧-૧૨ (વિજ્ઞાન પ્રવાહ)
ENGLISH MEDIUM
• K.G. Section
• Primary Section Std. 1st to 8th
• Secondary Section Std. 9th - 10th
• Higher Secondary Section
• Std. 11th, 12th (Commerce)
• Std. 11th, 12th (Science)
શિસ્ત સેવા સંસ્કાર



પ્રેરણાસ્ત્રોત
પત્ર નહીં મિત્ર
કચ્છમિત્ર
ને શુભકામનાઓ
કચ્છના લોકપ્રશ્નોને સાચા અર્થમાં વાચા
આપી લોકહૃદયમાં સ્થાન મેળવનાર
'કચ્છમિત્ર' સમાચાર પત્રએ 78 વર્ષ પૂર્ણ
કરી 79માં વર્ષમાં મંગલ પ્રવેશ અવસરે
સહૃદય હાર્દિક વધાઇ સહ 'કચ્છમિત્ર'
ઉતરોતર પ્રગતિના શિખર સર
કરતું રહે એવી શુભકામનાઓ...



જીગર તારાચંદભાઇ છેડા
પ્રમુખ,શ્રી સર્વ સેવા સંઘ (કચ્છ)ભુજ
પ્રમુખ,શ્રી ક.વી.ઓ.જૈન મહાજન ભુજ.

79th YEARS CELEBRATIONS
કચ્છના લોકોનાં
હૃદયમાં વસતા
શિરમોર દૈનિક
કચ્છમિત્રને
૭૯મા
જન્મદિવસની
હાર્દિક શુભેચ્છા
એક શુભેચ્છક

પત્ર નહીં મિત્ર
કચ્છમિત્ર
ને ૭૯ મી વર્ષગાંઠ નિમિત્તે તેમજ
મુદ્રણક્ષેત્રે આધુનિક યુગમાં
ભરેલા કદમને અમારી
હાર્દિક શુભેચ્છાઓ



રશ્મિ સોલંકી
પ્રમુખ, ભુજ નગરપાલિકા
પૂર્વ પ્રમુખ, ભુજ શહેર ભાજપ મહિલા મોરચા
પૂર્વ ઉપપ્રમુખ, ભુજ શહેર ભાજપ સંગઠન
પૂર્વ ચેરપર્સન, ભુજ નગરપાલિકા સાંસ્કૃતિક સમિતિ

# અંજાર : પ્રાચીન શહેર હવે આધુનિકતાની નવી ઓળખ બની રહ્યું છે

અંજાર
રશ્મિન પંડ્યા

કચ્છના એક અતિપ્રાચીન અને ઐતિહાસિક શહેર તરીકે ઓળખાતું અંજાર આજે સ્થાપનાના લગભગ ૧૪૫૦ જેટલાં વર્ષ બાદ નવી દિશામાં આગળ વધતું નજરે પડે છે. ઐતિહાસિક અને સાંસ્કૃતિક વારસાથી ભરપૂર અંજાર હવે ધીમે-ધીમે આધુનિકતા અને ટેક્નોલોજીની સાથે પગલાં મિલાવી રહ્યું છે. અંજાર કચ્છ જિલ્લાનાં હૃદયસ્થળમાં વસેલું એક એવું શહેર છે, જેને તેનો ઇતિહાસ ગતિભર્યો પરિચય મળે છે. પ્રાચીનતા અને પરંપરાની ચાસણીમાં તરબોળ આ શહેર કચ્છની સંસ્કૃતિનો જીવંત દસ્તાવેજ છે, પરંતુ સમય સાથે તાલમેલ સાધતું અંજાર હવે માત્ર ઇતિહાસમાં નહીં, પરંતુ આધુનિક વિકાસની દિશામાં પણ મજબૂત પગલાં ભરી પોતાની નવી ઓળખ ઊભી કરી રહ્યું છે.

### ઈતિહાસનો ઉજાસ

અંજારના ઇતિહાસની શરૂઆત લગભગ ૧૪૫૦ વર્ષ પહેલાંથી જુદી-જુદી પુરાવાઓ દ્વારા થતી જોવા મળે છે. ભૂતકાળમાં આ શહેર વેપાર, શિલ્પ, હસ્ત કળા અને સંસ્કૃતિક કેન્દ્ર તરીકે જાણીતું હતું. અહીંના પુરાતત્ત્વ સ્થળો, પ્રાચીન ભવ્ય મંદિરો અને હસ્તકલા માટે આજે પણ પ્રાચીન સમયમાં શહેરની સ્થાપત્ય કલાની સુંદરતાની સાક્ષી આપે છે.

### આજનું અંજાર-આધુનિકતાની સાથે જોડાયેલું

અંજાર હવે માત્ર એક ઐતિહાસિક શહેર ન રહી, પરંતુ ધીમે-ધીમે આધુનિક સુખ અને સુવિધાઓથી સમૃદ્ધ બનેલું નવું નગર બની રહ્યું છે. શહેરમા બનતા નવા રસ્તાઓ, બેન્કિંગ સેવાઓ, શૈક્ષણિક સંસ્થાઓ, પ્રવાસન સુવિધાઓ આરોગ્ય સેવા કેન્દ્રો તેનું આધુનિક રૂપ દર્શાવે છે.

### શિક્ષણ અને રોજગારીમાં નવી તકો

અંજારની અનેક નવી પેઢી હવે ઉચ્ચ શિક્ષણમાં આગળ વધી રહી છે. અંજારમાં શરૂ થયેલી નવી વાણિજ્ય અને વિનયન કોલેજ દ્વારા નવી શૈક્ષણિક સુવિધાઓ વડે ભાવિ પેઢીના ઘડતર માટે નવી તકો સર્જાશે. શહેરમાં અનેક સરકારી અને ખાનગી શાળાઓમાં સ્માર્ટ ક્લાસ શરૂ કરાયા છે, જેના કારણે ભાવિ પેઢીને ગુણવત્તાયુક્ત આધુનિક શિક્ષણ મળી શકે તેમજ શહેરની આઈ.ટી.આઈ.માં પણ અનેક રોજગારીલક્ષી કોર્સ દ્વારા યુવાઓ વિવિધ ઔદ્યોગિક કૌશલ શીખી શકે તેવી વ્યવસ્થા પણ કરવામાં આવી છે. શહેરમાં અંગ્રેજી માધ્યમની સરકારી શાળામાં પણ મોટી સંખ્યામાં બાળકો શિક્ષણ લઇ રહ્યા છે, સાથે જ શહેરમાં અનેક નાના-મોટા ઉદ્યોગો અને દ્વારા રોજગારીના નવા દરવાજા ખૂલતા રોજગારીની પણ અનેક તકો ઊભી થશે.



### ડિજિટલ બેન્કિંગ અને નગરસેવાઓ

શહેરના લોકો હવે બેન્કિંગ માટે લાઈનમાં ઊભા રહેવા કરતાં મોબાઇલ એપ્લિકેશન અને ઓનલાઇન બેન્કિંગ દ્વારા સરળતાથી લેવડદેવડ કરી શકતા થયા છે. નગરપાલિકાની ઇ-નગર સેવા દ્વારા પ્રોપર્ટી ટેક્સ, પાણી બિલ, આરોગ્ય સેવાઓ, ફરિયાદો જેવી અનેક સુવિધાઓ ઓનલાઇન ઉપલબ્ધ છે તેમજ રાજ્ય સરકારના ડિજિટલ ગુજરાત પોર્ટલ પરથી જાતિના, આવકના, નોન ક્રિમિલેયર તેમજ વિવિધ સરકારી સહાય સહિત વિવિધ પ્રકારના દાખલાઓ પણ ઘર બેઠા મેળવી શકાય છે.

જેના કારણે નાગરિકોને સમયની મહામૂલી બચત થાય છે.

### પરિવહન વ્યવસ્થામાં ટેક્નોલોજીનો ઉપયોગ

અંજાર રેલવે સ્ટેશન અને બસ સ્ટેશન પર પણ હવે ટેક્નોલોજીનો ઉપયોગ વધ્યો

(જુઓ પાનું ૬)

## અંજાર શહેરમાં વિકાસની દરેક ખૂટતી કડીઓને પૂરી કરાશે : ત્રિકમભાઇ છાંગા



ઐતિહાસિક અંજાર શહેરે સ્થાપનાની ૧૪ સદી બાદ પણ પોતાની અસ્મિતાને ટકાવી રાખી છે, અંજાર વિસ્તાર માટે પણ અનેક પ્રકારના વિકાસકાર્યો હાથ ધરવામાં આવેલાં છે, જે અંતર્ગત અંજાર વિસ્તારના સતાપર મધ્યે આવેલા ગોવર્ધન પર્વતને પ્રવાસનધામ તરીકે વિકસાવવા માટે રૂા. ૧૯ કરોડની માતબર રકમની ફાળવણી કરવામાં આવેલી છે, અંજાર શહેરની વસ્તીને ધ્યાને લેતાં તેમજ શહેરીજનોની વર્ષો જૂની માગણી અને અનેક રજૂઆતો બાદ અંજાર શહેરને 'અ' વર્ગની નગરપાલિકાનો દરજ્જો પ્રાપ્ત થતાં શહેરમાં સવાયાં વિકાસકાર્યો થઇ શકશે તેમજ અનેક માળખાંકીય સુવિધાઓમાં પણ વધારો થશે.

સમગ્ર અંજાર વિસ્તાર અને તાલુકાના ગ્રામ્ય વિસ્તારોને ગુણવત્તાયુક્ત આરોગ્ય સુવિધા મળી રહે તે માટે અંજાર મધ્યે રૂા. ૨૩ કરોડના ખર્ચે અદ્યતન સબ ડિસ્ટ્રીક્ટ હોસ્પિટલનું નવનિર્માણ કરવામાં આવેલું છે, કચ્છની પ્રથમ એવી બે માળની સરકારી હોસ્પિટલ હશે, જેમાં લોકોની સુખાકારીને ધ્યાને રાખી લિફ્ટની સુવિધા આપવામાં આવશે, સંભવતઃ ખૂબ જ ટૂંક સમયમાં તેનું લોકાર્પણ કરવામાં આવશે.

રૂપિયા ૮.૭૫ કરોડના ખર્ચે અંજારની નવી મામલતદાર કચેરીનું કામ પ્રગતિમાં છે, જેમાં અનેક લોકોપયોગી સુવિધાઓ શરૂ કરવામાં આવશે.

અગાઉ પૂર્વ કચ્છના વાહનચાલકો અને પરિવહન ઉદ્યોગકારોને ભુજ આર.ટી.ઓ. કચેરી સુધી ધક્કાઓ ખાવા પડતા, પરંતુ અંજાર મધ્યે પૂર્વ કચ્છની અલગ આર.ટી.ઓ.

(જુઓ પાનું ૬)

## અંજાર શહેરમાં જનસુખાકારીનાં અનેક કાર્યો હાથ ધરાશે : વૈભવ કોડરાણી



એતિહાસિક શહેર માટે પણ અંજાર વિભાગના ધારાસભ્ય ત્રિકમભાઇ છાંગાનાં માર્ગદર્શન હેઠળ સરકાર દ્વારા વિવિધ યોજનાઓ હાથ ધરવામાં આવેલી હોવાનું અંજાર નગરપાલિકાના પ્રમુખ વૈભવભાઈ કોડરાણીએ જણાવ્યું હતું.

આ બાબતે વિગત આપતાં શ્રી કોડરાણીએ જણાવેલું કે, અંજારવાસીઓ માટે અત્યંત ગૌરવપૂર્ણ બાબત કહેવાય કે, સરકાર દ્વારા અંજાર સુધરાઇને 'બ' વર્ગમાંથી 'અ' વર્ગનો દરજ્જો પ્રાપ્ત થયેલો, જેના કારણે આગામી સમયમાં અંજાર સુધરાઇને અનેક નવી સુવિધાઓ અને યોજનાઓનો લાભ મળી રહેશે, જે અંતર્ગત અંજાર શહેરમાં યુવાઓને રમતગમત માટે બે તબક્કામાં રૂા. ૬.૫૦ કરોડના ખર્ચે શહેરના સ્ટેડિયમનું નવીનીકરણ કરી તેમાં વિવિધ રમતગમત માટે વિવિધ સાધનો અને સુવિધાઓ પૂરી પાડવામાં આવશે તેમજ શહેરીજનોની સુરક્ષાને ધ્યાને લેતાં હાલમાં જ સરકાર દ્વારા અંજાર મધ્યે પૂર્ણ સુવિધાઓથી સજ્જ અને સંપૂર્ણ મહેકમ અને સાધનો સાથેનું ફાયર સ્ટેશન મંજૂર કરવામાં આવેલું છે, જેનું નિર્માણ કાર્ય ટૂંક સમયમાં જ શરૂ કરવામાં આવશે, સાથે શહેરના વિસ્તારના વ્યાપ અને વસ્તીને જોતાં બે નવા ઓવરહેડ ટેન્ક પણ અંજાર મધ્યે બનાવવામાં આવેલા છે, જેના કારણે શહેરીજનોને હંમેશાં પાણીની સૂચારુ વ્યવસ્થા મળી રહે.

શહેરમાં શિક્ષણ ક્ષેત્રે નવું સીમાંકન કહી શકાય તેવી અંગ્રેજી માધ્યમની સરકારી હાઈસ્કૂલનાં ભવનનું લોકાર્પણ પણ ટૂંક જ સમયમાં કરવામાં આવશે તેમજ તે શાળાની સાથે શહેરની વિવિધ શાળાઓમાં એ.આઈ. આધારિત

(જુઓ પાનું ૬)


કચ્છની ધીંગી ધરાના
નિષ્પક્ષ, નિડર, શિરમોર અને
લોકપ્રિય અખબાર 'કચ્છમિત્ર'
ને ૭૯માં વર્ષમાં મંગલ પ્રવેશ પ્રસંગે
ખૂબ ખૂબ અભિનંદન...



શ્રી વાસણભાઈ ગોપાલભાઈ આહિર
(પૂર્વ મંત્રીશ્રી, ગુજરાત રાજ્ય)
(પૂર્વ ધારાસભ્યશ્રી, અંજાર અને ભુજ વિધાનસભા મત વિસ્તાર)
(પ્રમુખશ્રી, અખિલ ગુજરાત ટ્રક ટ્રાન્સપોર્ટ એસો. અમદાવાદ)
(કાર્યકારી પ્રમુખશ્રી, અખિલ ગુજરાત વિદ્યુત કામદાર સંઘ)



79th YEARS CELEBRATIONS
કચ્છના લોકોના હૃદયમાં
વસતા શિરમોર દૈનિક
કચ્છમિત્રને જન્મદિવસની
હાર્દિક શુભેચ્છા..



શ્રી કેશુભાઇ પટેલ
ધારાસભ્યશ્રી,
૩-ભુજ
વિધાનસભા
મતવિસ્તાર



ગૌસેવા દાન એજ શ્રેષ્ઠ દાન

કચ્છમિત્રને ૭૯મા જન્મદિવસની હાર્દિક શુભકામના

ગૌસેવા દાન એજ શ્રેષ્ઠ દાન

શ્રી ઈશ્વરેશ્વર ગૌસેવા અને વિવિધલક્ષી ટ્રસ્ટ સંચાલિત - શ્રી સુમતિનાથ પાંગળાઘર-ગાયોની હોસ્પિટલ-તલવાણા





આ સંસ્થાનું ઉદ્ઘાટન તપચક્ર ચક્રવર્તી આચાર્યશ્રી પ.પૂ. ગુણોદયસાગરસૂરીશ્વરજી મહારાજા તથા રાજસ્થાન, દક્ષિણ દિપક, સાહિત્યદિવાકર અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ. શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા. અને આદિ ઠાણાની નિશ્રામાં તા.૭-૭-૨૦૧૭ના કરવામાં આવ્યુ હતું. તેમજ અન્ય સાધુ સંતો અને જીવદયાપ્રેમીઓ મોટી સંખ્યામાં હાજર હતા. આપ સહુ દાતા પરિવારો અને વિવિધ સંસ્થાઓના સાથ અને સહકારથી પ્રત્યેક્ષ કે પરોક્ષ રીતે, પ્રેરક તરીકે સહકાર આપી, સંસ્થાને આજે વટવૃક્ષ જેવી બનાવી છે, ત્યારે ટ્રસ્ટ વતી આપ સહુનો અંતઃકરણથી આભાર વ્યકત કરી, ખૂબ ખૂબ અનુમોદના કરીએ છીએ. શ્રી નવકારમંત્ર આરાધક, ૩૦ વર્ષીતપના તપસ્વી શ્રી નરેન્દ્રભાઈ નંદુ (ભા)ના સાનિધ્યમાં તેમના શુભહસ્તે અહીંની ભૂમિનું ભૂમિપૂજન થયુ હતું. શ્રી જીવુભા વેશલજી રાઠોડએ ખાતમુહૂર્ત કર્યુ હતુ. શ્રી ધીરજભાઈ છેડા (એકલવીર) એ સભાનુ સંચાલન કર્યુ હતુ.



આ બળદ ઉપર ઘાતકી રીતે એસિડ નાખી હુમલો થયેલ હતો તેની સારવાર કરવામાં આવી હતી અને તેને ૧ મહિનો એ.સી.માં રાખવામાં આવ્યો હતો.



એક ગાયને આંખનું કેન્સર હતું તેનું ડોક્ટર તથા તેમની ટીમ દ્વારા સફળ ઓપરેશન કરવામાં આવ્યું...



ઉદ્ઘાટન સમરોહનો યાદગાર પ્રસંગ





બેઠેલી હાલતમાં/એક્સિડેન્ટથી આવેલ જીવોને ચાલણ ગાડી (ઘોળી) પર ઊભી રાખી કસરત કરાવવામાં આવે છે.



શિંગડાનું કેન્સર હતું તેનું સફળ ઓપરેશન કરવામાં આવ્યું



પ.પૂ.મુનિ શ્રી હેમચંદ્રસાગરજી મ.સા.એ પાંગળાઘરની મુલાકાત લીધી

વિ.સંવત ૨૦૮૧, જેઠ વદ - ૧૩, રવિવાર તા.૨૨-૬-૨૦૨૫ના ઈશ્વરેશ્વર ગૌશાળા સુમતિનાથ પાંગળાઘર - ગાય હોસ્પિટલમાં અચલગચ્છાધિપતિ સાહિત્યદિવાકર પ.પૂ.આ.ભ. શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા. એ પગલા કરી કાર્યાલયમાં માંગલિક સંભળાવ્યું. આ પાંગળાઘરના ઉદ્ઘાટન પ્રસંગમાં પણ નિશ્રા આપેલ.

'ગૌવંશ સેવાઓ યથાયોગ્ય સારી રીતે ચાલુ છે. નિરીક્ષણ કરી સેવાઓ પ્રત્યક્ષ જોઈ. જીવરક્ષાના આ મંગલકાર્યમાં સદાય સફળતા મળે એ જ હાર્દિક શુભેચ્છાઓ.'

અચલગચ્છાધિપતિ સાહિત્યદિવાકર
પ.પૂ.આ.ભ. શ્રી કલાપ્રભસગરસૂરીશ્વરજી મ.સા.ના સાદર ધર્મલાભ



બિમાર તથા અશક્ત જીવોને જરૂરિયાત મુજબ ગ્લુકોઝ અને શક્તિની દવાઓની બોટલ ચડાવી તેની સારવાર કરવામાં આવે છે



એક્સિડન્ટથી મૃત્યુ પામેલ ગાયના એક દિવસના વાછરડાને બોટલથી દૂધ પીવડાવી તેનો ઉછેર કરવામાં આવે છે



શ્રી સુમતિનાથ પાંગળાઘરમાં પગલા કરી કહ્યું...
'અહીંયાની ગૌવંશને થતી સેવાને બિરદાવુ છું. આ સંસ્થાનુ કાર્ય જોઈ પ્રસન્નતા અનુભવું છું અને અમારા તરફથી આ સસ્થાને યોગ્ય અનુદાન આપું છું અને આપતા રહીશું તેમજ સર્વને જણાવું છું, આપ યાગદાન આપતા રહેજો.'

પ.પૂ.મહંત કરશનદાસજી પૂરણ રામજી મહારાજ ભાનુશાલી મહાજનના પૂર્વ પ્રમુખ શિરવા ભાનુશાલી અને શ્રી કચ્છી ભાનુશાલી દેશમહાજનના ટ્રસ્ટી કિશોરભાઈ જોઈશર તરફથી અનુદાન મળ્યુ. તેમજ શ્રી સંતશ્રીએ અતિ પ્રશંસા કરી અને પોતાને ધન્ય અનુભવ્યું હતું.



એક વાછરડાને ૭ દિવસથી પેશાબ બંધ હતો અને પેશાબની કોથળી અંદર તૂટી થઈ હતી તેનો ડોક્ટર તથા તેમની ટીમ દ્વારા સફળ ઓપરેશન કરવામાં આવ્યું.



એક ગાયને સારણગાંઠ હતી તેનું સર્જન ડોક્ટર પ્રકાશસિંહ રાજપૂત અને તેમની ટીમ દ્વારા સફળ ઓપરેશન કરવામાં આવ્યું.



એક બળદના પૂછડામાં સડો હતો તેનું સફળ ઓપરેશન કરવામાં આવ્યું.



તીક્ષ્ણ હથિયાર વડે ઘાતકી હુમલો કરેલ હતો તેનું સફળ ઓપરેસન કરવામાં આવ્યું.



મોઢામા બ્લાસ્ટ થયો હતો એનુ સફળ ઓપરેશન કરવામાં આવ્યું.



એક ગાયના પેટનું ઓપરેશન કરવામાં આવેલ તેના પેટમાંથી ૧૫ કિલો પ્લાસ્ટિક, લોખંડ નીકળેલ, તેનું ડો. પ્રકાશસિંહ રાજપૂત, ડો. દેવરાજ ગઢવી તથા એમની ટીમ દ્વારા સફળ ઓપરેશન કરવામાં આવ્યું

ગુણવરાજ ગઢવી-કોડાય

બેન્ક અકાઉન્ટની વિગત
A/c Name : Shri Eshwareshwar Gauseva Ane Vividhlakshi Trust Bank Name BANK OF BARODA, Mandvi Kutch
Account No. : 08860200000809, MICR Code : 370012101 IFSC Code : BARB0MANKUT (પાંચમો અક્ષર (૦) ઝીરો છે)

તેમજ ટ્રસ્ટીઓ

સંપર્ક સુત્ર

- શ્રી તલકચંદ લીલાધર દેઢિયા : ૯૩૨૨૨ ૩૧૩૨૧
- શ્રી મણિલાલ ભાણજી અમૃતિયા : ૯૮૨૫૬ ૭૬૫૯૫
- શ્રી કિરીટસિંહ ખુમાનસિંહ જાડેજા : ૯૯૨૫૩ ૦૩૬૩૫
- શ્રી કલ્યાણજીભાઈ ગાજપરિયા : ૯૮૨૫૭ ૫૫૫૮૭ (જીવદયા ગ્રુપ-પિયાવા)
- શ્રી હરિસિંહ ભીખુભા જાડેજા : ૯૯૧૩૪ ૫૨૧૮૩
- શ્રી યોગેશભાઈ ત્રિવેદી : ૯૮૨૫૪ ૫૭૨૪૫-માંડવી
- શ્રી રામજીભાઈ કેશરા : ૯૯૭૯૭ ૫૩૪૧૮-નાની રાયણ
- શ્રી ઝરણાભાઈ શાહ : ૯૮૭૯૪ ૬૮૫૭૦-માંડવી
- શ્રી પોપટલાલ મગનલાલ કુરિયા : ૮૧૬૦૩ ૩૬૧૩૧
- શ્રી વિક્રસિંહ જીવુભા રાઠોડ : ૯૮૨૫૨ ૩૭૨૪૫-ભુજ
- શ્રી જીવરાજભાઈ ગઢવી : ૯૮૭૯૧ ૮૮૩૪૧ (પત્રકાર-કચ્છમિત્ર-કોડાય)
- શ્રી નિતિનભાઈ રંગાણી : ૯૮૨૫૭ ૮૫૮૯૩-મદનપુરા
- શ્રી અમિતભાઈ મહેતા : ૯૯૧૩૧ ૧૨૨૭૭-માંડવી

NSE

Soch kar
Samajh kar
Invest kar

# શું તમે કોઈના પ્રભાવ (ઈન્ફ્લ્યુઅન્સ) હેઠળ આવીને રોકાણ કરો છો?

ફાઈનાન્સિયલ ઈન્ફ્લ્યુઅન્સર્સને તમારા રોકાણ નિર્ણય પર હાવી થવા દેવું એ ગંભીર ભુલ બની શકે છે.



શેરો અંગેની ટિપ્સ, સલાહ અથવા મોટા વચનોથી દોરવાઈ જાવ નહીં, કેમ કે એમ કરવામાં તમને ભારે નુકશાન થઈ શકે છે.

**સ્માર્ટ રોકાણકારો હંમેશા રોકાણ કરતા પૂર્વે પોતાનો યોગ્ય અભ્યાસ કરતા હોય છે.**

આવા વ્યવહારોની અમને જાણ કરો **Feedbk_invg@nse.co.in** પર અથવા અમને કોલ કરો **1800 266 0050** પર

વિઝિટ કરો: **www.nseindia.com/invest/be-a-smart-investor**

અમને ફોલો કરો

**nseindia.com** પર અથવા ક્યુઆર કોડ સ્કેન કરો.

# ભુજને સાંકળતા માર્ગોનું વિસ્તૃતીકરણ વિકાસનાં દ્વાર ખોલશે



(તસવીર : મયૂર ચૌહાણ)

- પાણીકાપનો ઉકેલ બનશે ધુનારાજા ડેમ
- ગટરનાં દૂષિત પાણીનો પ્રશ્ન હલ કરશે અમૃત યોજના
- ટ્રાફિક સમસ્યા દૂર કરવા કરોડોનાં ખર્ચે બાયપાસ માર્ગ બનશે
- સત્યમેવ જયતેના ચાર સ્તંભ નૂતન કૃષ્ણાજી પુલને વધુ નિખારશે

ભુજ
કૌશલ પાંધી

૨૫ વર્ષ પહેલાં આવેલા ભૂકંપના વિનાશ બાદ વિકાસના વેગીલા વાયરાએ ૧૫ કિ.મી.નાં ભુજનો 'મેક ઓવર' કરી નાખ્યો. વિકાસકામો માટે સરકાર દ્વારા ફાળવાતી મસમોટી ગ્રાન્ટની પાંખે સવાર લોકસુવિધાનાં કામોએ આ ઐતિહાસિક શહેરની નોંધ લેવા વિશ્વને મજબૂર કરી નાખ્યું. ભયાવહ ધરતીકંપ બાદ નવી આશા સાથે ભુજવાસીઓ ફિનિક્સ પંખીની જેમ ઊભા થયા અને હિંમતભેર પરિસ્થિતિ સામે ઝઝૂમી અને પોતા સાથે શહેરની પણ વિકાસની કેડી કંડારી.

કચ્છનું મુખ્યમથક એવું ૧૫ કિ.મી.નું બાળભુજ આજે ૫૫ કિ.મી.નું યુવાન થઇ વધુ ને વધુ વિકાસ માટે થનગની રહ્યું છે. ચારે દિશામાં ફેલાતું ભુજ શહેર હવે માધાપર, મિરજાપર, મુંદરા રોડ, ખાવડા રોડ સુધી વિસ્તરવા સાથે મહાનગરપાલિકા બનવાની કગાર પર ઊભું છે.

લાખ નહીં, પણ અબજનું બજેટ ધરાવતી થયેલી ભુજ નગરપાલિકા શહેરને પ્રવાસન ક્ષેત્રે વિકસાવવા નવાં નવાં સ્થળોનું નિર્માણ કરી રહી છે. જો કે, વસ્તી વધતાં અને જૂનું માળખું હજુ પણ જળવાયેલું હોવાથી પાણી - ગટર સહિતની અમુક સમસ્યા લોકોને અકળાવી રહી છે. પણ, આ પ્રશ્નો ઉકેલવા સુધરાઇની ટીમ કરોડોના ખર્ચે નવી લાઇનો, સમારકામ સહિતનું આયોજન સતત કરતી રહે છે. ભવિષ્યની સ્થિતિને ધ્યાને લઇ પાણી સમસ્યા તથા ટ્રાફિક સમસ્યાના ઉકેલ માટે સાંસદ, ધારાસભ્ય સાથે સુધરાઇના શાસકો તંત્ર સાથે સતત આયોજનો ઘડી રહ્યા છે.

ભુજના મેઇક ઓવર સાથે અનેક સુંદર સ્થળોને વધુ સુવિધાસભર બનાવવાનાં કામો

(જુઓ પાનું ૬)

## નવી યોજનાઓ સાથે ભુજ વધુ નિખરશે



ઐતિહાસિક ભુજ શહેરને પ્રવાસન ક્ષેત્રે વધુ ને વધુ વિકસાવવા સાથે ભુજવાસીઓની સમસ્યાઓ દૂર કરવા અને વધુ સુવિધા આપવા નવી નવી યોજનાઓ હાથ ધરાતી હોવાનું નગરપાલિકા કારોબારી ચેરમેન મહીદીપસિંહ જાડેજાએ જણાવી ઉમેર્યું કે અમૃત યોજના ૧-૨, ધુનારાજા ડેમમાંથી ભુજ સુધી પાણી પહોંચાડવા નવી લાઇનો, કૃષ્ણાજી પુલનું નવીનીકરણ, મહાનગરપાલિકાના દરજ્જાને ધ્યાને લઇ સુવિધાસભર સુધરાઇનું નવું સંકુલ, સી.સી. - ડામર રોડ, ઇન્ટરલોક જેવી સુવિધાઓ, અજવાળાં પાથરતી નવી લાઇટો, બાગ - બગીચાનો વિકાસ, વોક - વે પર સમયાંતરે નવી નવી સુવિધાઓ આપવા સુધરાઇની ટીમ સતત પ્રયત્નશીલ રહે છે. રાજ્ય સરકારની અનેક વિકાસલક્ષી યોજનાઓ થકી આવનારા દિવસોમાં ભુજ વધુ સુંદર - સ્વચ્છ અને સુવિધાસભર બને તેવા પ્રયત્નો સતત થતા રહેશે તેમ શ્રી જાડેજાએ ઉમેર્યું હતું.

## ભુજના સર્વગ્રાહી વિકાસની નેમ



ભુજ શહેરે વિકાસની પાંખે સવાર થઇ અન્ય શહેરોને પ્રેરણા પૂરી પાડી હોવાનું નગરપાલિકા પ્રમુખ રશ્મિબેન સોલંકીએ જણાવી ઉમેર્યું કે વધતા જતા વિસ્તાર અને જનસંખ્યાને ધ્યાને લઇ રાજ્ય સરકારની વિવિધ યોજનાઓના સથવારે કરોડોની ગ્રાન્ટ સાથે ગટર, પાણી, રસ્તા, લાઇટ સહિતની સુવિધાઓમાં સમયાંતરે વધારો કરી લોકોની સગવડ વધારવા સતત પ્રયાસ થતા રહે છે. અમૃત યોજના, નલ સે જલ, જનભાગીદારી, સાંસદ - ધારાસભ્યની ગ્રાન્ટ હેઠળ અનેક વિકાસકામો હાથ ધરાયાં છે અને આગામી દિવસોમાં નવી યોજનાઓ પણ અમલમાં લાવી ભુજનો સર્વગ્રાહી વિકાસ કરવાની નેમ વ્યક્ત કરી હતી.

## રિંગ રોડ અને ભુજને જોડતા મુખ્ય માર્ગોનું કરોડોના ખર્ચે વિસ્તૃતીકરણ



ચારે દિશામાં વિકસતાં ભુજની મુખ્ય સમસ્યા ટ્રાફિક છે. જનસંખ્યા સાથે વધતા વાહનવ્યવહારને પગલે લોકોને ટ્રાફિકની સમસ્યા સતાવી રહી છે, જેના ઉકેલ માટે ભુજના રિંગ રોડ અને શહેરને સ્પર્શતા મુખ્ય માર્ગોનું વિસ્તૃતીકરણના સતત પ્રયાસો થતા હોવાનું ધારાસભ્ય કેશુભાઇ પટેલે જણાવ્યું હતું. ભુજથી ભચાઉ ૭૫૨ કરોડના ખર્ચે ફોરલેન માર્ગ મંજૂર કરાવ્યો, પણ આ માર્ગે ખાડા વધુ હોવાથી ૫૦ કરોડના ખર્ચે રિસર્ફેસિંગ કામ મંજૂર કરાવ્યું. ભુજથી નખત્રાણા ૯૦૦ કરોડના ખર્ચે ફોરલેન માર્ગ મંજૂર થયો. ભુજથી મુંદરા માર્ગ પણ મંજૂર થયો. સાથોસાથ, ભુજના બાવન કિ.મી.માં ૧૮ કરોડ મંજૂર થયા અને તેના નાણાં પણ આવી ગયાં અને તેનું કામ ચોમાસાં બાદ હાથ ધરાશે. ભુજનાં રેલવે સ્ટેશન માર્ગે હજારો પ્રવાસીઓ આવે છે, તે રોડે પાણી ભરાવાનો પ્રશ્ન હલ કરવા માર્ગ પહોળો બનાવવા સાથે ઊંચો પણ લેવાશે, જેથી સમસ્યા હલ કરાશે. રામધૂન પાસેના વળાંક પાસેની સંકડાશ દૂર થશે.

ખાસ કરીને ભુજના બાયપાસ સુખપરથી ભુજોડી માટે મુખ્યમંત્રીને મળી રજૂઆત કરાતાં ટૂંક સમયમાં લગભગ ૧૨થી ૧૩ કિ.મી.નો માર્ગ ૧૫૦૦ થી ૧૭૦૦ કરોડના ખર્ચે બનાવાશે, જેની મંજૂરી પણ અંતિમ તબક્કામાં હોવાનું જણાવ્યું હતું. પણ, જ્યાં સુધી આ બાયપાસ ન થાય ત્યાં સુધી પ્રિન્સ રેસિડેન્સી થઇ લેવા પટેલ શિવશક્તિ સ્કૂલ થઇ એરોપ્લેન સર્કલ થઇ, જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર થઇ નળ સર્કલ વાહનો જાય છે, જેથી સતત ટ્રાફિક રહે છે. જેથી ડી.એસ.પી.ને મળી

(જુઓ પાનું ૬)

કચ્છમિત્ર ને ૭૯ મા વર્ષમાં પ્રવેશ પ્રસંગે હાર્દિક શુભેચ્છા...

स्वच्छ भारत
एक कदम स्वच्छता की ओर

કચ્છ માંડવી નગર સેવા સદન

માંડવી નગર સેવા સદન
માંડવી-કચ્છ.

- સ્વચ્છ ભારત મિશન અંતર્ગત માંડવી શહેરની સ્વચ્છતા બનાવીએ.
- માંડવી નગરપાલિકાનાં કરવેરા નિયત સમય મર્યાદામાં ભરીએ.
- પાણીનો કરકસરપૂર્વક ઉપયોગ કરીએ.
- માંડવી શહેરને પ્લાસ્ટિક મુક્ત શહેર બનાવીએ.

હરેશભાઇ વિંઝોડા
પ્રમુખશ્રી

જ્યોત્સનાબેન સંઘાણી
ઉપપ્રમુખશ્રી

વિશાલભાઇ ઠક્કર
કારોબારી ચેરમેન

લાંતીકભાઇ શાહ
સતાપક્ષના નેતા

જીજ્ઞેશભાઇ બારોટ
મુખ્ય અધિકારી

જયશ્રીબેન સલાટ
દંડક

તમામ સદસ્યગણ અને કર્મચારીગણ

Many compliments to Kutchmitra Newspaper
on completing 78 glorious years

FOKIA
FEDERATION OF KUTCH INDUSTRIES ASSOCIATIONS

Company registered under section - 8

An authorized Agency for Issuance
of the Certificate Of Origin
(Non-Preferential)

For the goods manufactured and
exported from India vide
Public Notice No. 25/(2015-2020)

FEDERATION OF KUTCH INDUSTRIES ASSOCIATIONS
BHUJ OFFICE :
5th, Patel Towers, Nr. Jaynagar bus stop,
Bhuj - Mirzapur Road, Bhuj, Kutch-370001
Contact - +91 63596 64415, +91 99135 28714, 02832-230080/81
Mail - bhuj@fokia.org | bhuj1@fokia.org | bhuj2@fokia.org

GANDHIDHAM OFFICE :
Office No. 216, 2nd Floor, Siddhivinayak Complex,
Nr. Rotary Circle, Ward No. 6, Gandhidham - 370201
Contact - +91 63588 53792 +91 97273 67514, +91 99259 93819, 02836-296014
Mail-gim1@fokia.org | gim2@fokia.org

Visit us: www.fokia.org/
Follow us : @Fokiakutch/ @fokiakutch/ theofficial_fokia/ @Fokia/

કચ્છના લોકોનાં
હૃદયમાં વસતા
શિરમોર દૈનિક
કચ્છમિત્રને ૭૯મા
જન્મદિવસની હાર્દિક શુભેચ્છા

79th YEARS CELEBRATIONS

એક
શુભેચ્છક



# સફર માટે તલપાપડ માંડવીનું 'વિકાસવહાણ'

**માંડવી**
**દેવેન્દ્ર વ્યાસ**

માંડવીનો અર્થ 'બજાર' થાય. બજાર-માર્કેટનો સીધો તાણો અર્થતંત્ર સાથે છે. અર્થતંત્ર એ જે - તે શહેર કે રાષ્ટ્રનો નાણાકીય માપદંડ હોય. આ બંદરીય શહેર અને પંથક સૈકાઓ લગી કચ્છની આર્થિક રાજધાની બનીને 'કોરી', રૂપિયા વડે તિજોરી ભરતું રહ્યું. આઝાદી બાદ દિશા બદલી અને દશા પણ બદલી. દરિયાઇ પરિવહન ક્ષેત્રે આવેલા બદલાવ અને નીતિ - રીતિનાં પરિણામે અહીંના સાહસિકોએ બજારની શોધમાં સ્થળાંતર ભોગવવાનો વારો આવ્યો. વિકાસનું વહાણ પાંગરવાને બદલે લાંગરેલું રહ્યું અને સમયને સાદ પાડવા ઓશિયાળું બન્યું. અહીંનાં દેશી વહાણો ચારસો કરતાં વધારે હતાં અને દુનિયાનો દરિયો ખૂંદતાં તેની સંખ્યા હવે માંડ ચોથા ભાગની રહી છે. ડ્રેઝિંગ દોઢેક દાયકાથી નથી થયું. 'પહેલાં મરઘી કે પહેલાં ઈંડું !' રેતીનો ભરાવો ઉલેચાય તો દેશી વહાણવટું ખમતીધર છે એવો દાવો અને બળાપો દરિયાઇ સાહસિકોનો રહ્યો છે.

**રૂા. ૫૦ કરોડનો બાયપાસ**

વિકાસયાત્રા માટેની ધોરી નસ કહી શકાય એ પર્યાપ્ત વિકસિત માર્ગો, રેલવે જોડાણ, સુલભ હવાઇયાત્રા અને સમુદ્રી પરિવહન. આ શહેર અને પંથક રાષ્ટ્રીય ધોરીમાર્ગના નકશામાં છે. છેલ્લા બે દાયકા દરમ્યાન વિશ્વસ્તરે અવ્વલ સ્થાને ગણાતું 'અદાણી પોર્ટ' અને એની સમાંતરે આનુષંગિક ઔદ્યોગિક વિકાસ અને અબડાસા પંથકમાં ખૂબ મોટાં પ્રમાણમાં સિમેન્ટ ઉદ્યોગો ધમધમતાં પૂર્વ અને પશ્ચિમ દિશાઓ કલ્પનાતીત રીતે સીનો પહોળો કરી ચૂકી હોવાથી મસમોટાં માલવાહકો શહેર કોરીને યાતાયાત કરતાં હોવાથી ત્રાસદાયક 'ટ્રાફિક જામ'ની સમસ્યા વકરી. પેસેન્જર વાહનોમાં દિનપ્રતિદિન થતો ઇજાફો અને દિન-બ-દિન પ્રવાસન ક્ષેત્રે થતા વિકાસ થકી 'બાયપાસ' નિર્વિકલ્પ બન્યો હતો. અભિમન્યુના કોઠા વીંધીને થાઉં... થાઉં... કરતાં અટકેલાં કામની ગાડી પાટે ચડી અને ચારેક મહિના દરમ્યાન રૂા. ૫૦-૫૦ કરોડનો એ પ્રકલ્પ નેત્રદીપક ગતિશીલ છે. લગભગ છ કિ.મી. લાંબા બાયપાસમાં રુકમાવતી


માંડવીનું વિહંગ દૃશ્ય. (તસવીર : સતીષ શનિશ્ચરા)

- માંડવી શહેરનો ડી.પી. પ્લાન મંજૂર થઇ ગયો છે, કાર્યરત થવાની વાટ જોવાય છે
- જૈન આશ્રમથી શીતલા મંદિર પાસે 'નેશનલ હાઇ - વે'ને જોડતા બે મેજર અને ત્રણ નાના પુલ સહિત છ કિ.મી. લાંબો બાયપાસ નાણાકીય વર્ષાંત સુધી લોકાર્પિત થાય એવી ધરપત
- રૂા. ૧૬.૫૦ કરોડ વરસાદી પાણીના સુચારુ નિકાલ અર્થે મંજૂર
- ધાર્મિક સ્થાનોને યાત્રાધામ વિકાસ બોર્ડનુ અનુદાન નસીબ કરાવવા ધારાસભ્ય અનિરુદ્ધભાઇ દવેની હૈયાધારણ
- રેલવે જોડાણ મળવા સંબંધે પ્રાથમિક તબક્કે આશાનું કિરણ


ચૂનીલાલ મહેતા ઉદ્યાનનું નવીનીકરણ


નિર્માણીન બાયપાસ

નદી ઉપર સાડા ત્રણ ચો.મીટર લાંબા બ્રિજનું ફાઉન્ડેશન કામ પૂર્ણ થયું. માર્ગમાંના સાત બોક્સ કલવર્ટ સંપન્ન થઇ ગયા, શીતલા પાસેના મેજર બ્રિજ પર ફાઉન્ડેશન વર્ક અડધું પૂરું થયું. ઓ.એસ. સૌરભ પટેલે સોય ઝાટકીને ૩૧મી માર્ચ સુધી જો કોઇ અનિવાર્ય રુકાવટ ના આવી તો 'બાયપાસ' તૈયાર થઇ જશે તેવો દાવો કર્યો હતો. આ પછી ભારે વાહનોનું ભારણ ઘટતાં મહદ્અંશે 'ટ્રાફિક જામ'માંથી છૂટકારો મળશે અને સલામતીનો મહદ્અંશે હાશકારો અનુભવાશે.

**સત્યાવીસ વર્ષોથી ભેંકાર પડેલા 'જહાજવાડા'માં પ્રાણવાયુ પૂરાઇ રહ્યો છે**

લગભગ રૂા. ૯૦ લાખ કરતાં વધારે નાણાં વવાયાં હોવા છતાં નદીને સામેપાર સિમેન્ટ - કોંક્રિટનો જહાજવાડો ચેતનવંતો બની રહે તે વાસ્તે એ પ્લોટ-પરિસર લીઝ ઉપર લેવા રિશી શિપિંગ ઇન્ડિયા પ્રા. લિમિટેડ અને એસ.એલ.આર. મરીન સર્વિસીસ એમ બે સાહસિકોએ રાજ્ય સરકારમાં મરીન વિભાગ પાસે દરખાસ્તો ઉપર વિધેયક 'મતું' મારવામાં આવે તો શિપ બિલ્ડિંગનાં પગરણ મંડાય. આમ જોઇએ તો સદીઓથી અહીંના મિસ્ત્રીઓ, કારીગરો લાકડાંના દેશી વહાણો બાંધવામાં વિશ્વભરમાં પંકાયેલા છે. અહીં બાંધવામાં આવેલાં દેશી પરંતુ અપેક્ષિત ડિઝાઇનવાળાં વહાણોની અખાતી દેશો, યુરોપ વગેરેમાં મોટી માંગ રહી હોવાથી પોણા બે દાયકા પહેલાં ઇંગ્લેન્ડના એન્ડરસન બેકવેલે અત્રે ધામા નાખીને નવ કેબિનવાળાં 'સંજિદા' વહાણનું નિર્માણ કરાવેલું. દુબઇમાં આધુનિક એન્જિન મુકાવીને સદર વહાણ આયરલેન્ડ લઇ જવાયું હતું. અત્રેનાં વહાણ બાંધકામ વગેરે ઉપર ડો. એડવર્ડ પોતાનાં પીએચડી રિસર્ચમાં પણ ખેડાણ કરેલું. હાલે યુનિવર્સિટીમાં ડીન ડો. સિમ્પસને હજુ સુધી માંડવી સંબંધ બરકરાર રાખ્યો છે.

દેશી વહાણવટું કસોટીકાળમાં અસ્તિત્વ માટે ઝઝૂમી રહ્યું છે, ત્યારે પણ અહીંના કસબીઓ અને સાહસિકો દ્વારા અડધો - પોણો ડઝન વહાણોનું બાંધકામ જારી છે. ૧૨ વર્ષથી ડ્રેઝિંગ નથી થયું એવો બળાપો કાઢતાં વહાણવટી એસો.ના પ્રમુખ હાજી આદમ થૈમે માંડવી અને મુંદરાના જૂનાં બંદરોએ ડ્રેઝિંગ કરાવવાની માંગ કરતાં કહ્યું કે ડ્રેઝિંગ થાય તો વહાણ વતનના દરિયાની હવા ખાઇ શકે. જીવતદાન મળે.

'રિશી શિપિંગ'ના હેડ ઓફ ડિપાર્ટમેન્ટ રાજેશ દવેએ કહ્યું હતું કે દરખાસ્ત સંબંધે તંત્રની હકારાત્મકતા અનુભવાઇ. કેટલીક પૂર્તતા માગવામાં આવેલી તે તમામ જરૂરિયાતો પૂર્તિ અર્થે પેશ કરી દેવાઇ છે, પરંતુ પોર્ટ ઓફિસર આર.સી. પટેલ નિવૃત્ત થઇ જતાં ફાઇલ ક્યા તબક્કે છે તે જાણી શકાયું નથી. આ દરમ્યાન પોર્ટ ઓફિસરના ચાર્જધારક અને નવલખી-મોરબીના બંદર અધિકારી કેપ્ટન રાકેશ મિશ્રાનો પ્રતિભાવ જાણવ કરેલા પ્રયાસે શ્રી મિશ્રાએ કહ્યું હતું કે તેઓ મોરબી ઉપરાંત ભાવનગર, માંડવી વગેરેના બંદર અધિકારીનો કાર્યવાહક પદભાર સંભાળતા હોવાથી એક - બે દિવસોમાં આવીને વિગતોની ચકાસણી કરી લેશે. તેઓએ

(જુઓ પાનું ૬)

શિરમોર અખબાર 'કચ્છમિત્ર'ને ૭૯મા વર્ષમાં મંગલ પ્રવેશે હાર્દિક શુભકામના
ઈસ્માઈલભાઈ - 98253 72728
ઈમરાનભાઈ - 9099652586
ખત્રી ઈસ્માઈલ હાજી અબ્દુલ લતીફ
કચ્છી પ્રિન્ટ્સ, બાંધણી, લુંગી, બેડશીટ અને ડ્રેસ મટીરીયલ્સના મેન્યુફેક્ચર અને સપ્લાયર
ખત્રી હાજી અબ્દુલતીફ શેઠ માર્ગ, ખત્રીચોક, અંજાર (કચ્છ).
Ph. (02836) 244444, 242786

'કચ્છમિત્ર'ને ૭૯મા વર્ષમાં પ્રવેશ બદલ શુભકામના
રસીલાબેન મહેશ આહિર
સરપંચશ્રી, ગુંદાલા ગ્રામ પંચાયત (તા. મુંદરા)
ભુવનેશ જોશી-૯૮૭૯૧ ૪૩૩૫૯

With Best Compliments to Kutchmitra
YD SQUARE
+91 98242 42714
+91 97250 83614
YASIN DYEING
Wholesaler of Kutchi Print Materials
YD SQUARE, TP-3, Plot No. 196, Khatri Chowk, Anjar - Kachchh. 370110
yasindyeing@yahoo.com
@YD_SQUARE

Best Compliments to KUTCHMITRA on it's 79th Anniversary
79th YEARS CELEBRATIONS
GIMPEX IMERYS
GIMPEX-IMERYS INDIA PRIVATE LIMITED
All Types of Bentonite Manufacturer & Supplier
Transform to Perform
Hall No. 9, Sun Plaza, Opp. Commerce College, Mirzapar Road, Bhuj - Kutch
Tel. +91 02832-231148, 231257
info@gimpex-imerys.com
www.gimpex-imerys.com
જિજ્ઞેશ ન્યૂઝપેપર એજન્સી-ગઢશીશા

કચ્છના પ્રસિદ્ધ અખબાર કચ્છમિત્રને ૭૯મા જન્મદિવસની ખૂબ ખૂબ શુભેચ્છાઓ...
ધી કચ્છ ડીસ્ટ્રીક્ટ સેન્ટ્રલ કો. ઓપરેટિવ બેન્ક લિ., ભુજ-કચ્છ.
બેંકની શાખાઓ ભુજ, અંજાર, રાપર, ભીમાસર, પલાંસવા, ભચાઉ, ગાંધીધામ, માંડવી, મુંદરા, નખત્રાણા, નલિયા, ગઢશીશા, કોઠારા, બિદડા, રતનાલ, દયાપર, દુધઈ, ફતેહગઢ
'સહકારથી જ સમૃદ્ધિ'
International Year of Cooperatives 2025 Cooperatives Build a Better World
ભુજ, દુધઈ મધ્યે લોકરની સુવિધા ઉપલબ્ધ છે

| બાંધી મુદત થાપણ | વ્યાજના દર વ્યક્તિઓ માટે | વ્યાજના દર સંસ્થા માટે | |
|---|---|---|---|
| • ૧૫ દિવસથી ૪૫ દિવસ સુધી | ૪.૦૦% | ૪.૦૦% | સિનિયર સિટીઝન ૦.૫૦% વધારે વ્યાજ |
| • ૪૬ દિવસથી ૯૦ દિવસ સુધી | ૫.૦૦% | ૫.૨૫% | બેંક દ્વારા મંડળીઓ/વ્યક્તિગત ટુ.મુ./મધ્યમ મુદત ખેતી વિષયક તથા બિનખેતી વિષયક ધિરાણની સવલત પૂરી પાડવામાં આવે છે. |
| • ૯૦ દિવસથી ૧૭૯ દિવસ સુધી | ૫.૫૦% | ૬.૦૦% | |
| • ૧૮૦ દિવસથી ૧ વર્ષ સુધી | ૬.૫૦% | ૬.૭૫% | |
| • ૧ વર્ષથી વધુ અને ૨ વર્ષ સુધી | ૭.૫૦% | ૭.૫૦% | બેંક દ્વારા લોકર્સ, ATM/RTGS/NEFT સંપૂર્ણ (CBS)ની સુવિધા ચાલુ છે. |
| • ૨ વર્ષથી વધુ અને ૩ વર્ષ સુધી | ૬.૦૦% | ૬.૦૦% | |
| • ૩ વર્ષથી વધુ મુદત માટે | ૬.૦૦% | ૬.૦૦% | બેંક દ્વારા પ્રધાનમંત્રી વીમા યોજના તથા અટલ પેન્શન યોજનાની સેવા ઉપલબ્ધ છે. ડાયરેક્ટ બેનિફિટ ટ્રાન્જેક્શનની સેવા પણ ઉપલબ્ધ છે. |
| • ૫૫૫ દિવસ સહકાર સમૃદ્ધિ ફિક્સ ડિપોઝિટ યોજના | ૭.૫૦% | ૭.૫૦% | |
| • મહિલા સમૃદ્ધિ યોજના | ૭.૭૫% | ૭.૭૫% | |

| બેંક દ્વારા કિફાયતી દરે ધિરાણની સવલતો | | |
|---|---|---|
| સરલ કેસ ક્રેડિટ લોન યોજના | કિફાયતી વ્યાજદરે હોમ લોન ધિરાણની સુવિધા | મોબાઈલ બેંકિંગ સુવિધા |
| ફોર વ્હીલર લોન | ટુ વ્હીલર લોન | રૂપે DEBIT CARD નિયમિત વાપરી અકસ્માત વીમાનો લાભ મેળવો |
| બેંક દ્વારા ધિરાણ તેમજ અન્ય સેવાઓ નોકરિયાત માટે, પશુપાલક માટે, ખેડૂતો માટે, ઔધોગિક કારીગરો માટે | ૫ લાખની થાપણો ડિપોઝિટ ઈન્સ્યોરન્સ હેઠળ સુરક્ષિત છે અને જો વિવિધ ક્ષમતા/અલગ અધિકારમાં રાખવામાં આવે તો તમામ રકમ સુરક્ષિત છે. | માઈક્રો ATM બેંક મિત્રો દ્વારા ઘર બેઠા બેંકિંગ સુવિધા |

(દેવરાજ કે. ગઢવી) ચેરમેન
(અંબાવી કે. વાવીયા) વાઈસ ચેરમેન
(ઈન્દ્રજીતસિંહ જે. જાડેજા) મેનેજિંગ ડિરેક્ટર
તથા સમસ્ત બોર્ડ ઓફ ડાયરેક્ટર્સ
થાપણદારોની રૂા. ૫,૦૦,૦૦૦/- સુધીની ડિપોઝિટ DICGC દ્વારા વીમાથી સુરક્ષિત છે.

સત્ય મેવ જયતે
કચ્છના લોકજીવનના ધબકારસમું અખબાર
પત્ર નહીં મિત્ર કચ્છમિત્ર
૭૯ માં વર્ષમાં પ્રવેશ કરી રહેલ છે ત્યારે લોકકલ્યાણ, લોકજાગૃત અને લોકશિક્ષણ અભિગમના કારણે 'કચ્છમિત્ર' એ મક્કમતાપૂર્વક આગેકૂચ કરેલી છે જે બદલ હાર્દિક શુભકામનાઓ
કચરો કચરાપેટીમાં નાખવો
સ્વચ્છ સ્વસ્થ સુંદર આપણા સૌનું ભુજ શહેર
જીવ+વન=જીવન
વન બચાવો, જીવન બચાવો
વૃક્ષ વાવો, પર્યાવરણ બચાવો
SAVE WATER
બધા સાથે મળી કરો સહયોગ, પાણીનો કદી ના કરો દુરુપયોગ. એકવાત ક્યારેય ના ભૂલશો, પાણી ક્યારેય વ્યર્થમાં ના ઢોળવું
સાર્વજનિક સંપતિનું જતન કરી તેમજ નગરપાલિકાના લોક ભાગીદાર બની વિકાસ કામોમાં સહકાર આપવા વિનંતી
ભુજમાં વ્યવસાય કરતાં દુકાન, ઓફિસ અને નાના-મોટા કારખાના ધારકોએ નગરપાલિકામાં નોંધણી કરાવવી ફરજીયાત છે
જન્મનોંધણી મરણનોંધણી અને લગ્નનોંધણી સમયસર કરાવવી જરૂરી છે
સહયોગ આપ સૌનો, વિકાસ આપણા નગરનો
સહયોગ આપ સૌનો, વિકાસ આપણા નગરનો
ભુજ નગરપાલિકા પરિવાર

## પહેલા પાનાથી ...

# તંત્રી સ્થાનેથી...

***આજની પેઢીને કલ્પના નહીં હોય... દુષ્કાળની વણઝાર, પાણીના અભાવ વચ્ચે જીવન આસાન નહોતું... પણ કચ્છી માનવીઓએ અપાર આત્મવિશ્વાસ અને ખુમારી સાથે કરેલા પુરુષાર્થે ચમત્કાર સર્જ્યો... કચ્છ હવે વિશ્વ વેપારનું કેન્દ્ર છે, ગ્રીન ઊર્જાનું દુનિયાનું સૌથી મોટું મથક... આવનારાં વર્ષોમાં કચ્છની ભૂમિકા વધુ વધવાની...'***

કચ્છના બદલાતા પરિદૃશ્યને ધ્યાનમાં રાખીને ૨૦મી જુલાઈના વર્ષગાંઠ વિશેષ અંક 'મુલકનો મેકઓવર'ના વિષયવસ્તુ સાથે પેશ કરી રહ્યા છીએ. કચ્છમિત્રના સિનિયર પત્રકારો, જે - તે ક્ષેત્રના નિષ્ણાતોની કલમે ઉદ્યોગ, ઈન્ફ્રાસ્ટ્રક્ચર, પરિવહન, ખેતી, પશુપાલન, શિક્ષણ, આરોગ્ય સહિતના મોરચે નવી ટેક્નોલોજી સાથે ઝીલાતા બદલાવ, તેમાં ખૂટતી કડીઓ અને ભાવિ સંભાવનાઓની ચર્ચા કરવામાં આવી છે. વર્ષગાંઠ વિશેષાંક થોકબંધ જાહેરાતોથી ભરી દેવાને બદલે કચ્છમિત્રએ હંમેશાં અલગ કોન્સેપ્ટ સાથે ઉપયોગી વાંચન સામગ્રી પીરસવાનો શિરસ્તો રાખ્યો છે એ કહેવાની ભાગ્યે જ જરૂર છે.

### દેશ-દેશાવરમાં માતૃભાષાની ચિંતા

કચ્છમિત્રએ કચ્છમાં જળસંચય, કૂવા રિચાર્જ, આરોગ્ય, શિક્ષણ, પ્રવાસન વિકાસ, ઉદ્યોગ-વ્યવસાયકારો માટે મંચ પૂરો પાડવો, મુંદરા, બન્ની જેવા વિસ્તારના પ્રશ્નો રેખાંકિત કરવા સહિતના ધ્યેય સાથે શ્રેણીબદ્ધ પ્રોજેક્ટ હાથ ધર્યા છે. સાથે ભવન્સ કલ્ચરલ સેન્ટર, અંધેરી જેવી સંસ્થાને કચ્છમાં નાટ્યપ્રવૃત્તિ ધબકતી કરવા સહયોગ આપ્યો છે.

આજે માતૃભાષા સંવર્ધનની ચોમેર ચિંતા છે. કચ્છમિત્રએ ફિનલેન્ડ (હેલ્શિન્કી), પેરિસ (ફ્રાન્સ), ડેન્માર્ક, ઓસ્લો (નોર્વે) જેવા દેશમાં જઇને હાર્દિકભાઇ મામણિયા, સંજયભાઇ એન્કરવાલાએ સ્થાનિક ગુજરાતીઓ માટે સેમિનાર યોજ્યા અને ઓનલાઈન ગુજરાતી વર્ગોની વ્યવસ્થા ગોઠવી છે. એટલું જ નહીં મસ્કત (ઓમાન) ગુજરાતી સમાજની સ્થાપનાની સુવર્ણ જયંતી ઉજવણીમાં કચ્છમિત્ર સક્રિયપણે જોડાયું અને પાંચ કચ્છી વ્યક્તિવિશેષનું મસ્કત ખાતે ભવ્ય સન્માન કર્યું હતું. કચ્છમિત્ર, કચ્છ અને સર્વે કચ્છીઓ તથા ગુજરાતીઓનું પણ ભેરુ બની રહ્યું છે. આ ફરજ કે જવાબદારી અદા કરવાનો અમને આનંદ છે.

### પરિવર્તન જીવન છે

પરિવર્તન કે બદલાવ એ સમયચક્રનું અભિન્ન અંગ છે. પ્રકૃતિનો નિયમ છે. સમયની સાથે બદલાઇએ નહીં તો સ્થગિતતા આવે છે. વાચકમિત્રોને એ કહેતાં આનંદ થાય છે કે, આજના ડિજિટલ યુગમાં કચ્છમિત્ર સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર મજબૂત હાજરી નોંધાવતું થયું છે. ઇન્સ્ટાગ્રામ, 'એક્સ' પર ફોલોઅર્સની સંખ્યા વધતી રહી છે. યુ-ટ્યુબ ચેનલ પર છેલ્લા ત્રણ મહિનાથી પોડકાસ્ટ પણ શરૂ કર્યું છે. કચ્છને સ્પર્શતી અથવા તો સમાજ માટે મહત્ત્વની વ્યક્તિઓ સાથેની વીડિયો મુલાકાતને વ્યાપક આવકાર મળ્યો છે. સોશિયલ મીડિયામાં આ પ્રકારની સામગ્રીની ભરમાર છે. છતાં કચ્છમિત્રના લોગો સાથે મુકાતી સામગ્રીને યૂઝર્સ એક વિશ્વાસ સાથે અનુસરી રહ્યા છે. સબસ્ક્રાઇબર્સનો આંક ઊંચો ગયો છે એનો આનંદ છે. કચ્છમિત્ર દ્વારા અત્યારે ઘેર - ઘેર જ્ઞાન પ્રસાર માટેની મુહિમ પણ શરૂ કરાઇ છે.

### ઘર-ઘર જ્ઞાન

કચ્છમિત્ર સમાચારપત્ર હોવા ઉપરાંત માહિતી પ્રસારનું સબળ માધ્યમ છે. કચ્છમાંથી આઇએએસ અને આઇપીએસ થયેલા યુવાનોએ કબૂલ્યું છે. યુપીએસસીની તૈયારીમાં કચ્છમિત્રએ પાયાની ભૂમિકા ભજવી છે. આજની ઊભરતી પેઢી વાંચનની ટેવ કેળવે, સંસ્કારી વાંચન, નોલેજ લોકો સુધી પહોંચે એ માટે કચ્છમિત્રએ ઘર-ઘર જ્ઞાન ઝુંબેશ શરૂ કરી છે. સોશિયલ મીડિયા પ્લેટફોર્મ્સ, વેબસાઇટ અને કચ્છ બહાર વસતા કચ્છીઓ ઇ-પેપર સબસ્ક્રાઇબ કરીને પોતાના ઘરમાં જ્ઞાનની જ્યોત જલતી રાખી શકે છે. કચ્છમિત્ર પરિવારનો આ માટે સૌને અનુરોધ છે.

### ટીમ કચ્છમિત્રનું સહિયારું મિશન

કચ્છમિત્ર સૌરાષ્ટ્ર ટ્રસ્ટ સંચાલિત જન્મભૂમિ ગ્રુપનું દૈનિક છે. અખબારનાં માધ્યમથી લોકશિક્ષણ, લોકજાગૃતિ અને જનકલ્યાણનાં ધ્યેયને વરેલાં જન્મભૂમિ પત્રોની તટસ્થ અને મૂલ્યનિષ્ઠ પત્રકારત્વની ઉજ્જવળ પરંપરા નિભાવવાનું આ મિશન સહિયારું છે. વાચકો સમક્ષ એ કબૂલતાં આનંદ થાય છે કે, વિશાળ પંથકમાં ફેલાયેલા કચ્છમાં સમાચારો મેળવવાનું, વિજ્ઞાપનોનો પ્રવાહ જાળવી રાખવાનું અને અખબાર સમયસર જિલ્લાના ખૂણે ખૂણે પહોંચાડવાનું પડકારભર્યું કામ મજબૂત નેટવર્ક અને સામૂહિક પ્રયાસો વિના શક્ય ન બને. ચોવીસે કલાક સક્રિય રહેતી 'ટીમ કચ્છમિત્ર'ની સફળતાનું શ્રેય અમારા પત્રકારો, વિવિધ વિભાગના કર્મચારીઓ ઉપરાંત ગામેગામ તાલુકાના મથકોએ ફેલાયેલા પ્રતિનિધિઓ, માનદ્ ખબરપત્રીઓ, તસવીરકારો, વિજ્ઞાપન એજન્ટો, વિતરકો અને ઘરે-ઘરે કચ્છમિત્ર પહોંચાડતા કર્મવીરોને જાય છે. એ સૌનો આ તકે હૃદયપૂર્વક આભાર માનીએ છીએ. વાચકોના ઉમળકાને માથે ચડાવીએ છીએ.

કચ્છમિત્રની ઊંચેરી ઉડાનનું અન્ય એક કારણ એ પણ છે કે, તેની બંને પાંખ એકસાથે વિંઝાય છે. સમાચાર વિભાગ અને વ્યવસ્થા વિભાગ એકદમ તાલમેલ સાથે કામ કરી રહ્યા છે. આ કામગીરી પાર પાડવાનું બળ અને પ્રેરણા અમને સૌરાષ્ટ્ર ટ્રસ્ટના સમસ્ત ટ્રસ્ટી મંડળ તરફથી મળી રહ્યા છે. ચીફ એડિટર અને સીઇઓ કુન્દનભાઇ વ્યાસનો અનુભવ અમારી પૂંજી છે. કચ્છમિત્રના વિકાસના સ્વપ્નદૃષ્ટા સ્વ. પ્રવીણચંદ્રભાઇ ગાંધી અને દામજીભાઇ એન્કરવાલાનું માર્ગદર્શન આજે પથદર્શક બની રહ્યું છે.

સમસ્ત જન્મભૂમિ પરિવાર, બંધુ અખબારો ફૂલછાબ, વ્યાપાર (હિન્દી અને ગુજરાતી), જન્મભૂમિ પંચાંગ, કવિતા સાથેની ગૌરવવંતી સહયાત્રામાં મુંબઇ, દિલ્હી, અમદાવાદ, રાજકોટ કચેરી ઉપરાંત ગાંધીનગર, સુરત, વડોદરા, ગાંધીધામ, મુંદરા બ્યૂરો સ્ટાફના સહયોગનીય નોંધ લઇએ છીએ.

### શુભ હો... મંગલ હો...

અને છેલ્લે ઋણસ્વીકાર મેઘરાજાનો પણ કરીએ. કચ્છ મોટું ઔદ્યોગિક મથક છે. બબ્બે મહાકાય બંદરને લીધે આયાત-નિકાસ કામગીરીનો ધમધમાટ બારેમાસ રહેતો હોય, તેમ છતાં આ મુલકના ગ્રામીણ જનજીવનનો મુખ્ય આધાર આજે પણ ખેતી અને પશુપાલન છે. નર્મદાનાં નીર કચ્છ સુધી પહોંચ્યાં છે અને કેટલાંક વર્ષોથી વરસાદ પણ સારો પડી રહ્યો છે. મેઘરાજાએ એક વધુ વર્ષ મહેર વરસાવીને ચોમાસું સારું જવાની ઊજળી સ્થિતિ સર્જી છે. ધરતીપુત્રો અને પશુપાલકો સારા વરસાદથી ખુશ થાય અને જનજીવન, વેપાર-ધંધામાં તેની સીધી અસર વર્તાય એ સ્વાભાવિક છે. કચ્છના કુળદેવી આશાપુરાને પ્રાર્થના કરીએ કે આ વર્ષ સોળ આની ઊતરે અને કચ્છની શાંતિ, ભાઇચારો, સમૃદ્ધિ, સંસ્કૃતિ જળવાઇ રહે.

કચ્છમિત્રને આપ સૌ વાચકોએ નંબર વન બનાવી રાખ્યું છે. તમારા આ પ્રેમ, વિશ્વાસને કદી ઠેંસ નહીં પહોંચે એની વધુ એકવાર ખાતરી સાથે સૌ કોઇનો આભાર. સૌને મંગળ ભવિષ્યની શુભકામના.

જય હિન્દ, જય કચ્છ...

## ચોથા પાનાથી...

# માર્ગોનું વિસ્તૃતીકરણ

ચાલુ છે, તો અમુક કામો પૂર્ણતાના આરે છે. તો, પાણી - ગટર - માર્ગોના વિકાસ માટેનું આયોજન પણ હાથ ધરાઇ રહ્યું છે.

### દૂષિત પાણીની સમસ્યાનો ઉકેલ 'અમૃત' લાવશે

ભુજવાસીઓની મુખ્ય સમસ્યા ગટરનાં ઊભરાતાં પાણીની છે. વર્ષો જૂની ગટરલાઇનો હોવાથી અને વસ્તીમાં સતત થતા વધારાને પગલે આ જૂનું માળખું હવે ઠેકઠેકાણે બેસી રહ્યું છે, જેને પગલે અનેક વિસ્તારોમાં ગટરનાં પાણી ઊભરાવાની સમસ્યા સર્જાઇ રહી છે. જો કે, આ સમસ્યા ઉકેલવા સરકારે ૩૩ કરોડની અમૃત યોજના - ૧ને મંજૂરી આપી અને આ યોજના હવે પૂર્ણતાના આરે છે. તો સાથોસાથ, અમૃત યોજના - ૨ને પણ મંજૂરી મળી ગઇ છે અને એ અંતર્ગત કામગીરી પણ આગળ ધપી રહી છે. આ બંને યોજના પૂર્ણ થતાં ભુજવાસીઓને ગટરની સમસ્યામાંથી મોટી રાહત સાંપડશે તેવી આશા સેવાઇ રહી છે.

### પાણીના કાપ સામે ધુનારાજા ડેમ પર મીટ

વીજવિક્ષેપ, નર્મદા લાઇનમાં ક્ષતિ જેવાં કારણોને પગલે ભુજ શહેરને પાણીકાપ સહન કરવાનો વારો આવતો રહે છે, પરંતુ આ સમસ્યાનો ઉકેલ ધુનારાજા ડેમ બની શકે તેમ છે, જેથી એ દિશામાં પ્રયત્નો આગળ ધપાવાઈ રહ્યા છે. હાલના સુધરાઇના શાસકો અગાઉના હોદ્દેદારોએ ભુજમાં પાણીસંગ્રહ માટેનાં આયોજન અંતર્ગત અલગ અલગ દિશામાં પાંચ નવા ટાંકાનું નિર્માણ કર્યું અને કાર્યરત કરાયાં. ઉપરાંત, ધુનારાજા ડેમથી કુકમા સુધી પાણી પહોંચાડવા માટે નવી લાઇનનું આયોજન હાથ ધરાશે. તો કુકમાથી ભુજ સુધી માત્ર એક લાઇન વાટે પાણી પહોચતું, પરંતુ આગામી દિવસોમાં અમૃત યોજના હેઠળ પાંચ લાઇનનું આયોજન હાથ ધરાયાનું જાણવા મળ્યું છે. પાંચ પૈકી ત્રણ લાઇન ચાલુ છે, જેથી આગામી દિવસોમાં ભુજને પાણીકાપમાંથી રાહત સાંપડવાની આશા છે.

### વધુ પાણી ભરાય છે, તે સ્થળે બોર બનાવાશે

વરસાદ સમયે ભુજના અનેક વિસ્તારોમાં પાણી ભરાવાની સમસ્યા સર્જાતી હોય છે. ભરાયેલાં પાણી કાઢવા સુધરાઇને ખાસ્સો એવો વ્યાયામ કરવો પડતો હોય છે. આ સમસ્યા ઉકેલવા માટે સુધરાઇ દ્વારા આગામી દિવસોમાં જે સ્થળે વધુ પાણી ભરાય છે, ત્યાં બોર બનાવવાની વિચારણા છે અને એ દિશામાં ટીમ આગળ વધવા સાથે શહેરમાં ૨૨ જગ્યા તારવાઇ હોવાની માહિતી પ્રાપ્ત થઇ હતી.

### ખેંગાર પાર્ક, દાદા - દાદી પાર્કનું એક કરોડના ખર્ચે નવીનીકરણ

વર્ષોથી ભુજવાસીઓનાં પ્રિય રહેલા ખેંગારબાગ તથા સિનિયર સિટીઝન માટે ખાસ બનાવાયેલા દાદા - દાદી પાર્કનું સુધરાઇ દ્વારા એક કરોડના ખર્ચે નવીનીકરણ હાથ ધરાયું છે, જેથી આગામી દિવસોમાં બંને બાગમાં લોકોની સુવિધા વધશે.

### 'સત્યમેવ જયતે'ના ચાર સ્તંભથી કૃષ્ણાજી પુલ નિખરશે

લાંબા સમયની વહીવટી આંટીઘૂંટી પાર કરી ભુજના ઐતિહાસિક કૃષ્ણાજી પુલનાં નવીનીકરણની મંજૂરી હાથવેંતમાં છે અને ચોમાસું પૂર્ણ થયે આ પુલ નવો બનાવવાનું કામ શરૂ થશે. હાલમાં તૈયાર કરાયેલી પુલની નવી ડિઝાઇનમાં 'સત્ય મેવ જયતે'ના ચાર સ્તંભ પુલનું આકર્ષણ વધારશે તેવું જાણવા મળ્યું હતું.

### નૂતન નગરપાલિકા કચેરીનું ટૂંક સમયમાં થશે લોકાર્પણ

ભૂકંપ બાદ લાંબા સમયથી ટેકા પર ઉભેલી ભુજ સુધરાઇની કચેરીમાં કામ કરતા કર્મચારીઓ તેમજ વિવિધ કામ માટે આવતા અરજદારો સતત ભયના ઓથાર હેઠળ રહેતા. આ બાબત ધ્યાને લઇ નવું સંકુલ બનાવવા ચક્રો ગતિમાન થયાં અને આગામી દિવસોમાં મહાનગરપાલિકાના દરજ્જાને ધ્યાને લઇ સુધરાઇનાં નવાં સંકુલનું કાર્ય પૂર્ણ થવાના આરે છે અને લગભગ આગામી મહિને નવા સંકુલનું લોકાર્પણ કરાશે.

### સ્વાસ્થ્ય સુધારક વોક - વે પણ સુધર્યો

છેલ્લાં કેટલાંક વર્ષોથી લોકોમાં સ્વાસ્થ્ય બાબતે જાગૃતિ વધી છે, જેને પગલે લોકો સવાર - સાંજ વોકિંગ માટે જતા હોય છે. આ માટેનું ઉત્તમ સ્થળ એટલે વોક - વે. હજારો ભુજવાસીઓ જ્યાં સવાર - સાંજ ચાલવા જાય છે, એ વોક - વેની થોડા સમય પહેલાં હાલત દયનીય બની હતી. આ બાબત અને લોકલાગણી ધ્યાને લઇ સુધરાઇ દ્વારા વોક - વેનાં સ્વાસ્થ્ય સુધારવાની કામગીરી હાથ ધરી અને મોટાભાગનું રિનોવેશન પૂર્ણ થઇ ગયું છે અને હજુ પણ આગામી દિવસોમાં ખૂટતી કડીઓ જેમ કે બાંકડા, શૌચાલય, ડોમ મરંમત સહિતની સુવિધાઓને વિકસાવા પ્રયાસો હાથ ધરાયા છે.

# ભુજને જોડતા મુખ્ય માર્ગો

ભુજ આવતી ટ્રકો પ્રિન્સ રેસિડેન્સી સામેથી હિલગાર્ડન, એરપોર્ટ રોડ થઇ નાગોર ડાયવર્ટ કરવા કરવા જણાવ્યું, જેથી ભુજને ટ્રાફિકમાંથી મોટી રાહત સાંપડશે. આ બાબતે જાહેરનામું પણ પડી ગયું છે.

નાગોર રોડ પર કામ ચાલુ છે, જેથી ટ્રાફિક બંધ ન કરી શકાય, જેથી નેશનલ હાઇ - વેને ફરી એક નવો માર્ગ બનાવવો પડે, જેથી વાહન અટકે નહીં. જેની પણ મંજૂરી હાથવેંતમાં જ છે.

આ ઉપરાંત, કૃષ્ણાજી પુલ, ધુનારાજા ડેમને સતત નર્મદા નીરથી ભરેલા રાખવા, કુકમાથી ભુજ સુધી જૂની લાઇનોને બદલે નવી લાઇનો, ઓપનએર થિયેટરને ભાડા ડેવલપ કરે, નવા માર્ગ બને એ પહેલાં ગટર લાઇન કે પાણીની લાઇનોનું કામ કરી લેવું તેવી સૂચના અપાશે, જેથી નવો માર્ગ ખોદવો ન પડે. આ સહિત અનેક વિકાસનાં કામોથી ભુજને સુંદર - સુવિધાસભર બનાવવાના પ્રયાસો હાથ ધરાશે તેવું શ્રી પટેલે જણાવ્યું હતું.

ભુજને મહાનગરપાલિકાના દરજ્જા માટે પણ સતત પ્રયાસ છે. આ માટે જે ગામને જોડવાનાં છે, તેમની મંજૂરી જરૂરી છે, જેથી ભવિષ્યમાં વિવાદ ન થાય, જેથી આ માટે વિવિધ ગ્રા.પં.ને મંજૂરીનો ઠરાવ આપવા જણાવાયું છે. અને આગામી દિવસોમાં ભુજને મહાનગરપાલિકાનો દરજ્જો મળી જશે તેવો વિશ્વાસ કેશુભાઇએ વ્યક્ત કર્યો હતો.

## પાંચમા પાનાથી...

# માંડવીનું 'વિકાસવહાણ'

સ્મરણો વાગોળતાં ઉમેર્યું હતું કે ભૂતકાળમાં તેમના કાર્યકાળ દરમ્યાન 'કાર્ગો' પરિવહન થયો હતો. બંદર વિકાસ અર્થે તેઓની સક્રિયતા અને હકારાત્મકતા રહેશે એવો દિલાસો તેમણે આપ્યો હતો. જો લીઝ ઉપર પ્લોટ અપાય તો સંબંધિત સાહસિકો માળખાંગત સુવિધાઓ ઊભી કરશે અને બંદર માલિકીના બાર્ઝ મરમત અને લોખંડના નવા બાર્ઝનું નિર્માણ કરાવાશે એવું જાણવા મળ્યું હતું.

### 'બીચ ડેવલપમેન્ટ' ક્ષેત્રે પગલાં ભરાઇ રહ્યાં હોવાનો દાવો

ધારાસભ્ય અનિરુદ્ધ દવેએ રમણીય દરિયાકિનારાના વિકાસ માટે શહેર, પંથકના બીચ ડેવલપમેન્ટ સંબંધે સ્વયં, સરકાર અને નગરસેવા સદન સક્રિય - જાગૃત હોવાનું જણાવતાં કહ્યું હતું કે પ્રવાસીઓ, શહેરીજનોની સુવિધાઓને લઇને વિન્ડફાર્મ બીચ માટે અલગથી લિન્ક રોડ મંજૂર થયો છે. કિનારે સુચારુ બેઠક વ્યવસ્થા થઇ છે, થઇ રહી છે. કાશી વિશ્વનાથ બીચ, ક્રાંતિતીર્થ સામેનો કિનારો, રાવળપીર બીચ, આશરમાતા વગેરે કિનારાઓનો સમાંતર વિકાસ અર્થે સજાગતા અને સક્રિયતામાં કચાશ નહીં રખાય. રાવળપીર બીચ વિકાસ અર્થે રાજ્ય સરકારના વન અને પર્યાવરણ મંત્રાલય હસ્તકના ગુજરાત ઇકોલોજી ફાઉન્ડેશન દ્વારા રૂપિયા પાંચેક કરોડના ખર્ચે સિમેન્ટ પ્લેટફોર્મ, વાંસની બાઉન્ડરીવાળાં માળખાંઓ ઊભાં કરાયાં અને ત્યાં સૈન્ય દ્વારા શસ્ત્ર પ્રદર્શન પણ યોજાયું હતું. સુપ્રીમ કોર્ટના આદેશાનુસાર કિનારાથી ૫૦૦ મીટર પાકાં બાંધકામ ઉપર પાબંધી હોવાથી પથ્થરનું ચણતર સંભવ નથી બનાવાતું. આ વિગતે પંથકના યુવા અગ્રણી, મસ્કાના પૂર્વ સરપંચ કીર્તિભાઇ ગોરે કહ્યું હતું કે, જે-તે સમયે સદરહુ ભૂંગાં જેવાં માળખાંની જાળવણી, વ્યવસ્થા અર્થે હસ્તાંતર કરવાની માંગ કરાઇ, જેનો પ્રતિભાવ સંબંધિત સ્થળેથી મળ્યો નહીં. સ્થાનિકે હસ્તાંતરણ કરાય તો જનતાને લાભ થાય.

### વરસાદી જળભરાવ નિવારણ કાજે રૂા. ૧૬.૫૦ કરોડની નિધિ મંજૂર

નગર સેવા સદનના પ્રમુખ હરેશભાઈ વિંઝોડા અને કારોબારી સમિતિના ચેરમેન વિશાલભાઈ ઠક્કરે કહ્યું હતું કે છેલ્લાં વર્ષોમાં નીચાણવાળા વિસ્તારો, ડઝનબંધ સોસાયટી એરિયા, નલિયા રોડ સહિત ભારે વરસાદમાં તરબોળ થાય અને રહેઠાણ કે ધંધાસ્થળોમાં પાલર પાણી ઘૂસવાની સમસ્યાનું મહદ્અંશે નિવારણ લાવવા ધારાસભ્ય અનિરુદ્ધભાઈ દવેના પ્રયાસો - અસરકારક રજૂઆતનાં પરિણામે રાજ્ય સરકાર દ્વારા રૂપીયા સોળ કરોડ, પચાસ લાખની ફાળવણી થતાં જળભરાવ સમસ્યા નિવારવાનું પ્રગતિમાં છે.

ધારાસભ્યની દોરવણીમાં શહેરમાં સરકારી હાઈસ્કૂલ, અંડરગ્રાઉન્ડ વીજલાઈનોનું પાથરણ, માંડવી પુલથી પોર્ટ સુધી રૂા. ૧.૫ કરોડનાં વિકાસકામ, શહેરના રસ્તાઓ પહોળા કરવા, વનવિભાગ સાથે શીતલા મંદિર પાછળ ૫૦૦૦ વૃક્ષોનો ઓક્સિજન પાર્ક, ટોપણસર તળાવ (નાનાં તળાવ)નું બ્યૂટિફિકેશન, શહેર સફાઈ માટે નવાં સાધનો, ગ્રીન સિટી અંતર્ગત સદ્ભાવના સાથે વૃક્ષારોપણ, નલ સે જલ યોજના અંતર્ગત પાણીનો મોટો નવો ટાંકો અને પાણીની લાઈનો નાખવાનું કામ, વરસાદી પાણી નિકાલ માટે કેનાલ અને પાણીની લાઈનો, લાકડાં બજારમાં વરસાદી પાણી ન ભરાય તે વાસ્તે નાળું મોટું કરવાનું કામ, રુકમાવતી નદીમાં રિચાર્જ બોર, અને સિરિયલ ચેકડેમનું આયોજન, મહિલા બાગમાં બાળકો માટે રમવાનાં સાધનો, નવી શબવાહિની વસાવવા કરવામાં આવી રહી છે એવી જાણકારી આપતાં શહેર માટે નવો ડી.પી પ્લાન મંજુર થયો હોવાની વિગતો અપાઈ હતી.

### રેલવે જોડાણ, હવાઈસેવા, ફેરી સર્વિસ અર્થે રજૂઆતો

ચેમ્બર ઓફ કોમર્સ અને સર્વાંગી વિકાસ સમિતિના પ્રમુખ વાડીલાલ દોશીએ કહ્યું હતું કે સમિતિની નિરંતર માગણીઓનો હાથ પકડીને સાંસદ વિનોદભાઈ ચાવડા અને ધારાસભ્ય અનિરુદ્ધભાઈ દવેએ રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ સુધી મુલાકાત સંભવ બનાવી માંડવીને રેલવે જોડાણ સંબંધે સ્તુતિકર યોગદાન આપ્યું છે. પૂર્વ રેલવેમંત્રી દિનેશભાઈ ત્રિવેદીએ પણ અવાજ પહોંચતો કરવની ધરપત આપી છે. રાજ્યથી રાષ્ટ્રીય સ્તરના રેલ્વે અધિકારીઓ પ્રાથમિક સર્વે-તપાસ-ડેટા જાણકારી અર્થે સ્થાનિકે આવી ગયા હોવાથી આશાનું કિરણ અનુભવાયું છે.

હવાઈયાત્રા સંબંધે એરસ્ટ્રીપ વિતરણ અંગે મામલો અદાલતમાં લઈ જવાયો હોવાથી હાલ 'જૈસે થે' છે. આ દરમ્યાન ફેરી સર્વિસ બાબતે ધારાસભ્ય શ્રી દવે હકારાત્મક અને જાગૃત હોવાનો દાવો પણ કરાયો હતો.લોકસંમતિ બને તો એ કામ સરળ બની શકે છે.

### ધારાસભ્ય ગણાવે છે 'પાઈપલાઈન'માં વિકાસકામો

માંડવી વિધાનસભા વિસ્તારમાં સમાવિષ્ટ જોડિયા મુંદરા તાલુકાનું સંયુક્ત પ્રતિનિધિત્વ કરતા ધારાસભ્ય દવેએ હૃદય અને મગજના ગોળાર્ધમાં રહેલાં અને રજૂઆતોમાં સમાવિષ્ટ અનેક વિકાસકામો પૈકી મત વિસ્તારમાં બન્ને તાલુકાઓની નદીઓ ઉપર સિરિયલ ચેકડેમો, ખેડૂતોને સિંચાઈ સુવિધાઓ ઉપલબ્ધ કરાવવા, માંડવી-ઓખા-માંડવીને દરિયાઈ માર્ગે જોડવા, શિપ બિલ્ડિંગ નસીબ કરાવવા, માંડવી શહેર માટે સરફેસ વોટર સપ્લાય સિસ્ટમ, સંબંધિત બન્ને તાલુકાની નદીઓ ઉપર રિવર ફ્રન્ટ, રુકમાવતી નદીના જૂના પુલને હેરિટેજ સ્પોટની ઓળખ, ગઢશીશા પાસે ખેડૂતોને એપીએમસી, મુંદરા શહેરનું વ્યવસ્થાપન માંડવી શહેર-પંથકમાં ઔદ્યોગિક વિકાસ, વિજયસાગર જળાશયની ઊંડાઇ વધારી જળસંગ્રહ શક્તિમાં નોંધપાત્ર વધારો કરવો, શહેરનો ડી.પી. પ્લાન મંજૂર થઇ ગયો હોવાથી સમાવિષ્ટ તમામ વિસ્તારોના સમતુલિત અને સર્વાંગી વિકાસકામો, પર્યાવરણ સુરક્ષા અર્થે વૈજ્ઞાનિક - તાર્કિક પ્રકલ્પોનો આવિષ્કાર, શહેરની આગવી ઓળખ વાસ્તે હકારાત્મકતા વગેરે ઉપરાંત અપેક્ષિત રોડ વિસ્તરણ ગ્રામ્ય સ્તરે વગેરેનો નકશો મસ્તિષ્કમાં છે, તેને સાકાર સ્વરૂપ આપવામાં કચાશ નહીં રહેવા દેવાય.

### નર્મદાનાં નીર નહેર વાટે મોડકૂબા પહોંચ્યાં

સરકારની સંવેદનશીલતા અને પ્રતિનિધિઓના પ્રયાસોની ફળશ્રુતિરૂપે દીવાસ્વપ્ન મનાતાં નર્મદાનાં નીર નહેર વાટે મોડકૂબા એટલે કે તાલુકાના છેવાડે પહોંચતાં ધરતીપુત્રોને સારાં ચોમાસે બેવડો હરખ છે એવું જાણવા મળ્યું.

ખારી જમીનમાં મીઠાશ પથરાતાં તળ ઊંચાં આવતાં જમીનની ગુણવત્તા ગણનાપાત્ર રીતે સુધરવા જઇ રહી છે. દિવસોદિવસ ફળાઉ-બાગાયત-કૃષિ તરફ વળતા કિસાનો જળ અને જમીન જલસો કરાવશે. અર્થતંત્ર સુધરશે. કચ્છના ફાળે આવતો વધારાનો જળપ્રવાહ તાસીર બદલશે.

સરકાર માઇબાપ જેટલું વધારે આર્થિક હેત વરસાવતી રહેશે તેની સમાંતરે સ્વપ્નો-અરમાનો-માંગોમાં ઇજાફો થવો સંભવ છે. ઉપરવાળો રહેમ કરે અને ઊલટું સ્થળાંતર-રિવર્સ 'માઇગ્રેશન' થાય તો જન્મભોમકા છોડીને બહાર વસવા મજબૂર બનેલા અનેકોને હમવતન હાકલ કરે તેવા દિવસો હવે દૂર નથી જોવાતા...

## તેરમા પાનાથી...

# હાણે ખીચેવારી ખુચ નિકરી વિઇ...

અગાઉ ક્યારેય નથી થયું કેમ કે, દેશના બીજા નંબરનો અભયારણ્ય વિસ્તાર ૫૮ હજાર સ્ક્વેર કિ.મી. કચ્છમાં છે. રાજ્યમાં સૌથી મોટો ચેરનાં જંગલવાળો વિસ્તાર કચ્છમાં છે એટલે પાછલા ૧૦ વર્ષમાં આધુનિકતાનો ફાયદો મળ્યો છે.

### પૈસા વગર કામ થાય

બેંકિંગ ક્ષેત્રમાં જ્યારે અગાઉ ઓનલાઈન કે ડિજિટલ પેમેન્ટની સુવિધા ન હતી ત્યારે દરેક માણસે બહાર નીકળતાં પહેલાં પોતાના ખિસ્સામાં રૂપિયા છે અથવા તો પર્સ ચેક કરવી પડતી હતી, પરંતુ હવે સમય બદલાઈ ગયો. બસ, મોબાઈલ કે ક્રેડિટ કાર્ડ છે કોઈ કામ નહીં અટકે.

બેંક વ્યવહારમાં આવેલા આ બદલાવે મોટી સિદ્ધિ મેળવી છે. ધીમે ધીમે ડિજિટલ વ્યવહારનું ચલણ વધતું જાય છે. લોકો હવે ચેક લખીને આપવાનું પણ ટાળે છે, પણ ૧૦ રૂપિયા ચાના આપવા હોય તો તુરંત મોબાઈલ ખિસ્સામાંથી કાઢી ક્યુઆર કોડમાં સ્કેન કરી રૂા.૧૦ ચૂકવી દે છે.

### ૯૦ ટકા ઓનલાઈન

હકીકતને સમર્થન આપતાં ભુજની મુખ્ય સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાના મેનેજર કમલેશ દવેએ જણાવ્યું હતું કે, મોટો ફાયદો થયો છે. ૮૦થી ૯૦ ટકા ઓનલાઈન લેવડ-દેવડ થઈ ગઈ છે. એકાઉન્ટમાંથી નાણાંની હેરફેરના લાભો પણ થાય છે. રોકડનું ભારણ ઘટી ગયું છે અને દિવસો સુધી નાણાં તબદીલ થશે તેની રાહ જોવાની ઝંઝટમાંથી મુક્તિ મળી છે.

બસ હાથમાં મોબાઈલ અને પર્સમાં ક્રેડિટ કાર્ડ હોય તો પૈસાની કોઈ જરૂર નથી. વળી ખિસ્સામાંથી પૈસાની ચોરી થવી, પાણીમાં નોટો પલળી જવાનું કે તડફંચીમાંથી અનેક લોકો બચી ગયા છે. ગેરલાભ ઉઠાવવાના કિસ્સા ઘટી ગયા છે એમ તેમણે જણાવ્યું હતું.

### ૬૫૦૦ કરોડ ઓનલાઈન

ઓનલાઈન કે યુ.પી.આઈ.થી નાણાં ચૂકવવા કે લેવાના નવા નિયમનો કેટલા લોકો કચ્છમાં લાભ લઈ રહ્યા છે. એ જાણવા લીડ બેંકનો સંપર્ક સાધતાં મળેલા આંકડા આંખ પહોળી કરી દે એવા છે. યુ.પી.આઈ.ની ભીમ એપ મારફતે છેલ્લા ત્રણ મહિનામાં ૨.૯૧ કરોડ ગ્રાહકોએ રૂા. ૫૪૦૩ કરોડની નાણાકીય લેવડ-દેવડ કરી છે.

એવી જ રીતે ઓનલાઈન તબદીલ કરાવનારા ગ્રાહકોની સંખ્યા ત્રણ મહિનામાં ૩.૭૭ લાખ છે, જેના મારફતે રૂા. ૭૫૬ કરોડ એક ખાતાંમાંથી બીજા ખાતાંમાં ઠાલવવામાં આવ્યા છે.

### ક્રેડિટ કાર્ડનો કેટલો ઉપયોગ ?

ક્રેડિટ કાર્ડનો લોકો કેટલો ઉપયોગ કરે છે એ આંકડા પણ રસપ્રદ છે. મળેલી માહિતી મુજબ ત્રણ મહિનામાં ૮ લાખ ગ્રાહકોએ પોતાના ક્રેડિટ કાર્ડનો ઉપયોગ કર્યો છે અને આ એક પ્રકારના રોકડા ચૂકવવા સમાન આ કાર્ડમાંથી રૂા. ૩૫૯ કરોડની ચૂકવણી કરાઈ છે.

## બીજા પાનાથી....

# પ્રાચીન શહેર

છે. ટ્રેન અને બસ સમયપત્રક ઓનલાઇન ઉપલબ્ધ છે તેમજ ટિકિટ બુકિંગ, મુસાફરો માટે ડિજિટલ સૂચનાઓ જેવી સુવિધાઓ પણ વધુ સુવ્યવસ્થિત બની છે તેમજ પરિવહન વિભાગ દ્વારા પણ એસ.એમ.એસ. અને નેટના માધ્યમથી યાત્રાળુઓને જરૂરી સૂચનો પ્રાપ્ત કરાતાં હોય છે.

### અંજાર વિસ્તાર શાકભાજી અને ફળોના ઉત્પાદનમાં મોખરે

અંજારના સમૃદ્ધ ભૂગર્ભજળને કારણે અહીંની ખેતી વિકસી છે. વર્તમાન સમયમાં અંજાર વિસ્તાર શાકભાજી અને ફળોના ઉત્પાદનમાં મોખરે છે.

સમગ્ર કચ્છ સહિત સૌરાષ્ટ્ર, કાઠિયાવાડ, મુંબઇ, રાજસ્થાન સુધી દરરોજ અહીંથી શાકભાજી અને ફળોની નિકાસ મોટાપાયે કરવામાં આવે છે.

### પ્રવાસન ક્ષેત્રે અંજારની અગેકૂચ

અગાઉ પ્રવાસન ક્ષેત્રે જેસલ-તોરલની સમાધિને અંજાર શહેરની ઓળખ માનવામાં આવતું હતું, વર્તમાનમાં પણ દરરોજ મોટી સંખ્યામાં પ્રવાસીઓ

જેસલ-તોરલ સમાધિની મુલાકાત લે છે, પરંતુ વર્તમાનમાં અંજારમાં પ્રવાસન ક્ષેત્રે અનેક સ્થળ ઊમેરાયા છે, જેમાં અંજારના સતાપરમાં આવેલો ગૌવર્ધન પર્વત, વીર બાળક સ્મારક, સ્વામિનારાયણ મંદિર-અંજાર, સવાસર તળાવ સહિતના વિસ્તારોને પ્રવાસન સ્થળ તરીકે ઓળખવામાં આવે છે.

### પર્યાવરણ અને સંસ્કૃતિની જાળવણી

જ્યાં એક બાજુ આધુનિકતાની પાંખ ઉપર શહેર સવાર થયું છે, ત્યાં અંજાર આજે પણ તેના પરંપરાગત તહેવારો, હસ્તકળા અને પ્રાચીન સંસ્કૃતિ સાથે સંકળાયેલો છે. શહેરના લોકોમાં આજેય પણ પોતાની આગવી સંસ્કૃતિ પ્રત્યે અતૂટ શ્રદ્ધા અને ગૌરવ જોવા મળે છે. શહેરમાં પર્યાવરણ જતન માટે ભારત વિકાસ પરિષદ સંસ્થા દ્વારા વૃક્ષોને ઊછેરવાની પણ અનોખી કામગીરી અનેક સમયથી કરવામાં આવી રહી છે તેમજ અંજાર સચ્ચિદાનંદ મંદિરમાં મહંત ત્રિકમદાસજી મહારાજ દ્વારા ભુજના ભુજિયા ડુંગર અને સતાપરના ગોવર્ધન પર્વત મધ્યે હજારોની સંખ્યામાં વૃક્ષોને ઊછેરીને પર્યાવરણની જાળવણી કરવાનું ભગીરથ કાર્ય કરેલું છે, જેના કારણે વૃક્ષોની સંખ્યામાં વધારો થતાં પર્યાવરણની જાળવણીમાં અંજાર વિસ્તારે આગેકૂચ કરી છે એમ કહી શકાય.

અંજાર હવે માત્ર ઇતિહાસથી યાદગાર નથી, પણ એક જીવંત ઉદાહરણ છે કે કેવી રીતે કોઈ ઐતિહાસિક શહેર આધુનિકતા સાથે ગતિ મેળવી શકે છે. ૧૪૫૦ વર્ષ જૂનું આ શહેર હવે ટેક્નોલોજી અને વિકાસના નવા યુગમાં પ્રવેશ કરી રહ્યું છે, જે દરેક અંજારીવાસીઓ માટે ગૌરવની વાત છે.

# ત્રિકમભાઇ છાંગા

કચેરી કાર્યરત બનતાં પૂર્વ કચ્છના લોકોને ખૂબ મોટી રાહત મળી છે તેમજ પૂર્વ કચ્છના અલાયદા આર.ટી.ઓ. કોડ જીજે-૩૯ની ફાળવણી કરાતાં લોકોને પણ મોટી રાહત મળી છે.

શહેરની ટ્રાફિક સમસ્યાને જોતાં અંજાર-વરસામેડી ફાટક પાસે રૂા. ૧૦ કરોડના ખર્ચે અંડરપાસનું કાર્ય ગતિમાન છે, સંભવત: આગામી બે મહિનામાં કામ પૂર્ણ થતાં તેને લોકો માટે ખુલ્લો મૂકવામાં આવશે તેમજ અંજારના કળશ સર્કલથી મકલેશ્વર ચોકડી સુધીના માર્ગને આઇકોનિક અને ચારમાર્ગીય બનાવવા સરકાર દ્વારા બે તબક્કામાં ૪૩ કરોડની માતબર રકમની ફાળવણી કરવામાં આવી છે તેમજ તે કામ પણ શરૂ કરી નાખવામાં આવ્યું છે, જે અંતર્ગત સાંગ નદી પર વાહનોની અવર-જવરને ધ્યાને લેતાં એક મજબૂત બ્રિજનું પણ નિર્માણ કરવામાં આવશે.તેમજ શહેરના મેઘપર વિસ્તારમાં આવેલાં લીલાશા ફાટકને વિકસાવવા માટે સરકાર દ્વારા ૩૪ કરોડની ગ્રાન્ટ મંજૂર કરવામાં આવી છે,

અંજાર નગરપાલિકાને 'અ' વર્ગનો દરજ્જો મળતાં તેમજ શહેરની આસપાસ ઔદ્યોગિક વિસ્તારની ધ્યાને લેતાં અંજાર શહેર મધ્યે આધુનિક સુવિધાઓ સાથેનું અલાયદાં ફાયર સ્ટેશનનાં નિર્માણની કામગીરી પણ ટૂંક સમયમાં શરૂ કરવામાં આવશે,અંજાર શહેર અને તાલુકાના લોકોની વર્ષો જૂની માગણી મુજબ શહેરમાં વાણિજ્ય અને વિનયન કોલેજ મંજૂર કરવામાં આવતાં

અંજાર વિસ્તારના લોકોને સ્નાતકના અભ્યાસ માટે હવે દૂર જવું નહીં પડે, ચાલુ વર્ષથી શહેર મધ્યે સ્વામી વિવેકાનંદ શાળા પરિસરમાં કોલેજના અભ્યાસના વર્ગો પણ શરૂ કરી નાખવામાં આવ્યા છે, જ્યાં હાલ ૧૭૫ જેટલા વિદ્યાર્થી અભ્યાસ કરી રહ્યા છે, આગામી સમયમાં નવી કોલેજનાં બાંધકામ માટે પણ પ્રક્રિયા હાથ ધરવામાં આવશે તેમજ શહેરમાં પૂર્વ કચ્છની જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી પણ શરૂ કરવાનું કાર્ય પણ અંતિમ તબક્કામાં છે.

નાગલપરથી સાપેડા વચ્ચે અંજાર બાયપાસ માર્ગનું કાર્ય ૧૧૧ કરોડના ખર્ચે નિર્માણાધિન છે, નજીકના સમયમાં કાર્ય પૂર્ણ થતાં એ માર્ગને ખુલ્લો મૂકવામાં આવશે, જેના કારણે શહેરમાં પ્રવેશતાં વાહનોના ટ્રાફિકનું ભારણ ઘટશે અને લોકોના બહુમૂલ્ય સમયની પણ બચત થશે.

### ભવિષ્યનાં આયોજન

આ બાબતે પૂછતાં અંજાર વિભાગના ધારાસભ્ય ત્રિકમભાઇ છાંગાએ જણાવેલું કે, શહેરમાં લોકોની સુખાકારીને ધ્યાનમાં રાખી વિકાસની દરેક ખૂટતી કડીઓને ત્વરિત ધોરણે પૂર્ણ કરવા માટે તમામ પ્રયાસો કરવામાં આવશે, આગામી સમયમાં અંજાર વિસ્તારની નવી રજિસ્ટ્રાર કચેરી, શહેર અને તાલુકા પશુપાલકોને ધ્યાને રાખતાં શહેરમાં પશુ દવાખાનાનું અપગ્રેડ, બ્લડ બેંકનું નિર્માણ અને ડાયાલિસીસ સેન્ટર સહિતની સુવિધાઓ વિકસાવવા પર ભાર મૂકવામાં આવશે.

# વૈભવ કોડરાણી

નિ:શુલ્ક કોડિંગ કોર્સ પણ તજજ્ઞો દ્વારા શીખવવામાં આવશે, જેના કારણે આઈ.ટી. ક્ષેત્રે ભાવિ પેઢીને તૈયાર થઇ શકશે.

શહેરના મુખ્ય ચાર પ્રવેશ માર્ગ (ચાર નાકા) પર ૧.૨૦ કરોડના ખર્ચે ચાર પ્રવેશદ્વાર બનાવવામાં આવશે, જે અંજાર શહેરની સુંદરતા અને શોભામાં અભિવૃદ્ધિ કરશે.

દેવળિયા નાકા મધ્યે આવેલાં અંજાર મ્યુનિસિપલ ગાર્ડનનું સવા કરોડના ખર્ચે બ્યૂટીફિકેશનનું કાર્ય થઇ રહ્યું છે તેમજ આગામી સમયમાં નયા અંજાર ચકરાવા બગીચાના બ્યૂટીફિકેશનનું આયોજન પણ કરાશે.

ટ્રાફિક અને યાત્રાળુઓની અવર-જવરને ધ્યાને લેતાં શહેરની ઓળખસમી જેસલ-તોરલ સમાધિથી રેલવેમથક સુધીના માર્ગને પહોળો કરવાની કામગીરી પણ ટૂંક સમયમાં હાથ ધરાશે.

જી.યુ.ડી.સી. દ્વારા શહેર મધ્યે રૂા. ૧૨ કરોડના ખર્ચે ગટર લાઇનનો કાર્ય પણ ચાલુ છે તેમજ ૨૧ કરોડના ખર્ચે 'નલ સે જલ' યોજનાનું કાર્ય પણ નિર્માણાધિન છે, જેના કારણે લોકોની સુખાકારીમાં અનેકગણો વધારો થશે.

### ભવિષ્યનાં આયોજન

આગામી સમયમાં સમગ્ર અંજાર શહેરના મુખ્ય માર્ગો મધ્યે સોલાર લાઇટ લગાડવા અંગે વિચારણા હાથ ધરવામાં આવશે તેમજ કળશ સર્કલથી મકલેશ્વર ચોકડી સુધી બનનારા આઇકોનિક ચારમાર્ગીય રસ્તાની બંને બાજુએ પામ ટ્રી (નારિયેળીનાં વૃક્ષો) લગાડવા અંગે પણ વિચારણા કરાશે.

શહેરમાં બે તબક્કામાં ૬.૫ કરોડના ખર્ચે બનનારા રમતગમત સંકુલ સિવાય પણ શહેરના ક્રિકેટપ્રેમીઓ બોક્સ ક્રિકેટ રમી શકે તે માટે બોક્સ ક્રિકેટ સંકુલ બનાવવા અંગે પણ આયોજન હાથ ધરવામાં આવશે, જેનું શુલ્ક અન્યોની સરખામણીએ અનેકગણું ઓછું હશે.

આમ આગામી સમયમાં શહેરીજનોની સુખાકારી માટે અનેક આયોજન હાથ ધરાશે, તેવું શ્રી કોડરાણીએ જણાવ્યું હતું.

# નખત્રાણા : પશ્ચિમ કચ્છનો વૈવિધ્યસભર શિરમોર તાલુકો

નખત્રાણા
છગનલાલ ઠક્કર

રાજકીય, ખેતી, પશુપાલન, ટ્રક-ટ્રાન્સપોર્ટ ઉદ્યોગ, ધાર્મિક, પર્યટનધામો, કુદરતી આબોહવા વિવિધ ક્ષેત્રે વિશેષતા ધરાવતા નખત્રાણા તાલુકામાં લોકોની પાયાની સુવિધાઓમાં શિક્ષણ, આરોગ્ય, રસ્તા, વીજળી સહિતનાં અનેકવિધ લોકોપયોગી વિકાસકામો થયાં છે. જ્યારે ગૃહઉદ્યોગમાં ગાંડા બાવળમાંથી કોલસા બનાવવાના કારોબારથી શ્રમજીવી વર્ગ મોટા પ્રમાણમાં આજીવિકા મેળવે છે. વિવિધ ક્ષેત્રે ક્રાંતિકારી આ તાલુકાને કચ્છના બારડોલીનું બિરુદ મળ્યું છે. રાજાશાહી યુગમાં રાજસત્તાના વહીવટી ચોપડે આ ગામ ચડેલું ન હોવાથી ગામનું નામ ન ખતવાણું હોવાથી નખત્રાણા પડ્યું.

## તાલુકાનાં ગામડાઓમાં નવચેતન આવ્યું

અબડાસા વિધાનસભા વિસ્તારના લખપત - અબડાસાથી વસ્તી અને વિસ્તારમાં મોખરે આ તાલુકામાં મુખ્ય વ્યવસાય ખેતી, પશુપાલન અને ત્રીજા નંબરે ટ્રક-ટ્રાન્સપોર્ટ ઉદ્યોગ છે, પણ કુદરતી-માનવસર્જિત સંકટ જેવા કે ભૂકંપ, વાવાઝોડાં, અનાવૃષ્ટિ, અતિવૃષ્ટિથી સર્જાતી આફતોથી આર્થિક વિકાસમાં પાછળ રહેતા આ તાલુકાના અંતરિયાળ અનેક ગામોના લોકો દેશ-પરદેશ સ્થળાંતર કરી જતાં આંતરરાષ્ટ્રીય સરહદી વિસ્તારનાં અનેક ગામો સૂમસામ બન્યાં છે પણ હવે જ્યારે કેન્દ્ર અને રાજ્યની સરકારોને આ વિસ્તારની વાસ્તવિક પરિસ્થિતિને સમજી લોકોપયોગી વિકાસકામોની નેમથી તાલુકામાં શિક્ષણ, રસ્તા, પાણી, આરોગ્ય, યાત્રા- પર્યટનધામોના વિકાસ, વીજળીના અનેકવિધ વિકાસકામોની હરણફાળ ગતિ તથા ખેતી, પશુપાલન જેવા મહત્ત્વના વ્યવસાયને વિકસવા માટે બેન્કેબલ યોજનાથી નાણાકીય સહાયથી ગ્રામ્ય વિસ્તારોમાં નવચેતન આવ્યું છે.


ધીણોધર (તસવીર : રિતેશ આઇયા)

## બાગાયત-પશુપાલનમાં નોંધપાત્ર વિકાસ

તાલુકાના અનેક વિસ્તારોમાં ઊંડાં ઊતરેલાં ભૂતળનાં ક્ષારજનક પાણીના કારણે મગફળી, જાડાં ધાન્યોનાં ઘટેલાં વાવેતરથી નબળી પડેલી ખેતીને નવપલ્લવિત કરવા નબળાં અને ક્ષારજનક પાણીને માફક આવતા બાગાયતી પાકો જેવા કે દાડમ, ખારેક, ડ્રેગન ફળ, પપૈયાં જેવાં વિવિધ ફળોનાં ઉત્પાદનમાં વૃદ્ધિ થતાં એવી બાગાયતી ખેતીને સરકારો દ્વારા પણ સબસિડી, પાકોને કુદરતી આપત્તિથી થયેલાં નુકસાન બદલ સરકારી સહાય - વળતર, વિવિધ મળતી સહાયથી ખેડૂતો આર્થિક રીતે પગભર થયા છે. જ્યારે પશુપાલનથી ઉત્પાદિત દૂધની ખરીદી માટે સહકારી મંડળીઓની ગામેગામ સ્થાપિત ડેરીઓ અને દૂધનાં નાણાં ડાયરેક્ટ બેન્ક ખાતામાં જમા થતાં પશુપાલનના નોંધપાત્ર વિકાસથી પશુપાલક માલધારીઓ આર્થિક રીતે સદ્ધર થયા છે.

## ઉદ્યોગો આવતાં વેપારીવર્ગને ફાયદો

સમગ્ર જિલ્લાની માફક નખત્રાણા તાલુકામાં પવનચક્કી, સોલાર પ્લાન્ટ, છેવાડાના સરહદી છેર, પાનધ્રો સહિતની વીજ કંપનીઓ તથા હાજીપીરની આર્ચિયન, સત્યમ, નીલકંઠ, નમક કંપનીઓના ચાલતા ધમધોકાર ધંધામાં કામ કરતા આંતરરાજ્યોના કર્મચારી શ્રમજીવીવર્ગના હજારોની સંખ્યામાં કામ કરતા લોકોને રહેણાક માટેના ભાડૂતી મકાનોના મકાન માલિકોને મકાનોનાં ભાડાં મળતાં ઊંચા દર તથા પરદેશી લોકોને જીવન જરૂરિયાત સામગ્રીની ખરીદીથી વેપારીવર્ગના ચાલતા ધંધામાં સારો ફાયદો થાય છે.

## નખત્રાણા તાલુકામાં વિકાસકામોની હરણફાળ

નખત્રાણા તથા અબડાસા વિધાનસભા ક્ષેત્રના લખપત-અબડાસા તાલુકાના વિકાસની દૃષ્ટિએ સતત પાછળ રહેતો આવ્યો છે. પરંતુ કેન્દ્ર અને રાજ્યમાં રાજકીય પાર્ટીના સમીકરણ બદલાતાં ૧૯૯૮થી ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી પદ પર નરેન્દ્રભાઇ મોદી, વિજયભાઇ રૂપાણી અને છેલ્લે ભૂપેન્દ્રભાઇ પટેલનાં શાસનમાં પૂરાં રાજ્યમાં પ્રજાઉપયોગી વિકાસકામોએ વેગ પકડ્યો. બીજી તરફ કેન્દ્રમાં ભારતીય જનતા પાર્ટીના શાસનકાળમાં નરેન્દ્રભાઇ મોદીએ દેશના વડાપ્રધાન પદનું સુકાન સંભાળ્યું ત્યારથી સુશાસનથી દેશના વિકાસકામોની હરણફાળ સાથે આ સરહદી વિસ્તારમાં ભાંગતા ગામડાંને ધ્યાને લઇ કેન્દ્ર અને રાજ્ય સરકારો દ્વારા વિકાસકામોને વેગ આપવામાં આવ્યો.

## અંતરિયાળ વિસ્તારો ધોરીમાર્ગો સાથે જોડાયા

ધારાસભ્ય પ્રદ્યુમનસિંહ જાડેજા દ્વારા તાલુકાના અંતરિયાળ ગ્રામ્ય વિસ્તારોને ધોરીમાર્ગ સાથે જોડવા અનેક એવા માર્ગોનાં નિર્માણ થયાં છે જે એક ગામથી બીજા ગામ તરફ જવામાં ટૂંકા માર્ગથી લાંબા અંતરના રસ્તાને જોડવા પુલ, પુલિયા સહિતના રૂા. ૩૦૦ કરોડનાં કામોની કરાયેલી દરખાસ્તો મુજબના રસ્તા-પુલનાં કામો પૂર્ણ કરાતાં તાલુકાનો હવે એવો કોઇ વિસ્તાર નથી જ્યાં રસ્તાની જરૂરિયાત પૂરી કરવામાં આવી નથી. જરૂરી રસ્તાકામોના ખાતમૂહુર્ત કરવામાં આવ્યા છે, જે નિયમ અનુસાર પૂર્ણ કરવામાં આવશે.

## કન્યા શિક્ષણ માટે વિદ્યાલયનું નિર્માણ

'દીકરી ભણાવો, દીકરી પઢાઓ' વર્તમાન સરકારની નેમ મુજબ નખત્રાણાથી મોટી વિરાણી ધોરીમાર્ગ વચ્ચે મોટી વિરાણી ફાટક પાસે રૂા. ૯.૯૮ કરોડ (૧૦ કરોડ રકમ)ના ખર્ચે કસ્તૂરબા ગાંધી કન્યા વિદ્યાલયનું નિર્માણકાર્ય પૂર્ણતાના આરે છે. આ સંકુલમાં ૩૦૦થી ઉપર કન્યાઓ (દીકરીઓ)ને અભ્યાસ કરવા માટે રહેવા બોર્ડિંગ-લોજિંગ, અભ્યાસ માટે તમામ પુસ્તકો, સ્ટેશનરી, વસ્ત્રો સહિતની તમામ સુવિધાઓ આપવામાં આવશે. આથી અંતરિયાળ પછાત વિસ્તારની કન્યાઓનાં શિક્ષણને વેગ મળશે.

મથલ પાસે ધરૂડ નદી ઉપર રૂા. ૧૮.૫ કરોડના ખર્ચે નિર્માણ પામતા વિશાળ પુલનું કામ પૂર્ણતાના આરે છે, જે નખત્રાણાથી લખપત, નારાયણ સરોવર, હાજીપીર, માતાના મઢ તરફ જવાનો માર્ગ ચોમાસામાં વરસાદના સમયે કલાકોના કલાકો સુધી બંધ રહેતાં વાહનવ્યવહાર બંધ પડી રહેતાં મોટી સમસ્યા સર્જાતી હોય છે. આ પુલના નિર્માણ કામથી ટ્રાફિક્ની મોટી સમસ્યાથી મુક્તિ મળશે. જ્યારે નખત્રાણા તાલુકા મથક્ના બાયપાસ રોડ માટે જમીન સંપાદનની પ્રક્રિયા પ્રગતિમાં છે. કરોડો રૂપિયાના ખર્ચે કામ નજીક્ના સમયમાં શરૂ થશે, તેવું ધારાસભ્ય દ્વારા જણાવવામાં આવ્યું છે. સરહદી વિસ્તારમાં


નિર્માણાધીન કસ્તૂરબા ગાંધી વિદ્યાલય

ખેતી, લોકોને પીવાનાં પાણી પહોંચાડવા માટે રૂા. ૪૭૦ કરોડના ખર્ચે નર્મદા પાણી પુરવઠાનું કામ નિરોણા સમ્પ પાસે પૂરજોશમાં ચાલુ છે. આઠ ફૂટ જેટલા વ્યાસવાળી પાઇપલાઇનથી તાલુકાનો મધ્યમ સિંચાઇનો ભૂખી ડેમ, મથલ ડેમ, લખપત તા.નો નરા ડેમ, ગજણસર સહિતના નાના-મોટા ડેમો નર્મદાનાં પાણીથી ભરવાની યોજના પૂર્ણ થયેથી તમામ વિસ્તાર ખેતીથી નવપલ્લવિત-નંદનવન બનશે.

પશ્ચિમ કચ્છને ચારમાર્ગીય (ફોરલેન)થી મઢવા માર્ગ-મકાન વિભાગ દ્વારા ભુજથી નખત્રાણા ચારમાર્ગીય ધોરીમાર્ગના નિર્માણ માટે રૂા. ૯૩૭ કરોડ તથા નખત્રાણાથી નારાયણ સરોવર માર્ગ માટે રૂા. ૧૦૧૩ કરોડની માતબર રકમ મંજૂર કરવામાં આવી છે, જે પૈકી ભુજથી નખત્રાણા માર્ગના નિર્માણ માટેનું ઇ-ખાતમુહૂર્ત તાજેતરમાં ભુજની મુલાકાતે આવેલા પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના હસ્તે કરવામાં આવેલું છે, જે કામ માટે કોન્ટ્રેક્ટરને વર્કઓર્ડર અપાઇ ગયાનું સૂત્રો દ્વારા જાણવા મળ્યું છે. જ્યારે નખત્રાણાથી ના. સરોવર ફોરલેન નિર્માણકાર્ય માટે વહીવટી પ્રક્રિયા આદરવામાં આવી હોવાનું જાણવા મળ્યું છે.

નખત્રાણાથી માતાના મઢ તરફના ધોરીમાર્ગમાં આવતો હાજીપીર તરફ જવા માટેનો રસ્તો ફાટકથી હાજીપીર સુધીના ૩૬ કિ.મી. માર્ગના નિર્માણ માટે રાજ્યના માર્ગ મકાન વિભાગ દ્વારા રૂા. ૯૦ કરોડના ખર્ચે ઇતિહાસમાં જિલ્લાનો સૌપ્રથમ સી.સી. રોડ મંજૂર કરવામાં આવ્યો છે, જેની વહીવટી પ્રક્રિયા ગતિમાં છે. ચોમાસા પછી કામ શરૂ થવાની ધારણા છે. સી.સી. માર્ગનું કામ પૂર્ણ થયેથી હાજીપીર યાત્રાધામ, ત્રણ જેટલી નમક કંપનીઓ, સરહદી વિસ્તારમાં આવવા-જવાના માર્ગની અતિશય ગંભીર સમસ્યામાંથી જનતાને મુક્તિ મળશે. તાલુકાના યક્ષ મંદિર જ્યાં મિની તરણેતર સમો વાર્ષિક લોકમેળો ભરાય છે એવા યક્ષ સ્થાનક્ના વિકાસ માટે રૂા. ૧૦ કરોડ મંજૂર કરાયા છે. પુંઅરેશ્વર શિવાલય પુરાતત્ત્વના વહીવટમાં આવતાં સ્થાનકે જીર્ણોદ્ધાર કાર્યને વેગ આપવા સૂત્રોએ જણાવ્યું હતું. જ્યારે નાની બન્ની વિસ્તારનું યાયાવર પક્ષીઓ માટેનું તીર્થ છારીઢંઢમાં સરકારી હોસ્ટેલની સુવિધા છે. ઉત્તરે સામે કાંઠે ચિત્તા અભયારણ્ય માટે જંગલ ખાતા દ્વારા નિર્માણકાર્ય ચાલી રહ્યું છે. જંગલી જાનવરની વસાહત પ્રવાસી પર્યટકો માટે આકર્ષણનું કેન્દ્ર બની રહેશે.

ચાલુ વર્ષના ચોમાસાના પ્રારંભથી સમગ્ર તાલુકા ઉપર મેઘમહેરથી ભરાયેલાં જળાશયો, સીમાડામાં સોળે કળાએ ખીલેલી વનસ્પતિ-પશુઓ માટે ઘાસચારો, ખેતી માટે સાનુકૂળ વર્ષાવૃષ્ટિથી લીલાલહેર થઈ છે.

નખત્રાણા તાલુકાની જેમ અબડાસા, લખપત તાલુકામાં શૈક્ષણિક સ્કૂલો, આરોગ્ય કેન્દ્ર, પશુ દવાખાનાનાં નિર્માણ માટે અઢળક કામો થયાં છે અને વધુ કામો પૂર્ણ થયેથી છેવાડાના સરહદી વિસ્તારમાંથી સ્થળાંતર કરી ગયેલા અનેક પરિવારો ફરી પાછા માદરે વતનમાં રોજીરોટી મેળવવાના સંજોગો સર્જાવાથી સ્થાયી થયે ગુમાવેલો સોનેરી સમય ફરી પાછો નસીબ થશે.

કચ્છના પ્રશ્નોને વાચા આપતા લોકલાડિલા, જાગૃત પ્રહરી 'કચ્છમિત્ર' ને ૭૯ માં મંગલ પ્રવેશની હાર્દિક શુભેચ્છા
હાજી કાસમ સુલેમાન કુંભાર (ઉર્ફે ધાલાભાઈ)
ચેરમેન, બાગ બગીચા સમિતિ
નગરસેવક, વોર્ડ નં.૩, ભુજ નગરપાલિકા

કચ્છનાં લોકજીવનના ધબકાર સમા શિરમોર અખબાર કચ્છમિત્ર ને ૭૯માં વર્ષમાં મંગલ પ્રવેશ બદલ અભિનંદન....
શિવજી ભાણજી સંઘાર
માજીપ્રમુખ : અખિલ કચ્છ ક્ષત્રિય સંઘાર સમાજ
વાઈસ ચેરમેન : ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ
માંડવી-કચ્છ.

કચ્છમિત્ર ને ૭૯ વર્ષમાં પ્રવેશ પ્રસંગે હાર્દિક શુભેચ્છા.
માંડવી ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા ૧૩ મા વર્ષે ગાયોને લીલાચારાનું નીરણ
૧૩ મા વર્ષે ૨૦૨૫ માં ૧૦૦ દિવસ દરમ્યાન ગાયોને લીલા ચારા નીરણ દરમ્યાન રૂા. ૫૪,૦૦,૦૦૦ ના ડોનેશનની આવક સામે ૩૦૪ લીલાચારાની ગાડી સાથે ૧૬,૩૧,૩૬૦ કીલો લીલો ચારો નીરણ કર્યો જેમાં ૨૫ પાંજરાપોળો - ૬ મહાજન વિહોણા ગામો - તરછોડાયેલી ગાયો તથા ભટકતા આખલાઓને ઘાસ આપ્યું બાકી બચતું ડોનેશન વ્યાજ સહીત દીવાળી પર જરૂરત જણાયે નીરણ કરશું - દાતાશ્રીઓનો ખુબ ખુબ આભાર....
લી. શ્રી માંડવી ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડ. ચેરી. ટ્રસ્ટ

કચ્છમિત્રના ૭૯મા જન્મદિવસ પ્રસંગે શુભેચ્છા
માવજીભાઈ : ૯૮૭૯૫ ૭૧૩૧૯, ૬૩૫૨૫ ૯૨૦૧૫
રાધેશ્યામ સપ્લાયર્સ
બિલ્ડિંગ મટિરિયલ ટ્રાન્સપોર્ટર
ગામ : કોટાય, તા. ભુજ-કચ્છ.
ઓફિસ : ભુજ-અંજાર હાઈવે, ગામ : કુકમા, તા. ભુજ-કચ્છ.
ફકીરમામદ ચાકી-કોટડા (ચકાર)

કચ્છમિત્રના ૭૯ વરસના પ્રવેશને હાર્દિક વધાઈ. અભિનંદન, ગામડાઓના દુ:ખ દર્દને સદા વાચા આપનારા એવા પોતિકા મિત્રને શુભેચ્છા
શ્રી જીતુભા વનાજી જાડેજા
શ્રી મોમાય આશિષ સપ્લાયર્સ - કોટડા (ચકાર)
શ્રી મારુતિ નંદન સપ્લાયર્સ-કોટડા (ચકાર)
શ્રી પ્રકાશભાઈ હીરજી વાગડિયા
રેતી, કાંકરી, સિલિકાના સપ્લાયર્સ - કોટડા (ચકાર)
ફકીરમામદ ચાકી-કોટડા (ચકાર)

કચ્છનાં લોકજીવનના ધબકાર સમા શિરમોર અખબાર
કચ્છમિત્ર
ને ૭૯માં વર્ષમાં મંગલ પ્રવેશ બદલ અભિનંદન
શ્રી માંડવી લોહાણા મહાજન
માંડવી-કચ્છ.

કચ્છમિત્ર ને ૭૯ મા વર્ષમાં પ્રવેશ પ્રસંગે હાર્દિક શુભેચ્છા...
જાયન્ટ્સ ગ્રુપ ઓફ માંડવી
કાયમી પ્રોજેક્ટ
• સગર્ભા મહિલાઓને દરમાસે સુખડી વિતરણ
• દરમાસે હિમોગ્લોબિન તપાસણી, માર્ગદર્શન અને નિ:શુલ્ક દવા વિતરણ
• જીવદયા પ્રોજેક્ટ • વિશેષ દિન ઉજવણી • કુપોષીત બાળકોને પોષણયુકત આહાર
• સ્ત્રી સશકિત કરણ • ઉપવન નિર્માણ • જરૂરીયાતમંદને સહાય
પ્રમુખશ્રી હિંમતસિંહ જાડેજા મંત્રીશ્રી યોગેશચંદ્ર ભટ્ટ
એવમ્ સમસ્ત જાયન્ટ્સ ગ્રુપ ઓફ માંડવી-કચ્છ.

॥ શ્રી રામ ॥
હેપી બર્થ ડે - 'કચ્છમિત્ર'
કચ્છના સુખ - દુ:ખનું સાચું મિત્ર સાથી, હમદર્દ કચ્છમિત્રને જન્મદિવસે કોટી-કોટી શુભેચ્છા. ઉત્તરોતર પ્રગતિ કરે તેવા હૃદયપૂર્વકના આશિષ.
શ્રી રમેશદાન શક્તિદાન ગઢવી
શ્રી સદસ્ય - શાસક પક્ષના નેતા.
તાલુકા પંચાયત, ભુજ - દહીંસરા - કચ્છ
નરેન્દ્ર ચૌહાણ-દહીંસરા

Happy Birthday Kutchmitra
રાજેન્દ્રસિંહ બળવંતસિંહ જાડેજા (મંજલવાળા)
ચેરમેનશ્રી, આરોગ્ય સમિતિ જિલ્લા પંચાયત
કચ્છનું પોતિકું શિરમોર પાંજો મિત્ર કચ્છમિત્રની ૭૯મી વર્ષગાંઠ અવસરે શુભેચ્છા.
• રાજેન્દ્રસિંહ બળવંતસિહ જાડેજા (મંજલવાળા)
• જીગરસિંહ રાજેન્દ્રસિંહ જાડેજા
હરિૐ એડ - નખત્રાણા

૭૯માં જન્મ દિવસે કચ્છના લોકોના હૃદયમાં વસતા શિરમોર એવા કચ્છીઓની અવાજ કચ્છમિત્રને હાર્દિક શુભેચ્છાઓ
શ્રી શંભુભાઈ જગમાલભાઈ રબારી
માજી સરપંચશ્રી, કોટડા આથમણા, સણોસરા કૈલાસનગર, તા. ભુજ
જાણીતા સામાજિક અગ્રણીશ્રી
સણોસરા - કોટડા (ચકાર)
ફકીરમામદ ચાકી-કોટડા (ચકાર)

કચ્છીયતનું ધડકન કચ્છમિત્રને ૭૯મા વર્ષની શુભેચ્છાઓ...
ચંદ્રકાંત લખુરામ ગોરડીયા (બાપુ)
ગાદિપતિ : શ્રી હંસ નિર્વાણ તીર્થ સત્સંગ આશ્રમ
ચેરમેન : ક. જિ. ઔધો. સહ. સંઘ
પ્રાગપર-૨, તા. મુંદરા.
કે. ડી. પબ્લિ., મુંદરા

શ્રી રવિભાણ વિજયતેતરામ
શ્રી રવિભાણ આશ્રમ વિરાણી મોટી
રામ મંદિર તા. નખત્રાણા
સત્ય, ધર્મનિષ્ઠા, લોકસેવાને વરેલા કચ્છનું પોતીકું શ્રેષ્ઠ સમાચાર પત્ર કચ્છમિત્રને ૭૯મા જન્મદિવસની ખૂબ ખૂબ શુભેચ્છાઓ અને ઉત્તરોત્તર પ્રગતિની શુભકામના
આશિષવચન
શ્રીમદ જગદગુરૂશ્રી કબીર રવિભાણ દ્વારાચાર્ય અનંત વિભૂષિત શ્રીશ્રી ૧૦૦૮ સ્વામીશ્રી શાન્તિદાસજી ગુરૂશ્રી લક્ષ્મીદાસજી મહારાજ
લઘુમહંતશ્રી સુરેશદાસજી ગુરૂશ્રી શાંતિદાસ મહારાજ
સમસ્ત સેવકજનો
શ્રી રવિભાણ આશ્રમ
રામમંદિર - વિરાણી મોટી
હરિૐ એડ - નખત્રાણા - મો. ૯૪૨૮૯ ૪૦૪૬૦

કચ્છનું લોકપ્રિય જાગૃત પ્રહરી તેમજ કચ્છીઓના હૃદયમાં આગવું સ્થાન ધરાવતા શિરમોર એવા પોતીકા અખબાર કચ્છમિત્રને ૭૯મા જન્મદિવસની હાર્દિક શુભેચ્છાઓ
સત્ય મેવ જયતે
વિશ્વાસ બ્રોકર - કોટડા ચકાર પંથક
શ્રી નારાણભાઈ પી. મહેશ્વરી
સભ્યશ્રી, જિલ્લા પંચાયત (કચ્છ) કેરા
ઉપપ્રમુખશ્રી, અખિલ કચ્છ ગણેશ સેવક સંઘ
સાર્વજનિક ટ્રસ્ટ-લુણી, તા. મુંદરા-કચ્છ
ટ્રસ્ટીશ્રી, વેલજીદાદા મતિયા ધામ, ખંભરા, તા. અંજાર
પૂર્વ મહામંત્રી, વેલજીદાદા મતિયા ધામ-ખંભરા, તા. અંજાર
નારાણભાઈ મહેશ્વરી - સંપર્ક : ૯૮૭૯૬ ૩૧૪૨૪, ૯૭૭૩૧ ૯૯૯૨૬
કપાસ, મગફળી, એરંડા, તલ, જીરૂ તથા અન્ય ખેત પેદાશોના વેપારી
નિલેશ મહેશ્વરી : સંપર્ક - ૯૯૯૮૪૧૩૭૭૩
ભુજ રોડ, ગ્રામ પંચાયત કચેરી પાસે, કોટડા ચકાર
સંબંધિત ફર્મ : વિશ્વાસ વે-બ્રિજ, કોટડા આથમણા-સણોસરા રોડ
ફકીરમામદ ચાકી-કોટડા (ચકાર)

કચ્છની કોમી એકતા ભાઈચારાના મસાલચી એવા કચ્છમિત્રને તેના ૭૯મા જન્મદિવસની શુભેચ્છા
આરબ અયુબ સુમરા
મંત્રીશ્રી, સુમરાવાંઢ (ચકાર)
દૂધ ઉત્પાદકમંડળી
રાયબભાઈ બી. સુમરા
સભ્ય પંચાયત, માલધારી અગ્રણી
ફકીરમામદ ચાકી-કોટડા (ચકાર)

With Best Compliments to Kutchmitra
DHARTI CONSTRUCTION
Govt. Approved Contractor & Engineers
Valamjibhai D. Hadiya Mo. 98252 27178
Plot No. 16, Shiv Nagar, Satapar Road, Opp. Gulab Mill, Anjar (Kutch) 370 110.
Ph. 02836 - 243333, Fax : 02836 - 245937,
E-mail : bvhdc8377@gmail.com

# કચ્છ : દરેક આફતો પછી મજબૂત બનીને ઊભું થયું છે

**અડીખમ કચ્છ**
મહેશ પી. મહેતા

કચ્છ એ રણ અને મહેરામણ... માત્ર એક ભૂમિ નથી, એ કચ્છીમાડુના અડીખમ મનોબળનું જીવંત પ્રતીક છે. ધરતી ધ્રૂજે, દરિયો માઝા મૂકે અને અનેક વખત મેઘરાજા પણ નારાજ થાય-પણ છતાંય કચ્છે દરેક પરીક્ષાને તેના ખમીરથી જીતી છે. આજેય ભૂકંપ, વાવાઝોડું, પૂર કે દુષ્કાળ પછી પણ અહીંનો માણસ નવા સપનાંઓ સાથે ફરીને ઊભો થાય છે-કારણ કે, કચ્છ ઝૂકતા શીખવતું નથી-કચ્છ આફતો પછી ફરીને કેમ પાછા ઊભું થવું એ શીખવે છે !

**કંડલા, મુંદરા અને તુણા બંદર-કચ્છને વિશ્વ સાથે જોડતા દ્વાર...**
કંડલા, મુંદરા અને તુણા બંદરોએ કચ્છને માત્ર ભારત સાથે નહીં, સમગ્ર વિશ્વ સાથે વેપાર અને સંવાદનો પુલ આપ્યો છે. આજના યુવાનો ઇચ્છે છે કે, આ પોર્ટસ સ્માર્ટ ટેક્નોલોજી અને પારદર્શક વ્યવસ્થાપન સાથે વૈશ્વિક કક્ષાએ રોજગાર અને વિકાસનું નવું મોડેલ બને.

**માંડવી સ્ટીમર યાર્ડ-દરિયાઈ કારીગરીનું પુનર્જીવન**
મોદીજીએ નવું સ્વપ્ન દેખાડ્યું છે કે, માંડવી ભારતનું ઐતિહાસિક શિપયાર્ડ બની શકે છે-વડાપ્રધાન મોદીના સ્વપ્ન મુજબ નવેસરથી જીવંત થઈ શકે છે. માંડવીના કારીગરોના હાથે કરેલું શિપબિલ્ડિંગ ફરી વિશ્વમાં નામ કમાય-આવું અનેક યુવાનોનું સ્વપ્ન છે.

**વિશ્વનો સૌથી મોટો સોલાર પાર્ક-ઊર્જાનો પ્રકાશ**
કચ્છમાં વિશ્વનો સૌથી મોટો સોલાર પાર્ક ઊભો થઈ રહ્યો છે-માત્ર વીજળી પૂરતો નહીં, સ્કિલ ડેવલપમેન્ટ, સ્થાનિક રોજગાર અને પર્યાવરણ જાળવણીના નવા માપદંડ ઊભા કરશે.

**સફેદ રણ-અજોડ કુદરત, અજોડ આશા**
રણ ક્યારેક કઠોર લાગતું-પરંતુ આજે સફેદ રણ કચ્છનું ગૌરવ છે. રણોત્સવ, સ્થાનિક હસ્તકલા, લોકસંગીત, રસોઈ-બધું મળીને યુવાનોને રોજગાર અને કચ્છને વૈશ્વિક પ્રવાસન નકશે મૂકીને જાય છે.

**જૈનોની પંચતીર્થી-આધ્યાત્મિક ઊર્જાનું કેન્દ્ર**
મોટી પંચતીર્થીમાં અબડાસા તાલુકામાં આવેલાં તેરા, સુથરી, કોઠારા, નલિયા અને જખૌ તથા નાની પંચતીર્થીમાં ડોણ, લાયજા, તુંબડી, આસંબિયા અને બિદડા તથા જૈન યાત્રાધામો જેવા કે ભદ્રેશ્વર, વાંકી, પત્રી, ૭૨ જિનાલય વિગેરે-જગવિખ્યાત જૈનોનાં તીર્થ કચ્છને આધ્યાત્મિક શક્તિ આપે છે. આ તીર્થોને આધુનિક માર્ગ, સુવિધાઓ, રેન્જગાઈડ સાથે વિકસાવાય તો આજના યુવાનોને ગર્વ થાય તેવું છે.

**મા આશાપુરા, લખપતનો કિલ્લો, હાજીપીર અને 'રોડ ટુ હેવન'**
- ♦ મા આશાપુરાનું શક્તિપીઠ હજારો શ્રદ્ધાળુ માટે આશ્રય.
- ♦ લખપતનો કિલ્લો-ઈતિહાસને જીવંત રાખે છે.
- ♦ હાજીપીરની દરગાહ-મુસ્લિમ બિરાદરો માટે શ્રદ્ધાનું પ્રતીક.
- ♦ 'રોડ ટુ હેવન'-રણમાં ઉજાસનું આકર્ષણ, પ્રવાસીઓ માટે નવી ઈન્સ્ટાગ્રામ ડેસ્ટિનેશન.

આ બધાં સ્થળો કચ્છને સાંસ્કૃતિક તથા ધાર્મિક રીતે ઊજળા કરે છે.

**કચ્છના નિવાસી અને પ્રવાસીનું કચ્છ માટેનું ઋણાનુબંધ**
મુંબઈ, સુરત કે ભારત કે વિશ્વનાં અન્ય શહેરોમાં વસેલા હજારો કચ્છી રોજગાર માટે દૂરસુદૂર ગયા છે-પણ આજે પણ તેમનાં દિલમાં કચ્છ વસે છે. કચ્છ એ કચ્છમાં વસવાટ કરતા અને દૂર વસેલા બંનેના પ્રાણ છે-અહીંની માટી, મંદિરો, રણ અને સમાજને કોઈ નહીં ભૂલે.



**ભૂકંપ, વાવાઝોડું, દુષ્કાળ-છતાં અડીખમ કચ્છ**
પ્રકૃતિએ અનેકવાર આ ધરતીને આંચકા આપ્યા છે, પરંતુ દરેક સંકટ પછી-કચ્છના માણસ ક્યારેય આશા છોડીને બેઠા રહ્યા નથી. પથ્થર ખસે, જમીન ધ્રૂજે, દરિયો ઝાપટે-છતાં કચ્છી માણસ ફરી ઊભો થયો, ફરીથી કમર કસી અને ફરીથી દુનિયા સામે ખમીર સાથે ઊભો રહ્યો.

-'ભૂકંપ, વાવાઝોડું કે દુષ્કાળ જેવી અનેક પરીક્ષાઓ વચ્ચે પણ કચ્છીમાડુ અડીખમ છે-જે દરેક પીડા પછી વધુ મજબૂત બનીને ઊભો થાય છે. નવી પેઢી પણ આ મનોબળ જાળવી રાખશે અને કચ્છને વિશ્વ નકશે નવી ઊંચાઈઓ સુધી લઈ જશે !'

**કચ્છમિત્રને ૭૯મા જન્મદિવસની હાર્દિક શુભેચ્છાઓ !**
કચ્છની જેમ કચ્છમિત્ર પણ મેકઓવર કરી રહ્યું છે, અનેક પડકારો વચ્ચે પણ કચ્છમિત્ર પોતાની વિશ્વસનીયતા જાળવી આગળ વધી રહ્યું છે, ત્યારે અનેક નવા-નવા પ્રકલ્પો શરૂ કરી પોતાનો પણ મેકઓવર કરી રહ્યું છે, ત્યારે કચ્છમિત્રની દરેક સોશિયલ મીડિયા ઉપર હાજરી તો છે જ, પણ પોતાની સ્વતંત્ર એપ્લિકેશનની સાથે-સાથે વોટસએપ ચેનલ શરૂ કરે તેવી સમયની માંગની સાથે લોકોની પણ માંગ છે અને આવું કરવાથી કચ્છમિત્ર જણ-જણનો મિત્ર તો બનશે જ, ઉપરાંતમાં દરેકની આંગળી સુધી નિ:શુલ્ક રીતે તેની પહોંચ વધશે.

# કવિ 'અબ્દ' : ભક્ત કડવાજીની મીઠી યાદ

- કચ્છમિત્રમાં સમાચાર લખવાથી માંડી રેપર સુદ્ધાંની કામગીરી કરી
- સાત ધોરણ સુધી અભ્યાસ છતાં ગુજરાતી ભાષા પર પ્રભુત્વ
- નિવૃત્તિ બાદ પ્રૂફરીડર તરીકે વર્ષો સુધી સેવા આપી હતી



**કચ્છમિત્રના ચહેરા**
નિમિષ વોરા

કચ્છનું અગ્રીમ અખબાર કચ્છમિત્ર પોતાનો ૭૯મો જન્મદિન ઊજવી રહ્યું છે, ત્યારે કચ્છ અને બૃહદ કચ્છ તેમજ દેશ વિદેશમાં વસતા વતનીઓ માટે આ ખુશીના મોકે અખબારની બુલંદી પાછળ પૂર્વજોના ઉજાગરા અને પસીનાને કોઈ ભૂલી કેમ શકે ? કચ્છમિત્રના દિવંગત પૂર્વ કર્મચારી એવા ભક્ત કડવાજી તરીકે ખ્યાતિ પ્રાપ્ત કવિ અબ્દને તેમની ૧૮મી પુણ્યતિથિએ જરૂર યાદ કરવા પડે.

ખાદીના સફેદ વસ્ત્રોમાં સજ્જ લાંબા શ્વેત કેશ, ખભે કાપડનો થેલો ધીમી મક્કમ ચાલે હમેંશા પગપાળા રસ્તે દેખાતા વ્યક્તિત્વને કોઈ અજાણ્યો જણ પણ જોવે તો મનોમન તેને સર્જક હોવાનું અચૂક માની લે. જૂના જમાનાની સાત ચોપડી સુધીનું ભણતર પણ ભીડની નિશાળમાં તે લોકપ્રિય શિક્ષક બની રહ્યા હતા. એક તો સાહિત્યનો શોખ ઉપરથી આઝાદીની લડતનો રંગ લાગ્યો. ચળવળકાર સ્વ. પ્રાણલાલ શાહ સાથે સ્વાતંત્ર્ય સંગ્રામમાં જોડાઈને જેલવાસ પણ ભોગવવો પડ્યો.

બાદમાં તેઓ કચ્છમિત્રમાં જોડાયા એ સમયે ટાંચા સાધનો વચ્ચે તેમણે સમાચારોથી માંડી રેપર સુંધા તૈયાર કર્યાં હતાં અને લગભગ દરેક વિભાગમાં યોગદાન આપ્યું હતું.

સત્તાવર નિવૃત્તિ બાદ પ્રૂફરીડર તરીકેની મહત્ત્વની સેવા વર્ષો સુધી આપી. ગુજરાતી ભાષા પર સારું પ્રભુત્વ હોવાથી સમાચાર કે લેખમાં કોઈ નવો શબ્દ આવે, તો તેઓ તેને અર્થ સાથે સચોટ જોડણી સાથે સમજાવીને નવી પેઢી માટે શબ્દકોશની ગરજ સારતા હતા. પોતાના કાર્યકાળ દરમ્યાન કવિ અબ્દે અનેક યુવાનોને પ્રુફમાં તૈયાર કર્યા હતા.

મૂળે તો સાહિત્ય સર્જક હોવાના નાતે કચ્છમિત્રમાં તેમના હાઈકુ, કાવ્ય અને ખાસ કરીને અખાના છપ્પા જેવા સમાજની બદી સામે ભક્ત કડવાજીનાં નામે પ્રસિદ્ધ થતી પદ્ય કોલમ એકદમ લોકપ્રિય પુરવાર થઈ હતી, જેના લીધે અસામાજિક તત્ત્વો માટે તે અપ્રિય પણ બન્યા હતા. ભુજના આલાવારા કબ્રસ્તાન પાસે થતા દારૂ વેંચાણના ગેરકાનૂની ધંધા પર પ્રકાશ પાડતી કવિતા લખવા બદલ તેમના પર હુમલો પણ થયો હતો, છતાં કોઈની પરવાહ કર્યા વિના તેમના વ્યંગાત્મક કાવ્યો લખાતા રહ્યા અને મોડી રાત્રે અખબારી ફરજ બજાવીને પગપાળા ઘેર કોઈ ભય વિના રોજ ચાલ્યા જતા હતા. તેમણે પોતાની ૭૮ વર્ષની આવરદામાં ક્યારેય સાઈકાલ પણ ચલાવી ન હતી.

કચ્છના વિખ્યાત કી-બોર્ડ પ્લેયર અને પોલફોનિક ઓર્કેસ્ટ્રાના સંચાલક એ. વાય. ભટ્ટીએ તેમના ફુઆ કવિ અબ્દ વિશે કહ્યું હતું કે, કવિ અખિલ કચ્છ તુરિયા સમાજના સલાહકાર તરીકે સક્રિય રહ્યા અને સમાજસેવા પાછળ પોતાનાં જીવનસંગીનીને શ્રેય આપતા રહેતા.

તેમને સાહિત્ય ઉપરાંત આયુર્વેદિક દેશી ઔષધિમાં ખાસ્સો રસ હતો, તો વિપશ્યના અને કુદરતી ઉપચારમાં પણ આસ્થા ધરાવતા હતા. જેના લીધે કચ્છના જાણીતા વૈદ્યો, કુદરતી ઉપચારના તબીબ ડો. જય સંઘવી સાથે પણ ઉઠક-બેઠક રહેતી હતી, તો અવાર નવાર તેઓ ખારીનદી પાસે ઔષધીયગણના છોડ અને વનસ્પતિ શોધવા રઝળપાટ કરતા જોવા મળતા હતા. માંસાહારથી પણ કવિએ પરહેજ પાળી હતી.

આ ઉપરાંત સમાજમાં તેમનું સ્વાતંત્ર્ય સેનાની તરીકે પણ માન હતું તેમનું સન્માન પણ થયું હતું. ભારત છોડો ચળવળ વખતે પંડિત નેહરુજી જ્યારે ભુજ આવ્યા હતા, ત્યારે રેલવે સ્ટેશને અન્ય કાર્યકરો સાથે કવિ પણ હાજર રહ્યા હતા. પોતાની સાહિત્ય રચનાને લઈને કવિ મુશાયરા ગજાવતા હતા

કવિ દુલેરાય કારાણી સાથે તેમનો આત્મીય સંબંધ હતો.

સાહિત્યક્ષેત્રે નોંધપાત્ર યોગદાન બદલ મુંબઈ સ્થિત કચ્છી સમુદાય દ્વારા કવિને શાયર એ આઝમનું બિરૂદ એનાયત થયું હતું, તો કચ્છમિત્રની સુરખાબ પૂર્તિની કોલમ ધિલજી ગાલ્યું કોલમના સંપાદક જયંતી જોશી 'શબાબ' દ્વારા ૨૦૦૫માં તેમનું સન્માન કરાયું હતું. કવિ અબ્દની ચિરકાલીન્ યાદ અને સન્માનમાં સારાયાવાલા માતમથી ભીડ ગેટ સુધીના માર્ગને કવિ અબ્દ માર્ગ નામ અપાયું છે તેમના માટે શ્રદ્ધાંજલિ સમાન કહી શકાય. તેમની વિદાયને ૧૮ વર્ષ વીતવા છતાં તેમની યાદો હજુ અકબંધ છે તથા તેમનું જીવન પેઢી દર પેઢી હંમશા પ્રેરણારૂપ રહેશે.

છેલ્લા પાનાથી....

## વોકેશનલ કોર્સ

છે. કચ્છ યુનિવર્સિટી દ્વારા ગત વર્ષથી આ અભ્યાસક્રમો શરૂ કરવામાં આવ્યા છે. ત્યારે આમાં રસ ધરાવતા વધુ વિદ્યાર્થીઓ તેમાં જોડાઇ આ ક્ષેત્રે પોતાની નોકરી માટે અથવા તો નિયોજક પણ બની શકે. આ ક્ષેત્રે ખૂબ મોટી માનવ જરૂરિયાત આવનારાં વર્ષોમાં ઊભી થનારી છે તેમાં બે મત નથી.

કચ્છમાં કુદરતી સાધન-સંપત્તિ વિપુલ પ્રમાણમાં આવેલી છે. એવું કહેવાય છે કે ૨૫થી પણ વધુ કુદરતી સાધન-સંપત્તિ કચ્છના વિવિધ વિભાગોમાંથી મળી આવે છે. જેનું ઉત્પાદન વિપુલ પ્રમાણમાં થાય છે. આ ક્ષેત્રે સંશોધન દ્વારા જો પ્રોસેસિંગ કરવામાં આવે તો ઘણીબધી તૈયાર ચીજવસ્તુઓનું ઉત્પાદન થઈ શકે તેમ છે. જેના દ્વારા કચ્છમાં નવા ઉદ્યોગો તેમજ આવકમાં વધારો થઈ શકે. કચ્છનો ભૌગોલિક ઈતિહાસ અનેક વર્ષોનો જોવા મળે છે. આપણે જાણીએ છીએ કે ધોળાવીરા એ હડપ્પન સંસ્કૃતિનો સમય દર્શાવે છે, તો કેટલાક અવશેષો આપણને મળી આવે છે, તે લાખ ઉપરાંત વર્ષના છે. આ બધા માટે આપણી પાસે અભ્યાસક્રમો પૂરતા પ્રમાણમાં જોવા મળતા નથી, તો અનેક નમૂનાઓ પણ જમીનની નીચેથી મળી આવે છે. આ બધી બાબતોને દેશ તેમજ વિદેશમાં જો સંશોધન દ્વારા મૂકવામાં આવે તો કચ્છને આંતરરાષ્ટ્રીય સ્તરે અભ્યાસ માટેનું કેન્દ્ર બનાવી શકાય. આ જ રીતે કચ્છમાં જોવામાં આવતા પર્યાવરણીય ફેરફારો અંગે પણ અભ્યાસક્રમો આપણે શરૂ કરી શકીએ.

આપણે સૌ સારી રીતે સમજી શકીએ છીએ કે, કચ્છ એ સૌથી વધુ સ્થળાંતર કરનાર પ્રદેશ છે. અહીંથી વર્ષો પહેલાં આપણા લોકો દેશ અને દુનિયામાં કુદરતી આપત્તિઓના કારણે સ્થાયી થયેલા છે. ખાસ કરીને કચ્છને સતત દુષ્કાળની પરિસ્થિતિ જોવા મળી છે. જે-તે સમયે આપણો મુખ્ય વ્યવસાય ખેતી હતો. ધરતીકંપ બાદ સતત કચ્છમાં ઉદ્યોગોનો વિકાસ થયો. ખનિજો જમીનમાંથી મળતા થયા તેમજ વરસાદનું પ્રમાણ વધતાં કૃષિ ક્ષેત્રે નવા પાકો કરવાથી સતત આવકમાં વધારો થયો છે, જેના કારણે પહેલાં સ્થળાંતર કુદરતી આપત્તિઓના લીધે થતું તે હવે બદલાઇને ખાસ શિક્ષણ અને સ્વાસ્થ્યની સેવાઓનાં પરિણામે થતું જોવા મળે છે. આ માટે આપણે હવે એવા અભ્યાસક્રમો શરૂ કરવાની જરૂરિયાત છે કે જેથી કચ્છમાં જ વિદ્યાર્થીઓ અભ્યાસ કરે અને પોતાનો જીવનનિર્વાહ અહીં જ પસાર કરતા થાય. એ જ પ્રમાણે કચ્છમાં દીકરીઓનું ઉચ્ચ શિક્ષણમાં સ્થાન ખૂબ જ ઓછું જોવા મળે છે, તો દીકરીઓને પણ પોતાની રસ-રુચિ પ્રમાણેના ટૂંકા-મધ્યમ તેમજ લાંબા ગાળાના સર્ટિફિકેટ, ડિપ્લોમા તેમજ એડવાન્સ ડિપ્લોમા જેવા અભ્યાસક્રમો કરી શકે તેની વ્યવસ્થા થવી જોઇએ.

કચ્છનો સર્વાંગીણ વિકાસ ઉચ્ચ શિક્ષણ દ્વારા જ શક્ય બની શકશે. દુનિયાના જે દેશો અને ભારતના જે રાજ્યો અથવા તો પ્રદેશોએ વિકાસ કરેલો છે તેનાં મૂળમાં જોઇએ તો શિક્ષણે સૌથી અગત્યનો ભાગ ભજવેલો જોવા મળે છે.


॥ જય માતાજી ॥
'કચ્છમિત્ર'ને જન્મદિવસે મીઠો મોં-વધાઈ
સરપંચશ્રી, શ્રી સહદેવસિંહ ભુરૂભા જાડેજા
ઉપસરપંચશ્રી, શ્રી મહાવીરસિંહ ભુરૂભા જાડેજા
કચ્છના કુળદેવી મા આશાપુરા જગવિખ્યાત છે. તેમ કચ્છમિત્ર દેશ-વિદેશમાં પ્રસિદ્ધ છે. સમાચારોમાં અવ્વલ નંબર ધરાવતું ૭૯મા વર્ષમાં મંગલ પ્રવેશની શુભકામનાઓ. હેપી બર્થ ડે કચ્છમિત્ર.
ગામનો વિકાસ દેશનો વિકાસ
ભરતસિંહ સુલતાનસિંહ સોલંકી (સદસ્યશ્રી) | રમેશ રાજા મહેશ્વરી (સા. ન્યાય સમિતિ ચેરમેન) | હમીરસિંહ ભીમજી સોઢા (સદસ્યશ્રી)
ગામ : ચુનડી, તા. ભુજ-કચ્છ.
નરેન્દ્ર ચૌહાણ-દહીંસરા

॥ ૐ નમઃ શિવાય ॥
કચ્છનો સાચો મિત્ર "કચ્છમિત્ર"
સમાચાર પત્રને ૭૯મા સ્થાપના વર્ષગાંઠમાં પ્રવેશતાં હર્ષની લાગણી સહ કોટિ કોટિ નમન, હૃદયપૂર્વકની શુભેચ્છાઓ...પ્રગતિનો સૂર્યોદય..
- સોની મહેશકુમાર વિનોદભાઈ ગુજરાતી
- સ્વ. વિનોદભાઈ શાન્તિલાલ ગુજરાતી
એવમ્ સમસ્ત્ સોની - ગુજરાતી પરિવાર
દહીંસરા - કચ્છ
નરેન્દ્ર ચૌહાણ-દહીંસરા

કચ્છમિત્રને ૭૯મા વર્ષમાં પ્રવેશ બદલ શુભેચ્છા
માણેક જાકીર સુલેમાન
(પ્રમુખશ્રી, કચ્છ જિલ્લા માછીમાર એસોસિયેશન)
ભદ્રેશ્વર (તા. માંડવી)
ભુવનેશ જોશી-૯૮૭૯૧ ૪૩૩૫૯

કચ્છમિત્રના ૭૯મા જન્મદિવસની હાર્દિક શુભેચ્છાઓ...
એડમિશન ચાલુ છે...
(૧૨મા ધોરણ પછી વિશેષ અભ્યાસ માટે ખાસ અવસર)
શ્રી રામકૃષ્ણ ટ્રસ્ટ-કુકમા
શ્રી એ. નાગરાજ કૌશલ્ય વિકાસ સંસ્થાન
(કચ્છ યુનિવર્સિટી સંલગ્ન)
D.VOC અભ્યાસક્રમ ★ કૃષિ મૂલ્યવર્ધન
(ખેડૂતપુત્રોને આત્મનિર્ભર બનવાની સોનેરી તક)
કોર્સનો સમયગાળો : ૧ વર્ષ
કોણ જોડાઈ શકે ?
■ ૧૨મા ધોરણમાં સફળ વિદ્યાર્થીઓ
■ કોલેજ કરી રહેલા વિદ્યાર્થીઓ
■ ઓછું શિક્ષણ હોય તેવા યુવાનો/ખેડૂતો/ગૃહિણીઓ (માત્ર સંસ્થાનું પ્રમાણપત્ર મળે)
■ ખેડૂતપુત્રો
અભ્યાસક્રમની વિશેષતાઓ
■ ખેડૂતો પોતાની ખેતીમાંથી ત્રણગણી આવક મેળવી શકે તેનું માર્ગદર્શન
■ કૃષિ પેદાશોની યોગ્ય સારસંભાળ
■ સમાજમાં યોગદાનપૂર્વક જીવવાનો આનંદ અને સંતોષ
■ પોતાનો વ્યવસાય તેમજ નોકરી માટે તક
★ ૫૦ ટકા થીયરી ★ ૫૦ ટકા પ્રેક્ટિકલ અને ઈન્ટર્નશિપ
આપની તદ્દન નજીકનું સ્થળ
શ્રી રામકૃષ્ણ ટ્રસ્ટ, ચિંતન સાધના સ્થલી, આહિર સમાજવાડી સામે, ભુજ-અંજાર માર્ગ, કુકમા (ભુજ) કચ્છ.
સંપર્ક : 97273 23423, 94265 82810

'કચ્છમિત્ર'ને મુબારકબાદી
નિષ્ઠા, નિડરતા, પ્રમાણિકતાના ત્રિવેણી સંગમ-કચ્છમિત્રને ૭૯મા વર્ષમાં મંગળ પ્રવેશની મુબારકબાદી પાઠવતાં અમો હર્ષની લાગણી અનુભવીએ છીએ. કચ્છનું હૃદય કચ્છમિત્ર યુગ યુગ પ્રગતિ કરો.
મુસ્લિમ અગ્રણી
શ્રી હુશેન સિધિક જુણેજા
ઉપપ્રમુખશ્રી, અખિલ કચ્છ સિંધી જુણેજા સમાજ
માજી સદસ્ય, દહીંસરા ગ્રામ પંચાયત
શ્રી કાસમભાઈ હુશેનભાઈ જુણેજા
માજી સદસ્ય, દહીંસરા ગ્રામ પંચાયત
નરેન્દ્ર ચૌહાણ-દહીંસરા

કચ્છમિત્રને ૭૯મા વર્ષમાં મંગલ પ્રવેશ પ્રસંગે હાર્દિક શુભેચ્છા
આદિત્ય સ્ટીલ
ઓથો. ડિલર :
★ ગેલેન્ટ મેટલ લિ. ★ અલ્ટ્રાટેક સિમેન્ટ
હિરેન સોરઠીયા મો. ૯૯૨૫૦ ૩૩૯૨૫
મયુર સોરઠીયા મો. ૯૮૭૯૦ ૨૪૧૭૬
જોશી પેટ્રોલ પંપ સામે, માધાપર-અંજાર હાઈવે, માધાપર, તા. ભુજ.

વિવેકગ્રામ પ્રકાશનનું ઉત્તમ પુસ્તક
(પ્રેરણદાયી લેખોનો સંગ્રહ)
તરણા ઓથે ડુંગર
લેખક : હરેશ ધોળકિયા, કિં. રૂા. ૧૩૦/-
શ્રી વિવેકાનંદ રિસર્ચ એન્ડ ટ્રેઈનિંગ ઈન્સ્ટિટ્યૂટ, માંડવી-કચ્છ.
વિવેકાનંદ રૂરલ ડેવલોપમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ, માંડવી-કચ્છ.
સંપર્ક : મો. નં. ૯૮૨૫૨ ૪૩૩૫૫ / ૭૮૭૪૭ ૯૯૪૩૯

કચ્છમિત્ર'ને ૭૯મા વર્ષમાં મંગલ પ્રવેશે શુભકામના...
ભરતભાઈ 9824328591
હિતેશભાઈ 7878787675
વિશાલભાઈ 9825506705
Sagar
સાગર સ્વીટ્સ
પ્રજાપતિ દેવજીભાઈ ગાંઠીયાવાળા
દરેક પ્રકારની મીઠાઈ તથા સ્વાદીષ્ટ ફરસાણના વિક્રેતા
બસ સ્ટેશન સામે, નયા અંજાર (કચ્છ) ◈ વરસામેડી નાકા, દાદાવાડી સામે, અંજાર (કચ્છ)

॥ શ્રી રામ ॥
કચ્છના શિરમોર અખબાર 'કચ્છમિત્ર'ને શુભેચ્છાઓ
કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ માધાપર ઘટક હાદ્દેદારો
પ્રમુખશ્રી શ્રી જયંતીલાલ વલમજી વાઘેલા | ઉપપ્રમુખશ્રી શ્રી બિજેશભાઈ હરિલાલ ગોહિલ | મંત્રીશ્રી શ્રી દીપકભાઈ નરસીભાઈ ચૌહાણ
★ શ્રી દિનેશભાઈ નરેન્દ્ર ચાવડા-સહમંત્રી ★ શ્રી મનોજભાઈ જયંતીલાલ ટાંક-ખજાનચી તથા કારોબારી સમિતિના તમામ સદસ્યોશ્રી
કચ્છની સમસ્યાઓ માટે સતત જાગૃતિ દાખવીને પોતીકા અખબારનો દરજ્જો મેળવેલ ચોથી જાગીર કચ્છમિત્રને માઈલસ્ટોન સફર સર કરવા બદલ કોટિ-કોટિ વધાઈ હો. જય સમાજ
નરેન્દ્ર ચૌહાણ-દહીંસરા

સ્પર્ધાની દોડમાં નહીં, પણ નિષ્ઠા અને પ્રામાણિક્તા સાથે અખબારી ધર્મની ધજા ફરકાવવામાં અગ્રેસર 'કચ્છમિત્ર'ને જન્મદિનની શુભેચ્છાઓ...
લક્ષ્મી જ્વેલર્સ
સોના-ચાંદીના દાગીનાના વેપારી
હોસ્પિટલ રોડ, ભુજ-કચ્છ.

કચ્છના લોકજીવનમાં ધબકારસમા શિરમોર અખબાર 'કચ્છમિત્ર'ને ૭૯મા વર્ષમાં પ્રવેશ બદલ અભિનંદન.
ઉમરભાઈ કુંભાર
પૂર્વ સરપંચ, ભદ્રેશ્વર (તા. મુંદરા)
ભુવનેશ જોશી-૯૮૭૯૧ ૪૩૩૫૯

કચ્છમિત્રને કોટિ શુભેચ્છાઓ
પત્ર નહીં, મિત્ર એવા કચ્છમિત્રને ૭૯મા વર્ષમાં પ્રવેશની શુભકામના પાઠવતાં દહીંસરા ગ્રામ પંચાયત હર્ષાભિનંદનથી પ્રોત્સાહિત કરે છે.
સૌનો સાથ - સૌનો વિકાસ મંત્ર.
:: સરપંચશ્રી :: શ્રીમતી ઈન્દુમતીબેન વાલજીભાઈ આસાણી
:: ઉપસરપંચશ્રી :: શ્રી વિરમભાઈ કારા રબારી
:: તલાટીશ્રી :: શ્રી ભરતભાઈ દેસાઈ
શ્રી દહીંસરા ગ્રામ પંચાયતના તમામ સદસ્યોશ્રી ગ્રામ પંચાયતના કરવેરા - લેણાં ભરવા વિનંતી સૌને.
નરેન્દ્ર ચૌહાણ-દહીંસરા




# નર્મદાનાં નીર કેનાલ દ્વારા મળતાં રાપરના વિકાસને પાંખો ફૂટી



**રાપર**
ઘનશ્યામ મજીઠિયા

વાગડનું કેપિટલ અને પોસ્ટ ખાતા દ્વારા 'રાહપર' તરીકે ઓળખાતું અને ભૂકંપમાં તહસનહસ થઈને વિખરાઈ ગયેલું રાપર ફિનિક્સ પંખીની જેમ રાખમાંથી બેઠું થઈને વિકાસનાં માર્ગે દોડી રહ્યું છે. ધીમે ધીમે સર્વે-રિસર્વે પછી લોકો ભૂકંપને ભૂલીને ફરીને પોતાના માળા સજાવવા લાગ્યા. રાડાનાં માર્ગદર્શન હેઠળ ભવિષ્યને ધ્યાનમાં રાખીને ક્યાંક રસ્તા પહોળા થયા તો શહેરને ફરતા રિંગ રોડ અસ્તિત્વમાં આવ્યા.

### હરિયાળા મુલકમાં ફેરવાતો રાપર તાલુકો

રાપરના વિકાસને પાંખો ફૂટી ૨૦૧૫થી. ૨૦૧૫માં તત્કાલીન મુખ્યમંત્રી આનંદીબેન પટેલે ફતેહગઢથી નર્મદાનાં નીર કચ્છ બ્રાંચ કેનાલમાં વહેવડાવ્યાં અને રાપર તાલુકા આખાનું નસીબ ખૂલી ગયું. પાણી માટે તરસતા ખેતી અને પશુપાલન આધારિત આ તાલુકામાં નર્મદા કેનાલ વહેતી થતાં જ જમીનોના ભાવમાં તેજીનું ઘોડાપૂર આવ્યું. તો જમીન પણ પિયત થતાં માત્ર ચોમાસુ પાક જ લઈ શક્તા મહેનતકશ ખેડૂતો વર્ષના ત્રણ-ત્રણ પાક લેવા માંડ્યા. સૂકોભઠ્ઠ અને માત્ર ગાંડા બાવળથી ઘેરાયેલો રાપર તાલુકો આંખો ઠારતા હરિયાળા મુલકમાં ફેરવાઈ રહ્યો છે. જે વાગડનાં ગામડાઓમાં માત્ર બસ કે એકાદ પ્રાઈવેટ જીપ કે ટેમ્પો જતા એ ગામડાઓમાં ઘરે ઘરે ટુ વ્હીલર અને ફોર વ્હીલર આવી ગયા. બળદથી ખેડ કરતો જગતનો તાત ટ્રેક્ટરનો માલિક થઈ ગયો ! વેરાન વાગડ કરોડોનું જીરું પકવતો થઈ ગયો. તૈયાર થયેલી ખેતપેદાશોનાં વેચાણ માટે સુવિધાસભર ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ દ્વારા માર્કેટયાર્ડમાં પેદાશોનો સ્થાનિકે જ પૂરતો ભાવ મળવા લાગ્યો.

### ધંધા-રોજગાર વધ્યા

સમૃદ્ધિ માત્ર ગામડાઓમાં સીમિત ન રહેતાં તેનાં મીઠાં ફળ રાપર નગરને પણ ચાખવા મળ્યાં અને ધંધા-રોજગાર ફૂલ્યાફાલ્યા, તો મિલકતોના ભાવ પણ આસમાને ગયા. આજે રાપરમાં મોકાની જગ્યાએ કોમર્શિયલ મિલકત પચાસ લાખથી દોઢ-બે કરોડ ચૂકવતાં માંડ મળે !

રાપરને જેમ ભૂકંપ ફળ્યો તેમ કોવિડ ૧૯ પણ એટલો જ ફળ્યો છે એમ કહેવું અતિશયોક્તિ નહીં ગણાય. કોવિડ પછી ધંધાર્થે મુંબઈ કે અન્ય શહેરોમાં ગયેલા ઘણા વાગડવાસીઓ ત્યાંનો ધંધાકીય અનુભવ લઈને મોટા મોલ અને ડિપાર્ટમેન્ટલ સ્ટોર્સ બનાવીને રાપરમાં અને ગામડાઓમાં સેટ થઈ ગયા છે.



### ઉચ્ચ અભ્યાસની સુવિધા મળી

ભૂકંપ પછી રાપરને કોલેજ નસીબ થઈ. સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ ચૌધરી દેવીલાલ સંકુલમાં શરૂ થઈ અને રાપરના અંતરિયાળ વિસ્તારનો વિદ્યાર્થી સ્નાતક, અનુસ્નાતક, પીએચ.ડી. થયો. રાપરના પૂર્વ ધારાસભ્ય પંકજ મહેતાએ મહિલા કોલેજ શરૂ કરતાં વાગડની દીકરીઓ પણ આગળ ભણતી થઈ. વર્તમાન ધારાસભ્ય વીરેન્દ્રસિંહ જાડેજાના પ્રયત્નોથી શહેરમાં આવેલું સામૂહિક આરોગ્ય કેન્દ્ર અપડેટ થઈને સો બેડની સબ ડિસ્ટ્રીક્ટ હોસ્પિટલ બનવા જઈ રહ્યું છે.

### પ્રવાસન ઉદ્યોગથી રોજગારીની તકો મળી

ઉદ્યોગ વિહોણાં રાપરને એક હરિયાળી ક્રાંતિ અને બીજો પ્રવાસન ઉદ્યોગ-આ બંને વિકાસની પાંખો છે. નર્મદાનાં નીર આવવાથી ખેતીક્ષેત્રે તો નેત્રદીપક કામગીરી થઈ છે અને હવે પ્રવાસન ઉદ્યોગ પણ રોજગારીની તકો ઊભી કરી રહ્યો છે. ધોળાવીરા વિશ્વ વિરાસત જાહેર થતાં તેનો લાભ પણ રાપરને મળે તે સ્વાભાવિક છે. માત્ર સડક માર્ગ જ ધરાવતો રાપર તાલુકો ત્રણ રાષ્ટ્રીય ધોરીમાર્ગો સાથે સંકળાઈ રહ્યો છે. ચિત્રોડ અને આડેસરથી સામખિયાળી-રાધનપુર, બાલાસરથી સાંતલપુર-ધોળાવીરા-લખપત અને સૂચિત ચિત્રોડથી ધોળાવીરા નેશનલ હાઈવે રાપરના વિકાસનો ધોરીમાર્ગ બનશે. રાપર તાલુકામાં અનેક સમાજનાં દેવસ્થાનો આવેલાં હોવાથી અહીંથી બહાર ગયેલા વાગડવાસીઓ વર્ષે એકવાર તો દેવસ્થાનને માથું નમાવવા આવે જ છે.

### -તો તાલુકો વિકાસના માર્ગે સડસડાટ દોડશે

આટલું હોવા છતાં આ વિકાસશીલ તાલુકા પાસે ઘણું બધું ખૂટે છે. રાપરને વિકાસશીલમાંથી વિકસિત કરવા માટે પ્રયત્નશીલ તંત્ર અને રાજકીય-સામાજિક આગેવાનોએ એની ત્રુટિઓ પરત્વે પણ સભાન થવું જ પડશે. પીએમશ્રી દરજ્જાની શાળાઓનું ઈન્ફ્રાસ્ટ્રક્ચર તો આધુનિક થયું પણ પ્રાથમિક, માધ્યમિક શિક્ષણ ગુરુજનો વિના રાંક બન્યું છે, તેનાં પર વિશેષ ધ્યાન આપવું પડશે. તો આરોગ્ય ક્ષેત્રે પણ સબ ડિસ્ટ્રીક્ટ હોસ્પિટલનું નવું સંકુલ બની ગયા બાદ તેમાં તબીબો અને આરોગ્યનો ટેકનિકલ-નોન ટેકનિકલ સ્ટાફ મહેકમ મુજબ ભરાય તેની દરકાર પણ કરવી પડશે. આજે રાપર તાલુકાનાં મોટા ભાગનાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો તબીબ અને અન્ય સ્ટાફની અછતથી માત્ર શોભાના ગાંઠિયા બન્યાં છે અને મુન્નાભાઈ ગામેગામ લોકોનાં આરોગ્ય સાથે ખેલી રહ્યા છે.

ડિજિટલ ઈન્ડિયાની ગુલબાંગો અને કેશલેસ પેમેન્ટના આ યુગમાં સો ગામડાં અને અઢીસો જેટલી વાંઢો ધરાવતા જીરું પકવીને સમૃદ્ધ થયેલા રાપર તાલુકા આખામાં ગણીને દશ બેંકો પણ માંડ હશે. પ્રવાસનથી ધમધમતા જીરુંના કોઠાર ખડીર અને પ્રાંથળમાં એક પણ બેંક નથી ! રોડ રસ્તા અને કાયદો વ્યવસ્થાની નબળી સ્થિતિને લીધે કોઈ ઉદ્યોગ અહીં આવ્યા નથી. તો મનોરંજન માટે કોઈ મલ્ટિપ્લેક્સ સિનેમા કે સ્પોર્ટ્સ કોમ્પલેક્ષ નથી. આખા તાલુકાનું એકમાત્ર હટાણાનું-તાલુકાની સરકારી કચેરીઓ ધરાવતું તાલુકાનું મુખ્ય મથક રાપર શહેર સુવિધાસભર બસ સ્ટેશન, પાર્કિંગ પ્લેસીસ, ગામડાંથી અપૂરતી કનેક્ટિવિટી જેવી અનેક મુશ્કેલીઓ વેઠી રહ્યું છે. આ બધી અડચણો જો દૂર કરવામાં આવે તો રાપર તાલુકો વિકાસના માર્ગે સડસડાટ દોડવા માંડશે એમાં કોઈ શંકાને સ્થાન નથી !

# ગઢશીશા પંથકનો ટેક્નોલોજી યુગમાં પ્રવેશ

**ગઢશીશા**
♦ શાંતિલાલ આચાર્ય
♦ જિજ્ઞેશ આચાર્ય

માંડવી તાલુકાના મુખ્યત્વે ખેતી અને પશુપાલન તથા હવે કન્સ્ટ્રક્શન લાઇનમાં પદાર્પણ કરતા ગઢશીશા પંથકે છેલ્લા દોઢ દાયકામાં ગોકળગાય ગતિથી પણ સારી એવી પ્રગતિ કરી છે અને માત્ર ગઢશીશા જ નહીં પરંતુ વિસ્તારના ૪૦થી વધારે ગામો માટે રોજિંદી જરૂરિયાત પૂરું પાડતું ગામ બન્યું છે અને ભવિષ્યમાં તાલુકા મથક બનવાનાં સપનાં પણ સેવી રહ્યું છે.

ગઢશીશા ગામે શૈક્ષણિક, આરોગ્ય, વ્યાપારી ક્ષેત્રે, દૂધ ઉત્પાદન તથા કલેક્શન ક્ષેત્રે (ડેરી ઉદ્યોગ), ખાણ-ખનિજ, બેન્કિંગ ક્ષેત્રે, વીજ ઉત્પાદન, પવન ઊર્જા, કાયદો- સુરક્ષા ક્ષેત્રે એમ અનેક ક્ષેત્રે સારી એવી પ્રગતિ કરી છે. તો અનેક પ્રાથમિક સુવિધા પણ આ વિસ્તાર ઝંખે છે.

### આરોગ્ય ક્ષેત્રે આશીર્વાદ સમું ગામ

અહીં વર્ષો પહેલાં જિ.પં. દ્વારા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર હતું, જેને અપગ્રેડ કરી સામૂહિક આરોગ્ય કેન્દ્રમાં તબદીલ કરાયું. હાલમાં અહીં સામાન્ય સારવારથી માંડી પ્રસૂતિ સહિતની સુવિધા ઉપલબ્ધ બની છે, તો સાથેસાથે ૨૪ કલાક તબીબી સેવા અને એમ્બ્યુલન્સ અને ૧૦૮ની આપાતકાલીન સેવા પ્રાપ્ત છે અને કોરોના કાળમાં પણ અનેક લોકો માટે આ આશીર્વાદરૂપ સાબિત થઈ હતી.

### શૈક્ષણિક ક્ષેત્રે ક્રાંતિ

અહીં શૈક્ષણિક ક્ષેત્રે જોવા જઇએ તો પહેલાં માત્ર ધોરણ ૧૨ સુધી જ અભ્યાસ પ્રાપ્ત હતો. હવે ગઢશીશા ઉપરાંત ભેરૈયા, દરશડી, કોટડા (રોહા), કોટડી મહાદેવપુરી, રત્નાપર (મઉં), મોટી ભાડઇ, મંગવાણા, રામપર-વેકરા જેવા ગામોમાં ધોરણ ૧૦થી ૧૨ સુધીનો અભ્યાસ પ્રાપ્ત બન્યો છે. તો માત્ર ગઢશીશામાં જ પાંચથી વધારે ખાનગી શાળા છાત્રો માટે આશીર્વાદરૂપ છે.

તો સાથેસાથે કચ્છ યુનિવર્સિટીનાં માધ્યમથી ગઢશીશા ખાતે માત્ર યુવતીઓ માટે કોલેજ કક્ષાનો અભ્યાસ પ્રાપ્ત બન્યો. તો રામપર-વેકરા શ્રી હરિ તપોવન ગુરુકુળ ખાતે બી-વોક, ખેતી-પશુપાલન આધારિત અભ્યાસક્રમ શરૂ કરાયા છે. હજુ આ વિસ્તારમાં વિજ્ઞાન પ્રવાહના અભ્યાસક્રમો સાથે પૂરતો સ્ટાફ જરૂરી છે.

### વ્યાપારીકરણ વિકાસનું મુખ્ય પરિબળ

ગામમાં છેલ્લા દાયકામાં જીવન જરૂરિયાતની તમામ વસ્તુના શો-રૂમના નિર્માણ થયાં. જેના કારણે ભૂતકાળમાં ભુજ-માંડવી જતા નાના ગામના લોકો ગઢશીશાથી જ તમામ જીવનજરૂરી ચીજવસ્તુ વાજબી ભાવે મેળવી શકે છે, જેથી સમયની પણ બચત થાય છે.

### ઓનલાઇન ચલણ વધ્યું

અહીં હવે અભ્યાસ સાથે કોઠાસૂઝથી મોબાઇલનો ઉપયોગ કરતા લોકોમાં ઓનલાઇન ખરીદીનું પ્રમાણ પણ વધારે જોવા મળે છે, જેના કારણે આંગળીના ટેરવે ગમતી વસ્તુ ઘરબેઠા મગાવીને ટેક્નોલોજીનો ગામલોકો ઉપયોગ કરતા થયા છે.

### સફેદ ક્રાંતિ

પહેલાં લોકો માત્ર પોતાની જીવન જરૂરિયાત કે શોખ માટે જ પશુપાલન કરતા પરંતુ દૂધ ઉત્પાદન ક્ષેત્ર હવે આવકનું પણ સાધન બન્યું છે, જેના કારણે પશુપાલન કરી ડેરીમાં દૂધ આપી આવક રળે છે અને ગઢશીશા પંથકમાંથી દરરોજનું હજારો લિટર દૂધ ડેરીમાં ઠલવાય છે. જે એક આવકનું માધ્યમ બન્યું છે, અને આ દૂધ એકત્ર કરવા અહીં આધુનિક દૂધ સંગ્રહ માટે 'શીત કેન્દ્ર'નું નિર્માણ પણ સરહદ ડેરી દ્વારા કરાયું છે, જેમાં ચેરમેન વલમજીભાઇ હુંબલ તથા ટીમે આ વિસ્તારમાં ખૂબ જ જાગૃતિ લાવી છે.

### માટી રંગ લાવી

ગઢશીશાથી શેરડી, હમલા-મંજલ, વાંઢ, નાગ્રેચા, કોટડી મહાદેવપુરી, કોટડા રોહા, ગોણિયાસર, રતડિયા વિગેરે વિસ્તારમાં બેન્ટોનાઇટ તથા બોક્સાઇટ જેવી અમૂલ્ય અને અલભ્ય ખનિજ સંપત્તિનાં ઉત્ખનનના કારણે અહીં નાના-મોટો ઔદ્યોગિક એકમો પણ પ્રસ્થાપિત કરાયા છે, જેના કારણે આ ગામડાઓનો તો વિકાસ થયો છે સાથેસાથે રોજગારીની પણ તક ઊભી થઇ છે અને આ તમામ ગામોની પણ કાયાપલટ થઇ છે.





(તસવીરો : કેકીન ગણાત્રા)

પણ અહીં જે-તે વિસ્તાર તથા ગઢશીશા ગામમાં કંપનીઓ દ્વારા પોતાના સામાજિક ઉત્તરદાયિત્વ નિભાવાય અને વિકાસમાં ફંડ અપાય તે જરૂરી છે. સાથેસાથે સરકાર દ્વારા પણ રોયલ્ટીની આવકમાંથી સરકારી તિજોરીમાં જમા થતી રકમ આ વિસ્તારના વિકાસકાર્યમાં વાપરવી જરૂરી બન્યું છે.

### પવન ઊર્જા-સૌર ઊર્જા

છેલ્લા દાયકાની અંદર જ અહીં પવન ઊર્જા (પવનચક્કી) તથા સૌર ઊર્જા સોલાર પ્રોજેક્ટ ખાતે પણ સારી ક્રાંતિ જોવા મળી છે અને સીમાડાઓ પવનચક્કીના ઘોંઘાટથી ગાજ્યા છે. તો તેનો પાવર એકત્ર કરવા પાવર પ્લાન્ટ પણ નિર્માણ કરાયા છે. સાથેસાથે સૂર્ય પ્રકાશમાંથી પણ વીજળી ઉત્પાદન ક્ષેત્રે હાલમાં કામગીરીઓ ચાલુ થતી જાવે મળે છે.

### બેન્કિંગ ક્ષેત્રે સુવિધાઓ વધી

અહીં એક જમાનામાં માત્ર ગઢશીશામાં જ રાષ્ટ્રીયકૃત બેંક હતી. હવે આ જ બેંકોની બીજી બ્રાંચો રત્નાપર, દરશડી, રામપર-વેકરા તથા અન્ય પોઇન્ટ સાથે એ.ટી.એમ. સુવિધા મળતાં લોકોને રાહત થઇ છે.

### વીજ કંપનીએ સુવિધા વધારી

અહીં વીજ કંપની (પી.જી.વી.સી.એલ.) તથા ગેટકો દ્વારા પણ અવિરત સેવા જાળવવા વીજબિલ ભરણા માટે તથા અન્ય કામગીરી માટે સેક્શન ઓફિસ તથા ૨૪ કલાક સ્ટાફ ગાડી સાથે તૈનાત કર્યા છે.

આમ, દોઢ દાયકામાં ગઢશીશામાં સુવિધા ઘણી વધી પણ પ્રાથમિક જરૂરિયાત રોડ, રસ્તા, ગટર, રોડલાઇટ, સફાઇ, ટ્રાન્સપોર્ટેશનમાં ઘણી અધૂરાશો છે, જે સમયાંતરે નિવારવી જરૂરી છે.


વહાલા 'કચ્છમિત્ર'ને વધામણા



કચ્છ - 'કચ્છમિત્ર' તારા, સૂર્ય, ચંદ્રની જેમ ચમકશે, જેનો પ્રકાશ, પ્રસિદ્ધિ ક્યારે ઓછા થતાં નથી. જન્મદિવસની શુભકામનાઓ, મેનેજરશ્રી, તંત્રીશ્રી, સર્વે સ્ટાફમિત્રો, પ્રતિનિધિઓને હૃદયપૂર્વકની શુભેચ્છા. જય હો...
શ્રી દામજી ગાભા મહેશ્વરી-રવિભાઈ
Mob. : 98250 21034
ધણીમાતંગ સપ્લાયર્સ
રેતી, કાંકરી તથા મશીનકટ સફેદ, લાલ પથ્થરના સપ્લાયર્સ
મુ. પોસ્ટ - દહીંસરા-કચ્છ.
નરેન્દ્ર ચૌહાણ-દહીંસરા-૯૬૩૮૫ ૦૧૧૯૬

નીડર, તટસ્થ પત્રકારત્વનાં શ્રેય સમા કચ્છમિત્રને ૭૯મા જન્મદિવસે શુભેચ્છા...
કચ્છ જિલ્લા જાહેર આરોગ્ય કર્મચારી મંડળ
- મહેશ બી. આહીર (MB) - પ્રમુખ
- ઉમંગભાઈ ઉડવિયા - મહામંત્રી
- ભાવનાબેન ભીલ - મુખ્ય કન્વીનર
તથા સમગ્ર કારોબારી સભ્યો અને આરોગ્ય કર્મચારીગણ

॥ જય જલારામ ॥ સત્યમેવ જયતે ॥ જય શ્રી રામ ॥
દુર્ગમ કચ્છ પ્રદેશના વિકાસલક્ષી પ્રશ્નને નિષ્પક્ષ રીતે વાચા આપતું સમાચાર પત્ર કચ્છમિત્રના ૭૯મા જન્મદિવસની વધાઈ સહ શુભેચ્છા
શ્રી રઘુવંશી પેટ્રોલિયમ
હિન્દુસ્તાન પેટ્રોલિયમ HP
કોલેજ રોડ હાઈવે, નખત્રાણા
★ રોહિત જે. બારૂ ★ ગૌરવ જે. બારૂ ★ રામકુમાર જે. બારૂ
રઘુવંશી ઓટોમોબાઈલ
પ્રો. રાજેશ મૂલજી બારૂ
વિશ્વકર્મા માર્કેટ, હાઈવે-નખત્રાણા-કચ્છ
શ્રી દિનેશ રોડવેઝ
પ્રો. નિલેશભાઈ મુલજી બારૂ
વિશ્વકર્મા માર્કેટ, હાઈવે-નખત્રાણા-કચ્છ
Mo. 98793 96997
ભવદીય : મુલજીભાઈ પરસોત્તમ બારૂ સમસ્ત પરિવાર
- દેશલપર (ગું), હાલે - નખત્રાણા
હરિૐ એડ - નખત્રાણા - મો. ૯૪૨૭૯ ૪૦૪૬૦

કચ્છમિત્રને ૭૯મી વર્ષગાંઠ પ્રસંગે હાર્દિક શુભકામનાઓ...



ગાર્ગી ક્લિનિક
ડો. પારુલબેન (મહેતા) ગોગરી
શ્રી ચપલેશ્વર મહાદેવ મંદિર, નારાયણ સ્વામી આશ્રમ, વિન્ડ ફાર્મ બીચ મેઈન રોડ, માંડવી-કચ્છ. M. 9228175476

કચ્છ મુલકનો પ્રહરી કચ્છમિત્ર સમાચાર પત્રને ૭૯મી વર્ષગાંઠ અવસરે સહૃદય વધાઈ સહ પાંજો મિત્ર ઉત્તરોત્તર પ્રગતિના શિખર સર કરે એવી શુભકામના
વિના સહકાર નહીં ઉદ્ધાર
શ્રી ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ
(નખત્રાણા-લખપત સંયુક્ત)
કેશરાણી હંસરાજ પ્રેમજી (ચેરમેનશ્રી)
મહેતા પ્રવીણચંદ્ર કાંતીલાલ (વાઈસચેરમેન)
સાહેબખાન એ. બલોચ (સેક્રેટરીશ્રી)
એવમ્ સમસ્ત ડાયરેક્ટરશ્રીઓ એ.પી.એમ.સી.-નખત્રાણા
હરિૐ એડ - નખત્રાણા - મો. ૯૪૨૭૯ ૪૦૪૬૦

દુર્ગમ કચ્છ મુલકનો સુખ-દુ:ખનો સદાબહાર સાથી સમાચાર પત્ર 'કચ્છમિત્ર'ના ૭૯મા જન્મદિવસના અવસરે સહૃદય શુભેચ્છા.
સહ કચ્છનો પ્રહરી કચ્છમિત્ર ઉત્તરોત્તર પ્રગતિના શિખર સર કરે એવી શુભકામના



શુભેચ્છક
શ્રી અખિલ કચ્છ રઘુવંશી સોશિયલ ગ્રુપ
શ્રી નખત્રાણા તાલુકા રઘુવંશી સોશિયલ ગ્રુપ
શ્રી નખત્રાણા તાલુકા રઘુવંશી મહિલા ગ્રુપ
જય શ્રી રામ, જય ઝૂલેલાલ, જય જલારામ, જય વાલરામ
હરિૐ એડ - નખત્રાણા - મો. ૯૪૨૭૯ ૪૦૪૬૦



॥ જય સ્વામિનારાયણ ॥
લોકલાડીલું - કચ્છમિત્રને વધાઈ
શ્રી સામજીભાઈ દેવશી ખીમાણી
માજી સરપંચશ્રી સરલી ગ્રામ પંચાયત
શ્રી લેવા પટેલ સમાજ, રાજકીય, આગેવાન
ગામ: સરલી - કચ્છ
કચ્છ નહીં દેખા તો કુછ નહીં દેખા
કચ્છમિત્ર ન વાંચ્યું તો કાંઈ જ વાંચ્યું નથી.
સાર્થક કરતી પંક્તિ કચ્છનું લોકલાડીલું વહાલું પેપર કચ્છમિત્રને જન્મદિવસે અઢળક વધાઈ હો.
શુભેચ્છાઓ - શુભકામનાની વર્ષા
નરેન્દ્ર ચૌહાણ-દહીંસરા

॥ જય જલારામ ॥



કચ્છના સુખ-દુખમાં સદાબહાર પાંજો મિત્ર કચ્છમિત્ર સમાચાર પત્રને ૭૯મા જન્મદિવસની શુભેચ્છા સહ ઉત્તરોત્તર પ્રગતિ કરે એવી શુભકામના
શુભેચ્છક :
સંત શિરોમણિ પૂજ્ય જલારામ બાપા ભક્તગણ
હરિૐ એડ-નખત્રાણા

કચ્છીઓનાં લોકહૃદયમાં બિરાજતા કચ્છમિત્રને ૭૯મા વર્ષમાં મંગળ પ્રવેશ પ્રસંગે હાર્દિક શુભકામનાઓ



પટેલ શાંતિલાલ રતનશી રૂડાણી
ગુરુકૃપા ફાર્મ, મદનપુરા (કોડાય)
SRP REALTORS PVT. LTD.
BORIVALI-E-MUMBAI-66



કચ્છપ્રદેશના સુખ દુ:ખ, કુદરતી કે માનવસર્જિત સંકટ સમયે લોકોના પ્રશ્નોને વાચા આપતા નિષ્પક્ષ 'કચ્છમિત્ર' સમાચાર પત્રના ૭૯મા જન્મદિવસે સહૃદય શુભેચ્છા સહ અખબાર પ્રગતિના શિખર સર કરે તેવી શુભકામના
-:: શુભેચ્છક ::-
નુતિયાર ઈસ્માઈલ હાજી લખાના
(નુતિયાર નાનાભાઈ)
માજી ઉપસરપંચ ઘડાની (તા. નખત્રાણા)
હરિૐ એડ - નખત્રાણા - મો. ૯૪૨૭૯ ૪૦૪૬૦

॥ ૐ હંસવાહિની બ્રહ્માણી માતાજી નમઃ ॥
કચ્છમિત્રને હૃદયપૂર્વકની શુભેચ્છાઓ...



શ્રી વિનોદભાઈ એલ. ચૌહાણ
- શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભા ઉપપ્રમુખશ્રી
- અખિલ ભારત ગુજરાતી સમાજ પ્રમુખશ્રી (ગુજરાત એકમ)
- શ્રી હંસવાહિની બ્રહ્માણી માતાજી, ચૌહાણ પરિવાર મંત્રીશ્રી, (મોટા રોહા)
કચ્છનો ધબકાર-નીડરતા, નિષ્ઠા, પ્રમાણિકતાનું જીવતું, જાગતું ઉદાહરણ કચ્છમિત્રને ઉચ્ચ પ્રગતિની શુભકામનાઓ.
નરેન્દ્ર ચૌહાણ-દહીંસરા-૯૬૩૮૫ ૦૧૧૯૬

॥ જય બલભદ્ર ॥ ॥ જય જવાન ॥ ॥ જય કિસાન ॥
કુદરતી, માનવસર્જિત સંકટના આપદાના સમયે ખેડૂતોના પ્રશ્નોને વાચા આપતા લોકપ્રિય સમાચાર પત્ર કચ્છમિત્રની ૭૯મી વર્ષગાંઠના અવસરે સહૃદય શુભકામના-શુભેચ્છા.
ભારતીય કિસાન સંઘ - નખત્રાણા ગામ સમિતિ



જગદીશચંદ્ર કેશરાણી, પ્રમુખશ્રી



ભરતભાઈ નાથાણી-મહામંત્રીશ્રી
ભારતીય કિસાન સંઘ નખત્રાણા ગામ સમિતિ સમસ્ત સદસ્યો
હરિૐ એડ-નખત્રાણા

કચ્છ પ્રદેશની આમ જનતાના સુખ દુ:ખમાં સદાબહાર લોકોના પ્રશ્નોને વાચા આપતો પાંજો મિત્ર કચ્છમિત્રની ૭૯મી વર્ષગાંઠના અવસરે હાર્દિક વધાઈ સહ શુભકામના
-:: શુભેચ્છક ::-



વસંતદાન આર. ગઢવી (એડવોકેટ એન્ડ નોટરી)



જયદીપદાન વસંતદાન ગઢવી (એડવોકેટ)
C/o. શ્યામ પ્લાઝા કોમ્પલેક્ષ, બેરૂનાકા પાસે, ન્યાયાલય હાઈવે રોડ, નખત્રાણા-કચ્છ.
હરિૐ એડ - નખત્રાણા - મો. ૯૪૨૭૯ ૪૦૪૬૦

॥ જય બલભદ્ર ભગવાનની જય ॥ ॥ જય જવાન ॥ ॥ જય કિસાન ॥
પાંજો મિત્ર 'કચ્છમિત્ર' સાચા અર્થમાં લોકોના સુખ-દુ:ખમાં ભાગીદાર બની સમસ્યાઓને વાચા આપતા સમાચાર પત્રની ૭૯મી વર્ષગાંઠ અવસરે ઉત્તરોત્તર પ્રગતિ કરે એવી શુભકામના.
અ. ભારતીય કિસાન સંઘ - નખત્રાણા તાલુકા સમિતિ



શિવદાસભાઈ રતનશી કેશરાણી પ્રમુખશ્રી



જગદીશભાઈ મનજી લીંબાણી મહામંત્રીશ્રી
ઉપપ્રમુખો : પ્રદીપભાઈ પી. યાદવ - ચંદુભાઈ હળપાણી - જેન્તીભાઈ પોકાર
લાલજીભાઈ લીંબાણી - ખજાનચી, જવેરભાઈ કેશરાણી - સહખજાનચી
દિપેશભાઈ રામાણી - મનોજભાઈ માનાણી - સહમંત્રીઓ.
હરિૐ એડ-નખત્રાણા

# રાજકીય ઈચ્છાશક્તિ અને કચ્છના અઢી દાયકા

## કાયાપલટ

- માવજી મહેશ્વરી



**કહેવાય છે કે, દરેક ભૂમિનો સમય આવતો હોય છે : કોઈ એવી રાજકીય ઈચ્છાશક્તિનો ઉદય થતો હોય છે જે એ ભૂમિની સિકલ બદલી નાખે છે, જેમ નરેન્દ્ર મોદીએ કચ્છની કાયાપલટ કરી નાખી છે**

કચ્છનાં સર્વગ્રાહી મૂલ્યાંકનને બે ભાગમાં વહેંચવું પડે. ૨૦૦૧ના ભૂકંપ પહેલાંનું કચ્છ અને ભૂકંપ પછીનું કચ્છ. વિશ્વનો ઈતિહાસ રહ્યો છે કે, કોઈ પ્રદેશમાં મોટી કુદરતી આફત પછી એ પ્રદેશમાં બદલાવ આવતો હોય છે. ૧૮૧૯માં આવેલા ભૂકંપે કચ્છનો ચહેરો વિરૂપ કરી નાખ્યો હતો. કચ્છ વેરાન બની ગયું. રોજગારીના સ્રોત ક્ષીણ થઈ ગયા. ૧૮૦ વર્ષ પછી ફરી એકવાર મોટો ભૂકંપ કચ્છમાં આવ્યો. જાનમાલનું પારાવાર નુકસાન અને માનવમૃત્યુનો આંકડો વસ્તીના હિસાબે બહુ મોટો કહી શકાય. એક તબક્કે લોકોએ માની લીધું હતું કે, કચ્છ પૂરું થઈ ગયું. ભૂકંપ પછીનું એક વર્ષ જાત-જાતના વિવાદોથી ઘેરાયેલું રહ્યું, પણ તે વખતે કોઈને ખ્યાલ આવ્યો નહોતો કે, એ ભૂકંપ કચ્છની કાયાપલટ કરી દેવાનો હતો. કારણ કે, ગુજરાતની રાજકીય ક્ષીતિજે એક એવા નેતાનો ઉદય થવાનો હતો, જેને કચ્છ તરફ કોઈ અકળ લગાવ હતો. એ નેતાએ મુખ્યમંત્રી તરીકેના ૧૨ વર્ષના કચ્છનું ચિત્ર જ બદલી નાખ્યું. એ નેતા એટલે ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી. આજે કચ્છ જે કંઈ છે તે ફક્ત અને ફક્ત નરેન્દ્ર મોદીની પ્રચંડ રાજકીય ઈચ્છાશક્તિને કારણે છે.

કચ્છમાં વિકાસનું કારણ બનનારાં તમામ પરિબળો નરેન્દ્ર મોદીનાં આગમન પહેલાં હતાં જ. કચ્છનું સફેદ રણ, નર્મદા યોજના, ઔદ્યોગિકીકરણ માટેની જમીન, પવનચક્કીઓ માટેના અવકાશ એ બધું નરેન્દ્ર મોદીના આવ્યા પહેલાં હતું જ, પણ કોઈ નેતાને કશું કરવાનું સૂઝ્યું નહીં અથવા ઈચ્છા ન થઈ. સૌ પહેલાં નરેન્દ્ર મોદીએ સીમાડા શણગાર્યા. બન્ની પ્રદેશમાં રણોત્સવ શરૂ થયો. રણોત્સવને કારણે સમગ્ર ભારત અને વિશ્વના પ્રવાસીઓ કચ્છમાં આવતા થયા. કચ્છના કલા-કસબની નોંધ લેવાતી થઈ. એ સિવાય વાહન વ્યવહાર, હોટેલ ઉદ્યોગ, ખાણી-પીણીની વ્યવસ્થાઓ, કચ્છની વસ્તુઓનું વેચાણ, સંલગ્ન કામધંધાઓ પૂરબહારમાં ખીલ્યા. અરે જે કલાકારોને કોઈ ઓળખતું નહોતું એ કલાકારો આજે જાણીતા બન્યા હોય તો રણોત્સવને કારણે. નરેન્દ્ર મોદી માત્ર વિભાગના ભરોસે નહોતા રહ્યા. તેમણે જાતે આવીને કચ્છની પ્રજામાં એક ઉત્સાહ પૂરો પાડ્યો. એ વિસ્તારની પ્રજાએ માનવ ભીડ નહોતી જોઈ, પશુપાલન સિવાય જેમની પાસે વિકલ્પ નહોતો. એ પ્રજાનું માનસ બદલી નાખ્યું. પ્રવાસન ઉદ્યોગને કારણે જે નિર્માણ થયું તેનો લાભ સમગ્ર કચ્છને મળ્યો.

માત્ર ૧૦ વર્ષમાં કચ્છમાં ઔદ્યોગિક વિકાસનું જાળું એવી રીતે ફેલાયું કે, જમીનના ભાવો આસમાને ગયા. મહર્ષિ ચાણક્યે કહ્યું છે, 'જો તમારી આસપાસની જમીનના ભાવ વધે તો સમજો તમારો પ્રદેશ વિકાસ કરી રહ્યો છે.' જે લોકો રોજગારીની અછતને કારણે કચ્છ છોડી રહ્યા હતા, તે કચ્છમાં આજે આખાય ભારતમાંથી રોજગારી મેળવવા આવી રહ્યા છે. વિશાળ એકમો લાખો લોકોને રોજી આપી રહ્યાં છે. આજે કચ્છના સ્થાનિક લોકો મજૂરી કરવા તૈયાર નથી એવી સ્થિતિ છે. કચ્છની ખેતી અને બાંધકામ મધ્યપ્રદેશ અને દાહોદ વિસ્તારના લોકો સંભાળે છે. કચ્છની સ્થાનિક પ્રજા પાસે પાકાં મકાનો છે. મોટાભાગના પરિવારોના દરેક ઘરમાં ક્મસે ક્મ એક વાહન છે અને એક મોબાઈલ ફોન છે. અંતરિયાળ ગામોમાં નેટ અને વીજળી છે. પાકા રસ્તા છે. જીવન જરૂરિયાતની વસ્તુઓ કચ્છના કોઈ પણ ખૂણે મળી રહે છે. આધુનિક ખેતી ગંજાવર ઉત્પાદન કરે છે. વિશ્વમાં એવું ક્યાંય નથી કે માત્ર ૬૦ કિલોમીટર વચ્ચે મે મોટાં બંદર હોય. કચ્છના કંડલા અને મુંદરા બંદર વિક્રમી કાર્ગો હેન્ડલ કરે છે.

નરેન્દ્ર મોદીએ કચ્છના લોકોનું સ્વમાન અને સન્માન પાછું આપ્યું છે. જો નરેન્દ્ર મોદી ન હોત તો ભૂકંપ પછી જે રીતે કચ્છ વિકસ્યું એવી રીતે કદાચ ન વિકસ્યું હોત. કહેવાય છે કે, દરેક ભૂમિનો એક વારો આવતો હોય છે. કોઈ એવી રાજકીય ઈચ્છાશક્તિનો ઉદય થતો હોય છે જે એ ભૂમિની સિકલ બદલી નાખે છે. જેમ નરેન્દ્ર મોદીએ કચ્છની કાયાપલટ કરી નાખી છે.

કચ્છમિત્રને ૭૯મા વર્ષમાં મંગલ પ્રવેશે હાર્દિક શુભેચ્છા

## નર્સરીઓમાંથી રોપા મેળવી કચ્છને લીલુછમ બનાવીએ

હાલની ગ્લોબલ વોર્મિંગ અને ક્લાઈમેટ ચેઈન્જની ઉદ્ભવેલ પરિસ્થિતિના માઠા પરિણામો સમગ્ર વિશ્વ અનુભવી રહ્યું છે. સમગ્ર વિશ્વમાં અનિયમિત વરસાદ, તાપમાનમાં વધારો, તાપમાનમાં અચાનક ફેરફાર થવા જેવી અનેક વિવિધ બાબતો અને તેને લીધે ઉદ્ભવતી અસરોથી આપણે સર્વે વાકેફ છીએ. આવી પરિસ્થિતિનો સામનો કરવો એ કોઈ એક માણસના હાથની વાત નથી. વાતાવરણમાં વધતાં કાર્બનડાયોક્સાઈટનું પ્રમાણ આ માટેનું એક મુખ્ય કારણ ગણવામાં આવે છે. પરંતુ સમગ્રપણે બધા સાથે મળીને વૈજ્ઞાનિક દૃષ્ટિકોણથી આવી પરિસ્થિતિના નિવારણ માટે વિચારી શકાય, એટલું જ નહીં સર્વેના સહિયારા પ્રયત્નો બાદ પણ આ પરિસ્થિતિનો તાત્કાલિક ઉકેલ મળે તેની શક્યતાઓ પણ ખૂબ ઓછી જણાય છે, પરંતુ તેવા વિચાર માત્ર કરીને આપણે આવનારી પેઢી પર હાથ ધરીને બેસી રહીશું ?

અનેક વૈજ્ઞાનિકોએ આ પરિસ્થિતિના સમાધાન માટે મોટી સંખ્યામાં વૃક્ષારોપણ કરવા ભલામણ કરેલ છે અને વાતાવરણમાં કાર્બનડાયોક્સાઈટના પ્રમાણનું સમતોલન કરવા માટે આ શ્રેષ્ઠ ઉપાય છે. ગુજરાતના વનવિભાગ દ્વારા જંગલ વિસ્તારની બહાર લોકો વધુમાં વધુ વૃક્ષારોપણ પ્રવૃત્તિમાં જોડાય તથા વૃક્ષારોપણ બાદ વૃક્ષ ઉછેર કરે તે માટે અનેક પ્રયત્નો હાથ ધરવામાં આવે છે.

વાવેતરના રોપા મેળવવા માટે કચ્છના સામાજિક વનીકરણ વિભાગની ખાતાકીય નર્સરીઓનો લાભ લેવા વન વિભાગ દ્વારા અપીલ કરવામાં આવે છે. નીચે મુજબની નર્સરીઓ પરથી રોપાની ઉપલબ્ધતા મુજબ રોપા મેળવી કચ્છને લીલુંછમ બનાવીએ તથા વનવિભાગની વિવિધ યોજનાઓનો લાભ લેવા સામાજિક વનીકરણ વિભાગના તાલુકા કક્ષાની રેન્જ કચેરીઓનો સંપર્ક કરવા જણાવવામાં આવે છે.

| અ. નં. | જિલ્લાનું નામ | તાલુકાનું નામ | નર્સરીનું નામ | સ્થળ (સરનામાં સહિત) |
|---|---|---|---|---|
| ૧ | કચ્છ | અંજાર | પ્રભુકૃપા નર્સરી | નવી શાકમાર્કેટ પાછળ, પ્રભુકૃપા સોસાયટી, ફોરેસ્ટ કોલોની, અંજાર |
| ૨ | કચ્છ | અંજાર | સાપેડા નર્સરી | ભુજ રોડ, હનુમાનજી મંદિરની બાજુમાં, સાપેડા, તા. અંજાર-કચ્છ |
| ૩ | કચ્છ | ભચાઉ | નવાગામ નર્સરી | નવાગામ ભચાઉ-દુધઈ-ભુજ રોડ, ચુરો કંપની સામે, તા. ભચાઉ (કચ્છ) |
| ૪ | કચ્છ | ભુજ | મોચીરાઈ નર્સરી | સુખપર-કોડકી રોડ, મોચીરાઈ મહાદેવ મંદિર પાસે, સુખપર તા. ભુજ-કચ્છ |
| ૫ | કચ્છ | ભુજ | મિરજાપર નર્સરી | કે.ડી.મોટર શો રૂમની સામે ભુજ - મિરજાપર રોડ ભુજ-કચ્છ. |
| ૬ | કચ્છ | ભુજ | મોખાણા નર્સરી | ભુજ ભચાઉ રોડ, અંબિકા સટીલ લિમિટેડની બાજુમાં, મોખાણા, તા. ભુજ-કચ્છ. |
| ૭ | કચ્છ | દયાપર | કૈયારી નર્સરી | કૈયારી (નારાયણ સરોવર રોડ) દક્ષિણ બાજુ, તા. દયાપર-કચ્છ |
| ૮ | કચ્છ | દયાપર | દયાપર નર્સરી | દયાપર (દોલતપરથી દયાપર વચ્ચે) જમણી બાજુ, દયાપર-કચ્છ |
| ૯ | કચ્છ | માંડવી | ધુણઈ નર્સરી | માંડવી ભુજ હાઈવે, ગામ ધુણઈ બસ સ્ટેન્ડ પાસે, તા. માંડવી (કચ્છ) |
| ૧૦ | કચ્છ | માંડવી | શિરવા નર્સરી | માંડવી નલિયા હાઈવે, ગામ શિરવા, તા. માંડવી (કચ્છ) |
| ૧૧ | કચ્છ | મુન્દ્રા | સાડાઉ નર્સરી | સાડાઉ પ્રાથમિક શાળાની બાજુમાં, સાડાઉ, તા. મુન્દ્રા-કચ્છ |
| ૧૨ | કચ્છ | નખત્રાણા | મથલ નર્સરી | મથલ, તા. નખત્રાણા-કચ્છ |
| ૧૩ | કચ્છ | નખત્રાણા | સાંયરા નર્સરી | સાંયરા, તા. નખત્રાણા-કચ્છ |
| ૧૪ | કચ્છ | નલિયા | ભવાનીપર નર્સરી | ભવાનીપરથી બેરાચિયાર રોડ પરના બેરાચિયા ડેમ પર |
| ૧૫ | કચ્છ | નલિયા | ભેદી નર્સરી | કોઠારા-વાંકુ રોડ સાઈડ પર |
| ૧૬ | કચ્છ | નલિયા | રાજાવીરા નર્સરી | કોઠારા - નલિયા રોડ, સહારા હોટેલ પાસે, પૈયા, અબડાસા-કચ્છ |
| ૧૭ | કચ્છ | રાપર | રાપર નર્સરી | રાપર નીલપર રોડ, રાપર આઈ.ટી.આઈ.ની બાજુમાં, રાપર-કચ્છ |
| ૧૮ | કચ્છ | રાપર | નીલપર નર્સરી | રાપર ચિત્રોડ રોડ, નીલપર પાટીયા પાસે, રાપર-કચ્છ |




## કચ્છનું મિત્ર

- નલિન ઉપાધ્યાય

ઘણી વખત એવું ભાસે છે કે, જાણે કોણ જાણે કેટલીયે સદીઓથી કચ્છની આ પવિત્ર ભૂમિ પરમાત્મા સમીપે ધ્યાનમગ્ન રહી હશે, ત્યારે આજથી ૭૯ વર્ષ પહેલાં પરમાત્મા પ્રસન્ન થઇ બોલ્યા હશે, 'માંગ ! માંગ ! માગે તે આપું...' ત્યારે કચ્છે નમ્રતાથી કહ્યું હશે, 'પ્રભુ ! મને માગતા નથી આવડતું; આપને જે મારા માટે યથાયોગ્ય લાગે તે આપો.' ત્યારે પરમાત્માએ હસીને કહ્યું હશે, 'હે કચ્છ ! ગીતામાં મેં કહ્યું છે કે હું ભૂતમાત્રનો મિત્ર છું. મને મિત્રભાવ બહુ ગમે છે. આથી તને તારો એક સાચો મિત્ર આપું છું, તું તેને સ્વીકાર ને દિવ્ય મિત્રભાવનો આનંદ લે.' કદાચ તેથી જ આજથી ૭૮ વર્ષ અગાઉ 'કચ્છમિત્ર'એ જન્મ લીધો... પ્રભુ આજ્ઞાથી.

મેં પોતે જાત અનુભવથી જાણ્યું છે કે, આજ પણ સૌરાષ્ટ્ર અને ગુજરાતમાં વસતા લોકોને મન કચ્છ કોઇ અતિ દુર્ગમ પ્રદેશ છે જ્યાં પહોંચવું ને પછી ઝીંક ઝીલીને ટકી જવું અતિ મુશ્કેલ. આથી કચ્છ જવામાં એક હિચકિચાટ જોવા મળે તેટલું કચ્છ સદીઓથી તળ ભારતવર્ષથી ભૌગોલિક રીતે કપાયેલું રહ્યું. હજુ થોડા વર્ષ પહેલાં જ નહોતો સૂરજબારીનો પુલ. એક જ રસ્તો હતો નવલખીથી કંડલા સુધી દરિયાની ખાડીનો. હું ૧૯૬૭માં ઇજનેર થયો એલ.ઇ. કોલેજ મોરબીથી, ત્યારે પણ અમે કચ્છના વિદ્યાર્થીઓ મોરબીથી રેલવે રસ્તે નવલખી આવીએ. ટ્રેનમાંથી સામાન સારી સ્ટીમ લોંચ સુધી જઇએ. ત્યાંથી ખાડીનો દરિયો પાર કરી કંડલા પહોંચીએ અને પછી અતિ ધીમી ગતિએ ચાલતી ટ્રેનથી મહામુસીબતે પહોંચીએ. સવારે નીકળેલા રાત્રે પહોંચીએ. આમ કચ્છ સદીઓથી એકબાજુ રણ અને બીજીબાજુ સમુદ્રથી તળ ભારતથી વિખૂટું રહ્યું ને ક્મનસીબે રાજાશાહીએ પણ જામનગર, ગોંડલ, મોરબી, રાજકોટ કે ભાવનગર જેવા રાજાઓમાંથી પ્રેરણા લઇ વૈજ્ઞાનિક અને સવલતભરી નગરરચના ન કરી તેથી એકબાજુ શાપ અને બીજીબાજુ આશીર્વાદ બંને કચ્છને એકસામટા મળ્યા. શાપમાં દરેક રીતે પછાતપણું અને આશીર્વાદમાં સંસ્કૃતિ અને પર્યાવરણનું શુદ્ધ સ્વરૂપમાં ટકી જવું પણ એક વાત તો ખામીની મસમોટી રહી તે એ કે કચ્છની મૂંગી વેદનાને વાચા કોણ આપે ? એટલે ભગવાને કચ્છને કચ્છનો એક પાંગોપાંગ મિત્રધર્મ જાણતો અને નિભાવતો મિત્ર આપ્યો. તે મિત્ર એટલે આજનું 'પત્ર નહીં પણ મિત્ર કચ્છમિત્ર.'

જરાક ઊંડું અવગાહન કરીને આ વાતને સમજીએ તો એક મિત્ર કેવો હોય ? તો 'જે મિત્રના સુખે સુખી હોય અને મિત્રના દુઃખે દુઃખી હોય તે મિત્ર.' કચ્છમિત્ર કચ્છનો આવો મિત્ર હંમેશાં રહ્યું છે ને તેણે હંમેશાં કચ્છના દુઃખને છડેચોક ઉજાગર કર્યું છે. સાથે પોતાને મળેલા સુખ માટે આભારની લાગણી વ્યક્ત કરતાં પણ એણે શબ્દચોરી નથી કરી. જેમ કે, વર્ષોથી જે નર્મદાનાં જળથી કચ્છ વંચિત રહ્યું તે સંબંધી બુલંદ અવાજ ઉઠાવવો, જેમાં તેણે એકલવીર એવા કર્નલ જીલુભાની પીઠ થાબડી હતી તેમજ એમના કચ્છહિતને લગતા મંતવ્યો બેધડક રજૂ કર્યા. સાથે એ જ રીતે કચ્છનાં હિત માટે નર્મદા કેનાલનું કામ ઝડપી થાય તે માટે અથાક પ્રયત્નો કર્યા, એ જ રીતે ૨૦૦૧ના વિનાશકારી ભૂકંપમાં પણ કચ્છમિત્રે અગ્રિમ ફાળો આપ્યો, પછી એમાં કચ્છમિત્રની પત્રકાર ટીમે નેત્રદીપક કામગીરી કરી, તંબુમાં ઓફિસ રાખી રાત-દિવસ કામ કરી, ચિંતા સેવી, કચ્છહિતની રક્ષા કરી. જેમાં પત્રકારોના અભ્યાસપૂર્ણ અને સ્થિતિદ્યોતક લેખો હોય કે પછી રાષ્ટ્રીય ન્યૂઝ ચેનલો પર કચ્છના ભૂકંપનો ચિતાર હોય, તત્કાલીન કલેક્ટરની હિંમતભરી કામગીરીના અહેવાલો હોય. ભૂકંપના સર્વાંગી અહેવાલો કચ્છમિત્રમાં મળી આવે. ખેર ! હવે કચ્છના કે સદાકાળ મિત્ર કચ્છમિત્રના અખબાર ધર્મની થોડી વાતો કરી લઇએ, તો કચ્છમિત્ર હંમેશને માટે એક સજ્જન સદ્‌ગૃહસ્થ જેવું છે. જેમ એક સદ્‌ગૃહસ્થ તેની સુઘડ વેશભૂષા, શિષ્ટ વાણી તથા આચાર-વિચારથી ઓળખાય તેમ કચ્છમિત્રનું ગેટઅપ હંમેશાં સુઘડ હોય. તેની ભાષા હંમેશાં સૌજન્યશીલ હોય. કચ્છમિત્રે સસ્તી પબ્લિસિટી માટે ક્યારેય કોઇનું ચારિત્ર્યહનન કરતા લેખો લખ્યા કે છાપ્યા હોય તેવું મારી જાણમાં નથી. સાથે તેણે હંમેશાં નિષ્પક્ષ ને તટસ્થતાથી સમાચારો આપ્યા ને છાપ્યા છે. મરચું મીઠું ભભરાવીને નહીં. તો વળી કચ્છહિત જોખમાતું હોય ત્યારે કોઇનીયે સાતપાંચ રાખ્યા વિના બેધડક લખ્યું છે.

કચ્છમિત્રે કચ્છના મિત્ર તરીકે સર્વાંગી મિત્રધર્મ નિભાવ્યો છે. એની વિસ્તૃત ચર્ચા આ નાનકડા લેખમાં શક્ય નથી.

કચ્છના આગવા પર્યાવરણના જતન માટે તે હંમેશાં તત્પર રહ્યું છે. પછી તે રણનું સુરખાબ નગર હોય કે છારીઢંઢનું પક્ષીતીર્થ. એ જ રીતે કચ્છ જેવા સૂક્ષ્મ પ્રદેશમાં જળનું ટીપેટીપું અમૃતબિંદુ સમાન ગણાય. આથી જ સુખના સરનામા જેવા તળાવોથી માંડી વિલુપ્ત થતી સેલોર વાવ વિશેના મૂલ્યવાન લેખોની કટાર પણ કચ્છમિત્રની દેન.

કચ્છની સંસ્કૃતિના પર્યાય સમાન ભરત ગૂંથણનું કામ હોય કે હોય વિલુપ્ત થતી રોગાનકલા. કચ્છમિત્રે તેને હંમેશાં માત્ર વાચા જ નથી આપી, દિશાનિર્દેશ પણ કર્યો છે. તો પશુપાલન કરતા માલધારીઓના હિતોનું જતન પણ કર્યું જ છે. કચ્છમિત્રની પત્રકારિત્વ ક્ષેત્રની આગવી ભેટ એટલે કચ્છમિત્રનું ગ્રામીણ પત્રકારિત્વ. કચ્છના ગામડાઓના વિગતવાર સમાચાર ફોટોગ્રાફ સાથે હંમેશાં કચ્છમિત્રએ છાપ્યા જ છે, જેનું અનુસરણ હવે અન્ય અખબારો પણ કરી રહ્યા છે.

સાચું કહું તો કચ્છ વિશેની એક્સૂત્ર કે દુર્ગમતા અને વિષમતા વિશેની ગેરસમજ દૂર કરવાનું શ્રેય આપું છું હું વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદીને. એમણે આમંત્રેલા અભિનય સમ્રાટ અમિતાભ બચ્ચને ઉચ્ચારેલા વાક્ય 'કચ્છ નહીં દેખા તો કુછ નહીં દેખા'એ વિશ્વ પર્યટનની એક નવી જ દિશા કચ્છને ખોલી આપી. આજે વિશ્વભરમાં ને દેશમાં કચ્છનું વિશિષ્ટ સફેદ રણ ને રણોત્સવ તથા ભુજિયા ડુંગરનું સ્મૃતિવન વિશ્વ સમગ્રના પ્રવાસીઓને આકર્ષી રહ્યું છે. તેની મહેક અને ઝલક કચ્છીયતની સુગંધ સાથે કચ્છમિત્રએ સમગ્ર વિશ્વને પહોંચાડી છે. આમ, હેલ્થ હોય કે સાયક્લોથોન હોય, કચ્છ યુનિવર્સિટીના કાર્યક્રમો હોય કે આરોગ્ય કેમ્પો હોય કચ્છમિત્ર હંમેશાં મીડિયા પાર્ટનર તરીકે જોડાયેલું દેખાય જ.

એટલું જ પ્રદાન છે કચ્છમિત્રનું સાહિત્ય ક્ષેત્રે. કચ્છમિત્રમાં કોલમ તરીકે લખાયેલા અનેક લેખકોની કૃતિઓ આજે લોકોને ગમતા પ્રિય પુસ્તકોના સ્વરૂપમાં પલટાયેલી આપણે જોઇએ છીએ. લાંબા સમયથી લખતા અનેક ક્ષેત્રોમાં પારંગત લેખકોને કટાર સોંપી છે, તો સાહિત્ય જગતના નામનાપ્રાપ્ત લેખકોની અનેક કોલમોમાંથી બેનમૂન પુસ્તકો થયા છે.

આમ તો કચ્છમિત્ર મને નિત્યે 'નિત્યં નિત્યં નવમ્ નવમ્' લાગ્યું જ છે, જેમાં કચ્છમિત્રની પૂર્તિઓમાં સ્ત્રીજીવન વિશષ 'તેજસ્વિની' કે બાળકોના કિલ્લોલથી માંડી કચ્છમિત્ર જુનિયર, બુધવારની પરાગ પૂર્તિ કે રવિવારની મધુવન પૂર્તિ કે પછી ગુરુવારની ધાર્મિક ધર્મભૂમિ પૂર્તિ કે શુક્રવારનું ટી.વી. ફિલ્મનું 'મલ્ટી પ્લેક્સ' કૃષિમિત્ર, વ્યાપારભૂમિ બધાને પોતપોતાની વિશિષ્ટતા ને સુગંધ છે. તેમાં પ્રાણ પૂરે છે તંત્રીની કલમે લખાયેલા તંત્રી લેખો. આ ભુજ નગરને ચાહતા ને નગરઋણને ચૂકવવા તત્પર એવા સામાન્ય નાગરિકને પણ કચ્છ પ્રશ્નો વિશે વાત કરવાનું કચ્છમિત્રએ અનોખું પ્લેટફોર્મ આપ્યું છે.

# કચ્છના પ્રશ્નો વિશે વાત કરવા કચ્છમિત્ર અનોખું પ્લેટફોર્મ છે

- કચ્છમિત્રની પત્રકારિત્વ ક્ષેત્રની આગવી ભેટ એટલે કચ્છમિત્રનું ગ્રામીણ પત્રકારિત્વ : કચ્છના ગામડાઓના વિગતવાર સમાચાર ફોટોગ્રાફ સાથે હંમેશાં કચ્છમિત્રએ છાપ્યા જ છે
- હેલ્થ હોય કે સાયકલોથોન હોય, કચ્છ યુનિવર્સિટીના કાર્યક્રમો હોય કે આરોગ્ય કેમ્પો હોય કચ્છમિત્ર હંમેશાં મીડિયા પાર્ટનર તરીકે જોડાયેલું દેખાય જ




કચ્છમિત્ર ને ૭૯ મા વર્ષમાં પ્રવેશ પ્રસંગે હાર્દિક શુભેચ્છા...
શ્રી જલારામ સેવા ટ્રસ્ટ સંચાલિત
શ્રી જલારામ રોટલા કેન્દ્ર
શ્વાનોને રોટલા, પક્ષીને ચણ,
ગૌ સેવા, ટીફીન સેવા, અન્ય સેવા પ્રવૃતિઓ
દાતાઓ દ્વારા અનુદાન આવકાર્ય છે.
માંડવી-કચ્છ. મો. ૭૦૧૬૧ ૫૪૨૨૮

॥ જય જલારામ ॥
શિસ્ત-સંયમ નીડર પત્રકારિત્વનું અનુકરણ ધરાવતા 'કચ્છમિત્ર'ને ૭૯મી વર્ષગાંઠની શુભેચ્છા સહ લોકસેવાના પ્રહરી કચ્છમિત્ર સમાચાર પત્ર ઉત્તરોત્તર પ્રગતિ કરે તેવી શુભકામના...
FUN 'n' FOOD
BRIJESH THACKER - 98253 39392
Near old Railway Station, Opp. OCP Tata, Bhuj-Kutch.
M. 9638111212
Hotel Fun 'n' Food - Bhuj & Nakhtrana
ગોવિંદભાઈ ભવાનજી પલણ સમસ્ત પરિવાર-નખત્રાણા
હરિૐ એડ-નખત્રાણા

॥ શ્રી નિષ્કલંકી નારાયણ ભગવાનની જય ॥
સમાચાર પત્રોમાં લોકહૃદય વસેલા 'કચ્છમિત્ર' ભારતીય ઋષિ પરંપરાની ધાર્મિક વ્યવસ્થાને ઉજાગર કરતો તથા સમાજ કલ્યાણ લોકજાગૃતિ સેવાનો પ્રહરી લોકપ્રિય કચ્છમિત્રને ૭૯ જન્મજયંતીના અવસરે ખૂબ ખૂબ શુભકામના સહ આશિર્વચન



મહંતશ્રી શાંતિપ્રિયદાસજી મહારાજ
અધ્યક્ષ નિષ્કલંકી નારાયણધામ કોલેજ રોડ, નખત્રાણા
■ શ્રી હંસરાજભાઈ ભાણજી પારસીયા (પ્રમુખશ્રી)
■ શ્રી હરસુખભાઈ પી. રૂડાણી (મહામંત્રીશ્રી)
■ શ્રી જયંતીભાઈ નાનજી લીંબાણી (ખજાનચી)
એવમ્ સમસ્ત ટ્રસ્ટીઓ સદસ્યોના હરિ ૐ તતસત
નિષ્કલંકી નારાયણ તિર્થધામ નખત્રાણા
નોંધ : સંસ્થાનમાં પ્રસાદ તથા રહેવા માટે સંપૂર્ણ સુવિધા ઉપલબ્ધ છે. યાત્રીઓ માટે આવકાર્ય છે
હરિૐ એડ - નખત્રાણા

કચ્છના લોકજીવનના ધબકારસમા શિરમોર અખબાર કચ્છમિત્રની ૭૯મી વર્ષગાંઠ પ્રસંગે હાર્દિક શુભકામનાઓ...
શેઠ ગોકલદાસ હંસરાજ મેમોરિયલ ટ્રસ્ટ-માંડવી

ભોજાય મધ્યે ચાતુર્માસ બિરાજમાન
પ. પૂ. નરેશમુનિ 'આનંદ' મ.સા. તથા
પ. પૂ. ઓજસમુનિ 'મંગલ' મ.સા. દ્વારા
www.vyasan-mukti.com
કચ્છમિત્રને ૭૯મા વર્ષમાં પ્રવેશ પ્રસંગે હાર્દિક શુભેચ્છા
ડો. દિનેશ એમ. જોષી (પ્રમુખ) | દિનેશ એમ. શાહ (મંત્રી) | જયેશ જી. શાહ (ઉપપ્રમુખ)
પૂ. નરેશમુનિ પ્રેરિત વ્યસન મુકિત અભિયાન-માંડવી

દૈનિક કચ્છમિત્રને ૭૯મા વર્ષે મંગળ પ્રવેશ પ્રસંગે હાર્દિક શુભકામનાઓ....
શ્રી સારસ્વતમ્ પરિવાર
માંડવી-કચ્છ
જૂની પોસ્ટ ઓફિસ રોડ, ભીડ ગેટ અંદર, માંડવી-કચ્છ. ૩૭૦ ૪૬૫.
ફોન નાં. (૦૨૮૩૪-૨૨૩૦૧૭)
સંસ્થાને આપવામાં આવતું દાન ૮૦ જી હેઠળ કરમુક્તિને પાત્ર છે.
Email : saraswatam@gmail.com, Website :- www:http://saraswatam.org

કચ્છમિત્રને ૭૯મી વર્ષગાંઠ પ્રસંગે હાર્દિક શુભકામનાઓ...
LAVISH LIVING
EXCLUSIVE HOME FURNISHINGS
Kalp Morabiya - 99093 58281
Dhairya Morabiya - 97129 18081
Plot No. 383, Sector-1/A, Mamlatdar Street, GANDHIDHAM-KUTCH
Customer Care No. 97129 10981
DARSHAN WOOD
The World of Hardware, Laminates & Plywood
Manish Morabiya - 98252 30981
Vishal Pomal - 99989 52545
2, Amrut Ashish, Vivekanand Society, Baroi Road, MUNDRA-KUTCH.
Customer Care No.87809 07549
કે.ડી. પબ્લિ., મુંદરા

# કચ્છનું ઉચ્ચ શિક્ષણ આધુનિકતા સાથે તાલ મિલાવશે

- નેકની માન્યતા બાદ મેકઓવર માટે કચ્છ યુનિ. સજ્જ
- એઆઇ ટેક્નોલોજીનો ઉપયોગ કરી સ્થાનિકે આધુનિક ઢબનું શિક્ષણ અપાશે
- ચાર એક્સટર્નલ કોર્સ સાથે પાંચ ક્ષેત્રમાં અભ્યાસક્રમો શરૂ કરવા પર કરાયું ધ્યાન કેન્દ્રિત
- ઓનલાઇન સુવિધાનો વ્યાપ વિસ્તારાશે
- સંશોધનાત્મક પ્રવૃત્તિઓને વેગ અપાશે
- ઉદ્યોગોની જરૂરિયાત અનુસારના તાલીમબદ્ધ યુવાનો તૈયાર કરાશે

ઉચ્ચ શિક્ષણ
હેમાંગ પટ્ટણી

એક સમય હતો કે, જ્યારે કચ્છ શૈક્ષણિક ક્ષેત્રે ઘણું પછાત હતું. ૨૦૦૩ની સાલમાં કચ્છને સ્વતંત્ર યુનિ. મળ્યા બાદ બે દાયકાની લાંબી મજલ કાપ્યા બાદ આ યુનિ.ને નેકની માન્યતા તાજેતરમાં મળી છે. કચ્છ જ્યારે દરેક ક્ષેત્રે મેકઓવર કરી રહ્યું છે, ત્યારે આગામી સમયમાં કચ્છનું ઉચ્ચ શિક્ષણ આધુનિક ટેક્નોલોજી સાથે કદમથી કદમ મિલાવી હરણફાળ ભરવા સજ્જ બની ગયું છે. ખાસ કરીને વિવિધ કોર્સમાં એઆઈ એટલે કે, આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સનો ઉપયોગ કરી વિદ્યાર્થીઓને સ્થાનિકે જ આધુનિક ઢબનું શિક્ષણ મળે અને તે કૌશલ્યવર્ધન થાય તે દિશામાં ધ્યાન કેન્દ્રીત કરવામાં આવ્યું છે.

### કચ્છના ઉચ્ચ શિક્ષણની વર્તમાન સ્થિતિ

કચ્છને મળેલી સ્વતંત્ર યુનિ. હવે તેના યુવા અવસ્થાના તબક્કામાં પહોંચી છે. કચ્છમાં હાલ બાવન જેટલી કોલેજ અને ૧૯ જેટલા અનુસ્નાતક ભવન કાર્યરત છે, તેમાં દર વર્ષે ૨૧,૦૦૦ જેટલા છાત્ર પ્રવેશ મેળવે છે.

### આ શૈક્ષણિક વર્ષથી જ ચાર એક્સટર્નલ કોર્સ

કચ્છના આદ્ય ક્રાંતિવીર પંડિત શ્યામજી કૃષ્ણવર્માનાં નામ સાથે જોડયેલી કચ્છ યુનિ.ને નેકની માન્યતા મળવાની મોટી ઉપલબ્ધી પ્રાપ્ત થઈ છે. નેકની માન્યતા મળ્યાના પ્રથમ સફળ પરિણામરૂપે આ શૈક્ષણિક વર્ષથી બીએ, બી.કોમ., એમ.એ. અને એમ.કોમ.ના એક્સટર્નલ કોર્સ શરૂ કરવામાં આવશે. ગયા વર્ષે કન્યાઓ ઉચ્ચ શિક્ષણથી વંચિત ન રહે એ માટે ધોળાવીરા, આડેસર, ખાવડા, પાનધ્રો અને ગઢશીશામાં એક્સટેન્શન સેન્ટર શરૂ કર્યા છે. હજુ આવાં બીજાં સેન્ટર ખોલવાનું આયોજન છે, પણ એક્સટર્નલ કોર્સ શરૂ થતાં આ સેન્ટર પરનું ભારણ ઘટવાનું છે.




### નેકનો ગ્રેડ સુધારવો અગ્રીમ પ્રાથમિકતા

ક્રાંતિગુરુના નામ સાથે જોડાયેલી કચ્છ યુનિ.ને તેની સ્થાપનાના ૨૨ વર્ષ બાદ 'સી' ગ્રેડ સાથે નેકની માન્યતા મળી છે. નેકની માન્યતા મળવી એ મોટી સિદ્ધિ ગણાય, ત્યારે હવે પછીની યુનિ.ને નેકનો ઉચ્ચ ગુણાંકનો ગ્રેડ મેળવવાની નેમ છે.

### કચ્છની તાસીર અનુસારના અભ્યાસક્રમો શરૂ થશે

યુનિ.ના કુલપતિ પદે એક વર્ષ પહેલાં જ પદભાર સંભાળનારા ડો. મોહનભાઈ પટેલે કચ્છના શિક્ષણક્ષેત્રના થઈ રહેલા મેકઓવર પર વિશેષ પ્રકાશ પાડતાં કહ્યું કે, કચ્છની તાસીર અનુસારના અભ્યાસક્રમો આગામી સમયમાં શરૂ થશે. અમે ખેતી, પશુપાલન, પ્રવાસન, ઉદ્યોગ, હસ્તકલા ક્ષેત્ર પર વિશેષ ધ્યાન કેન્દ્રીત કર્યું છે, તો કચ્છ એ સરહદી જિલ્લો હોઈ અહીં સરહદી સલામતી સંબંધી કોર્સ પણ શરૂ કરવામાં આવશે.

### એઆઈ સહિતની આધુનિક ટેક્નોલોજીનો ઉપયોગ

કચ્છના ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે આમૂલ પરિવર્તન થઈ રહ્યું છે. નવા કોર્સ શરૂ કરવા સાથે તેમાં એઆઈ સહિતની આધુનિક ટેક્નોલોજીનો ઉપયોગ કરવામાં આવશે. આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સનો વ્યાપ વિસ્તરી રહ્યો છે, ત્યારે આ નવીનત્તમ ટેક્નોલોજીના માધ્યમથી કચ્છના છાત્રો પગભર બને તેવા પ્રયાસો કચ્છ વિશ્વ વિદ્યાલય દ્વારા આગળ ધપાવાઈ રહ્યા છે.

### ઓનલાઈન સુવિધાનો વ્યાપ વિસ્તારાશે

કચ્છમાં સૌથી ઝડપી ઈન્ટરનેટ જોડાણની લીડ સર્કિટ ધરાવતી કચ્છ યુનિ. દ્વારા વિદ્યાર્થીલક્ષી અભિગમ દેખાડી ઓનલાઈન સુવિધાનો વ્યાપ વિસ્તારવામાં આવશે. ડુપ્લીકેટ સર્ટિફિકેટ, માઈગ્રેશન અને કેરેક્ટર સર્ટિફિકેટ મેળવવા માટે યુનિ. સુધી આવવું જ ન પડે, તેવી વ્યવસ્થા ગોઠવવામાં આવી રહી છે. યુનિ.ની વેબસાઈટને પણ ડાયનેમિક લુક આપવામાં આવી રહ્યો છે.

### સંશોધન પ્રવૃત્તિઓને વેગ મળશે

કચ્છ યુનિ.ને નેકની માન્યતા મળ્યા બાદ હાલ મળતી ગ્રાન્ટમાં પણ અનેકગણો વધારો થવાનો છે. ખાસ કરીને નવાં સાધનો ખરીદવા સહિતની કામગીરી હાથ ધરવામાં આવશે, જેના કારણે કચ્છ યુનિ.માં સંશોધન પ્રવૃત્તિને વેગ મળશે.

### માળખાકીય સુવિધાઓનો વિકાસ કરાશે

મેકઓવરના ભાગરૂપે કચ્છ યુનિ.ની પણ કાયાપલટ કરવામાં આવી રહી છે. ૨૦ કરોડથી વધુના ખર્ચે વિશાળ ઑડિટોરિયમ, સ્પોર્ટસ કોમ્પ્લેક્સ, ગ્રીન કોમ્પ્લેક્સ કરવા સહિતની માળખાકીય સુવિધાઓ વિકસાવાશે.

### કચ્છમાં રહો કચ્છમાં ભણોનું વિશેષ અભિયાન ચલાવાશે

કચ્છમાં પૂરતી શૈક્ષણિક સુવિધાઓ ઉપલબ્ધ છે, ત્યારે કચ્છના છાત્રો કચ્છમાં જ રહી અને અહીં જ ભણે, તે માટે વિશેષ અભિયાન ચલાવાશે. આ માટે જિલ્લા શિક્ષણ વિભાગ સાથે પણ બેઠક કરવામાં આવી છે. આ અભિયાનથી કચ્છના વાલીઓ પર આવતો મોટો આર્થિક બોજ નિવારી શકાશે, તો કચ્છમાં છાત્રોના પ્રવેશનો આંક ઊંચકાશે.

### કચ્છના છાત્રો કૌશલ્યવાન બનાવાશે : કુલપતિ

કુલપતિ ડો. મોહનભાઈ પટેલે કહ્યું કે, અમે કચ્છના છાત્રોને કૌશલ્યવાન બને એ દિશામાં કાર્ય કરી રહ્યા છીએ. ખાસ કરીને ઔદ્યોગિક વિકાસ બાદ ઉદ્યોગની જરૂરિયાત અનુસારના સ્કિલ્ડ યુવાનો તૈયાર થાય એ પ્રકારના રોજગારલક્ષી કોર્સ શરૂ કરવામાં આવશે. કચ્છ યુનિ.ને નેકની માન્યતા મળતાં એક મજબૂત પીઠબળ પ્રાપ્ત થયું છે, જે કચ્છ યુનિ.ના આગામી દાયકાના વિકાસ માટે અતિ મહત્ત્વનું બનશે.






# કચ્છના સર્વાંગી વિકાસમાં કૃત્રિમ બુદ્ધિ-આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સની ભૂમિકા

ટેક્નોલોજી
ડો. અમર મહેતા

કચ્છ એક અનેક ભૂ-સંપદા તથા અનોખી ભૌગોલિક પરિસ્થિતિ ધરાવતો વિશિષ્ટ પ્રદેશ છે, જેને આપણે ખુલ્લી પ્રયોગશાળા તરીકે પણ જોઈ શકીએ. આજના ડિજિટલ યુગમાં કૃત્રિમ બુદ્ધિ એટલે કે Artificial Intelligence (AI) એ વિવિધ ક્ષેત્રોમાં ક્રાંતિ લાવી રહી છે. કૃષિથી લઈને આરોગ્ય, શિક્ષણથી લઈને ઉદ્યોગસર્જન અને પ્રશાસનથી લઈને પર્યાવરણ સુધી, ટૂરિઝમથી લઈ હેન્ડીક્રાફ્ટ એવા દરેક ક્ષેત્રે એઆઇ નવી દિશા અને દૃષ્ટિકોણ આપી રહી છે. ખાસ કરીને ગુજરાત અને કચ્છ જેવા વિસ્તારોમાં એઆઇનો અસરકારક ઉપયોગ વિકાસને વધુ ઝડપી અને સુદૃઢ બનાવવાની ક્ષમતા ધરાવે છે.

Artificial Intelligence (એઆઇ)ના મહત્ત્વના લાભો છે. જેવા કે, સમય, પૈસા તથા ઊર્જાને બચાવ, કામની એક્યુરેસી, સુગમતા, અસાધારણ બુદ્ધિનો અસરકારક ઉપયોગ, સમય સ્થિતિને અનુરૂપ સુજાવ, કાર્યો તથા વર્તન તથા ઇન ટાઇમ એપ્લીકેશન જેનો મતલબ છે સંજોગોને અનુરૂપ ત્વરિત સમાધાન. માનવીય ભૂલોથી મુક્તિ. આજના જમાનાની આ ફેન્સી ટર્મ એ આવનારા સમયમાં મોટા-મોટા બદલાવ લાવશે, તેમાં બે મત નથી, જેમાંથી કચ્છનો સર્વાંગી વિકાસ પણ બાકાત નહીં રહે. આજે વિવિધ ક્ષેત્રે એઆઇનો ઉપયોગ શક્ય બન્યો છે.




### ૧. કૃષિ ક્ષેત્રમાં એઆઇ

કચ્છનો મોટો હિસ્સો કૃષિ પર આધારિત છે. અહીં એઆઈ આધારિત સિંચાઈ પદ્ધતિઓ, ફસલ નિયંત્રણ, માવઠાંની ભવિષ્યવાણી અને જમીનના આંકડાઓના આધારે પાકની પસંદગીને આધુનિક બનાવવા માટે ઉપયોગ થઈ શકે છે. ડ્રોન અને સેન્સર ટેક્નોલોજી દ્વારા ખેડૂત ઓન ટાઇમ માહિતી મેળવી શકે છે, જેના આધાર પર ઉત્પાદન અને આવકમાં વધારો શક્ય છે.

### ૨. આરોગ્ય અને તાત્કાલિક સેવા ક્ષેત્ર

કચ્છનો વિસ્તાર ખૂબ વિસ્તૃત છે અને કેટલાક વિસ્તાર દુર્ગમ છે. એઆઇ આધારિત ટેલિ-મેડિસિન, ચેટબોટ અને ડાયગ્નોસ્ટિક સિસ્ટમો દૂર બેઠેલા દર્દીઓને પણ શ્રેષ્ઠ આરોગ્યસેવા આપી શકે છે. એઆઇ દ્વારા રોગની ઝડપથી ઓળખથી માનવીય ભૂલમાં ઘટાડો થાય છે.

### ૩. શિક્ષણ ક્ષેત્રમાં ડિજિટલ પદ્ધતિ

એઆઇ આધારિત શિક્ષણ પદ્ધતિઓથી વિદ્યાર્થીઓ માટે વ્યક્તિગત અભ્યાસક્રમ, વર્ચ્યુઅલ ટ્યુટર્સ અને બોલી ઓળખીને શીખવાડતી એપ્સ વિકસાવવામાં આવી શકે. કચ્છના ગ્રામ્ય વિસ્તારમાં પણ આ આધુનિક સાધનો ઉપયોગમાં લેવાય, તો શિક્ષણની ગુણવત્તા અને પહોંચ બંનેમાં વધારો થશે. એઆઈના ઉપયોગથી સમયનો કોઈ બાધ રહેતો નથી.

### ૪. કચ્છના ઔદ્યોગિક વિકાસમાં એઆઇ

એઆઇ વડે સ્માર્ટ મેન્યુફેક્ચરિંગ, સપ્લાય ચેઈન મેનેજમેન્ટ અને ડેટા એનાલિટિક્સ દ્વારા ઉદ્યોગોના ખર્ચમાં ઘટાડો અને ગુણવત્તામાં વધારો થઈ શકે છે. ભુજ, ગાંધીધામ, મુંદરા જેવા વિસ્તારોમાં નાના અને મોટા ઉદ્યોગોને એઆઈ ટેક્નોલોજીથી નવી ઊંચાઈ આપી શકાય છે.

### ૫. પર્યાવરણ અને આપત્તિ વ્યવસ્થાપન ક્ષેત્ર

એઆઇ દ્વારા વાતાવરણનું પૂર્વાનુમાન, ભૂકંપ અને વાવાઝોડાંની ચેતવણી અને જળ સ્રોતોની યોગ્ય વ્યવસ્થા જેવી પર્યાવરણ સંભાળની કામગીરી પણ શક્ય બને છે. કચ્છ જેવો વાતાવરણના દૃષ્ટિકોણે સંવેદનશીલ જિલ્લો એઆઈનો યોગ્ય ઉપયોગ કરીને લોકોના જીવ અને સંપત્તિને સુરક્ષિત બનાવી શકે છે.

> કૃષિથી લઈને આરોગ્ય, શિક્ષણથી લઈને ઉદ્યોગસર્જન અને પ્રશાસનથી લઈને પર્યાવરણ સુધી, ટૂરિઝમથી લઈ હેન્ડીક્રાફ્ટ એવા દરેક ક્ષેત્રે એઆઇ નવી દિશા અને દૃષ્ટિકોણ આપી રહ્યું છે

### ૬. ટૂરિઝમ અને હેરિટેજ સંરક્ષણ ક્ષેત્ર

કચ્છનો સંસ્કૃતિક વારસો અને કુદરતી સૌંદર્ય ટૂરિસ્ટને આકર્ષે છે. એઆઇ આધારિત વર્ચ્યુઅલ ટૂર ગાઇડ, ટ્રાફિક મેનેજમેન્ટ અને ટૂરિસ્ટ એનાલિટિક્સ દ્વારા પ્રવાસીઓને વધુ સારી સુવિધા અને સંસ્થાઓને વધુ સારું આયોજન મળી શકે છે.

### ૭. કલા અને સાહિત્ય ક્ષેત્રમાં એઆઇનો ઉપયોગ

કચ્છનો સંસ્કૃતિક વારસો કલા અને સાહિત્યના ઉન્નત સ્વરૂપથી પરિપૂર્ણ છે. અહીંના વારસાગત હસ્તકલા, લોકસાહિત્ય, લોકગીતો અને શિલ્પકલા વિશ્વપ્રસિદ્ધ છે. કૃત્રિમ બુદ્ધિ (એઆઇ) દ્વારા આ કલા અને સાહિત્યનું સંરક્ષણ, સંવર્ધન અને પ્રસારણ શક્ય બની શકે. એઆઈ આધારિત ભાષા અનુવાદક-કચ્છી, ગુજરાતી જેવી સ્થાનિક ભાષાઓમાંથી હિન્દી-અંગ્રેજી ભાષામાં અનુવાદ કરી શકાય છે, જેના દ્વારા કચ્છનું સાહિત્ય વૈશ્વિક સ્તરે પહોંચી શકે છે. ડિજિટલ આર્કાઇવિંગ : એઆઇની મદદથી હસ્તલિખિત પાંદડાઓ, જૂની પુસ્તકો, ગીતો અને કાવ્યને ડિજિટલ ફોર્મમાં સાચવી શકાય છે. કલાપ્રદર્શન અને ડિઝાઇન : એઆઇ પરથી ચાલતી ડિઝાઇન ટૂલ્સ દ્વારા કચ્છી ભરતકામ, પોટ્રેટ પેઇન્ટિંગ, બ્લોક પ્રિન્ટ વગેરેને આધુનિક રૂપ આપી શકાય છે. સાહિત્ય સર્જન : Generative એઆઇની મદદથી વાર્તાઓ, કવિતાઓ અને લોકકથાઓનું રેખાંકન અને નવી રચના થઈ શકે છે.

કૃત્રિમ બુદ્ધિ એકમાત્ર તક નથી, તે એક ક્રાંતિ છે. જો યોગ્ય રીતે ઉપયોગ થાય, તો એઆઇ કચ્છના લોકોના જીવનમાં અમૂલ્ય બદલાવ લાવી શકે છે. સરકાર, શૈક્ષણિક સંસ્થાઓ અને સ્થાનિક ઉદ્યોગોને મળીને આ ટેક્નોલોજીનો વ્યાપક ઉપયોગ કરવો જોઇએ, જેથી ગુજરાત અને ખાસ કરીને કચ્છનો સર્વાંગી વિકાસ ઝડપી થાય.

(લેખક કચ્છ યુનિવર્સિટીના કોમ્પ્યુટર વિભાગમાં સિસ્ટમ એન્જિનીયર છે)









# હાણે ખીચેવારી ખુચ નિકરી વિઇ...

## કોને ખબર હતી કે, ખિસ્સામાં પૈસા નહીં ને બધાં કામ થઇ જાય


આનંદ પટેલ
કલેક્ટર


ઉત્સવ ગૌતમ
ડી.ડી.ઓ.


સંદીપકુમાર
મુખ્ય વનસંરક્ષક


કમલેશ દવે
મેનેજર, સ્ટેટ બેંક

**વહીવટી સેવા**
- ગિરીશ જોશી

રેકર્ડ નથી મળતું, મળી જશે એટલે કામ થઇ જશે... આવા જવાબો સરકારી કોઇ પણ કચેરીમાં પહેલાં હાજર મળતા, પરંતુ રેકર્ડ ગુમ થવાની વાત એ ભૂતકાળ બની ગઇ છે. આજ સાચા અર્થમાં મુલકનો મેકઓવર એટલે કે સરકારી સિસ્ટમનો બદલાવ છે. કેમ કે હવે સરકારની મોટાભાગની યોજનાઓ અને સરકારી દસ્તાવેજનું ડિજિટલાઇઝેશન થઇ ગયુ હોવાથી કોમ્પ્યુટરમાં કે મોબાઇલમાં એક ક્લિક કરો ને યોજનાનો લાભ લઇ શકાય છે.

કચ્છની વાત કરીએ તો રાજ્યના અન્ય જિલ્લાઓ કરતાં કચ્છ જિલ્લાની ભૌગોલિક પરિસ્થિતિ જુદી હોવાથી સરકારી આંટીઘૂંટી પણ જુદી જ છે એ સ્વાભાવિક છે. કોમ્પ્યુટર અને મોબાઇલનું આગમન થતાં સૌથી વધુ લાભ સરકારી યોજનાઓને મળ્યો છે એ હકીકત છે.

માળખાંકીય સુવિધાઓ થકી થયેલો વિકાસ એ માત્ર એક જ બદલાવ નથી, પરંતુ લાભાર્થીઓ સુધી યોજના પહોંચાડવામાં ઝડપ આવે એ પણ એક પ્રકારે મેકઓવર છે. આ વાત જિલ્લાના કલેક્ટર આનંદ પટેલને પૂછી, કેમ કે, મહેસૂલી વડા તો છે, પરંતુ જિલ્લાના સમાહર્તાના નાતે તમામ વિભાગોનું સંકલન કરવાની પણ તેમના શિરે જવાબદારી છે.

### એક ક્લિકમાં રેકર્ડ

ભૂતકાળમાં એવું હતું કે, ક્યાંય કોઇ આપદા આવતી તો સરકારી વિભાગોના જૂના રેકર્ડને અસર થતાં બહુ જ મુશ્કેલી થતી હતી. તેમણે કચ્છના ભૂકંપનો પણ દાખલો આપ્યો હતો, પરંતુ ૨૦૦૧ પછી તમામ સરકારી વિભાગોનાં રેકર્ડ ડિજિટલ ધોરણે સાચવવાનો નિર્ણય લેવાતાં લાખોની સંખ્યામાં દસ્તાવેજને સ્કેન કરી કોમ્પ્યુટરમાં સાચવવામાં આવ્યા છે.

### એની આર.ઓ.આર.

મહેસૂલ વિભાગને લાગે ત્યાં સુધી હવે આ એક એની આર.ઓ.આર. નામની એપ્લિકેશનમાંથી મિલકતધારકો કે ખેડૂતો પોતાની મિલકતની તમામ માહિતી મોબાઇલમાં ઘેરબેઠા પણ જોઇ શકે છે.

### ખેડૂતોને લાભ

ખેતીવાડીને લગતા ૭/૧૨, ૬-અ, હક્કપત્રક, નોંધ વગેરેનું ડિજિટલાઇઝેશન થયું એ જ મોટો મેકઓવર છે. એકસાથે લાખોની સંખ્યામાં જૂના જર્જરિત દસ્તાવેજ સ્કેન થઇ ગયા ને ખેડૂત જાતે જ પોતે ચકાસી શકે છે. ભૂતકાળમાં ૭/૧૨ના ઉતારા મેળવવામાં દૂર સુધી લાંબા થવું પડતું, પરંતુ હવે જે -તે ગામમાં જ ગ્રામ પંચાયતમાં નકલ મળી શકે. ઉપરાંત તપાસ કરવા તો પોતાના મોબાઇલમાં જ જોઇ શકાય છે. તેના ફાયદા એ થયા કે ગેરરીતિ થતી અટકી ગઇ, બોગસ વેચસાટ બંધ થઇ ગયા છે.

### સ્વામીત્વ યોજના મોટી

કલેક્ટર કહે છે કે, ગ્રામ કક્ષાએ સ્વામીત્વ યોજના શરૂ થઇ ગઇ હોવાથી ગામડાંઓમાં મિલકતનો આધાર એકમાત્ર ગ્રામ પંચાયતના આકરણી રજિસ્ટર છે પરંતુ હવે એક-એક મિલકતનો સર્વે થયો ને માપણી સાથે કોમ્પ્યુટરમાં સમાવેશ થઇ ગયો છે.

કચ્છમાં બે લાખ જેટલી રહેણાકની મિલકતોની માપણી થઇ ગઇ હોવાથી ગામડાંઓમાં હાલ તો આડેધડ વહીવટ અટકી ગયો છે. આ એક મોટો બદલાવ કહી શકાય છે. ગામડાંના મકાન માલિકને પ્રોપર્ટી કાર્ડ મળતાં થઇ ગયાં, આ જ તો સાચા અર્થમાં મુલકનો મેકઓવર હોવાનું શ્રી પટેલે જણાવ્યું હતું.

### ગામડાના લોકોને લોન

ગામડાંના મકાનમાલિકને આધાર-પુરાવા મળતા થઇ જતાં બેંક લોન મળતી થઇ જાય છે. આ પહેલાં ક્યાં હતું કેમ કે માલિકીના કોઇ પુરાવા જ ન હતા.

### ડાયરેક્ટ બેંક ટ્રાન્સફર

વિધવા સહાય, વૃદ્ધ પેન્શન કે અન્ય કોઇ સરકારી સબસિડી પહેલાં પોસ્ટ મારફતે હાથોહાથ મળતી, તેમાં અનેક ગૂંચવડો ઊભી થતી, હવે તો પહેલી તારીખ આવે જે-તે લાભાર્થીના બેંક ખાતામાં ડાયરેક્ટ સહાય જમા થઇ જાય છે ને અરજદારને મોબાઇલમાં મેસેજ આવી જાય છે એમ તેમણે જણાવ્યું હતું.

### ૧૫ લાખ પાનાં કચકડે મઢાયાં

મહેસૂલી રેકર્ડ જ્યારે કોમ્પ્યુટરમાં દાખલ કરવામાં આવ્યા ત્યારે કચ્છમાં ૧૫.૧૧ લાખ ૭/૧૨, ૮-અ સહિતના મહેસૂલી આધારોના પાનાં સ્કેન કરી ડિજિટલી અપલોડ કરવામાં આવ્યા છે એમ જણાવતાં કલેક્ટર આનંદ પટેલ કહે છે કે, હવે આ ૭/૧૨ સહિતના ઉતારા કોમ્પ્યુટરની એક ક્લિકમાં ગ્રામ પંચાયતથી માંડી ઇ-ધરા વગેરે સ્થળે નીકળી રહ્યા છે. પાછલા એક વર્ષમાં ૨૭.૨૨ લાખ નકલો કચ્છમાંથી કાઢવામાં આવી હતી. એવી જ રીતે સ્વામીત્મ યોજના હેઠળ ૧૯.૭૬ હજાર પ્રોપર્ટી કાર્ડ આપવામાં આવ્યા છે.


કચ્છની મામલતદાર કચેરીઓના જનસેવા કેન્દ્રમાંથી ઓનલાઇન સેવાનો લાભ લેવા આ રીતે અરજદારોનો જમાવડો જોવા મળે છે. પ્રસ્તુત તસવીર ભુજની છે. (તસવીર : હર્ષદ ચૌહાણ)

- સરકારી કે બેંકોમાં આવેલા ડિજિટલ સ્વરૂપથી ધરખમ બદલાવ આવ્યો
- ૨૭.૨૨ લાખ ખાતેદારે એક વર્ષમાં ૭/૧૨ કે અન્ય ઉતારા મેળવ્યા
- બે મહિનામાં ગ્રામ્ય મિલકતધારકોએ ૩૨.૨૨ કરોડ વેરા ઓનલાઇન ભરી નાખ્યા
- વિવિધ વિભાગોનાં નવાં સ્વરૂપના ફાયદા પણ જોવા મળ્યા : વરસાદી પેટર્ન પણ તેનો જ દાખલો
- બેન્કિંગ ક્ષેત્રે મોટા આંકડા સામે આવ્યા : ત્રણ મહિનામાં કચ્છમાં ૬૫૦૦ કરોડની ઓનલાઇન લેવડ-દેવડ

### પંચાયતી વહીવટ અદ્યતન

કચ્છના ૯૦૦ જેટલા ગામડાંઓના અરજદારો માટે શું બદલાવ થયો છે એ જાણવા જિલ્લા વિકાસ અધિકારી ઉત્સવ ગૌતમને પૂછતાં ગ્રામ કક્ષાએ મળતી અદ્યતન સેવાઓની માહિતી આપી હતી.

### ગામડાંના વેરા ઓનલાઇન

ડી.ડી.ઓ.ના કહેવા પ્રમાણે ગામડાંના અરજદાર ગ્રામ પંચાયતમાં જાય તો તેના મિલકત, લાઇટ, સફાઇ સહિતના વેરા ઓનલાઇન ભરપાઇ થાય છે જેની માહિતી ગ્રામ સુવિધા પોર્ટલ પર ઉપલબ્ધ હોવાથી ભારત સરકાર પાસે પણ સરળતાથી માહિતી મળી જાય છે.

### ૩૨ કરોડની વસૂલાત

ગામડાંના મિલકતધારકોના વેરા ઓનલાઇન ભરવાનું શરૂ થતાં છેલ્લા બે મહિનાના આંકડા આપતાં તેમણે જણાવ્યું કે, રૂા. ૩૨.૨૨ કરોડ ઓનલાઇન ભરણું થયું છે આ જ મોટો બદલાવ છે. એવી જ રીતે આ ઓનલાઇન સેવાના અનેક લાભ-ફાયદા જોવા મળે છે. કચ્છના ૧,૬૧,૪૫૫ ખેડૂત નોંધાયેલા છે જેઓને બે હજારનો હપ્તો ચાર મહિને ડાયરેક્ટ ખાતામાં જમા થઇ જાય છે એવી માહિતી પણ આપી હતી. ગ્રા.પં. કક્ષાએ અપાતી ડિજિટલ સેવાનો લાભ છેલ્લા એક વર્ષમાં ૨,૦૭,૫૦૦ લાભાર્થીઓ લઇ ચૂક્યા છે. ૬.૯૫ લાખ લાભાર્થીઓએ રાશનકાર્ડમાં ઇ-કેવાયસી કરાવ્યું છે. આ ટેક્નોલોજીની કમાલ છે.

### જન્મ-મરણ ઓનલાઇન

જિલ્લા પંચાયત આરોગ્ય વિભાગ હસ્તક જન્મ-મરણની નોંધ પણ ઓનલાઇન થાય છે જે એક ક્લિક કરતાં જ માહિતી મળી જાય છે. ૨૦૨૪ના વર્ષમાં ૪૩૩૨૨ જન્મના દાખલા આપવામાં આવ્યા છે તો ૧૫૦૯૯ મૃત્યુનાં પ્રમાણપત્ર આપવામાં આવ્યાં છે.

### વરસાદ નિયમિત થયો

ઘણા લોકોને સવાલ થતા હોય છે કે વન વિભાગ દ્વારા શું કામગીરી થતી હશે, પરંતુ છેલ્લા એક દાયકામાં જુઓ વન લહેરાતાં થતાં કચ્છમાં વરસાદ પણ નિયમિત વરસી રહ્યો છે તેવું કચ્છના મુખ્ય વન સંરક્ષક સંદીપ કુમારે જણાવ્યું હતું.

વન વિભાગે પણ હવે આધુનિક ટેક્નોલોજીનો ઉપયોગ કરી નવાં પરિણામ લાવે છે. કચ્છમાં વ્યાપક પ્રમાણમાં વૃક્ષારોપણ, વાઇલ્ડ લાઇફ, જાનવરોનું પુનઃ સ્થળાંતર વગેરે ઉપરાંત જંગલોનો વધારો કરવા ટેક્નોલોજીના પ્રયોગ કરવામાં આવે છે, જેથી કચ્છના વનતંત્રમાં મોટો તફાવત હવે જોવા મળે છે.

### અગાઉ તકલીફો હતી

પોતાના ૨૨ વર્ષના અનુભવ તાજા કરતાં સંદીપકુમાર કહે છે કે, ૧૦ વર્ષ પહેલાં ઘણી તકલીફો હતી, પણ હવે જેમ લોકોની અપેક્ષા વધી છે તેમ જંગલખાતાં અને નાગરિકો વચ્ચે જોડાણ વધ્યું છે.

લોક ભાગીદારીથી કામો થવાં લાગ્યાં છે. નાના વન કવચ, માઇક્રો ફોરેસ્ટ જેવી નવી-નવી યોજના થકી રાજ્યના અન્ય જિલ્લાઓ કરતાં કચ્છમાં વૃક્ષારોપણ પ્રવૃત્તિ વધુ છે.

### અભયારણ્યની સુરક્ષા

લોકોની વચ્ચે જવાથી કચ્છના અભયારણ્યોની સુરક્ષામાં વધારો થયો છે. ગીરની જેમ અહીં લોકો સહકાર આપે છે. કચ્છમાં વૃક્ષોનો વધારો થવાના ફાયદા લોકો સમજતા થયા છે. વડી વન વિભાગની સાથે પ્રવાસનની તકો વિકસી છે. છારીઢંઢ, ધોરડો, બન્ની ગ્રાસલેન્ડ, રોડ ટુ હેવનના દાખલા પણ તેમણે આપ્યા હતા.

### દેશનું મોટું અભયારણ્ય

તેમણે માહિતી આપતાં કહ્યું કે, બહારના જાનવરોને કચ્છના જંગલ, અભયારણ્યમાં વસાવવાની શરૂઆત થઈ છે. આ

(જુઓ પાનું ૬)

કચ્છમિત્ર ને ૭૯ મા વર્ષમાં પ્રવેશ પ્રસંગે હાર્દિક શુભેચ્છા...

કીર્તિ બી. ગોર
ઉપપ્રમુખ : માંડવી તા. ભાજપ
પૂર્વસરપંચ : મસ્કા ગ્રામ પંચાયત
મસ્કા, તા.માંડવી-કચ્છ.
Mo.98253 85585

૭૯ મા
જન્મદિવસ નિમીતે
'કચ્છમિત્ર'
ને ખૂબ ખૂબ શુભેચ્છાઓ...

એડવોકેટ ધર્મેન્દ્ર શામજીભાઈ જેસર

કુલદિપ ચમનભાઈ મોડ
શિવ પારસ ગ્રુપ-મુન્દ્રા

કચ્છનો ધબકાર અને જાંબાઝ 'કચ્છમિત્ર'ને શુભેચ્છાઓ
HOTEL SHIVA INN & RESORT
OM ORBIT
HOTEL FOUR WAY

શિવરાજ કરશનભાઈ બારોટ
M.D.

ઓમ શિવરાજ ગઢવી
Director
ઓમ ઓરબિટ મોલ-મુંદરા
હોટેલ શિવા-ઈન-મુંદરા
આરાધ્ય થ્રી-સ્ક્રીન મલ્ટિપ્લેક્સ-મુંદરા
હોટેલ ફોર-વે-મુંદરા
આરાધ્યા પ્રિ-પ્રાઈમરી સ્કૂલ-મુંદરા
ખોડિયાર ફાઉન્ડેશન-મુંદરા
આરાધ્યા ફૂટવેર (ખાદીમ-બાટા)-મુંદરા
Ten 11 ફિટનેસ જીમ-મુંદરા
Corpo. Office : Opp. Om Orbit Mall & Multiplex
Adani Port Road, Mundra-Kutch
કે.ડી. પબ્લિ., મુંદરા

Celebrating
79
Years of Trusted Journalism
Congratulations to
Kutch Mitra
on completing 79 remarkable years of service to Kutch.
+
Your dedication to truth and community has stood the test of time.
Wishing you continued success ahead.
Hotel Surbhi Group
Surbhi Group, Mundra
Real Estate | Hospitality | Apparel | Logistic
કે.ડી. પબ્લિ., મુંદરા

કચ્છના લોકપ્રિય અખબાર કચ્છમિત્રને
૭૯માં જન્મ દિવસ નિમિત્તે શુભેચ્છાઓ
યશ ગ્રીન®
બાગાયત અને પર્યાવરણ સર્વિસ
ISO 9001:2015 સર્ટિફાઈડ કંપની
( સરકાર માન્ય )
- લેન્ડસ્કેપિંગ - ડિઝાઈન અને ઈન્સ્ટોલેશન
- નેચરલ હટ, પાણીના ધોધ અને ફુંવારા
- વનીકરણ / સામૂહિક વૃક્ષારોપણ
- લોન / ટર્ફ ઘાસ
- ગ્રીનબેલ્ટ ડેવલપમેન્ટ
- ડેવલપમેન્ટ એન્ડ મેઈન્ટેનન્સ
- જંતુ અને રોગ વ્યવસ્થાપન
- વેસ્ટ મેનેજમેન્ટ સર્વિસ
- સંપૂર્ણ લેન્ડસ્કેપ જાળવણી
- ખારેક વાવેતર નિષ્ણાત
- નર્સરી છોડ-પુરવઠો અને જાળવણી
રફીક તુર્ક
Mo. 98251 43812
02838 223433
૩૦૨/૩૦૩, એરોસ મોલ, રાસાપીર સર્કલ, ગામ : ધ્રબ, તા. મુન્દ્રા. પીન : ૩૭૦૪૨૧, કચ્છ, ગુજરાત-ભારત
Nature Care NURSERY
Scan QR and View Plants
+91 89800 75999
Sr. no. 38, Dhrab-Baroi Road, Vill : DHRAB, Tal : Mundra-Kutch
કે.ડી. પબ્લિ., મુંદરા


॥ જય સિયારામ ॥
શ્રી રામ ગ્રુપ ઓફ ઈન્ડસ્ટ્રીઝ
ભુજ-અંજાર હાઈવે, જૂનાવાસ, માધાપર, તા. ભુજ
કચ્છના લોકપ્રશ્નોને વાચા આપી લોકહૃદયમાં સ્થાન મેળવનાર પોતીકું અખબાર 'કચ્છમિત્ર'ના ૭૯માં જન્મદિન નિમિત્તે હાર્દિક શુભેચ્છા...
79th YEARS CELEBRATIONS
Mines Owner, Supplier & Exporter of Crude China Clay, Levigeted China Clay, Kaolin Powder & Silica Sand
'સમાજરત્ન'
શ્રી વિનોદભાઈ પુરુષોત્તમભાઈ સોલંકી
પ્રમુખ, શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભા
શ્રી મોહિતભાઈ વિનોદભાઈ સોલંકી

# કચ્છના મેકઓવર માટે વોકેશનલ કોર્સની ખૂબ અગત્યતા


અદાણી સ્કિલ ડેવલપમેન્ટ સેન્ટર (સક્ષમ)


કચ્છ યુનિવર્સિટી

♦ ગુજરાત ચેમ્બર તથા ફોકિયાના પદાધિકારીઓને મળી તેઓની માંગ પ્રમાણે કાર્યક્ષમ માનવબળ તૈયાર કરવાના અભ્યાસક્રમો શરૂ કરી રહ્યા છીએ

♦ આપણા અન્નદાતાઓને પોષણક્ષમ ભાવો મળી રહે તે માટેના જરૂરી અભ્યાસ ક્રમો ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે આવશ્યક જણાય છે

♦ કચ્છમાં હોસ્પિટાલિટી અને ટૂરિઝમ જેવા અભ્યાસક્રમો દ્વારા પ્રવાસન માટેના જરૂરી પારંગત નિષ્ણાતોની ખૂબ મોટી જરૂરિયાત છે

♦ દીકરીઓને પણ પોતાની રસ-રુચિ પ્રમાણેના ટૂંકા-મધ્યમ તેમજ લાંબા ગાળાના સર્ટિફિકેટ, ડિપ્લોમા તેમજ એડવાન્સ ડિપ્લોમા જેવા અભ્યાસક્રમો કરી શકે તેની વ્યવસ્થા થવી જોઇએ

**વ્યાવસાયિક અભ્યાસક્રમ**
ડો. મોહન પટેલ
(કુલપતિ-કચ્છ યુનિ.)

૨૧મી સદીમાં જ્ઞાનની મહત્ત્વતા સમજવામાં આવેલી છે. જ્ઞાન કેવા પ્રકારનું એ આજનો અગત્યનો પ્રશ્ન છે. અંગ્રેજો આપણને જે શિક્ષણ પદ્ધતિ આપીને ગયા છે તેની ગુલામીપ્રેરક પદ્ધતિ કે ભારતીય જ્ઞાન પરંપરાની પદ્ધતિ... મારી દૃષ્ટિએ આજે દરેક પ્રદેશની જ્ઞાનની જરૂરિયાત અલગ અલગ હોય છે.

જો કચ્છ પ્રદેશની વાત કરીએ તો કચ્છમાં ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે મેકઓવર માટે મારી દૃષ્ટિએ સૌથી અગત્યના કહી શકાય તેવા જો અભ્યાસક્રમો હોય તો આપણા દેશના યશસ્વી વડાપ્રધાને ૨૦૧૫માં એનએસડીસી (રાષ્ટ્રીય કાર્યદક્ષતા વિકાસ નિગમ) દ્વારા વોકેશનલ અભ્યાસક્રમો જે આપવામાં આવ્યા છે તેમાં કૃષિ, ઉદ્યોગ, હસ્તકલા, પશુપાલન, પ્રવાસ, કુદરતી સાધન-સંપત્તિ વિ. છે.

આજે કચ્છમાં કૃષિ ક્ષેત્રની વાત કરીએ તો આપણા ખેડૂતો દ્વારા પોતાના ખુદની સંશોધનવૃત્તિના કારણે નવા નવા પાકો તેમાં પણ ખાસ કરીને ફળ-ફળાદિ ખૂબ જ પકવવામાં આવે છે, પરંતુ તેમાં ગ્રેડિંગ, પ્રોસેસિંગ, પેકેજિંગ, વેચાણ વિ.ના અનેક પ્રશ્નો જોવા મળે છે, તેથી ખેડૂતોને પોષણક્ષમ ભાવ કેટલીકવાર મળતા નથી. કારણ કે કેટલાક પાકો ઝડપથી નાશ પામે છે અથવા તો બગડી જતા હોય છે. જો એને વેચાણ માટે સારું બજાર ઊભું કરવામાં આવે અથવા તો શીત કેન્દ્રો ખોલવામાં આવે તો તેઓ જ્યારે બજારમાં માંગ હોય અને સારા ભાવ મળે તો વેચી શકે, પરંતુ આ માટેની સરકારી યોજનાઓ અનેક હોય છતાં તેઓ તેનો લાભ લઈ શકતા નથી. આ માટે યુનિવર્સિટી દ્વારા આ માટેના જરૂરી અભ્યાસક્રમો શરૂ કરવામાં આવી રહ્યા છે.

આ જ પ્રમાણે ૨૦૦૧ના વિનાશકારી ભૂકંપ પછી કચ્છમાં ટેક્સ હોલિડે જાહેર કરવામાં આવતાં અનેક ઉદ્યોગો શરૂ થયા, સાથે ત્રણ વિશ્વપ્રસિદ્ધ બંદરો આવેલાં છે જેના માટે તેઓના ઉદ્યોગને અનુરૂપ કાર્યક્ષમ કર્મચારીઓ મળતા હોતા નથી. જેના કારણે અન્ય પ્રદેશમાંથી લાવવામાં આવે છે. આ પ્રશ્નનો હલ તો જ શક્ય બની શકે જો જે-તે ઉદ્યોગો તથા બંદરોને જોઈતી સ્કિલ પ્રમાણેના યુનિવર્સિટી દ્વારા કોર્સ શરૂ કરવામાં આવે. આ માટે પણ આપણે ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝ તથા ફોકિયા (ફેડરેશન ઓફ કચ્છ ઈન્ડસ્ટ્રીઝ એસોસીએશન)ના પદાધિકારીઓને મળી તેઓની માંગ પ્રમાણે કાર્યક્ષમ માનવબળ તૈયાર કરવાના અભ્યાસક્રમો શરૂ કરી રહ્યા છીએ.

કચ્છની હસ્તકલાની વાત કરીએ તો આપણી કલાઓ વિશ્વપ્રસિદ્ધ છે. દરેક જ્ઞાતિની પોતાની હસ્તકલાઓ જોવા મળે છે. આ કલાઓની જાળવણી અને તેનો વિકાસ શિક્ષણ દ્વારા વધારી શકાય, આ માટે જે સ્નાતક અથવા તો અનુસ્નાતક કક્ષાએ અભ્યાસક્રમો ભણાવવામાં આવે છે તેમાં મૂલ્યવર્ધન (વીએસી) અથવા તો કાર્યક્ષમતા વધારવા માટે (એસઈસી)ના વિષયો ભણાવવા જોઈએ, જેના કારણે વિદ્યાર્થીઓને મુખ્ય વિષયો સાથે આવાં આપણા પરંપરાગત હસ્તકલાઓ ક્ષેત્રે પણ રસ-રુચિ જળવાઈ રહે. આવા અભ્યાસક્રમોની સાથે કેન્દ્ર સરકારની જે એજન્સી રાષ્ટ્રીય કાર્યદક્ષતા વિકાસ નિગમ (એનએસડીસી) દિલ્હી દ્વારા અનેક ટૂંકા ગાળાના સર્ટિફિકેટ કોર્સ પણ ભણાવી શકાય. મારી દૃષ્ટિએ જે મુખ્ય અભ્યાસક્રમો સાથે આવા ટૂંકા ગાળા માટેના અભ્યાસક્રમો ભણાવીશું તો વિદ્યાર્થીઓને પોતાના મુખ્ય અભ્યાસક્રમોમાં વિષયો ઓછા ભણી સરળતાથી તેઓ પોતાના વિષયમાં પારંગતતા સાથે કાર્યક્ષમતા કેળવી શકશે.

કચ્છમાં પશુપાલન ક્ષેત્રે પણ ધ્યાન આપવાની ખાસ જરૂર છે. કચ્છમાં આપણી સહકારી ક્ષેત્રની સરહદ ડેરી ખૂબ જ સારી રીતે કાર્ય કરી રહી છે. ત્યારે આપણે સહકારી ક્ષેત્રના અભ્યાસક્રમો પણ ભણાવવાની જરૂર દેખાઈ રહી છે. દુધાળા ઢોરની સારી ઓલાદ કઈ રીતે વિકસાવી શકાય, સાથેસાથે જે દૂધનું ઉત્પાદન થાય છે તેનું પ્રોસેસિંગ કેવી રીતે થઈ શકે? તે માટેનાં યંત્રો અંગેનું જ્ઞાન ક્યાંથી મેળવી શકાય? હમણાં જ જ્યારે ગુજરાતમાં આણંદ મુકામે ત્રિભુવનદાસ સહકારી યુનિવર્સિટીની સ્થાપના કરવામાં આવી છે. તો તેમાં ભણાવાતા અભ્યાસક્રમોમાં ટૂંકા ગાળાના પ્રમાણપત્રલક્ષી અભ્યાસક્રમો આપણા પ્રદેશ માટે ખૂબ જ ઉપયોગી થઈ શકે. પશુપાલકોને પણ આ બાબતનું જ્ઞાન આપવાની આવશ્યકતા છે. એક સમયે કચ્છમાં એવું કહેવાય છે કે આપણે મહેમાનગતિએ જઈએ ત્યારે પાણી માગીએ તો દૂધ આપવામાં આવતું. આવું આપણું કચ્છ પશુઓથી સમૃદ્ધ હતું તેમજ મનુષ્યની વસ્તી કરતાં પશુઓની સંખ્યા વધુ હતી, તો પુનઃ આપણે પશુઓની યોગ્ય માવજત દ્વારા પંચગવ્યનો યોગ્ય ઉપયોગ કરી કૃષિને સમૃદ્ધ બનાવી આપણા અન્નદાતાઓને પોષણક્ષમ ભાવો મળી રહે તે માટેના જરૂરી અભ્યાસ ક્રમો ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે આવશ્યક જણાય છે.

૨૦૦૧ના ભૂકંપ બાદ તત્કાલીન મુખ્યમંત્રી તેમજ આપણા લોકલાડીલા વડાપ્રધાને કચ્છમાં પ્રવાસન ક્ષેત્રના વિકાસ માટે જે જહેમત ઉઠાવી અને તેઓ સાથે આપણા તત્કાલીન રાષ્ટ્રપતિ એ.પી.જે. અબ્દુલ કલામ દ્વારા ધોરડોના સફેદ રણને પ્રવાસન માટે વિકસાવવા સૂચન કરાયું, જેનો પ્રચાર પ્રસાર અભિનેતા અમિતાભ બચ્ચન દ્વારા 'કચ્છ નહીં દેખા તો કુછ નહીં દેખા'નું સ્લોગન આપવામાં આવ્યું, જેનાં પરિણામ સ્વરૂપે પ્રતિ વર્ષ કચ્છમાં પ્રવાસીઓની સંખ્યા સતત વધતી જોવા મળે છે. તે જ રીતે ભુજના ભુજિયા ડુંગરની તળેટીમાં સ્મૃતિવન પણ પ્રદર્શનીય છે. સાથેસાથે આવા પ્રવાસન માટેનાં અનેક સ્થળો કચ્છમાં આવેલાં છે. આવાં પ્રવાસન માટે જે મુખ્ય બાબતો જરૂરી છે તેમાં પ્રવાસન માહિતી કેન્દ્રો, વાહનવ્યવહારનાં સાધનો, રહેવા તથા જમવા માટેની સુવિધા, યોગ્ય માર્ગદર્શકો વિ. કચ્છમાં હોસ્પિટાલિટી અને ટૂરિઝમ જેવા અભ્યાસક્રમો દ્વારા પ્રવાસન માટેના જરૂરી પારંગત નિષ્ણાતોની ખૂબ મોટી જરૂરિયાત

(જુઓ પાનું ૮)

79th YEARS CELEBRATIONS
કચ્છના લોકજીવનના ધબકાર સમું શિરમોર અખબાર 'કચ્છમિત્ર'ની ૭૯મી વર્ષગાંઠ પ્રસંગે હાર્દિક શુભકામના...

**શ્રી સુરેશભાઈ ગોપાલભાઈ છાંગા**
ઉપસરપંચશ્રી,
કુનરિયા
ગ્રામ પંચાયત
પૂર્વ પ્રમુખશ્રી,
કચ્છ જિલ્લા
સરપંચ સંગઠન

79th YEARS CELEBRATIONS
With Best Compliments to
KUTCHMITRA
on its 79th Anniversary

**C P Cargo Movers Pvt Ltd**
**C P Roadways Pvt Ltd**
**C P Freightforwarders LLP**
**Krupa Mango Farm**

C P FREIGHTFOWARDERS LLP

Office No. A-908 & 909, Shelton Sapphire, Plot No. 18 & 19, Sector-15, CBD Belapur, Navi Mumbai 400 614, India. TEL: +91 22 46644233 / 34 / 35, Mobile: +9833521678
Email: chandresh@cpfreightforwarders.com, Website: www.cpfreightforwarders.com
Container Depot at Mundra www.jact.co.in

BIG OR SMALL..... WE CAN HANDLE IT AL

Add. : Krupa Medical, Gadhshisha (Taluko, Mandvi-Kutch)

Well Wishers
Chandrasinh P. Zala, Dharmendrasinh N. Zala,
Hardeepsinh L. Zala, Prathamsinh C. Zala

Jignesh Acharya-Gadhsisa

મારા જેવા અનેકોને વિદેશમાં રહેતા દરરોજ વતનના સમાચારોથી માહિતગાર રાખતા
કચ્છમિત્ર
ને ૭૯ મા વર્ષમાં પ્રવેશ પ્રસંગે હાર્દિક શુભેચ્છા

**ડો. ધીરજ શાહ**
(મૂળ માંડવીના હાલે અમેરિકા)

- અમેરીકામાં વીયેટનામ યુધ્ધમાં અહીંસા પરમો ધર્મને માનનારા જૈન સમુદાયને યુધ્ધમાં ફરજીયાત જવામાંથી મુકતી અપાવવા સફળ કાનુની લડાઇ લડી.
- અમેરીકાના કાયદા પ્રમાણે કોઇ પણ ધર્મના અનુયાયીઓ પોતાના ધર્મ સ્થાન પોતાની આસ્થા પ્રમાણે બનાવી શકતા ન હતા. એ મુદે પણ લાંબી કાનુની અને રાજકીય લડત કરી અને ૧૬ નવેમ્બર ૧૯૯૩ નાં વ્હાઈટ હાઉસમાં ડો. ધીરજ શાહની હાજરી માં પ્રેસીડન્ટ બીલ કલીન્ટન એ ધાર્મિક સુરક્ષા બીલ ઉપર સહી સીક્કા કર્યા એ પછી જ શીખરબંધી જૈન દેરાસર કે બીજા ધર્મનાં મંદિર બનાવવાની છુટ મળી.
- અહીંસા પરમો ધર્મનાં સિધ્ધાંતમાં માનનાર ડો. ધીરજ શાહ ૧૬ નવેમ્બર ૧૯૯૩ નાં રોજ થેંકસ ગીવીંગ ડે ની ઉજવણી સમયે વ્હાઈટ હાઉસમાં પ્રેસીડેન્ટ બીલ કલીન્ટન જે ત્યાંના રીવાજ પ્રમાણે બતક ને રસોડામાં મોકલવાને બદલે, છોડી મુકવાની પ્રેરણા.
- પરમાત્મા મહાવીરના આવા અનુયાયી ડો. ધીરજ શાહને મહાવીર પ્રભુજીની ૨૬૦૦મી જયંતી નિમિત્તે તત્કાલીન પ્રધાન મંત્રી શ્રી અટલબીહારી બાજપાઈનાં હસ્તે જૈન રત્નનાં રાષ્ટ્રીય એવોર્ડ થી સન્માનીત કરાયા.
- વર્ધમાન નગર આવાસ યોજનામાં ફેડરેશન ઓફ જૈન એસોસીએશનસ નોર્થ અમેરીકા(જૈના) ના આર્થિક સહયોગથી નિર્માણ થયેલ ૨૫૦ મકાનોની અર્પણવિધિ તથા જૈના ના સહયોગથી બની રહેલ સ્કુલ અને હોસ્પીટલની પાયાવિધિમાં રાજયપાલ સુંદરસિંહ ભંડારીએ ડો. ધીરજ શાહનું સન્માન કરેલ.
- ડો. ધીરજ શાહની વિશ્વભરમાં અથાગ માનવ સેવાનાં ઉપલક્ષમાં અમેરિકાની સરકારે ૧૦ મે ૨૦૦૮ના રોજ એલિસ આઈલેંન્ડ મેડલ ઓફ ઓર્નર ખીતાબ અર્પણ કરેલ.
- કચ્છ પોતાની માતૃભુમી પ્રત્યે રૂણ અદા કરવા અનેક વિધ પ્રવૃત્તિ કરતા રહ્યા છે. ખાસ તો ૨૦૦૧નાં ભુકંપ બાદ ભુજ થી ૭ કી.મી. દુર વર્ધમાન નગરનાં આયોજન માટે ફંડ એકત્ર કરવા એમણે સિંહ ફાળો આપ્યો અને ૨૫૦ જેટલા જૈન કુટુંબને વસાવ્યા.
- માંડવીમાં કાયમી ધોરણે શ્રી સેવા મંડળમાં હરીપ્રભા દવાખાનાની શરૂઆત કરી. જેમાં દર વર્ષે અંદાજે ૧૭૦૦૦ દર્દીઓ લાભ લઈ રહ્યા છે.
- કચ્છમાં સેવા કરનાર સંસ્થાઓને પ્રોત્સાહન આપવા અનુમોદના ટ્રસ્ટની રચના કરી માંડવીમાં રાહતદરે કોમ્પ્યુટર કલાસ શરૂ કરવામાં આવ્યા.







ડો. ધીરજ શાહને લાઈફ ટાઈમ એચીવમેન્ટ માટે પુના યુનિવર્સીટી (મહારાષ્ટ્ર) એ ૨૦૨૩માં એવોર્ડ અર્પણ કરવામાં આવેલ.




ભુજ, રવિવાર, તા. ૨૦-૦૭-૨૦૨૫

# ગ્રીન એનર્જી ક્ષેત્રે કચ્છની હરણફાળ

- દીનદયાલ પોર્ટના ચેરમેન એસ.કે. સિંઘ કહે છે કે, કંડલા બંદરે ગ્રીન હાઈડ્રોજનનાં ઉત્પાદન માટે ૩૪૦૦ એકર જમીન ફાળવવામાં આવી છે
- કંડલામાં ગ્રીન હાઈડ્રોજનનાં ઉત્પાદન ક્ષેત્રે ૧.૪ લાખ કરોડનું રોકાણ ૨૦૨૯ સુધી આવશે
- ૩૦ હજાર જેટલી રોજગારીની નવી તકો ઊભી થશે



એસ.કે. સિંઘ
(ચેરમેન દીનદયાલ પોર્ટ)

**સાક્ષાત્કાર**
નિખિલ પંડ્યા

દરિયાઈ પરિવહનમાં દેશ અને દુનિયામાં ડંકો વગાડી રહેલાં કચ્છનાં વિખ્યાત દીનદયાલ પોર્ટ (કંડલા બંદર) સ્વચ્છ ઊર્જાનાં ક્ષેત્રમાં હરણફાળ ભરીને નવતર વિક્રમ સ્થાપવાના ઉંબરે છે. આગામી ગણતરીના વર્ષોમાં કંડલા બંદર દેશની દરિયાઈ સીમાઓ વળોટીને છેક યુરોપ સુધી ગ્રીન હાઈડ્રોજન અને અન્ય સ્વચ્છ ઈંધણ પૂરું પાડવા સજ્જ બની રહ્યું છે. ગ્રીન હાઈડ્રોજન મેન તરીકે વણજાહેર નામના મેળવી રહેલા દીનદયાલ પોર્ટ ઓથોરિટી (ડીપીએ)ના અધ્યક્ષ એસ.કે. સિંઘ આગામી પાંચેક વર્ષમાં કચ્છમાં આ નવતર ઈંધણ ઉત્પાદન ક્ષમતા વિકસાવવા પાછળ ૧.૪ લાખ કરોડ રૂપિયાના રોકાણ અને રોજગારીની ૩૦ હજાર તકો ઊભી થવાનો સીધો ફાયદો આ વિસ્તારને થશે એ માટે રાત - દિવસ એક કરી રહ્યા છે. દરિયાઈ પરિવહનમાં કંડલાના પ્રથમ ક્રમને જાળવી રાખવાના સતત પડકારની સાથોસાથ ગ્રીન હાઈડ્રોજન ઈંધણની ઝડપભેર આકાર લઈ રહેલી યોજનાના બેવડા ધમધમાટ વચ્ચે ડીપીએના અધ્યક્ષે આ મહત્ત્વકાંક્ષી આયોજન અને તેના અમલની ઝીણવટભરી વિગતો આપી છે.

**ગ્રીન હાઈડ્રોજન ઈંધણનો વિચાર કઈ રીતે વહેતો થયો છે?**

**જવાબ** : વિશ્વ જ્યારે ગ્લોબલ વોર્મિંગના વધતા જોખમનો સામનો કરી રહ્યું છે ત્યારે તેને પહોંચી વળવા ૨૦૨૧માં પેરિસ સમજૂતી થઈ હતી. આ સમજૂતીમાં વિશ્વના વધતા જતા તાપમાનને વર્ષે દોઢ ડિગ્રી પૂરતું મર્યાદિત રાખવા પ્રદૂષણ વધારતા વાયુઓના ઉત્સર્જનને શૂન્ય કરવાની કાર્યયોજના ઘડી કઢાઈ હતી. આ યોજના તળે પરંપરાગત ઈંધણનો ઉપયોગ બંધ કરીને સ્વચ્છ ઈંધણના ઉપયોગની રૂપરેખા તૈયાર કરાઈ હતી. આ સ્વચ્છ ઈંધણમાં મોખરે ગ્રીન હાઈડ્રોજનની સાથોસાથ એમોનિયા અને મિથેનોલના ઉપયોગની અનિવાર્યતા આ સમજૂતીમાં રેખાંકિત કરાઈ હતી.

**આ ચિત્રમાં દરિયાઈ પરિવહન કઈ રીતે બેસે છે ?**

**જવાબ** : વિશ્વમાં ઝેરી ગેસના ઉત્સર્જનમાં દરિયાઈ પરિવહન ક્ષેત્રનો હિસ્સો ત્રણ ટકા જેટલો છે. એક લાખ જેટલાં જહાજો દુનિયમાં ૩૨ કરોડ ટન જેટલું કાર્બન ઉત્સર્જન કરે છે, પણ આ તમામ વહેવાર બંદરો વાટે થતો હોવાથી આ ક્ષેત્રમાં સ્વચ્છ ઈંધણ વાટે પ્રદૂષણને કાબૂમાં લઈ શકાય તેમ છે. આ માટે ઈન્ટરનેશનલ મેરિટાઈમ ઓર્ગેનાઈઝેશનને ૨૦૨૩માં એક ચાવીરૂપ કરાર કરીને વર્ષ ૨૦૫૦ સુધી સ્વચ્છ ઈંધણનો ઉપયોગ કરવાની સંમતિ વ્યક્ત કરી છે.

**ભારતના બંદરો આમા કઈ રીતે જોડાયાં છે ?**

**જવાબ** : ઈન્ટરનેશનલ મેરિટાઈમ ઓર્ગેનાઈઝેશનમાં ભારત પણ સભ્ય છે અને સ્વચ્છ ઈંધણના કરારમાં સામેલ છે. આ માટે દેશમાં કંડલા, પારાદીપ અને તુતીકોરીન બંદરોને આ માટે ચાવીરૂપ ભૂમિકા સોંપાઈ છે. આમાં બાકીના બે બંદરોની મર્યાદા હોવાને લીધે ડીપીએ દ્વારા બીડું ઝડપી લેવાયું છે. આ પહેલ ડીપીએને વિશ્વના ચાવીરૂપ બંદરોમાં સ્થાન અપાવવાનો

(જુઓ પાનું ૪)

# વિશ્વસ્તરની સ્પર્ધા માટે દીનદયાલ પોર્ટનો મેકઓવર

- જહાજોની પ્રતીક્ષાયાદી ઘટાડવા માટે આદરાયો વ્યાપક વ્યાયામ
- દેશના મહાબંદરો ઉપરાંત વૈશ્વિક પોર્ટ સાથે પણ સ્પર્ધા કરવા ક્ષમતા વધારવાનું મુખ્ય ધ્યેય
- શ્રમિકો માટે સારુ વાતાવરણ ઊભું કરવા પણ લેવાશે અનેક પગલાં



**પોર્ટ ડેવલપમેન્ટ**
ઉદય અંતાણી
અઝીમ શેખ

દેશની પશ્ચિમ દિશામાં મહત્ત્વનું એવું કંડલા મહાબંદર દેશના તમામ મહાબંદરોમાં સતત ૧૬ વર્ષ સુધી પ્રથમ ક્રમે રહ્યું અને એક વર્ષ બાદ પોર્ટમાં વધુ માળખાંકીય સુવિધાઓ અને ખૂટતી કડીઓની પૂર્તતા કરીને કાર્ગો હેન્ડલિંગમાં નંબર વનનું સ્થાન પુનઃ હાંસલ કર્યું. પોર્ટ ઉપર ગ્રીન હાઈડ્રોજન, મેગા કન્ટેનર ટર્મિનલ સહિતના ભાવિ પ્રકલ્પો આગામી સમયમાં આકાર પામશે, ત્યારે ભારતના મહાબંદરો દીનદયાલ પોર્ટ સાથે સ્પર્ધામાં ઊતરી જ નહીં શકે તેવી પરિસ્થિતિનું નિર્માણ થશે, પરંતુ હવે માત્ર દેશના મહાબંદરોમાં નહીં પરંતુ વિદેશના પોર્ટ સાથે સ્પર્ધામાં ઊતરવા માટે અને તેમાં પાર પાડવા માટે દીનદયાલ પોર્ટ દ્વારા મહાબંદરના વિકાસનો મેકઓવર તૈયાર કર્યો છે અને આગામી પાંચ વર્ષમાં ડી.પી.એ. દેશ નહીં વિશ્વ સ્તરના પોર્ટની માફક નજર પડશે તે નક્કી જ છે. આ સાથે પોર્ટના વિકાસમાં મહત્ત્વનું યોગદાન આપનારા શ્રમિકો કે જે કલાકો સુધી શ્રમ કરી રહ્યા છે તેની સુવિધાનો પણ મેકઓવર કરવા માટેનું આયોજન બંદર પ્રશાસન દ્વારા ઘડવામાં આવ્યું છે.

**પોર્ટની ક્ષમતા વધારવાનું આયોજન**

વિશ્વ સ્તરીય પોર્ટ બનાવવાના મેકઓવર અંગે ખ્યાલ આપતાં ડી.પી.એ. ચેરમેન સુશીલકુમાર સિંઘે જણાવ્યું હતું કે, ગત નાણાંકીય વર્ષમાં ૧૫૦ મિલિયન મેટ્રિક ટન કાર્ગો હેન્ડલ કર્યો અને તે પણ સર્વાધિક ૧૩ ટકાના વિકાસદર સાથે હજુ પણ આ પહેલ જારી રહેશે, પરંતુ હવે સ્પર્ધા દેશના મહાબંદરો સાથે નહીં પણ વિશ્વના મહાબંદરો સાથે કરવાની છે. આ સ્પર્ધામાં ઊતરવા માટે પોર્ટની ક્ષમતા વધારવાની દિશામાં આગળ વધતા હોવાની વાત અધ્યક્ષ

(જુઓ પાનું ૪)

**સંયોજન**



**અઝીમ શેખ**
કોર્પોરેટ બ્યૂરો-ગાંધીધામ

## શિપ બિલ્ડિંગ પ્રકલ્પ નાના પાયાથી મોટાં સ્તરે વિકસાવાશે

દીનદયાલ પોર્ટના મેકઓવરમાં મેગા પોર્ટ બનાવવાના પ્રકલ્પની સાથે શિપ બિલ્ડિંગ નિર્માણનો પ્રકલ્પ પણ હાથ ધરાયો છે. અંજાર તાલુકાના વીરા ખાતે શિપ બિલ્ડિંગ યાર્ડ નિર્માણ કરવા માટે પોર્ટ દ્વારા પ્રયાસ આદરાયા છે. શિપ બિલ્ડિંગ કરતાં ઉદ્યોગકારોને શું જોઈએ છે તે અંગે સર્વે કરી પોર્ટને રહેલી સત્તા મુજબ કાર્યવાહી કરી ઉદ્યોગપતિઓને આવકારવામાં આવશે. હાલ ૫૦૦ એકર વિસ્તાર માટે ટેન્ડર પ્રક્રિયા જારી કરવામાં આવશે. હાલમાં નાના પાયાથી શરૂઆત કરાયા બાદ મોટા પાયે આ પ્રકલ્પને વિસ્તારિત કરવામાં આવશે, તેવું અધ્યક્ષે જણાવ્યું હતું.







# ગ્લેમોન સ્ટુડિયોમાં આંતરરાષ્ટ્રીય બ્રાન્ડ સાથે મેકઓવર

## ફેશિયલમાં આધુનિક મશીનરી દ્વારા ફેર એનાલિસીસ બાદ કરાતું ફેશિયલ, મહિલાઓ માટેના પાર્લરમાં નિષ્ણાત અનુભવી મહિલા સ્ટાફ કાર્યરત

મહિલાઓના શણગારમાં બ્યૂટીપાર્લર મહત્ત્વનો ભાગ ભજવે છે. આજે લગ્નસરા હોય કે કોઈ પણ પારિવારિક પ્રસંગ મહિલાઓની સુંદરતાને ચાર ચાંદ બ્યૂટીપાર્લરમાં લગાડવામાં આવ્યા છે. મહિલાને આત્મનિર્ભર બનવામાં બ્યૂટીપાર્લરનો વ્યવસાય ખૂબ ઉપયોગી બની રહે છે અને બ્યૂટીપાર્લરની કામગીરી એ પણ એક કળા જ છે. શહેરના વિવિધ વિસ્તારોમાં નજર કરો, એકથી વધુ બ્યૂટીપાર્લર જોવા મળશે, પરંતુ આ વ્યવસાયમાં પણ કોર્પોરેટ ક્ષેત્રનો મેકઓવર થયો છે. ગાંધીધામ-આદિપુર વચ્ચે ધમધમતા ટાગોર રોડ ઉપર આવેલા ગ્લેમોન ધ મેકઓવર સ્ટુડિયોમાં આધુનિક સાધનો વડે વિવિધ કામગીરી થઈ રહી છે. મેકઓવરની તમામ કામગીરી કરવામાં આવી રહી છે.




લોરિયલની ફ્રેન્ચાઈઝી ધરાવતા અને નવ વર્ષથી ગાંધીધામમાં કાર્યરત ગ્લેમોનમાં સ્કિન ફેશિયલ સર્વિસ આધુનિક મશીનરી સાથે કરવામાં આવી રહી છે. મશીન દ્વારા ફેશ એનાલિસીસ કરવામાં આવે છે અને તેના આધારે ફેશિયલની ટ્રીટમેન્ટ કરવામાં આવે છે. લોરિયલ ઉપરાંત આંતરરાષ્ટ્રીય સ્તરની બ્રાન્ડની વસ્તુઓનો ઉપયોગ કરવામાં આવતો હોય તેવું આ ગાંધીધામનું પ્રથમ સલૂન છે. ફેશિયલમાં મશીન દ્વારા સ્કિનની ત્રણ લેરમાં કામ કરાય છે. મહિલાઓ માટેનાં આ સલૂનમાં મહિલાઓ જ કામ કરે છે અને અનુભવી તથા નિષ્ણાત સ્ટાફ દ્વારા કામગીરી કરવામાં આવી રહી છે. સ્ટાફ દ્વારા ગ્રાહકોને માર્ગદર્શન સાથે વિશ્વસનીય ખાતરી દ્વારા માર્ગદર્શન આપવામાં આવી રહ્યું છે.

સલૂનમાં નેઇલ આર્ટ, નેઇલ એક્સટેન્સન, લગ્ન પ્રસંગ માટે બ્રાઈડના અલગ-અલગ મેકઅપ જેવા કે, પ્રિ-બ્રાઈડલ, બ્રાઈડલ, એચ.ડી. મેકઅપ સહિતની સુવિધા ઉપલબ્ધ છે. વર્ષ ૨૦૧૮માં મેકઓવરનો નેશનલ એવોર્ડ વિજેતા ગ્લેમોનમાં અલગ-અલગ સર્વિસ માટે ઉપયોગમાં લેવામાં આવતી વસ્તુઓ ઓર્ગેનિક છે. ગ્રાહકોનો સંતોષ એ આ સલૂનનું મુખ્ય ધ્યેય છે. હેરમાં લોરિયલ અને અન્ય ઈન્ટરનેશનલ બ્રાન્ડનો ઉપયોગ કરાય છે. વાળની અન્ય ટ્રીટમેન્ટ બ્લૂટોક્ષ, નેનોજેલ, હાઈલાઈટ્સ, હેર કલર, હેર હાઈલાઈટ્સ સહિતની સુવિધાઓ પણ ઉપલબ્ધ છે.

# કચ્છમાં આરોગ્યસેવામાં મોખરાનું સ્થાન ધરાવતી ગાંધીધામની સ્ટર્લિંગ હોસ્પિટલ

## એક લાખથી વધુ દર્દીઓની સફળ સારવાર

ગાંધીધામની સ્ટર્લિંગ રામકૃષ્ણ સ્પેશિયાલિટી હોસ્પિટલ ખાતે વિવિધ રોગની સઘન સારવાર આપવામાં આવે છે. સારવારની સાથે સારસંભાળ રાખવાના હેતુ સાથે હોસ્પિટલ દ્વારા શ્રેષ્ઠ આરોગ્ય સેવાઓ આપવામાં આવી રહી છે.

વાય.એમ.સી.એ. ઈફકો કોલોની સામે આવેલી હોસ્પિટલ ખાતે અત્યાર સુધીમાં ૧,૦૦,૦૦૦થી વધુ દર્દીઓની સફળ સારવાર થઈ છે. ખાસ કરીને કાર્ડિયાક




સાયન્સિસમાં હોસ્પિટલ અગ્રણી રહી છે, જેમાં ૨૧,૦૦૦થી વધુ કાર્ડિયાક પ્રોસિજર્સ કરાઈ છે. આ ઉપરાંત, ૪૦૦૦થી વધુ ન્યૂરો સર્જરી, ૧,૦૦,૦૦૦થી વધુ ડાયાલિસીસ સત્રો અને ૭૫૦૦થી વધુ યુરો સર્જરીઓનો પણ સફળ ઇતિહાસ ધરાવે છે.

કેન્સર વિભાગમાં ૫૫,૦૦૦થી વધુ કિમો થેરાપી અને ૩૦૦૦થી વધુ ઓન્કો સર્જરી કરવામાં આવી છે. રેડિયેશન ઓન્કોલોજી હેઠળ ૫૦૦૦થી વધુ દર્દીઓને સારવાર આપવામાં આવી છે. હોસ્પિટલનો ક્રિટિકલ કેર વિભાગ પણ ઉચ્ચત્તમ સ્તરની સેવાઓ આપે છે, જેમાં અત્યાર સુધી ૧૦,૦૦૦થી વધુ દર્દીઓની સારવાર થઈ છે. દરેક વિભાગમાં નિષ્ણાત તબીબો, આધુનિક તકનિક અને દર્દીકેન્દ્રી દૃષ્ટિકોણે સ્ટર્લિંગ હોસ્પિટલને કચ્છમાં આરોગ્ય સેવાના મોખરાનાં કેન્દ્ર તરીકે સ્થાપિત કરી છે. એપોઇન્ટમેન્ટ માટે ૦૨૮૩૬ - ૬૧૯૬૦૦ તેમજ વધુ માહિતી માટે સંપર્ક કરો : ૯૮૯૮૯૮૭૮૭૮.



શો - રૂમ ખાતે તૈયાર કરાયેલા બ્રાઈડલ રૂમની તસવીર.

# ઝવેરાત પેઢીઓમાં કોર્પોરેટ મેકઓવરનો પ્રભાવ વધ્યો

## કચ્છમાં પ્રથમ કંપની શરૂ કરી ગાંધીધામમાં રિવા શો-રૂમ શરૂ કરનારા શ્રી કોડરાણી કહે છે, હોલમાર્કનાં કારણે ગ્રાહકોનો વિશ્વાસ વધ્યો : રિવામાં લગ્નની ખરીદી માટે અલાયદી વ્યવસ્થા

RiVA By Uma Gold House Ltd.

લગ્ન પ્રસંગ હોય કે અન્ય કોઈ પ્રસંગ ઘરેણા સ્ત્રી શણગારમાં આગવું સ્થાન ધરાવે છે. ઝવેરાત પેઢીઓમાં પ્રવેશતાં જ જૂની પેઢીઓ કે જે પરંપરાગત વ્યવસાયની દુકાનો છે તેમાં આજે પણ કોઈ બદલાવ નથી આવ્યો. કચ્છના આર્થિક પાટનગર ગાંધીધામમાં ભારતના કોર્પોરેટ સ્તરના સોનાં-ચાંદીના શો-રૂમ તો દેખાઈ જ રહ્યા છે, પરંતુ ગાંધીધામની જ ઝવેરાત પેઢીના યુવા વેપારી દ્વારા કચ્છમાં સૌપ્રથમ કંપની બનાવી કોર્પોરટ શો-રૂમ શરૂ કરવામાં આવ્યો છે. સ્ત્રીઓના શણગારમાં ચારચાંદ લગાવતા ઘરેણાની પેઢીઓના શણગારનો મેકઓવર આધુનિક બન્યો છે.

કચ્છના પ્રથમ વખત ઉમા ગોલ્ડ હાઉસ નામની કંપની બનાવી ગાંધીધામના ટાગોર રોડ ઉપર આધુનિક રિવા શો-રૂમ કાર્યરત કરનારા ધવન કોડરાણીએ જણાવ્યું હતું કે, છેલ્લા એક દાયકાથી ઝવેરાત પેઢીમાં કોર્પોરેટ ક્ષેત્રનો દેખાવ સાત ટકાથી વધીને ૪૫ ટકા જેટલો થઈ ગયો છે. કોર્પોરેટ ક્ષેત્રે ગ્રાહકને જે જોઈએ છે તે મળી રહ્યું છે. રિવા શો-રૂમમાં રોઝ ગોલ્ડ અને ખાસ તો અત્યાર સુધી મુંબઈ કે અમદાવાદમાં મળે છે તેવા વિન્ટેજ કે હેરિટેજ જડાઉ કલેક્શન કચ્છમાં સૌપ્રથમ વખત ગાંધીધામમાં ઉપલબ્ધ કરાવાયું છે. કોર્પોરેટ સેક્ટરમાં હોલમાર્ક અને એચ.જી.આઈ.ડી.નાં કારણે ગ્રાહકોમાં વિશ્વાસનું વાતાવરણ ઊભું થયું છે. અહીં ડાયમંડ, પ્લેટિનમ, પેલેડિયમનું કલેક્શન શો-રૂમમાં હોવાનુ તેમણે કહ્યું હતું. કચ્છમાં પેલેડિયમ કોઈ રાખતું નથી.

તેમણે કહ્યું હતું કે, સામાન્ય સંજોગોમાં લોકો લગ્નની ખરીદી કરવા આવે ત્યારે એક જ સ્થળે રૂટીન અને લગ્નની ખરીદી કરનારા ગ્રાહકોને વસ્તુઓ બતાવવામાં આવતી હોય છે, પરંતુ રિવા શો-રૂમમાં લગ્નની ખરીદી માટે આવતા ગ્રાહકો માટે અલગ બ્રાઈડલ રૂમ બનાવવામાં આવ્યો છે. આજે વેવાઈ પક્ષ કંપનીમાં ખરીદી કરવા આવતા હોય છે, ત્યારે આધુનિક સુવિધાઓથી સજ્જ બ્રાઈડલ રૂમમાં બેથી ત્રણ કલાક સુધી શાંતિથી ખરીદી કરી શકે તેવી વ્યવસ્થા ઊભી કરવામાં આવી છે. આગામી સમયમાં લેબેગ્રોન ડાયમંડની સુવિધા કચ્છના ગ્રાહકોને આપવાની નેમ તેમણે વ્યક્ત કરી હતી.

79th YEARS CELEBRATIONS

Many Congratulations to
"KUTCHMITRA"
on 79th Anniversary

HARISH TRANSPORT CO.

TRUCK, TRAILOR & CONTAINER TRANSPORTATION, LODERS & WARE HOUSES, AT KANDLA BHARAPAR AND MUNDRA

BRANCHES

KUTCH
- GANDHIDHAM : 02836 221705 9879172999
- ANJAR - GANGA NAKA : 02836 242812
- BHUJ - JATHA BANDH BAZAR : 98252 36831 02832 245167, 290252,290190
- MANDVI - BUNDER ROAD : 02834 223800
- BHACHAU : NR. ST. DEPO : 98251 36270
- RAPAR : 98252 20586
- MUNDRA : 98295 20586

- RAJKOT - MOCHI BAZAR : 98796 54000 0281 2238726, 2238645
- NAVAGAM(RAJKOT) : 0281 2701784

AHMEDABAD
- PREM DARWAJA (A'BAD) - HARISH BHAI 079 22130319 , 9825699489, 079 22130800
- A'BAD - RAJKOT BOOKING : 079 22136844
- GINNING MILL COMPOUND : 079 22136509
- SARANGPUR : 079 22140099
- SARKHEJ DILIPBHAI : 98250 26375
- SARKHEJ : 079 26891313
- NAROL : 079 25321838
- ASLALI : HASMUKHBHAI : 02718 261899 , 9824526375

For, Container
Contact : Kishan Jaiswal,
7777945455

HEAD OFFICE
"PURSHOTTAM CHAMBER", PLOT NO. 2, SECTOR - 10/B,
POST OFFICE ROAD, GANDHIDHAM (KACHCHH) 370 201.
TEL: 220586, 222301 MOBILE : 98795 24818, 98795 34818
E-MAIL : harishtransport@rediffmail.com

કચ્છમિત્રને ૭૯મા વર્ષમાં મંગલ પ્રવેશે હાર્દિક શુભકામના ...

RiVA™
By Uma Gold House Ltd.
GOLD | DIAMONDS | PLATINUM | PALLADIUM

અવિરત વિશ્વાસે કર્યા
૭૯ વર્ષ સાકાર,
આપના સાથનો ખુબ આભાર

AVAIL 0% MAKING CHARGES
ON DIAMOND JEWELLERY



THE Big OFFER

*T&C Apply

GOLD | DIAMONDS | PLATINUM | PALLADIUM
1 & 2, Sunshine Arcade, Plot No. 59, Sector - 8, Gandhidham
+91 63 56 03 03 03

# દેશમાં કચ્છનો પ્લાયવૂડ ઉદ્યોગ ઉત્પાદનમાં અગ્રેસર થવા ભણી

**ટિમ્બર ઉદ્યોગ**

અઝીમ શેખ

દેશના પશ્ચિમી ક્ષેત્રમાં મહત્ત્વના એવા કંડલા મહાબંદરનાં કારણે ગાંધીધામ સંકુલમાં પોર્ટ આધારિત ઉદ્યોગો શરૂઆતથી જ ધમધમી રહ્યા છે. આ સાથે આયાતી લાકડાંનો ૮૦ના દાયકામાં શરૂ થયેલો ઉદ્યોગ સંકુલમાં શરૂઆતથી જ વિકસ્યો અને આજે એશિયાના સૌથી મોટા ઉદ્યોગમાં કંડલા સંકુલના ટિમ્બર ઉદ્યોગની ગણના થાય છે. હાલ આ ઉદ્યોગ અંતર્ગત મોટી સંખ્યામાં લાકડાં કટિંગ કરતી શો મિલ અને પ્લાય, દરવાજા સહિતનું વ્યાપક સ્તરે ઉત્પાદન થાય છે. આ સાથે દેશના અન્ય રાજ્યોમાં ધમધમતી પ્લાયની કંપનીઓ આગામી દિવસોમાં કચ્છમાં ધમધમતી થાય તેવા સંજોગો પણ નિર્માણ પામ્યા છે. આ ઉપરાંત કચ્છના મહાબંદરો ઉપરથી લાકડાંની આયાતમાં પણ દર વર્ષે જબ્બર ઉછાળો અવી રહ્યો છે અને ચાલુ વર્ષે પણ તેનાથી પણ વૃદ્ધિ થાય તેવો અંદાજ ઉદ્યોગકારો લગાવી રહ્યા છે.

**૧૯૯૫થી આયાતી લાકડાંના વ્યવસાયનો વ્યાપ વધ્યો**

કચ્છમાં આયાતી લાકડાંના ઉદ્યોગના ઈતિહાસ ઉપર નજર કરીએ તો આસામમાં લાકડાં કાપવા ઉપર પ્રતિબંધ લાદવામાં આવ્યો. આ સાથે કચ્છમાં આયાતી લાકડાંના વ્યવસાયના અધ્યાયનો આરંભ થયો. કંડલા બંદરે આયાતી લાકડાંનું પ્રથમ જહાજ ૧૯૮૦માં આવ્યું હતું. જો કે, ૧૯૯૫ પછી આ ઉદ્યોગમાં તેજીનો પવન ફૂંકાયો. વર્ષ ૧૯૯૬થી વ્યાપ વધ્યો અને પ્લાયવૂડ બનાવતી કંપનીઓ ધમધમતી થઈ. હાલ ગાંધીધામ અને તેની આસપાસ એક હજાર જેટલી શો મિલ, સેન્ચ્યુરી પ્લાય, એસ.આર.જી. પ્લાય, અમૂલ્યા પ્લાય, સી.પી.એલ. પ્લાય, ગ્રેટા પ્લાય, માર્ગો પ્લાય, માઈકા પ્લાય, પેગાસ પ્લાય, રેડ ચિલી પ્લાય, સાગા પ્લાય, યુરો પ્લાય વિગેરે સહિતના ૧૦૦ જેટલા પ્લાયવૂડનાં એકમો ધમધમી રહ્યાં છે. હાલ કંડલા બંદરેથી ઓસ્ટ્રેલિયા, ન્યૂઝીલેન્ડ, ઉરૂગ્વે સહિતના દેશોમાંથી ઈમારતી લાકડાંઓ આયાત થઈ રહ્યા છે.

**વધુ ૧૦૦થી ૧૫૦ પ્લાયવૂડ એકમો આવશે**

ગાંધીધામના રેડ ચિલી પ્લાયના ગિરધરભાઈ વિધાણીએ કચ્છમાં પ્લાયવૂડ એકમનો મેકઓવર અનેકગણો ઉજજ્વળ હોવાની વાત કરી હતી. પ્લાય માટેના પાઈન, નીલીગીરી સહિતના આયાતી લાકડાં સરળતાથી ઉપલબ્ધ છે. ઉત્તર ભારતમાં પ્લાય માટેના લાકડાંઓ પોપ્યુલર, નીલગીરીનો જથ્થો ઉપલબ્ધ નથી. તેના કારણે રો મટીરિયલની પ્રતિદિન ૧૦૦થી વધુ ટ્રકો ગાંધીધામથી જઈ રહી છે, જે પરિવહન માટે ત્યાંના એકમોને અનેક રીતે મોંઘી પડી રહી છે, જેથી ઉત્તર ભારતની અનેક કંપનીઓ કચ્છમાં શેડ ભાડે લેવા માટે કે જમીન ખરીદવા માટે પૂછપરછ કરી રહ્યા છે. તેમણે કચ્છમાં અંદાજે વધુ ૧૦૦થી ૧૫૦ ફેક્ટરીઓ આવવાની શક્યતા દર્શાવી હતી. પ્લાયની કંપનીઓમાં ચાઈનાથી નવી મશીનરીઓ આવી રહી છે. સાથોસાથ ઓટામાઈઝેશન પણ દિવસો દિવસ વધી રહ્યું હોવાની વાત કરી હતી.



**પાઈનની વ્યાપક ઉપલબ્ધિ**

સાગા પ્લાયના સુભાષ અગ્રવાલે પ્લાયવૂડ ઉદ્યોગને ઊભરતો ઉદ્યોગ ગણાવ્યો હતો. તેમણે પાઈનનાં લાકડાંનું સારું માર્કેટ અહીં હોવાનું તેમણે કહ્યું હતું.

**કચ્છમાં પણ લાકડાંની ખેતી થવી જોઈએ**

અંજાર તાલુકાના અજાપર ખાતે આવેલી ગ્રેટા પ્લાયની કંપનીના પ્રકાશ પટેલે વિદેશમાં લાકડાંની ખેતી એટલાં પ્રમાણમાં છે કે, વાવેતર ન કરે તો પણ ઘણાં વર્ષો સુધી જથ્થો ખૂટે નહીં. કચ્છમાં પણ નીલગીરી સહિતના લાકડાંની ખેતી કરવી જોઈએ તેવું તેમણે ભારપૂર્વક કહ્યું હતું. રાજીવ અગ્રવાલે પ્લાયવૂડ ઉદ્યોગનું ભવિષ્ય ઉજ્જ્વળ હોવાનું કહી પ્લાયવૂડમાં મજબૂતી હોય છે. કોઈ પણ ગામ હોય કે શહેર પ્લાયની માંગમાં સતત વધારો થતો રહેતો હોવાનું જણાવ્યું હતું.

**ભારતભરમાં કચ્છમાંથી જતી પ્લાય**

ગાંધીધામના પ્લાયના જાણીતા ઉદ્યોગકાર સી.પી.એ. પ્લાયના ડી.કે. અગ્રવાલે ભારતભરમાંથી પ્લાય કચ્છના એકમોમાંથી જતી હોવાનું જણાવ્યું હતું. કંપની દ્વારા નિર્ધારિત માપદંડ મુજબ ગુણવત્તાયુક્ત પ્લાયનું ઉત્પાદન કરાતું હોવાની વાત તેમણે કરી હતી. તેમણે પ્લાયના એકમોને લોજિસ્ટિક ખર્ચ અનેકગણો આવતો હોવાનું જણાવ્યું હતું.



દરિયાઈ માર્ગે કન્ટેનર મારફત દક્ષિણના રાજ્યોમાં પ્લાય મોકલવાનો પ્રયાસ કરાયો હતો, પરંતુ દિવસોનો ગાળો વધુ હોય છે. જો દરિયાઈ માર્ગે વધુ જહાજો ઉપલબ્ધ બને તો લોજિસ્ટિક ખર્ચ ઓછો થાય.

**દોઢ દાયકામાં ઈમારતી લાકડાંની આયાતમાં વ્યાપક વૃદ્ધિ**

ટિમ્બરની આયાતમાં છેલ્લા ૧૫ વર્ષના આંકડાઓ ઉપર નજર કરીએ તો પ્રતિ વર્ષ વ્યાપક વૃદ્ધિ નોંધાઈ છે. વર્ષ ૨૦૧૦-૧૧માં ૩૭.૨૮ લાખ ક્યુબિક મીટર લાકડાંની આયાત કરવામાં આવી હતી અને ૩૯,૫૧,૪૪,૨૩,૦૬૩ની આવક થઈ હતી અને રૂ. ૩૬,૬૨,૫૮,૬૬૪૩ની કસ્ટમ ડ્યૂટી ભરવામાં આવી હતી. વર્ષ ૨૦૧૧-૧૨માં ૪૧.૩૧ લાખ ક્યુબિક મીટરની આયાત, ૫૧,૮૯,૮૧,૫૭,૬૪૬ની આવક અને રૂ. ૪૬,૯૪,૧૭,૫૪,૬૮૭ની કાસ્ટમ ડ્યૂટી ભરી હતી. વર્ષ ૨૦૧૨-૧૩માં ૪૩. ૫૪ લાખ ક્યુબિક મીટરની આયાત, રૂ. ૬૩, ૨૦, ૦૩,૨૦,૩૧૮ની આવક તેમજ રૂ. ૩,૩૬,૮૨,૪૪,૩૩૮ની ડ્યૂટી ભરી હતી. વર્ષ ૨૦૧૩-૧૪માં ૩૯.૨૬ લાખ ક્યુબિક મીટરની આયાત, ૩૬,૫૦, ૫૧,૦૬૦૦ની ડ્યૂટી ભરવામાં આવી હતી.

વર્ષ ૨૦૧૪-૧૫માં ૩૯.૫૨ લાખ ક્યુબિક મીટરની લાકડાંની આયાત, રૂ. ૬૩,૬૩,૯૧,૭૭,૯૯૯ની આવક અને રૂ. ૩,૪૫, ૮૬,૧૬,૧૬૬ની કસ્ટમ ડ્યૂટી ભરવામાં આવી હતી. વર્ષ ૨૦૧૫-૧૬માં ૩૫.૧૫ લાખ ક્યુબિક મીટરની આયાત અને રૂ. ૫૩,૭૪,૨૯,૫૨,૩૪૪ની આવક થઈ હતી. તેની સામે રૂ. ૨૦,૪૬,૩૬,૮૮૮૯ની કસ્ટમ ડ્યૂટી ભરવામાં આવી હતી. વર્ષે ૨૦૧૬-૧૭માં ૩૭.૬૪ લાખ ક્યુબિક મીટરની આયાત સામે રૂ. ૫૪, ૪૫,૬૮, ૭૩,૯૦૦ આવક થઈ હતી, તો રૂ. ૨,૧૫,૪૨,૮૧,૯૦૪ની કસ્ટમ ડ્યૂટી ભરવામાં આવી હતી. વર્ષ ૨૦૧૭-૧૮માં ૩૭.૭૨ લાખ ક્યુબિક મીટરની આયાત અને રૂ. ૫૭,૭૭,૮૦,૯૮,૫૬૦ની આવક અને રૂ. ૯,૭૯, ૭૭,૦૩,૮૪૭ની ડ્યૂટી ભારવામાં આવી હતી. વર્ષ ૨૦૧૯-૨૦માં ૩૬.૬૫ લાખ ક્યુબિક મીટરની લાકડાંની આયાત સામે રૂ. ૫૪, ૦૬,૪૪,૮૯,૪૭૭ની આવક થઈ હતી, તો રૂ. ૧૩,૧૧,૬૪,૦૦,૫૪૮ની કસ્ટમ ડ્યૂટી ભરવામાં આવી હતી, જ્યારે વર્ષ ૨૦૨૦-૨૧માં ૩૨.૧૮.લાખ ક્યુબિક મીટરની લાકડાંની આયાત કરવામાં આવી હતી અને રૂ. ૪૪,૮૪,૪૯,૪૬,૯૭૦ની આવક થઈ હતી, તો રૂ. ૧૦, ૮૬,૦૬,૧૦,૮૫૧ની કસ્ટમ ડ્યૂટી ભરવામાં આવી હતી. વર્ષ ૨૦૨૧-૨૨માં ૩૮.૮૨ લાખ ક્યુબિક મીટરની આયાત અને રૂ. ૬૩,૪૨,૪૦,૯૮,૩૮૪ની આવક થઈ હતી, તો રૂ. ૧૫,૨૧,૭૫,૨૮,૮૨૫ની ડ્યૂટી ભરી હતી. વર્ષ ૨૦૨૨-૨૩માં ૪૩.૭૬ લાખ ક્યુબિક મીટર લાકડાંની આયાત સામે રૂ. ૭૭, ૨૨,૪૬,૫૪,૨૮૧ની આવક થઈ હતી, જ્યારે રૂ. ૧૬, ૩૦,૦૭,૧૬,૯૭૯ની કસ્ટમ ડ્યૂટી ભરવામાં આવી હતી. વર્ષે ૨૦૨૩-૨૪માં ૪૫.૭૨ લાખ ક્યુબિક મીટરની આયાત રૂ. ૭૦, ૬૬,૮૮,૨૩,૩૯૯ની આવક થઇ હતી અને રૂ. ૧૩, ૪૩,૪૧,૬૮,૪૫૧ની ડ્યૂટી ભરવામાં આવી હતી અને વર્ષ ૨૦૨૪-૨૫માં ૫૩.૪૭ લાખ ક્યુબિક મીટર લાકડાંની આયાત કરવામાં આવી હતી, તેના થકી રૂ. ૮૨,૧૧,૬૩,૭૬,૨૪૯ની આવક થઈ હતી અને રૂ. ૧૪,૯૬,૯૭,૯૦,૯૧૫ની કસ્ટમ ડ્યૂટી ભરવામાં આવી હતી. ગત નાણાકીય વર્ષમાં ૫૫ લાખ સી.બી.એમ. આયાત થઈ હતી, જે આગામી વર્ષમાં ૬૦ લાખ ક્યુબિક મીટર લાકડાંની આયાત થવાની શક્યતા દર્શાવાઈ રહી છે.

- બે મહાબંદરનાં કારણે આયાતી ટિમ્બર સરળતાથી ઉપલબ્ધ
- ઉત્તર ભારતમાં નીલગીરી સહિતનાં લાકડાં ખાલી થઈ જતાં હવે ગાંધીધામમાં વધુ ૧૫૦ જેટલી પ્લાયવૂડ કંપની આવવાની શક્યતા
- દર વર્ષે આયાતમાં થતો જબ્બર વધારો






પહેલા પાનાથી ...

# ગ્રીન એનર્જી ક્ષેત્રે કચ્છની હરણફાળ




તખતો બની ચૂકી છે.

**ડીપીએ આ મોરચે કેવાં પગલાં લઈ રહી છે ?**

**જવાબ :** આ કાર્ય ભારે પડકારભર્યું હોવાને લીધે ડીપીએ દ્વારા ત્વરિત પગલાં લેવાયાં છે અને સમયબદ્ધ રીતે તેના અમલીકરણ માટે કમર કસવામાં આવી છે. કંડલા બંદરે ગ્રીન હાઈડ્રોજનનાં ઉત્પાદન માટે ૩,૪૦૦ એકર જમીન ફાળવવામાં આવી છે. આ જમીન પર નાના અને મોટા એકમો પ્રસ્થાપિત કરવાના કરાર થઈ રહ્યા છે. મોટા ઉદ્યોગગૃહોથી માંડીને મધ્યમ અને નાના ઉદ્યોગ સાહસિકો માટે જમીન અને અન્ય માળખાંકીય સુવિધા પૂરી પડાઈ રહી છે. ખાસ તો ગ્રીન હાઈડ્રોજનનું જે ઉત્પાદન થાય તે તમામ ડીપીએ ખરીદ કરીને આ એકમોને ખાસ મદદ કરશે. સ્વચ્છ ઈંધણનાં ઉત્પાદન માટે સ્વચ્છ ઊર્જાની જરૂરત પૂરી કરવા ડીપીએ દ્વારા એનટીપીસી પાસેથી ૧૬ ગિગાવોટ હરિત વીજળી મેળવવાનો કરાર પણ ડીપીએ દ્વારા થઈ ગયો છે.

**ઉત્પાદનનો લક્ષ્યાંક શું છે ?**

**જવાબ :** વર્ષ ૨૦૨૯/૩૦ સુધી કંડલામાં ૫૬ લાખ ટન ગ્રીન હાઈડ્રોજનનું ઉત્પાદન થાય તેવો અંદાજ બંધાયો છે. આ ઈંધણ દેશના તમામ સરકારી અને ખાનગી બંદરોએ લાંગરતાં જહાજોને ઉપલબ્ધ કરાશે.

**આ ઉપરાંત આ ઈંધણ ક્યાં મોકલાશે ?**

**જવાબ :** આમ તો આવનારા વર્ષોમાં વિશ્વમાં ૨૫૦ જેટલાં નવાં જહાજો ગ્રીન હાઈડ્રોજન વડે ચાલતા હશે. આ જહાજો માટે યુરોપ સુધી આ ઈંધણની માંગ હશે. આ માટે ડીપીએ દ્વારા નેધરલેન્ડના રોટરડેમ મહાબંદર સાથે કરાર કરી લીધા છે. આમ કંડલાના ગ્રીન હાઈડ્રોજનને છેક રોટરડેમ બંદર સુધી મોકલવાનો કરાર ડીપીએ માટે મોટી સફળતા અને ગૌરવ બની રહ્યો છે.

**સ્વચ્છ ઈંધણના ઉપયોગ માટેનો કરાર કેવો છે ?**

**જવાબ :** ૨૦૨૩માં થયેલા કરાર મુજબ ઉત્સર્જનમાં રોક લગાવવાની સમયરેખા પણ નક્કી કરાઈ છે. આમાં ૨૦૩૦ સુધી ઉત્સર્જનમાં ૩૦ ટકા, ૨૦૪૦ સુધી ૭૦ ટકા અને ૨૦૫૦ સુધી સંપૂર્ણપણે ઉત્સર્જન દૂર કરવાની સમયરેખા વિશ્વ પાસે છે. આ સમયરેખા મુજબ આવનારા વર્ષોમાં દુનિયાભરના દરિયાઈ વહેવારમાં ગ્રીન હાઈડ્રોજન જેવા સ્વચ્છ ઈંધણનો ઉપયોગ અનિવાર્ય બની જશે.

**કચ્છને સીધો ફાયદો શો થશે ?**

**જવાબ :** કંડલામાં ગ્રીન હાઈડ્રોજનનાં ઉત્પાદન ક્ષેત્રે ૧.૪ લાખ કરોડનું રોકાણ ૨૦૨૯ સુધી આવી જશે. તેની સાથોસાથ બીજા સંલગ્ન એકમો માટે એટલું જ બીજું રોકાણ થાય એવો અદાજ છે. આમ કુલ ૨.૫ લાખ કરોડથી ત્રણ લાખ કરોડ વચ્ચેના રોકાણની કંડલા અને આસપાસના વિસ્તારમાં પૂરી શક્યતા છે.

**કચ્છમાં રોજગારીની તકો કેટલી વધશે ?**

**જવાબ :** ગ્રીન હાઈડ્રોજનનાં ઉત્પાદન માટેના એકમોમાં અંદાજે ૩૦ હજાર જેટલી રોજગારીની નવી તકો ઊભી થશે. આ માટે ડીપીએ દ્વારા તોલાણી શિક્ષણ સંસ્થાની સાથે કરાર કરીને યુવાનોને ગ્રીન હાઈડ્રોજનનાં ઉત્પાદન અંગે તાલીમબદ્ધ અને માહિતગાર કરવા નાના-નાના અભ્યાસક્રમો તૈયાર કરાશે. સાથોસાથ ડીપીએ તેની વડી કચેરીએ એક ખાસ માહિતી કેન્દ્ર ઊભું કરીને ગ્રીન હાઈડ્રોજનનાં ક્ષેત્રમાં રોજગારીની તકોની વિગતો આપવાની વ્યવસ્થા ગોઠવશે.

**ડીપીએને ફાયદો થશે ?**

**જવાબ :** ૨૦૩૦થી જેમ-જેમ જહાજી વહેવારમાં સ્વચ્છ ઈંધણ ફરજિયાત થતું જશે તેમ તેમ આ માટે જહાજો કંડલામાં માલ ભરવાની સાથોસાથ ઈંધણ ભરવા માટે આવતા થશે. આમ થવાથી કંડલા બંદરે જહાજી વહેવાર વધશે અને તેનો સીધો ફાયદો ડીપીએને થશે.

# દીનદયાલ પોર્ટનો મેકઓવર

શ્રી સિંઘે કરી હતી.

તેમણે ઉમર્યું હતું કે, પોર્ટને વિશ્વ સ્તરે સ્પર્ધાત્મક બનાવવા માટે પ્રથમ બર્થિંગ ઓન અરાઈવલની યોજના અમલમાં મૂકવાની દિશામાં કામગીરી કરાઈ રહી છે. જહાજ આવતાની સાથે જ બર્થ ઉપર લાગી જાય. આ યોજનાથી વિશ્વમાં એક સંદેશ જશે કે, દીનદયાલ પોર્ટમાં જહાજને રાહ જોવી પડતી નથી. આ દિશામાં પણ બર્થ વધારવા, વેસલ વધારવા, નવી ક્રેન વિકાસવવા સહિતની માળખાંકીય સુવિધા વિકસાવવાનું આયોજન હોવાની માહિતી તેમણે કરી હતી.

**તમામ પ્રકારના કાર્ગોમાં વૃદ્ધિ કરવા આયોજન**

મહાબંદર કંડલાને મેગા પોર્ટ બનાવવાની દિશામાં મેકઓવર બનાવવા માટે તમામ પ્રકારના કાર્ગોના માલ પરિવહનની ક્ષમતામાં વધારો કરવાનું આયોજન ઘડાયું હોવાનું કહ્યું હતું. આ બાબત ઉપર પ્રકાશ પાડતાં તેમણે કહ્યું હતું કે, લિક્વિડ કાર્ગોની ક્ષમતા વધારવા માટે આઠ નંબરની ઓઈલ જેટી કાર્યરત થઈ ગઈ, ત્યારબાદ હજુ વધુ ત્રણ નવી ઓઈલ જેટીના નિર્માણની દિશામાં પોર્ટ પ્રશાસન આગળ વધી રહ્યું છે અને વધુ ત્રણ નવી ઓઈલ જેટીથી પોર્ટની ક્ષમતા ૧૦ મિલિયન મેટ્રિક ટન વધી જશે. તુણા ખાતે મલ્ટિપર્પસ કાર્ગો જેટી આકાર પામી રહી છે. તેનાથી બલ્ક કાર્ગોની ક્ષમતામાં ૧૮ મિલિયન મેટ્રિક ટનનો વધારો થશે. આ ઉપરાંત દુબઈ પોર્ટ વર્લ્ડ (ડી.પી. વર્લ્ડ) દ્વારા નિર્મિત કન્ટેનર ટર્મિનલનું કામ ધમધોકાર ચાલી રહ્યું છે અને એપ્રિલ-૨૦૨૭ સુધીમાં તૈયાર થઈ જશે અને જૂન-૨૦૨૭ સુધીમાં મહાકાય કન્ટેનર જહાજનું હેન્ડલિંગ પણ શરૂ થઈ જશે.

**૨૦૨૭થી પ્રતિ વર્ષ ૨૨ લાખ કન્ટેનર હેન્ડલિંગ**

ડી.પી. વર્લ્ડ દ્વારા પ્રતિ વર્ષ ૨૨ લાખ કન્ટેનર હેન્ડલિંગ કરાશે જે એક મહત્ત્વનો પ્રકલ્પ પોર્ટના ભાવિ મેકઓવર માટે બની રહેશે. આ ઉપરાંત ક્રીક ઉપર મેગા પોર્ટ નિર્માણની દિશામાં કામગીરી થઈ રહી છે. ક્રીકમાં ૨૭ હજાર કરોડના ખર્ચે ક્રીક એરિયામાં મેગા ટર્મિનલ બનાવવામાં આવશે. આ મેગા પોર્ટ માટે કન્સલ્ટન્ટની નિમણૂક કરાઈ છે. અંદાજે અઢી વર્ષના ગાળામાં તૈયાર થઈ જશે, તેવું તેમણે જણાવ્યું હતું. આ ટર્મિનલમાં લિક્વિડ કાર્ગોનું હેન્ડલિંગ કરવાનું આયોજન છે. આ ઉપરાંત ૧૬ કાર્ગો જેટી પૈકીની અમુક જેટીને લિક્વિડમાં કન્વર્ટ કરવાનું પણ આયોજન વિચાધીન હોવાનું કહ્યું હતું.

**રોટરડમ પોર્ટ સાથે સીધી સ્પર્ધા**

હાલ દીનદયાલ પોર્ટની ક્ષમતા ૨૬૭ મિલિયન મેટ્રિક ટન છે. આગામી સમયમાં વર્ષ ૨૦૩૦ સુધીમાં પોર્ટની ક્ષમતા ૩૫૦ મિલિયન મેટ્રિક ટન કરવાનું ધ્યેય હોવાનું અને હવે માત્ર લડત ૧૨ મહાબંદર પૂરતી જ નહીં પરંતુ નેધર્લેન્ડ સ્થિત રોટરડમ પોર્ટ સાથે છે. આ પોર્ટની ક્ષમતા ૪૦૦ મિલિયન મેટ્રિક ટન છે. મેગા પોર્ટ બનાવીને હવે સીધા તેની સાથે જ બાથ ભીડવાની છે. આમ આગામી સમયમાં લિક્વિડ, બલ્ક, ડ્રાયબલ્ક અને કન્ટેનરાઈઝ તમામ કાર્ગોમાં ક્ષમતા વધારવાની દિશામાં પોર્ટનો મેકઓવર બનાવવાની કામગીરી ચાલુ છે.

**શ્રમિકો માટે સારું વાતાવરણ ઊભું કરવા પ્રયાસ**

દીનદયાલ પોર્ટમાં મિકેનિઝમથી નહીં પરંતુ મેન્યૂઅલી કામગીરી થઈ રહી છે. હજારો શ્રમિકો પોર્ટને તેના લક્ષ્યાંક્ને પાર પાડવા માટે દિવસ-રાત એક કરી રહ્યા છે. જો કે, શ્રમિકોને કામ કરવા માટેનાં સારાં વાતાવરણની ઊણપ છે. આ ઊણપને દૂર કરીને કામદારોને સ્વચ્છ અને સારું વાતવરણ મળે તે માટે અનેક મહત્ત્વનાં પગલાં લેવાયા હોવાનું ડી.પી.એ. અધ્યક્ષે જણાવ્યું હતું. આરામ કરવા માટે પૂરતી વ્યવસ્થા, સ્વચ્છ ટોયલેટ બ્લોક, શુદ્ધ પીવાનાં પાણીની વ્યવસ્થા, જેકેટ, હેલ્મેટ સહિતની સુવિધા અપાઈ રહી છે. આગામી દિવસોમાં કામદારોને કામનાં સ્થળે સારાં વાતાવરણનો બદલાવ દેખાશે, તેવું જણાવ્યું હતું. હાઈડ્રોજન હબ, મેગા પોર્ટ, કન્ટેનર ટર્મિનલ, પોર્ટની ક્ષમતા વધારવા સહિતના પ્રકલ્પો બાદ પોર્ટ મહાબંદરમાંથી મેગા પોર્ટ બની જશે તે બાબત ચોક્કસ છે.




છેલ્લા પાનાથી...



# રેલવેની ગતિ હવે હાઈસ્પીડ તરફ

દિવસો હવે દૂર નથી. ૧૨ કલાકમાં દિવસની ટ્રેન અથવા વંદે ભારત સ્લીપર જેવી ટ્રેન દોડાવવાની શક્યતા પણ નકારી ન શકાય.

**માલ પરિવહન માટ વિશેષ બે ટ્રેક**

કચ્છમાં બે બંદરનાં કારણે કચ્છ એરિયામાંથી રેલવે મારફત વ્યાપક માલ પરિવહન થાય છે. માલ પરિવહન માટે રેલવે દ્વારા માળખાંકીય સુવિધાઓ વિકસાવવા માટે વ્યાપક કામગીરી પણ કરી છે. આગામી ભવિષ્યને ધ્યાનમાં રાખીને રેલવે દ્વારા સામખિયાળીથી આદિપુર સુધી ડબલિંગ ટ્રેક ઉપરાંત વધારાના બે ટ્રેક નાખવાનું કામ પૂરઝડપે ચાલી રહ્યું છે. આ બે નવા ટ્રેકમાં માત્ર ને માત્ર માલગાડીઓ જ દોડાવવામાં આવશે. આ માળખાંકીય સુવિધાનાં કારણે એક સમયે માલગાડી અને પેસેન્જર ટ્રેનની હેરફેર વધુ સરળ અને ઝડપી બની જશે. મુંદરામાં અદાણી પોર્ટ દ્વારા યાર્ડને આધુનિક બનાવવાની કામગીરી પણ કરાઈ રહી છે. આ ઉપરાંત કંડલા મહાબંદર ખાતે સંગ્રહ માટે ગોદામ સહિતની સુવિધાઓ વધારવામાં આવતાં ડોમેસ્ટિક અને એક્ઝિમ કાર્ગો માટે વ્યાપક સુવિધાઓનો વિકાસ થઈ રહ્યો છે. ભુજ-નલિયા સુધીની લાઈન પૂરી થઈ ગઈ છે. હાલ બેન્ટોનાઈટ, સિમેન્ટ, ઈન્ડસ્ટ્રીયલ સોલ્ટ, ક્લિંકરનું હેન્ડલિંગ થઈ રહ્યું છે, ત્યારે આ કાર્ગો વધુ પ્રમાણમાં રેલ મારફત પરિવહન થાય તે માટે સણોસરા અને નલિયા સાઈડિંગ ખાતે વે-બ્રિજની સુવિધા રેલવે દ્વારા ઊભી કરાશે, તેવું શ્રી ધાનિયાએ જણાવ્યું હતું.

**નલિયા સુધી પેસેન્જર ટ્રેન, માંડવી સુધીની શક્યતા**

ભુજ-નલિયા મીટરગેજ લાઈનને બ્રોડગેજમાં પરિવર્તિત કરવામાં આવી અને તેનું કામ પણ પૂર્ણ થઈ ગયું છે. હાલ માલગાડીઓ ખટાખટ દોડી રહી છે. હાલ નલિયા સુધીના ટ્રેક્નું વિદ્યુતીકરણનું કામ પૂર્ણ થઈ ગયુ છે. કુકમા ખાતે ટી.એસ.એસ.નુ કામ ચાલી રહ્યું છે. તેની કામગીરી પૂર્ણ થયા બાદ નલિયા સુધી પ્રવાસી ટ્રેન દોડાવવામાં આવશે. આ ઉપરાંત કચ્છનાં પ્રવાસન સ્થળની દૃષ્ટિને ભુજથી માંડવી સુધી રેલવે લાઈનનું વિસ્તરણ કરવામાં આવે તે માટે અધિકારીઓની ટીમ દ્વારા સર્વે કરવામાં આવ્યો છે, ત્યારે આગામી દિવસોમાં પ્રવાસનની દૃષ્ટિએ રેલવેસેવાનું વિસ્તરણ થઈ શકે છે કે કેમ તે દિશામાં શક્યતા ચકાસવામાં આવશે. અત્યાર સુધી કચ્છમાં રેલવેનાં માળખાંમાં સુધારો કરવામાં આવ્યો અને હવે જે ખૂણા રેલસેવાથી વંચિત છે તેને જોડવાની દિશામાં પણ રેલવે દ્વારા પ્રયાસ આદરાયા છે.






# આધુનિક ગુનાખોરીને ડામવા પૂર્વ કચ્છ પોલીસ સજ્જ

## થ્રી નોટ થ્રીમાંથી એ.કે. ૪૭, ઈન્સાસ બંદૂકો, ખખડધજ જીપડામાંથી ઈનોવા કાર, બોડીવોર્ન કેમેરા, નેત્રમ્ રૂપી ત્રીજી આંખથી પોલીસ બેડાંનો આધુનિક મેકઓવર

**કાયદો વ્યવસ્થા**

**મનજી બોખાણી**

પ્રજાના જાનમાલનાં રક્ષણ માટેનું અર્ધલશ્કરી શાસકીય સંગઠન એટલે પોલીસ. સરકારના કાયદાઓનું પાલન, જનતાનાં જાનમાલનું રક્ષણ, દારૂબંધી, ગેરકાયદેસરનાં કૃત્યો કરનારાઓને પકડવા, વાહનવ્યવહારનું નિયમન વગેરે જવાબદારીઓનું પાલન પોલીસને કરવાનું હોય છે. વર્ષોથી ચાલી આવતા આ વિભાગમાં નવી ઈમારતો, નવી શાખાઓ, નવા વિભાગો ચાલુ થયા છે, પણ દેખીતી રીતે ખાસ એવો કોઈ બદલાવ આવ્યો નથી.

થ્રી નોટ થ્રીમાંથી એ.કે. ૪૭ અને ઈન્સાસ બંદૂકો, ખખડધજ જીપડામાંથી ઈનોવા, એન્ટિસિપેટરી વાહનો આવ્યાં, નવા વિભાગો ચાલુ થયા, પણ જોઈએ તેવા બદલાવ હજુ પોલીસમાં આવ્યા નથી.

પૂર્વ કચ્છમાં ઔદ્યોગિક હરણફાળ અને વધતી જતી વસ્તી સાથે વિકાસના દોરમાં ગુનાખોરી પણ વધે છે. આ ગુનાખોરીને ડામવા ગૃહખાતું, પોલીસ દળ સજ્જ છે. આધુનિક સમયની ગુનાખોરીને ભરી પીવા માટે પોલીસ પણ આધુનિક વાઘા સજી રહી છે. છેલ્લા લાંબા સમયથી પોલીસના ચહેરાને આધુનિક કરવાના પ્રયાસ ચાલી રહ્યા છે. દરમ્યાન, આધુનિક જમાનાની ગુનાખોરી એટલે સાયબર ક્રાઈમ પણ માથું ઊંચકી રહ્યો છે. દેશભરમાં બની રહેલા આવા બનાવો લોકોને આર્થિક રીતે પાયમાલ કરી રહ્યા છે. આ આધુનિક ગુનાખોરીએ તંત્ર - પોલીસને એલર્ટ મોર્ડમાં મૂકી દીધું છે.

પોલીસકર્મીઓ હવે કોમ્પ્યુટર, લેપટોપ ચલાવતા થઈ ગયા છે. લોકોને ઘરબેઠાં વ્યવસ્થા મળી રહે તે માટે લોકો ઘરબેઠાં મોબાઈલ, બાઈકચોરી ઓનલાઈન નોંધાવી શકે છે. ટ્રાફિક નિયમન અંગે ઓનલાઈન ફરિયાદ, રજૂઆત કરી શકાય છે. ફરિયાદી એફ.આઈ.આર.ની નકલ મેળવી શકે છે. ઘરેલુ નોકર - ચાકર, વરિષ્ઠ નાગરિકોની નોંધણી, ના - વાંધા પ્રમાણપત્ર વગેરે કામ પોલીસ મથકે ગયા વિના ઘરબેઠાં કરી શકાય છે.

### પૂર્વ કચ્છમાં નવાં પોલીસ મથકો અસ્તિત્વમાં આવ્યાં

પૂર્વ કચ્છ ઉદ્યોગોથી ધમધમી રહ્યું છે. અહીં ગુનાનું પ્રમાણ વધુ રહે છે. આવા બનાવો ઉપર અંકુશ લાવવા અને અહીં ભૌગોલિક વિસ્તાર મોટો હોવાથી નવાં પોલીસ મથકો અસ્તિત્વમાં આવ્યાં છે. બાલાસર, ગાગોદર, લાકડિયા નવાં પોલીસ મથકો અસ્તિત્વમાં આવ્યાં છે, તો હાલમાં ગાંધીધામમાં ભારતનગર, મુખ્ય બજાર, ઓસ્લો ચોકી, આદિપુરમાં ૮૦ બજાર, બસ સ્ટેન્ડ પાસે નવી ચોકી બનાવવામાં આવી છે, જેના થકી ટ્રાફિક નિયમન, પેટ્રોલિંગ વગેરે સરળ બન્યું છે.


નેત્રમ્ વિભાગ દ્વારા વાહનવ્યવહાર ઉપર રખાતી ચાંપતી નજર.

### નેત્રમ્ : પોલીસની ત્રીજી આંખ

જુદા જુદા બનતા ગુના ખાળવામાં નેત્રમ્ સીસીટીવી. કેમેરા સૌથી વધુ કારગત નિવડ્યા છે. પૂર્વ કચ્છમાં ગાંધીધામમાં આવવાના અને બહાર જવાના તમામ માર્ગો ઉપર કેમેરા અગાઉ ગોઠવાયા હતા અને આગામી સમયમાં ગાંધીધામ - આદિપુરમાં વધુ ૪૯, અંજારમાં૧૨૦, ભચાઉમાં ૬૩, રાપરમાં ૬૦ એમ કુલ ૨૯૨ કેમેરા લગાવવામાં આવશે.

બાલાસર જેવાં સરહદી પોલીસ મથકોમાં દાતાઓના સહકારથી પોલીસે કેમેરા ગોઠવ્યા છે.

પોલીસની આ ત્રીજી આંખે માર્ગ અકસ્માતના ૬૫, ચોરીના ૨૨૩, ચીલઝડપના ૧૭, અપહરણના ૭૨, લૂંટના ચાર, હિટ એન્ડ રનના ૨૭ વગેરે બનાવોમાં સફળતા મેળવી છે તેમજ માર્ગ ઉપર ટ્રાફિક નિયમોનું ઉલ્લંઘન કરતા ૨૨,૪૩૦ વાહનચાલકોને ઇ-ચલણ આપી રૂા. ૯૮,૬૧,૩૦૦નો દંડ ફટકાર્યો છે.

### સાયબર ક્રાઇમ સામે રક્ષણ માટે તૈયાર પોલીસ

છેલ્લા કેટલાક સમયથી ઇ - ચલણ, ડિજિટલ એરેસ્ટ, ટાસ્ક પૂરા કરવાનાં બહાના, આર્મીનો માલ વેચવા, સોશિયલ મીડિયામાં પજવણી, ધાર્મિક લાગણી દુભાવવી વગેરે પ્રકારના સાયબર ગુનાઓમાં વધારો થયો છે. નવા પ્રકારના આવા આધુનિક ગુનાઓને ડામવા પૂર્વ કચ્છમાં સાયબર ક્રાઇમ પોલીસ સજ્જ છે. આ વર્ષ દરમ્યાન ઓનલાઇન ઠગાઇનો ભોગ બનેલા લોકોને સાયબર ક્રાઇમ પોલીસે રૂા. ૮૬,૪૨,૨૪૩ પરત અપાવ્યા છે.

જુદા જુદા ગુનાઓનું ભેદન કરીને યુવતીઓ, મહિલાઓની પજવણી, લોકોનાં ખાતાં ખોલાવવાં, ડીજિટલ એરેસ્ટ વગેરે પ્રકરણોમાં પોલીસે આરોપીઓને શોધી કાઢીને તેમની ધરપકડ કરી હતી.

### પોલીસ હવે ડિજિટલી ભેદ ઉકેલે છે

અગાઉના સમયમાં કોઈ ઘૂસણખોર પડોશી મુલ્કમાંથી અહીં ઘૂસી આવે અથવા કોઈ ગંભીર ગુનો બનતો, ત્યારે માત્ર પગી અને લોકોના સહારાનાં કારણે ગુનાનું ભેદન કરાતું હતું, પરંતુ હવે ક્યાંય કોઈ બનાવ બને તો નાકાંબંધી, પોલીસનાં વોટ્સએપ ગ્રુપોમાં આરોપીઓનું વર્ણન, વાહન વગેરેની માહિતી ફરતી કરી દેવાય છે, જેનાં કારણે આરોપીઓ વહેલી તકે ઝડપાઈ જતા હોય છે.

### ટ્રાફિક નિયમન માટે પોલીસ સહિતના જવાનો તૈનાત

પૂર્વ કચ્છમાં ઉદ્યોગો, બંદરગાહોના પડખે વાહનોના થપ્પા લાગેલા હોય છે, જેનું નિયમન કરવા માટે રાજ્ય, જિલ્લા અને સિટી પોલીસની સાથે ટ્રાફિકવોર્ડન પણ તૈનાત રહેતા હોય છે.

ટ્રાફિક પોલીસને સ્પીડ ગન, બોડીવોર્ન કેમેરા, અકસ્માત સમયે ફર્સ્ટ એઈડ, આગ બુઝાવવાનાં સાધનો સાથે નવાં વાહનો ફાળવાયાં છે. તો, પેટ્રોલિંગ માટે નવાં બાઈક પણ આપવામાં આવ્યાં છે.

સરવાળે પોલીસ આધુનિકીકરણ તરફ સજ્જ થઈ રહી છે, પરંતુ હજુ જોઈએ તેવો ખાસ કોઈ બદલાવ આવ્યો નથી.




# કચ્છના વિકાસમાં શિરમોર ભૂમિકા

**-સૂર્યશંકર ગોર**

આજે કચ્છમિત્રનો ૭૯મો સ્થાપનાદિન છે... કચ્છના લોકોની નાડને પારખનાર, કચ્છની ધરતીને સંપૂર્ણ વફાદાર આ અખબાર હવે 'દિને દિને નવં નવં' જેમ બદલાતા સમય સાથે તાલ મિલાવી અનેકવિધ આયામો થકી કચ્છની સેવા કરી રહ્યું છે... છેલ્લા દાયકાઓથી કચ્છના પ્રાણપ્રશ્નોને અભ્યાસપૂર્ણ રીતે, સંપૂર્ણ તથ્યો સાથે વાચા આપી પરિણામ સુધી પહોંચાડવા શિરમોર ભૂમિકા ભજવી છે... આપણે સૌ વિદિત છીએ કે ભૂકંપ સમયે નરેન્દ્રભાઇ મોદી ખુદ કચ્છમિત્રની કચેરીમાં બેસી કચ્છ માટે શું શું થઇ શકે એનો વિમર્શ કરે એ જ કચ્છમિત્રની ઊંચાઇ છે... એક સમય હતો કે, કચ્છી માડુ કચવાતા મને પોતાની માભોમને છોડી રોજીરોટી માટે દોરી-લોટો લઈ નીકળી પડતો... એના બદલે આજે હજારો લોકોને કચ્છની ધરતી રોજીરોટી આપે એવો વિકાસ થયો છે... આ વિકાસના પાયામાં તંત્ર સાથે કચ્છમિત્ર પણ ખભેખભા મિલાવી સાથે જ રહ્યું છે... આજના કચ્છના વિકાસમાં કચ્છમિત્રનું બહુ જ મોટું મૂલ્ય છે એ કચ્છના જાહેરજીવનના સૌ પોરસ સાથે સ્વીકારે છે... આજે આડેસરથી કોટેશ્વર સુધી સાવ છેવાડાનો માણસ માત્ર બે ચોપડી ભણેલો હોય એ ખેતરના સેઢે ઢેફાંનું ઓશિકું કરી કચ્છમિત્ર વાંચે ત્યારે એને નિરાંત થતી હોય છે... આજે કચ્છમિત્રના સ્થાપના દિવસે અનેક-અનેક કચ્છીઓ પોતાના પ્રાણપ્રિય અખબારનો સ્થાપના દિવસ વિવિધ રીતે ઊજવી આષાઢી બીજ કે નૂતન વર્ષ જેવું જ મહત્ત્વ સ્થાપના દિવસનાં પર્વને આપે છે... જાહેરજીવનના સૌ મહાનુભાવો કચ્છમિત્રની કચેરીએ પહોંચી ખાસ શુભેચ્છાઓ વ્યક્ત કરવા પહોંચે છે એ છે કચ્છમિત્રની અસ્મિતા... આ માત્ર અખબાર નથી, જીવનમાં વૈચારિક ક્રાંતિ કરવાનો અવસર પૂરું પાડતું મિશન છે.



# હવાઈસેવાનું સુદૃઢ માળખું કચ્છના વિકાસને નવી ઉડાન આપશે...

**એરપોર્ટ**
કુલદીપ દવે



- વર્ષ ૨૦૪૭ને લક્ષ્યમાં રાખીને ભુજ હવાઈમથકની કાયાપલટ
- કંડલા ગ્રીનફિલ્ડ એરપોર્ટ માટે કવાયત કાર્યરત
- ડીપીએની આં.રાષ્ટ્રીયકક્ષાનાં હવાઈમથકની જમીન આપવાની તૈયારી
- વર્ષ દરમ્યાન ૧૦૦ જેટલાં ખાનગી ચાર્ટર વિમાનની અવરજવર

પાછલા બે દાયકા કરતાં વધુ સમયમાં ઔદ્યોગિક એકમોનું આગમન થતાં માતબર રકમનું મૂડીરોકાણ કચ્છમાં થયું છે, જેના કારણે સ્થાનિક લોકોનાં જીવનધોરણ બદલાયાં છે. ઔદ્યોગિક એકમની યાત્રા થકી રોજગારીની તકો ઊભી થઈ છે. પ્રવાસનક્ષેત્રે કચ્છ વૈશ્વિક નકશામાં છવાયું છે. રણ ઉત્સવ સિવાયના સમયમાં પણ અહીં પ્રવાસીઓની નોંધપાત્ર સંખ્યા અચૂક જોવા મળે છે. કંડલા અને મુંદરાનાં બંદરે પોર્ટના ધમધમાટ છે. મોટી સંખ્યામાં ઔદ્યોગિક એકમોના પ્રતિનિધિ મંડળની વ્યાપારીક મંડળ મુલાકાત અહીં યોજાતી હોય છે. આ તમામ પાસાઓ સાથે કચ્છના વિકાસની રફતાર વધી છે. દેશના છેવાડામાં આવેલા આ મૂલક રાજ્ય અને દેશનું ગ્રોથ એન્જિન બન્યું છે. હવાઈસેવા સંલગ્ન સુદૃઢ માળખું કચ્છના વિકાસને નવી ઉડાન ઉપર લઈ જશે તેવું ચિત્ર ઉપસ્યું છે.

કંડલા અને મુંદરા બંદર ઉપરથી દેશનો ૩૦ ટકા કરતાં વધુ કાર્ગો હેન્ડલિંગ થાય છે. આ ઉપરાંત તુણા પાસે અદ્યતન મેગા કન્ટેનર ટર્મિનલ બનવાની કામગીરી ઝડપથી ચાલી રહી છે. કંડલામાં એશિયાનો સૌથી મોટો ટિમ્બર કાર્યરત છે તેમજ એશિયાનું સૌથી મોટું ટેન્કફાર્મ સ્ટોરેજ અહીં છે. કંડલા ગ્રીન હાઈડ્રોજનનું હબ બનશે સહિતની બાબતોના કચ્છ વૈશ્વિક કક્ષાને અલગ છાપ ઊભી થઈ છે.

**ભુજ એરપોર્ટનો મેકઓવર**

ભુજ એરપોર્ટના મેકઓવરથી કરવાની ગતિવિધિ હાલમાં ચાલી રહી છે. એરપોર્ટ ઓથોરિટીના ડાયરેક્ટર નવીનકુમાર સાગરે કચ્છમિત્ર સાથે વાતચીત કરતાં જણાવ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીના વર્ષ-૨૦૪૭ સુધીના વિકાસ મોડેલને કેન્દ્રમાં રાખીને ભુજ હવાઈમથકની કાયાપલટ કરવાની દિશામાં કાર્ય ચાલી રહ્યું છે. હાલમાં ૫૪૦ પ્રવાસીને હેન્ડલની ક્ષમતા છે, જેને વધારે ૧૨૦૦ સુધી પહોંચાડવામાં આવશે. ત્રણ મોટાં અને બે નાનાં વિમાન ઊભાં રહી શકે તે માટે આયોજન થઈ રહ્યું છે. આ દિશામાં કામ પણ ચાલી રહ્યું છે. પ્રવાસીઓની સુવિધાઓને ધ્યાને લઈને વિશાળ વેઈટિંગ એરિયા વિકાસવવા સહિતનું કામ ચાલી રહ્યું છે.

હવાઈમથક ઉપર ચાલતા પ્રકલ્પની માહિતી આપતાં તેમણે ઉમેર્યું હતું કે, ૪૪.૩૯ કરોડના ખર્ચે એરપોર્ટનું નવીનીકરણ થઈ રહ્યું છે. પ્રવાસીઓના ધસારાને લક્ષ્યમાં રાખીને બે એન્ટ્રી ગેટ અને ચાર લેન બનાવવામાં આવશે. બહાર નીકળવાના ગેટ પણ બે બનાવવામાં આવશે. હાલમાં ચેક-ઈન કાઉન્ટર આઠ છે. જેને વધારીને ૧૬ કરવામાં આવશે. ડોમેસ્ટિક સિક્યોરિટી મશીન (એક્સ.બી.આઈ.એસ) એક છે. જેને પાંચ કરવામાં આવશે. સિક્યોરિટી વિસ્તરણ એરિયામાં પણ વધારો કરાશે. એરપોર્ટની સુંદરતા વધારવા કુંડા સાથે વૃક્ષો મુકાશે. કચ્છની ઓળખસમા ભુંગાનો આકાર ઊભો કરાશે. બહાર પ્રવાસીઓ માટે પતરાંનો શેડ મુકાશે. એરપોર્ટમાં ઈલેક્ટ્રિક વાહન ચાર્જિંગનું પણ માળખું ઊભું કરાશે. દિવ્યાંગો માટે અલાયદું સહાયતા કેન્દ્ર, બાળકો માટે પ્લેઈંગ એરિયા સહિતના સુવિધાના નવા આયામો ઊમેરાશે. ભુજથી અમદાવાદની હવાઈસેવા પણ શરૂ થશે. સાંસદ વિનોદભાઈ ચાવડા કચ્છના હવાઈસેવા સંલગ્ન પ્રશ્નો માટે પ્રયત્નશીલ છે.

**કંડલામાં ગ્રીનફિલ્ડ એરપોર્ટ માટે ફોકીઆ પ્રયત્નશીલ**

ફેડરેશન ઓફ કચ્છ ઈન્ડસ્ટ્રીઝ એસોસીએશન (ફોકીઆ)ના એમ.ડી નિમિષભાઈ ફડકેએ જણાવ્યું હતું કે, કચ્છમાં અંદાજિત ૧.૭૦ લાખ કરોડનું ઔદ્યોગિક રોકાણ છે. હજુ અહીં ૧૦ લાખ કરોડનું રોકાણ થવાનું છે. કચ્છનો સર્વાંગી વિકાસ થવા સાથે ખાનગી ચાર્ટર વિમાનની અવરજવર પણ વધી છે. ઔદ્યોગિક એકમો અને મૂડીરોકાણકારો સક્ષમ હવાઈ માળખાંની બાબતને અગ્રતા આપે છે. વખતોવખત કચ્છમાં આંતરરાષ્ટ્રીય કક્ષાનું ગ્રીનફિલ્ડ એરપોર્ટ બને તે માટે પ્રયાસો હાથ ધરવામાં આવ્યા છે. તાજેતરમાં વધુ એક વખત ફોકીઆ દ્વારા દીનદયાલ પોર્ટ ઓથોરિટીને જમીન આપવા માટે રજૂઆત કરવામાં આવી છે. ત્રણ જેટલા જમીન પાર્સલ નક્કી પણ કરવામાં આવ્યા હતા. એરપોર્ટ માટે યોગ્ય જમીનન મળી જાય તો એરપોર્ટ ઓથોરિટી ઓફ ઈન્ડિયા કચ્છમાં આધુનિક હવાઈમથક બનાવવા માટે કટિબદ્ધ છે. ડીપીએના ચેરમેન સુશીલકુમાર સિંઘના હકારાત્મક પ્રયત્નો થકી આ દિશા આગળની ગતિવિધિ ચાલી રહી હોવાનું તેમણે ઉમેર્યું હતું.

**કચ્છમાં રોકાણકારોને આકર્ષવા હવાઈસેવા પાયારૂપ**

ગાંધીધામ ચેમ્બર કોમર્સના પ્રમુખ મહેશભાઈ પુજ અને મંત્રી મહેશ તીર્થાણી તેમજ પૂર્વ પ્રમુખ તેજાભાઈ કાનગડે જણાવ્યું હતું કે, કચ્છમાં ઔદ્યોગિક વિકાસથી માંડીને તમામ મોરચે વિકાસ થયો છે. વર્ષ દરમ્યાન આવતા અનેક ધાર્મિક મહોત્સવ તથા પરંપરાગત તહેવારો દરમ્યાન એન.આર.ઈ. લોકો અચૂકપણે પોતાનાં વતનમાં આવતા હોય છે. હવાઈસેવા અને આ માટેનું માળખું ઊભું કરવા પ્રયત્નો હાથ ધરવામાં આવ્યા છે. કંડલા એરપોર્ટનાં વિસ્તરણ માટે ચેમ્બર દ્વારા પ્રયાસો હાથ ધરવામાં આવ્યા હતા. અમેરિકાની જેકોબ્સ પાસેથી ફિઝિબિલિટી સ્ટડી રિપોર્ટ તૈયાર કરાવવામાં આવ્યો હતો. આ ઉપરાંત કંડલા ગ્રીનફિલ્ડ એરપોર્ટ માટે જમીન આપવા માટે ડીપીએ સમક્ષ માગણી કરવામાં આવી છે. પ્રશાસન દ્વારા આ માટે તૈયારી દર્શાવાઈ છે. ભાવિ વિકાસની ગતિને જોતાં આધુનિક એરપોર્ટ પાયાની જરૂરિયાત છે. અપૂરતી હવાઈસેવાનાં કારણે રોકાણકારો અહીં આવવા તૈયાર થતા નથી. વૈકલ્પિક ભાગરૂપે દિવસની કંડલા-અમદાવાદની રૂટની બે ફ્લાઈટ આપવી જ જોઈએ, તેવું તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું.

**કંડલા એરપોર્ટના વિકાસલક્ષી પ્રકલ્પનું કામ થયું નહીં**

વર્ષ-૧૯૫૦માં બનેલાં કંડલા એરપોર્ટના વિકાસ માટે થોડાં વર્ષ પહેલાં ૭૨ કરોડના ખર્ચે નવું ટર્મિનલ બિલ્ડિંગ બાંધકામ વિગેરે કામો માટે પરિયોજના તૈયાર થઈ હતી. અલબત્ત આ તમામ બાબતો કાગળો ઉપર જ સીમિત રહી હતી.

**ધોળાવીરા એરપોર્ટની પ્રક્રિયા આગળ ધપી નહીં**

વૈશ્વિક ધરોહર ધોળાવીરા પાસે આંતરરાષ્ટ્રીય કક્ષાનું અદ્યતન એરપોર્ટ બનાવવાની જાહેરાત કરવામાં આવી હતી. ભૂતકાળના સમયમાં બે વખત ઉચ્ચ અધિકારીઓની ટીમ દ્વારા અહીં એરપોર્ટની જમીન માટે સર્વે પણ કરવામાં આવ્યો હતો. ત્યારબાદ એરપોર્ટની ગતિવિધિ આગળ વધી ન હતી.

**માંડવી એરપોર્ટ પરિયોજના**

દરિયાઈ વિસ્તારમાં આવેલાં બંદરીય શહેર માંડવી પાસે એરસ્ટ્રીપ બનાવવામાં આવી હતી. આ સ્થળે રન-વે વિસ્તરણ કરવામાં તજવીજ હાથ ધરવામાં આવી હતી. અબલત્ત જમીન મેળવવા મુદ્દે નારાજ થયેલા લોકો હાઈકોર્ટના દ્વારે ગયા છે. ન્યાયિક પ્રક્રિયા લઈને આ પરિયોજનાને કોરાણે મૂકી દેવામાં આવી હોવાનું સત્તાધીશોએ જણાવ્યું હતું. આ સ્થળે સૂચિત પરિયોજનામાં નવું ટર્મિનલ, એરપોર્ટ બિલ્ડિંગ વિગેરે બાબતોનો સમાવેશ કરવામાં આવ્યો હતો.

**ધોરડો એરપોર્ટ**

કચ્છનું સફેદ રણ વિશ્વકક્ષાએ છવાયું છે. પ્રવાસીવર્ગ અહીં આવવા અચૂક ઈચ્છુક હોય છે, જેને લઈને ધોરડોમાં નવું એરપોર્ટ બનાવવા તૈયારીઓ આરંભાઈ હતી. એરપોર્ટ ઓથોરિટીના સત્તાધીશો અને ઉચ્ચકક્ષાના પદાધિકારીઓએ અહીં એરપોર્ટ નિર્માણની તમામ શક્યતાઓનું મૂલ્યાંકન કરવામાં આવ્યું હતું. આ સ્થળે જમીન મજબૂતાઈ મોટાં વિમાન માટે અનુકુળ ન હોવાનું બહાર આવ્યું હતુ. અહીં નાનાં વિમાનનું ઓપરેશન શક્ય હોવાનું તારણ બહાર આવ્યું હતું. ત્યારબાદ આ દિશામાં ગતિવિધિ આરંભાઈ નથી.

જાણકારોએ વિગતો આપતાં જણાવ્યું હતું કે, એક અંદાજ મુજબ વર્ષ દરમ્યાન ૧૦૦થી વધુ ખાનગી નાનાં ચાર્ટર વિમાનની અવરજવર હોય છે. કચ્છનો ૩૬૦ ડિગ્રીએ સર્વાંગી વિકાસ થઈ રહ્યો છે, જેમાં આધુનિક હવાઈ માળખું અને હવાઈસેવાની તાતી જરૂરિયાત છે. પૂરતી હવાઈ સુવિધાના થકી ગુજરાત અને દેશની આર્થિક વિકાસ માટે કચ્છ ચાવીરૂપ ભૂમિકા ભજવશે. વ્યૂહાત્મક રીતે પણ આ વિસ્તાર ભારત-પાકિસ્તાનની બોર્ડર ઉપર આવેલો છે. સુરક્ષાના દૃષ્ટિકોણને કેન્દ્રમાં રાખી હવાઈસેવા માળખું અતિ આવશ્યક છે.

## વર્ષ-૨૦૩૫માં ભુજમાં નવું ટર્મિનલ બનશે : એર કાર્ગો સુવિધા માટે સજ્જતા

### વર્ષ-૨૦૩૫માં નવું ટર્મિનલ આકાર લેશે : એરકાર્ગોની સજ્જતા

૪૨ એકરમાં આવેલાં ભુજ એરપોર્ટમાં નવીનીકરણ સાથોસાથ ભવિષ્યની જરૂરિયાતોને પહોંચી વળવા માટે હાલનાં એરપોર્ટનાં બિલ્ડિંગની બાજુમાં વર્ષ-૨૦૩૫માં નવું ટર્મિનલ બિલ્ડિંગ બાંધવામાં આવશે. આ માટેનો તખતો ઘડાઈ ચૂક્યો છે. કચ્છમાંથી હેન્ડીક્રાફ્ટ, ફળો અને આદ્યૌગિક એકમોનો કાર્ગો મોકલવા માટે સ્મોલ ડોમેસ્ટિક એરકાર્ગો હેન્ડલિંગ શરૂ કરવા માટે અમારી તમામ પ્રકારની સજ્જતા છે. એરપોર્ટમાં બહારથી આવતા પ્રવાસીઓને સ્થાનિકે મળી રહે તે માટે ગુજરાત ટૂરિઝમનું હેલ્પડેસ્ક શરૂ કરવા માટે પ્રયત્નો હાથ ધરવામાં આવ્યા હોવાનું ભુજ એરપોર્ટના ડાયરેક્ટર નવીન સાગરે જણાવ્યું હતું.

## મુંદરા આંતરરાષ્ટ્રીય એરપોર્ટમાં એમ.આર.ઓ. સુવિધા માટે તૈયારી

મુંદરામાં આંતરરાષ્ટ્રીય એરપોર્ટ આવેલું છે. આ સ્થળે હાલમાં મુંદરાથી અમદાવાદના રૂટની નાની હવાઈ સેવા કાર્યરત છે. માહિતગારોએ જણાવ્યું હતું કે, એરોસ્પેસ મેન્યુફેક્ચર તથા એમ.આર.ઓ. સેવા માટે તજવીજ હાથ ધરાઈ છે. એમ.આર.ઓ. સેવા તળે એરક્રાફ્ટ મેઈન્ટેનન્સ, રિપેરિંગ અને સમારકામ થશે, જેના માટે પૂરતી ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઊભું થશે. આ પ્રકલ્પ દેશમાં પ્રથમ વખત મુંદરામાં સાકાર થશે. વધુમાં આગામી સમયમાં દેશના અન્ય એરપોર્ટની માફક મુંદરા પણ એરપોર્ટ ધમધમતું થશે.

Sterling®
Ram Krishna Speciality Hospital
Gandhidham

અમે ફક્ત સારવાર નહીં, સાથ પણ આપીએ છીએ!

55,000+* કેમોથેરાપી કેસ | 5,000+* રેડીયેશન થેરાપી | 300+* ઓન્કો સર્જરી



સ્ટર્લિંગ કેન્સર કેર ટીમ
ડૉ. મોહિત મોદી - મેડિકલ ઓન્કોલોજી
ડૉ. નિકુંજ ચૌહાણ - સર્જીકલ ઓન્કોલોજી
ડૉ. હિરેન પૂજારા - રેડિએશન ઓન્કોલોજી
એપોઇન્ટમેન્ટ માટે કોલ કરો 02836-619 600
વાય.એમ.સી.એ. પાસે, ઈફ્કો કોલોની સામે, ગાંધીધામ
વધુ માહિતી માટે સંપર્ક કરો: 98 98 98 78 78

THE GANDHIDHAM CHAMBER OF COMMERCE & INDUSTRY
ESTD : 1953
પ્રતિષ્ઠિત અખબાર કચ્છમિત્રના "૭૯મા" સ્થાપના દિવસ નિમિત્તે..
ધી ગાંધીધામ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી
(૭૨ વર્ષની ગૌરવશાળી સફર... કચ્છના વિકાસના ભાગીદાર)



જન્મભૂમિ ગ્રુપના કચ્છના અગ્રીમ અખબાર "કચ્છમિત્ર"ના ૭૯મા સ્થાપના દિવસ નિમિત્તે,
હૃદયપૂર્વક અભિનંદન અને અગણિત શુભકામના.

સાત દાયકાથી વધુ સમયથી કચ્છમિત્રએ કચ્છની ધરતી પર અમૂલ્ય સેવા અને અજોડ યોગદાન આપ્યું છે, દરેક સમુદાયના હક્કો અને હિતોનું રક્ષણ કરતા સામાજિક ક્ષેત્રે એકતા અને બંધુત્વનો સંદેશ પ્રસારિત કરેલ છે. વ્યાપાર, ઉધોગ અને રોજગારી વિષયક માહિતીઓ આપી કચ્છના આર્થિક વિકાસમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી, કચ્છની સમૃદ્ધ સંસ્કૃતિ અને પરંપરાઓને જીવંત રાખી, શિક્ષણના પ્રસારમાં નિરંતર પ્રેરણાદાયી વિકાસ સાથે ખેતીવાડી, પશુપાલન અને ગ્રામીણ વિકાસની દિશામાં પણ અગ્રણી ભૂમિકા ભજવેલ છે. ત્યારે

૭૨ વર્ષથી વ્યાપાર, ઉધોગ અને સામાજિક કાર્યોમાં અવિરતપણે સમર્પિત
ગાંધીધામ ચેમ્બર તરફથી, કચ્છમિત્રની નિષ્ઠાવાન સેવા અને પત્રકારત્વના ઉચ્ચતમ ધોરણોને અભિનંદન.

બંને સંસ્થાઓ વચ્ચે દાયકાઓનો સુમેળ અને સહયોગ કચ્છના વિકાસનો સાક્ષી છે.
સત્યતા, નિષ્પક્ષતા અને સમર્પણની જે પરંપરા બાંધી છે, તે અવિરત ચાલુ રહે. તેવી શુભકામના



મહેશ પુજ - પ્રમુખ | દીપક પારેખ - ઉપપ્રમુખ | તેજા કાનગડ - પૂર્વ પ્રમુખ | મહેશ તીર્થાણી - માનદ મંત્રી | જતીન અગ્રવાલ - માનદ સહમંત્રી | નરેન્દ્ર રામાણી - ખજાનચી
તેમજ કારોબારી સમિતિ, સભ્યશ્રીઓ અને કર્મચારીગણ

# કચ્છમાં રેલવેની ગતિ હવે હાઈસ્પીડ તરફ

## બંદરો ઉપર લાઈનનું વિસ્તૃતીકરણ, સંગ્રહ ક્ષમતા, ડેડિકેટેડ ફ્રેટ કોરિડોર, ચાર લાઈન સહિતની માળખાંકીય સુવિધાથી માલ પરિવહનની સુવિધા વધશે : રેલવે સ્ટેશનો માત્ર સ્ટેશનો જ નહીં સંસ્કૃતિ અને વ્યાપારનું કેન્દ્ર બનશે

**રેલવે વ્યવહાર**

ઉદય અંતાણી

એક સમયે ભુજ-કંડલા વચ્ચે લોકલ ટ્રેન ધીમી ગતિએ ચાલતી હતી. દેશમાં વિવિધ ક્ષેત્ર પૈકી રેલવેમાં વ્યાપક બદલાવ આવ્યા છે. કચ્છમાં રેલવેની સેવાની શરૂઆત બાદ મીટરગેજથી બ્રોડગેજ, સિંગલ લાઈનથી ડબલ લાઈન, સ્ટેશનોની નવી ઈમારત સહિતના બદલાવ ચારેક દાયકામાં આવ્યા છે. રેલવેનાં માળખાંમાં બદલાવનો દોર સતત આવી જ રહ્યો છે, પરંતુ હવે કરવામાં આવતા મેકઓવરમાં કચ્છને માલ પરિવહનને ઝડપી અને પ્રવાસીઓના પ્રવાસને આરામદાયક બનાવવા માટે આધુનિકીકરણ કરવામાં આવી રહ્યું છે. કચ્છમાં પણ જ્યાં રેલવે સુવિધા નથી તેવા વિસ્તારો સુધી રેલવે સેવા પહોંચાડવા, હાઈસ્પીડ ટ્રેન, પોતીકાપણાંની ભાવના વિકસાવતાં રેલવે સ્ટેશનોનાં નિર્માણ સહિતનાં વિવિધ કાર્યો થકી કચ્છમાં રેલવેનાં માળખાંને આધુનિક સ્વરૂપ આપવાનું કાર્ય ચાલી રહ્યું છે.



### વ્યાપાર અને સંસ્કૃતિનું માધ્યમ બનશે રેલવે સ્ટેશનો

રેલવેનાં માળખાંને આધુનિક બનાવવામાં કેન્દ્ર સરકાર દ્વારા અમૃત ભારત સ્ટેશન વિકાસ યોજના અમલમાં મુકાઈ. આ યોજના તળે કચ્છમાં જિલ્લા મથક ભુજ, ભચાઉ શહેરના રેલવે સ્ટેશનોનું પુનઃ નિર્માણનું કાર્ય ચાલી રહ્યું છે. વાગડના અને કચ્છના પ્રવેશદ્વાર સમા સામખિયાળી રેલવે સ્ટેશનમાં આધુનિક સુવિધાઓ સાથેના રેલવે સ્ટેશનનું નિર્માણકાર્ય પૂર્ણ પણ થઈ ગયું છે. આ રેલવે સ્ટેશનોમાં અત્યાધુનિક સુવિધાઓ વિકસાવવામાં આવી છે અને સ્ટેશનો માત્ર સ્ટેશનો જ ન રહી લોકોને રેલવે સ્ટેશન પ્રત્યે લગાવ થાય તે માટે સ્થાનિક સંસ્કૃતિને ઉજાગર કરવામાં આવી હોવાનું એરિયા રેલવે મેનેજર આશિષ ધાનિયાએ જણાવ્યું હતું. આ ઉપરાંત રેલવે સ્ટેશન ખાતે વ્યાપારનું પણ કેન્દ્ર બને તે દિશામાં પણ પ્રયાસ કરાયા છે. ગાંધીધામમાં નવું ગોપાલપુરી રેલવે સ્ટેશનનું નિર્માણકાર્ય થઈ રહ્યું છે. ગાંધીધામને એક નવાં આધુનિક સ્ટેશનની ભેટ મળશે.

### સેમિ હાઈસ્પીડ, હાઈસ્પીડ ટ્રેન માટે માળખું

દેશભરમાં રેલવે દ્વારા સેમિ હાઈસ્પીડ અને હાઈસ્પીડ ટ્રેનો દોડાવવામાં આવી રહી છે. હાલ કચ્છને દેશની પ્રથમ નમો ભારત રેપિડ રેલ સાથે ઈન્ટરસિટીને જોડતી સેમિ હાઈસ્પીડ ટ્રેન મળી છે, પરંતુ તેનાથી પણ આધુનિક સુવિધા સાથેની વંદે ભારત ટ્રેન પણ કચ્છમાં મળે તેવી શક્યતા પ્રબળ છે. હાલ ભુજથી અમદાવાદ સુધી ૧૧૦ પ્રતિ કલાકની ઝડપે ટ્રેન દોડે તેટલી ટ્રેકની ક્ષમતા છે, ત્યારે વંદે ભારત જેવી ટ્રેનો જે ૧૩૦ કિ.મી. પ્રતિ કલાકની ઝડપે દોડી શકે તે માટે કચ્છથી અમદાવાદ સુધીના રેલવે ટ્રેકની ક્ષમતા ૧૩૦ કિ.મી.ની કરવા માટેની ક્વાયત પણ રેલવે દ્વારા આદરવામાં આવી છે. આ ઉપરાંત ભુજ રેલવે સ્ટેશન ખાતે બનતી નવી બે પીટ લાઈન વંદે ભારત જેવી ટ્રેનોનું સંચાલન કરી શકે તે રીતે જ બનાવવામાં આવી રહી છે. આમ માળખાંકીય સુવિધાઓના થતા મેકઓવરને જોતાં કચ્છમાં વંદે ભારત દોડશે તે

(જુઓ પાનું ૪)

### કવચ સિસ્ટમ માટે તાલીમ પણ આપવામાં આવી

રેલવે દ્વારા સુરક્ષાની બાબતમાં પણ સિસ્ટમ વિકસાવવામાં આવી છે. ટ્રેન અકસ્માત રોકવા માટે કવચ સિસ્ટમ અમલી કરવામાં આવી છે, ત્યારે કચ્છના સેક્શનમાં પણ ટ્રેનોમાં કવચ લાગુ કરવાની દિશામાં પ્રયાસ કરાયા છે. આ માટે ટેકનિકલ સ્ટાફને તાલીમ પણ આપી દેવામાં આવી છે.

### ગાંધીધામમાં ઈલેક્ટ્રિક એન્જિન મેઇન્ટેનન્સ શેડનું નિર્માણ

કચ્છ આખામાં ઈલેક્ટ્રિફિકેશનની કામગીરી પૂર્ણ થઈ ગઈ છે. વિદેશી મૂડીરોકાણ અંતર્ગત ગાંધીધામમાં જી.ઈ. દ્વારા ડીઝલ એન્જિન મેઇન્ટેનન્સ શેડનું નિર્માણ કરાયું છે. ગાંધીધામમાં જ દેશનો પ્રથમ ડીઝલ એન્જિન શેડ રેલવે દ્વારા બનાવાયો હતો. તેમાં પણ મીટરગેજ બાદ બ્રોડગેજના બદલાવ આવ્યા. હવે તમામ ટ્રેક ઈલેક્ટ્રિક થઈ ગયા છે, ત્યારે ગાંધીધામમાં ઈલેક્ટ્રિક મેઇન્ટેનન્સ શેડ બનાવવા માટે પણ રેલવે દ્વારા ક્વાયત આદરવામાં આવી છે. આ માટે જમીન સહિતની પ્રક્રિયા પૂર્ણ કરી દેવાઈ છે. ગાંધીધામમાં રેલવેના મેકઓવર માટે આ પ્રકલ્પ મહત્ત્વપૂર્ણ સાબિત થશે. આ ઉપરાંત કન્ટેનર રેક મેઇન્ટેનન્સ કે જે દિલ્હી, સાબરમતીમાં થતું હતું. તે હવે ગાંધીધામ ખાતે જ શરૂ કરાયું છે, જે માલ પરિવહન માટે એક વિશેષ સુવિધા ઊભી થઈ છે.









# મહાનગર બનેલાં ગાંધીધામ સંકુલના વિકાસનો તખતો તૈયાર

## રોડ – રસ્તાઓનું નવીનીકરણ, સ્વચ્છતા, પાણી, ગટરલાઈનનું વિશાળ નેટવર્ક, બે વર્ષમાં સંકુલ અલગ ઓળખ ઊભી કરશે

ગાંધીધામ
રજનીકાન્ત પાટડિયા

આઝાદ ભારતમાં જન્મેલા ગાંધીધામ - આદિપુર સંકુલ ૭૭ વર્ષની સફરે મહાનગર બની ગયું છે. ભારત-પાકિસ્તાનના ભાગલા પછી હિજરત કરીને આવેલા લોકો માટે સ્વ. ભાઈપ્રતાપ દિયલદાસએ ગાંધીધામ સંકુલને ટાઉનશિપનું નિર્માણ કર્યું હતું. સ્થાપનાનું કાર્ય ખૂબ કપરું અને મુશ્કેલભર્યું હતું. જર્મન એન્જિનીયરોએ જોડિયા શહેરોનો માસ્ટર પ્લાન તૈયાર કર્યો હતો. એસઆરસી દ્વારા કરોડો રૂપિયાના ખર્ચે માળખાંગત સુવિધાઓ વિકસાવીને શહેરની રચના કરી હતી. મહાનગર બનેલું આ શહેરનું નિર્માણ દૂરંદેશી દાખવીને કરવામાં આવ્યું હતું. આપાતકાલીન પરિસ્થિતિને પહોંચી વળવા માટે રોડ-રસ્તાઓનું નિર્માણ પણ સુવ્યવસ્થિત આયોજન સાથે કરવામાં આવ્યું હતું.

૧૨ ફેબ્રુઆરી, ૧૯૪૮થી લઈને વર્ષ ૨૦૨૫ સુધીના ૭૭ વર્ષની સફરમાં ભૂકંપ, વાવાઝોડાં સહિતની અનેક આપત્તિઓને અવસરમાં બદલીને આજે મહાનગર સુધી પહોંચેલાં ગાંધીધામ સંકુલનો મહાનગરપાલિકા દ્વારા બે વર્ષમાં મેકઓવરનો તખતો તૈયાર કરવામાં આવ્યો છે. અંદાજિત છ લાખ નાગરિકોને માળખાંગત સુવિધાઓ પૂરી પાડવા માટે વહીવટી તંત્ર દ્વારા કમર કસવામાં આવી છે.

### એક હજાર કિ.મી. સુધી રોડ નેટવર્ક ઊભું કરાશે

ગાંધીધામ-આદિપુર જોડિયા શહેરોમાં ૩૭૦ કિલોમીટરનું અને ગ્રામીણ સહિત કુલ ૭૮૫ કિલોમીટરનું રોડ નેટવર્ક છે. શહેરી તથા ગ્રામીણમાં હજુ ઘણા માર્ગો બનાવવાના બાકી છે, તો ઘણા રસ્તાઓની મરંમત કરવાની છે. મહાનગરપાલિકા દ્વારા આગામી સમયમાં લોકોની સમસ્યાઓ હલ કરવા માટે આ રોડ નેટવર્કને એક હજાર



કિલોમીટર સુધી પહોંચાડવા માટે સક્રિયતા જોવા મળી રહી છે.

### સફાઈમાં ૧૧૦નો વિસ્તાર આવરી લેવાશે

મહાનગરપાલિકા વિસ્તારમાં સૌથી મોટી સમસ્યા સફાઈની છે. જોડિયા શહેરો અને ગ્રામીણ વિસ્તારમાં માનવબળ અને જરૂરી માળખાંગત સુવિધાઓના અભાવે સ્વચ્છતા ઉપર ધ્યાન કેન્દ્રિત થયું નથી. નગરપાલિકા સમયે કરોડો રૂપિયા ખર્ચાયા છે, પરંતુ હેતુ સાર્થક થયો નથી. મનપા દ્વારા ૧૧૦ કિલોમીટરમાં સ્થિતિ સુધારવા માટે વાર્ષિક ૧૭ કરોડનો કોન્ટ્રાક્ટ એજન્સીને અપાયો છે અને આગામી સમયમાં દીનદયાલ પોર્ટ ઓથોરિટી પણ બે પૈકીનાં એક ઝોનનો



સફાઈનો ખર્ચ ઉઠાવે તેવી પણ સંભાવના છે.

### ગટર-પાણી માટે કરોડો રૂપિયાનું આયોજન

ગાંધીધામ-આદિપુર જોડિયા શહેરો અને ગ્રામીણમાં પીવાના પાણીની લાઈનનું ૫૨૦ કિલોમીટર અને ગટરલાઈનનું લગભગ ૫૧૦ કિલોમીટરનું નેટવર્ક છે, છતાં સમસ્યા છે. તેને દૂર કરવા માટે ગુજરાત અર્બન ડેવલોપમેન્ટ કંપની ૧૪૨ કિ.મી. લાઈન શહેરી વિસ્તારમાં નાખશે, પણ જૂની લાઇનની બાજુમાં નવી લાઈન નાખશે, જ્યારે ગ્રામીણમાં ગટરની સમસ્યાને દૂર કરવા માટે આખું નેટવર્ક ઊભું કરવા માટેનું આયોજન ઘડી કાઢવામાં આવ્યું છે અને આગામી સમયમાં કરોડો રૂપિયાના ખર્ચે કામગીરી થવાની છે.

### નાગરિક પરિવહન વ્યવસ્થા ઊભી કરાશે

સંકુલમાં નાગરિક પરિવહનનો અભાવ છે. અગાઉ એસ.આર.સી. દ્વારા લાલ બસ ચલાવવામાં આવતી હતી ને ત્યારપછી નાગરિક પરિવહન માટે કોઈ પ્રયાસ થયા નથી, પરંતુ હવે મનપા દ્વારા ગુજરાત સરકારના અર્બન ડેવલોપમેન્ટ મિશન પાસે ૮૦ ઈલેક્ટ્રિક બસ માગવામાં આવી હતી, આપવામાં પણ આવી રહી છે. તેના માટે હવે બસ ડેપો સહિતની વ્યવસ્થાઓ ઊભી કરવાની દિશામાં તંત્ર આગળ વધી રહ્યું છે.

### સૌંદર્યીકરણ સાથે બગીચાઓનો વિકાસ

મહાનગરપાલિકા બન્યા બાદ સરકાર દ્વારા બાગ-બગીચાઓનો વિકાસ અને સૌંદર્યીકરણ ઉપર ભાર મૂકવા કહ્યું હતું જેનાં પગલે મનપાએ બગીચાઓના વિકાસ માટે કરોડો રૂપિયાનું આયોજન બનાવ્યું છે, તો જોડિયા શહેરોની સુંદરતામાં વધારો થાય તે માટે વિવિધ કામગીરી કરવામાં આવી રહી છે અને આઇકોનિક રોડ પણ બનાવવાની કામગીરી ટૂંક સમયમાં શરૂ પણ કરવામાં આવશે. સૌંદર્યીકરણ સાથે શહેરમાં મુખ્ય વિસ્તારોનો સુંદર મેકઓવર તૈયાર કરવાનું આયોજન કરવામાં આવી રહ્યું છે.

### લોકોને સુખાકારી માટે તંત્ર તત્પર : કમિશનર

મહાનગરપાલિકા બની તેને લગભગ છ મહિના જેટલો સમય થયો છે એ દરમિયાન ઘણા બધા નિર્ણયો લેવામાં આવ્યા છે તેમ જણાવીને ઇન્ચાર્જ મ્યુનિસિપલ કમિશનર મેહુલ દેસાઈએ આગામી બે વર્ષમાં કાયાપલટ માટે કરોડો રૂપિયાના વિકાસનાં કામો કરવામાં આવશે. સફાઈ, પાણી, લાઈટ, ગટર, બગીચા, રોડ રસ્તાનું નવીનીકરણ સહિતની કામગીરી કરવામાં આવશે ને થોડાક સમયમાં તેની અસર જોવા મળશે. સરકાર દ્વારા ૧૩ વોર્ડ નક્કી કરવામાં આવ્યા છે અને સીમાંકનની કામગીરી ટૂંક સમયમાં શરૂ થશે. કચેરીઓ બનાવવા તેમજ અલગ અલગ ઉપયોગ માટે જમીનની જરૂરિયાત છે અને તેના માટે દીનદયાળ પોર્ટ ઓથોરિટીને રજૂઆત કરવામાં આવી છે. લોકોને કનડતી મુશ્કેલીઓને ધ્યાને લઈને ઝડપથી કામગીરી હાથ ધરવામાં આવી છે તેમ જણાવ્યું હતું.

PAREKH GROUP
Happy Birthday "KUTCHMITRA"
79th YEARS CELEBRATIONS
www.parekhgroup.in




SHIPPING SERVICES
LOGISTICS SOLUTIONS
VESSEL OWNING
HOSPITALITY

Corporate Office:
ANCHORAGE. Off. Govandi Station Road, Govandi (East), Mumbai 400 088. INDIA.
Tel: +91 22663 4444 • Email: expo.parekhgroup.in

BRANCHES:
Ahmedabad • Baroda • Chennai • Cochin • Delhi • Gandhidham • Guntur • Haldia • Hazira
Jaipur • Jamnagar • Kakinada • Kandla • Kolkata • Krishnapatnam • Ludhiana • Mundra
Nagpur • Nava Sheva • Pipavav • Pune • Tuticorin • Veraval • Visakhapatanam
• Dharma • Manglore • Paradip • Dubai • Singapore • Malaysia

સુપર સ્પેશિયલિસ્ટ આરોગ્ય સેવામાં
ડિવાઈન લાઈફ હોસ્પિટલ
(મેડીએઇડ હેલ્થકેર LLP દ્વારા સંચાલિત)
આદિપુર - ગાંધીધામ (કચ્છ).
DIVINE LIFE HOSPITAL
MANAGED BY MEDIAID HEALTHCARE LLP
MEDIAID HEALTHCARE LLP

આરોગ્યસેવા આપતી ફુલ ટાઇમ ડોકટર્સ ની ટીમ

10th year of Healing
Thank you for your trust!

ડૉ. મૌલિક પટેલ
જનરલ ફીઝીશીયન
Director Mediaid Healthcare LLP

ડૉ. શિતલ ત્રેવાડિયા
કનસલટન્ટ પેથોલોજીસ્ટ
Director Mediaid Healthcare LLP

24/7 Emergency Services
72111 53108

ડૉ. આકાશ રામચંદાની
Cardiologist
હૃદય રોગ ના નિષ્ણાંત

ડૉ. સુમીત ગુપ્તા
Cardio Thoracic & Vascular Surgeon
હૃદય, વાસ્ક્યુલર રોગો તથા વેરિકોઝ વેઇનનાં નિષ્ણાંત સર્જન

ડૉ. પ્રસાદ ટેમકર
Neuro Surgeon
મગજ, મણકા અને કરોડરજ્જુ ની સર્જરી ના નિષ્ણાંત

ડૉ. ગૌરવ શાહ
Neuro Physician
મગજ અને જ્ઞાનતંતુ તથા નસ/સ્નાયુના રોગો ના નિષ્ણાંત

ડૉ. પ્રિયેશ દામાણી
Nephrologist
કિડની ના રોગો ના નિષ્ણાંત

ડૉ. આશિષકુમાર અસારી
Urologist
પથરી, પ્રોસ્ટેટ અને મૂત્રમાર્ગની સર્જરી ના નિષ્ણાંત

ડૉ. આદિત્ય કે. પંડ્યા
Chest Physician
ટી.બી. તેમજ ફેફસાં ના રોગો ના નિષ્ણાંત

ડૉ. પ્રવીણ બગડિયા
Orthopaedic Surgeon
હાડકા તેમજ સાંધા બદલાવવા ના નિષ્ણાંત સર્જન

ડૉ. કર્તવ્ય પટેલ
Laparoscopic & General Surgeon
જનરલ (પેટ, આંતરડા) તથા લેપ્રોસ્કોપી સર્જરી ના નિષ્ણાંત

ડૉ. નાઝ હમદુલે
જનરલ ફીઝીશીયન

ડૉ. ક્રિમી પટેલ
કનસલટન્ટ રેડીયોલોજીસ્ટ

ડૉ. ધારા શુકલા
ઈમરજન્સી ફીઝીશીયન

ડૉ. સંદિપ કાપડિયા
કનસલટન્ટ એનેસ્થેટીસ્ટ

ડૉ. પાયલ ડામોર
કનસલટન્ટ રેડીયોલોજીસ્ટ

મેડીક્લેમ પોલીસી ધરાવતા માટે કેશલેસ સુવીધાઓ ઉપલબ્ધ
સરકાર માન્ય PM-JAY / આયુષ્માન કાર્ડ અંતર્ગત વિભાગો

કાર્ડીયોલોજી વિભાગ
એન્જીયોગ્રાફી, એન્જીયોપ્લાસ્ટી, પેસમેકર

કાર્ડીયાક સર્જરી વિભાગ
બાયપાસ, વાલ્વ રીપ્લેસમેન્ટ, એ. વી. ફિસ્ટયુલા

જનરલ સર્જરી વિભાગ
પાઇલ્સ, હર્નિયા, એપેન્ડિકસ, ફિસ્ટયુલા, પિત્તાશય પથરી

યુરોલોજી વિભાગ
કિડની પથરી, પ્રોસ્ટેટ, પ્રોસ્ટેટ કેન્સર

નેફ્રોલોજી વિભાગ
ડાયાલીસીસ, પમકિથ

વધુ માહિતી માટે : Mo 98988 20387, 77779 04868, 82001 20387, 72111 53101

With Best Compliments From...
SPACES®
YOUR SPACE, YOUR COMFORT
Welspun

BRING HOME
COMFORT
END OF SEASON
SALE



BED & BATH LINEN - MATTRESS - CURTAINS - RUGS
ANJAR: Welspun Factory Outlet, Welspun City Anjar, Kutch.
Tel.: 0283 - 6661205.